પાનાં : ૩૦ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ શુક્રવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૫ વર્ષ : ૯૪, અંક : ૨૯૫ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD
મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

સાયબર છેતરપિંડી સામે જાગૃતિ અભિયાનને વધુ અસરકારક બનાવવા સહિતના પગલાની સુપ્રીમની તાકિદ

ડિજિટલ ફ્રોડના પીડિતોને બેન્કોએ વળતર આપવું જોઈએ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૯

ડિજિટલ ઈન્ડિયા તરફ આગળ વધી રહેલા ભારતમાં ડિજિટલ ફ્રોડના કિસ્સામાં અસાધારણ વધારો નોંધાયો છે ત્યારે સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું કે, ડિજિટલ ફ્રોડના પીડિતોને થઈ રહેલા નુકસાન મુદ્દે બેન્કોને જવાબદાર ઠેરવવી જોઈએ અને તપાસમાં સાબિત થાય કે બેન્કો તરફથી બેદરકારી દાખવવામાં આવી છે તો તેમણે પીડિતોને વળતર પણ ચૂકવવું જોઈએ. સુપ્રીમે બેન્કો દ્વારા શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન સમયસર રોકવા માટે નિયમ બનાવવા પર ભાર મૂક્યો હતો. સુપ્રીમે કહ્યું કે, ડિજિટલ અરેસ્ટ મુદ્દે ન્યાયતંત્ર સક્રિય છે અને સંસદ દ્વારા કાયદો બનાવવામાં આવે ત્યાં સુધી રાહ જોઈ શકાય નહીં. સુપ્રીમે આ મુદ્દે જાગૃતિ અભિયાન ચલાવવા પર પણ ભાર મૂક્યો હતો.

ખાતામાં અસામાન્ય લેવડ-દેવડને વેરિફાઈ થવા સુધી રોકવા અને શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનની માહિતી પોલીસને આપવા સુપ્રીમની ભલામણ

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના અધ્યક્ષપદે બેન્ચે કહ્યું કે, આ વર્ષે સાયબર ગુનાઓમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થયો હોવા છતાં પીડિતોએ રૂ. ૮૦૦ કરોડ ગુમાવ્યા છે. ભારતીય રિઝર્વ બેન્કે બેન્કોના નિયમનકારી માળખામાં વળતર, આગોતરા પગલાં અને બેન્કોની જવાબદેયીતા માટે જોગવાઈઓ લાગુ કરવી જોઈએ.

સાયબર ફ્રોડ સામાન્ય કેસો કરતા ગંભીર ગુનો, અલગ જોગવાઈઓ કરવા કેન્દ્ર વિચારે, ગુનેગારોને આકરી સજા થવી જોઈએ

વર્ષ ૨૦૨૬માં દેશમાં ડિજિટલ અરેસ્ટના ૨૨ હજારથી વધુ કેસ નોંધાયા છે અને સાયબર ગુનેગારોએ લોકો પાસેથી રૂ. ૮૦૦ કરોડથી વધુની છેતરપિંડી કરી છે. ૨૦૨૫માં ડિજિટલ અરેસ્ટના ૫૮,૨૩૯ કેસ સામે આવ્યા હતા જ્યારે અંદાજે ૧૨૧૧ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. ન્યાયાધીશો જોયમાલ્યા બાગચી

(અનુસંધાન ૧૩મે પાને)

ભગવાન જાણે લોકો સાથે શું ખોટું થઈ રહ્યું છે!

શિક્ષિત માણસો શા માટે ડિજિટલ અરેસ્ટ થાય છેઃ સુપ્રીમનો સવાલ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૯

દેશમાં સાયબર ફ્રોડ અંગેના કેસો અંગે ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું કે, ડિજિટલ અરેસ્ટના વિરોધમાં સરકાર અને આરબીઆઈ

(અનુસંધાન ૧૩મે પાને)

લોકો કયા ડરથી ડિજિટલ અરેસ્ટ થાય છે? આવું કશું જ નથી તે લોકો કેમ સમજી શકતા નથી? : સુપ્રીમ

અલ્બેનિયાની સંસદમાં દે દના દન..

છેલ્લા ઘણા સમયથી અલ્બેનિયામાં સરકાર વિરૂદ્ધ પ્રદર્શનો થઈ રહ્યા હતા. આ વચ્ચે ગુરુવારે સંસદમાં છૂટ્ટા હાથની મારામારીના દ્રશ્યો જોવા મળ્યા હતા. વિપક્ષના નેતા આરોપ લગાવી રહ્યા હતા કે, સરકાર યુવાનો સામે રબરની ગોળીઓ અને ટીયર ગેસનો ઉપયોગ કરી રહી છે. આ વચ્ચે સ્પીકર દ્વારા તેમનું માઈક બંધ કરાતા વિપક્ષી સાંસદો વિફર્યા હતા. તેમણે પીએમ એડી રામાના રાજીનામાની માગ સાથે ફ્લેર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈને ઈકો સેન્સિટીવ ઝોનમાં રિસોર્ટની મંજૂરી અપાયા બાદથી અલ્બેનિયામાં સરકાર વિરૂદ્ધ પ્રદર્શનો થઈ રહ્યા છે. બીજી તરફ, પીએમ એડી રામાએ તેમની સરકાર વિરૂદ્ધ પ્રદર્શન કરનારાઓ પર ૫૫૦૦ યુરો સુધીનો દંડ ફટકારવાની જાહેરાત કરી છે.

સ્ટાર૫૦ ઈન્ડેક્સ ૪ મહિનામાં ૪૦ ટકા ગગડ્યો

ચીનમાં એઆઈની તેજીનો ફૂગ્ગો ફૂટ્યો : રૂ. ૪૫ લાખ કરોડનું ધોવાણ

બેઈજિંગ, તા.૨૯

એઆઈ અને સેમિકન્ડક્ટર સેક્ટરની કંપનીઓના શેરમાં ભારે ઘટાડાને કારણે ચીનના શેરબજારમાં આશરે રૂપિયા ૪૫.૬ લાખ કરોડનું માર્કેટ વેલ્યુએશન ઘટ્યું છે. ચીનના એઆઈ અને સેમિકન્ડક્ટર સેક્ટરની ટોપ કંપનીઓને આવરી લેતા STAR50 ઈન્ડેક્સમાં ચાર મહિનાથી ઓછા સમયમાં જુલાઈના ઊંચા સ્તરથી આશરે ૪૦ ટકાનો ઘટાડો થયો છે. ઊંચા વેલ્યુએશન, એઆઈની ભાવિ માંગ અંગેની ચિંતા અને ચીનની ટેકનોલોજી કંપનીઓ પર અમેરિકાના સંભવિત પ્રતિબંધોને કારણે રોકાણકારો શેર વેચી રહ્યા છે.

હ્યુમનોઈડ્ રોબોટ બનાવતી કંપની યુનિટ્રીના શેર ઓગસ્ટમાં ટ્રેડિંગ શરૂ થયા બાદ ૨૫ ટકા સુધી ઘટયા

ચીનના ટેકનોલોજી શેરોમાં છેલ્લા બે વર્ષથી તેજી જોવા મળી હતી. જોકે, શેરના ભાવમાં થયેલી તેજી કંપનીઓની કમાણીની સરખામણીએ ઘણી વધારે થઈ જતાં હવે બજારમાં કરેક્શન જોવા મળી રહ્યું છે. હ્યુમનોઈડ રોબોટ બનાવતી કંપની યુનિટ્રીના શેર આગસ્ટમાં ટ્રેડિંગ શરૂ થયા બાદ આશરે અડધા થઈ ગયા છે. ચિપ ઉત્પાદક CXMTના શેરમાં પણ છેલ્લા એક મહિનામાં ૨૫ ટકાથી વધુ ઘટાડો થયો છે. મેટાએક્સ ઈન્ટીગ્રેટેડ સર્કિટ્સ અને મૂર થ્રેડ્સ ટેકનોલોજીના શેરમાં પણ જુલાઈથી આશરે ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ બંને કંપનીઓના શેર લિસ્ટિંગના પહેલા દિવસે અનુક્રમે ૭૦૦ ટકા અને ૪૦૦ ટકા વધ્યા હતા. બીજી તરફ, ડેટા સેન્ટરમાં

(અનુસંધાન ૧૩મે પાને)

હુથીઓને હુમલા કરવામાં યુએઈ મદદ કરતું હોવાનો આરોપ

દુબઈ,તા.૨૯

રશિયા પછી હવે યુએઈ પર ઈરાન સમર્થિત હુથીઓને મદદ કરવાનો મૂકાયો છે. વેબસાઈટ ડ્રોપ સાઈટના એક રિપોર્ટ મુજબ યુએઈ યમનમાં સાઉદી સમર્થિત દળોની સામે કાર્યવાહી કરવા માટે હુથીઓને ખાનગી બાતમી પૂરી પાડે છે અને લક્ષ્યાંક નક્કી કરવામાં મદદ પૂરી પાડે છે.

સાઉદી સાથે ચકમક ઝર્યા પછી જાન્યુ.માં યુએઈ હુથીઓ સામેના યુદ્ધમાંથી નીકળી ગયું હતું

આ દાવા તેવા સમયે બહાર આવ્યા છે જ્યારે યુએઈ અને સાઉદી વચ્ચે યમનને લઈને મતભેદ વધ્યા છે. બંને યમનમાં પણ હુથીઓ સામેના સંગઠનનો હિસ્સો હતા, પરંતુ તેમણે યમનના અલગ-અલગ જૂથોનું સમર્થન કર્યુ હતુ. તેના પગલે યુએઈએ યમનમાં જાન્યુઆરીમાં પોતાના અભિયાનથી હટવાનું એલાન કર્યુ હતું. સાઉદી અરેબિયા અને યુએઈએ

(અનુસંધાન ૧૩મે પાને)

હિમાચલનાં લાહોલ,સ્પીતિમાં માઈનસ ૧.૨ ડિગ્રી

ઉ.ભારતમાં તાપમાન ઘટ્યું : અનેક વિસ્તારોમાં વરસાદ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૨૯

ગુરૂવારે ઉત્તર ભારતમાં દિવસનાં તાપમાનમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. ચક્રવાતી તોફાન અર્નબ નબળું પડતા આ વિસ્તારમાં પડેલા ભારે વરસાદને કારણે દિલ્હીમાં ચાર વર્ષનો ઓક્ટોબરનો સૌથી ઠંડો દિવસ નોંધવામાં આવ્યો હતો.

હરિયાણાનાં કરનાલમાં મહત્તમ તાપમાન ૨૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. જ્યારે પંજાબનાં પટિયાલામાં મહત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

દિલ્હીનાં મુખ્ય હવામાન કેન્દ્ર સફદરગંજમાં મહત્તમ તાપમાન ૨૫.૪

(અનુસંધાન ૧૩મે પાને)

દિલ્હીની વાત

'પોતાના પ્રદર્શન પર ભાજપ અભિમાન નહીં કરે'

નવીદિલ્હી, તા. ૨૯

૧લી નવેમ્બરે વિરોધ પક્ષો મુખ્ય ચૂંટણી કમિશનરનું રાજીનામુ માગવા માટે દિલ્હીમાં રેલી કરી રહ્યા છે. રેલીની તૈયારી માટે મોટા ભાગના વિરોધપક્ષના નેતાઓ આજે દિલ્હીમાં મળ્યા હતા. મીટીંગ પછી કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ ભાજપને ચેતવણી આપી હતી. કર્ણાટકમાં એમએલસી ચૂંટણીના પરિણામ બાબતે ખડગેને પૂછવામાં આવ્યું ત્યારે એમણે કહ્યું હતું કે, અમે હજી પણ બેલેટ

(અનુસંધાન ૧૩મે પાને)

સુપ્રીમ કોર્ટનો કેન્દ્ર સરકારને વેધક પ્રશ્ન

૧૦૦ ટકા ઈથેનોલવાળા વાહનોની મંજૂરી આપી, પણ આટલો પુરવઠો ક્યાંથી લાવશો ?

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે સરકારને ગુરુવારે સવાલ પૂછ્યો હતો કે તમે ૧૦૦ ટકા ઈથેનોલવાળા વાહનોની મંજૂરી તો આપી દીધી, પરંતુ તેના પુરવઠાનું શું છે. ૨૬ ઓક્ટોબરે માર્ગ પરિવહન મંત્રાલયે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ ૧૯૮૯ હેઠળ ફ્લેક્સ-ફ્યુઅલ વ્હીકલ્સને છૂટ આપી હતી કે તેઓ ઈ-૧૦૦ (સંપૂર્ણ ઈથેનોલ આધારિત) વાહન ચલાવી શકશે. ૨૭મી ઓક્ટોબરે પેટ્રોલિયમ-નેચરલ ગેસ પ્રધાન હરદીપપુરીએ જણાવ્યું હતું કે કેન્દ્ર પેટ્રોલમાં ૨૦ ટકાથી વધુ ઈથેનોલના મિશ્રણનું આયોજન ધરાવતું નથી.

ઈથેનોલના મુદ્દે મંત્રાલયોના વિરોધાભાસી દાવાના પગલે કેન્દ્ર સરકાર તેના અંગે યોગ્ય ખુલાસો કરેઃ સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે ઈથેનોલ પુરવઠા વર્ષ ૨૦૨૫-૨૬માં ઈથેનોલની ફાળવણીની અરજીની સુનાવણી કરતા ઈથેનોલના મુદ્દે તાજેતરના કેટલાક મીડિયા રિપોર્ટને ટાંક્યા હતા.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ગઈકાલે આપણે જોયું કે કેટલાક ન્યૂઝપેપરમાં રિપોર્ટ હતો કે ૧૦૦ ટકા ઈથેનોલવાળા વાહનને મંજૂરી આપી દેવાઈ છે, હવે અમે તે જાણવા માંગીએ છીએ તો જો તમે ૧૦૦ ટકા ઈથેનોલવાળા વાહનને મંજૂરી આપી છે તો તમે તેનો પુરવઠો કેવી રીતે પૂરો પાડશો, એમ ન્યાયાધીશ એમ એમ સુરેશ અને પ્રશન્ના બી વરાળેની બેન્ચે જણાવ્યું

(અનુસંધાન ૧૩મે પાને)

Ahmedabad, Gandhinagar: Western Marketing: 9727753665 Madhuvan Sales: 8488813396 Deyan Sales: 9925223260 Keya Digitronics Pvt Ltd.: 9586092451
Anand, Nadiad: Essen Marketing: 9998868703 Sales: 9998030231, 7801990513 Mehsana, Patan, Palanpur, Himmatnagar: Sadguru Plast: 9512123764 Sales: 9909917350
Surendranagar: Monali Kitchenware: 8347489999 For Corporate and Bulk Enquiries: 9898233440

Pigeon Exclusive Stores: Ahmedabad: Bhimjipura: 9875289815 Naroda: 9601399039 Kubernagar: 8866218041 New Naroda: 8490078880
Bapunagar: 9537670294 Tragad: 7862805406 Memnagar: 6351420151 Nikol: 7567333692 Anandnagar: 9712557799 Parimal Garden: 9898759143
Himmatnagar: 9714700579 Nana Chiloda: 07984487031 New CG Road: 9374072740 Gota: 6351705621

For franchise enquiries and corporate/bulk orders, contact: 9904257426

For any service related queries, please contact: 6364914202

Locate your nearest Pigeon Exclusive Store

પાનાં : ૩૦ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ શુક્રવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૫ વર્ષ : ૯૪, અંક : ૨૯૫ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

સાયબર ગુના સામે દિલ્હી પોલીસની કાર્યવાહી

સિમ કાર્ડ માટે નકલી સ્વાસ્થ્ય કેમ્પ યોજી આધારની વિગતો તફડાવાઈ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૯

સ્વાસ્થ્ય કેમ્પ હેઠળ રાહત દરે દવાઓ ઓફર કરીને સાયબર ગુનેગારો નાગરિકોના આધાર અને બાયોમેટ્રિક્સની વિગતો એકત્ર કરતા

(અનુસંધાન ૧૩મે પાને)

રૂ. ૨.૬૪ કરોડની સાયબર છેતરપિંડી : ૩,૦૦૦ સિમ એક્ટિવેટ કરાવવા બદલ બે શકમંદોની ધરપકડ

રામલીલા મેદાનમાં રવિવારે જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ વિપક્ષની 'દિલ્હી ચલો' માર્ચ

ડંડાથી ગભરાશો નહીં, ભાજપમાં મારવાની તાકાત નથી : રાહુલ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૯

દેશમાં લોકતંત્ર બચાવવા, વોટ ચોરીનો અંત લાવવા અને બંધારણના સંરક્ષણ માટે કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને લોકસભામાં એલઓપી રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષે રવિવારે 'દિલ્હી ચલો' માર્ચનું આયોજન કર્યું છે. ઈન્ડિયા બ્લોકની રવિવારની દિલ્હી માર્ચમાં જોડાવા માટે જનતાને હાકલ કરતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, પોલીસના ડંડાથી ગભરાશો નહીં. ભાજપમાં હવે લોકોને મારવાની તાકાત નથી રહી. એક્સ પર એક વીડિયોમાં રાહુલ ગાંધીએ કહ્યું, આ દેખાવો કોઈ પક્ષના નથી. આ રાષ્ટ્રના રક્ષણ માટેનું વિરોધ પ્રદર્શન છે. આ કોઈ રાજકીય પક્ષનો કાર્યક્રમ નથી, પરંતુ આખા દેશનો અવાજ છે. બધા વિદ્યાર્થી સંગઠનો તેમાં જોડાય.

દિલ્હી માર્ચમાં ૧૦ લાખ લોકો જોડાશે : કોંગ્રેસ, ૫૦ હજારના ટોળા પર દેખરેખ રાખવા ૩૫૦૦ પોલીસ કર્મચારી તૈનાત કરાશે : દિલ્હી પોલીસ

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો પોસ્ટ કરીને જણાવ્યું કે, આ માર્ચ લોકતંત્ર અને બંધારણનું રક્ષણ કરવા તથા વોટચોરી રોકવા માટે છે. નરેન્દ્ર મોદી, અમિત શાહ, જ્ઞાનેશ કુમારથી હેરાન થયેલા બધા જ લોકો લોકતંત્ર બચાવવા માગે છે. બંધારણનું રક્ષણ કરવા માગે છે. તમે બધા આવો. એક જ પ્રોટેસ્ટ છે, દેશનો પ્રોટેસ્ટ છે.

તેમણે લોકોને અપીલ કરી કે તેઓ પોલીસ કાર્યવાહી અથવા લાઠીચાર્જની આશંકાથી ગભરાય નહીં. ભાજપમાં માર્ચ રોકવા માટે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવાની તાકાત નથી. અમારી સાથે માર્ચમાં જોડાઓ. આપણે બંધારણ અને ભારતનો આત્મા બચાવવા માટે સાથે ચાલીશું. ગભરાવાની જરૂર નથી.

કોંગ્રેસ મહામંત્રી કેસી વેણુગોપાલે

(અનુસંધાન ૧૩મે પાને)

સદર બજારના વેપારીઓની રાહુલ ગાંધીને વિનંતી

તહેવારોમાં મહોબ્બત કી દુકાનના નામે અમારી દુકાનોને 'તાળાં'ના મારો

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હીના સદર બજારના વેપારીઓએ ઈન્ડિયા બ્લોકની એક નવેમ્બરે રામલીલા મેદાનમાં સૂચિત 'દિલ્હી માર્ચ' મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે. સદર બજાર બારી માર્કેટ ટ્રેડર્સ એસોસિએશનના અધ્યક્ષપદે મોટી સંખ્યામાં સ્થાનિક વેપારીઓ એકત્ર થયા

(અનુસંધાન ૧૩મે પાને)

અમદાવાદ સહિત રાજ્યના અનેક સ્થળોએ વાતાવરણમાં પલટો આવતાં હળવો વરસાદ પડ્યો હતો. હજુ બે દિવસ હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. દિવસે ગરમી, બપોરના વરસાદ અને મોડી રાત્રે ઠંડીના ચમકારાથી એક જ દિવસમાં જાણે ૩ ઋતુ અનુભવાઈ હતી. આજે અમદાવાદમાં બપોર બાદ વાદળછાયું વાતાવરણ થઈ ગયું હતું અને સોલા, ગોતા, એસજી હાઈવે, ચાંદખેડા તેમજ અંકુર ચાર રસ્તા જેવા વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં આજે સરેરાશ મહત્તમ તાપમાન ૩૫ જ્યારે ગત રાત્રિના સરેરાશ લઘુતમ તાપમાન ૨૧.૬ ડિગ્રી નોંધાયું હતું. આગામી ૩ દિવસ મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ રહેવાની આગાહી છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

યુકેના ઓસીઆઈ હોલ્ડર નાગરિકની હાઈકોર્ટમાં પીઆઈએલ

ભારત હવે પહેલાં જેવો સુંદર દેશ રહ્યો નથી, કાયદા વગરના દેશ જેવું લાગે છે, બધું બદલાઈ ગયું છે

અમદાવાદ,ગુરૂવાર

યુનાઈટેડ કિંગડમના ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) હોલ્ડર એવા મૂળ ભારતીય અને ગુજરાતમાં જન્મેલા પણ બ્રિટીશ નાગરિકત્વ ધરાવતા એક નાગરિકે ગુજરાત હાઈકોર્ટમાં મુદ્દો ઉઠાવતી જાહેરહિતની રિટ અરજી કરી છે. અરજદારે ભારતની પ્રવર્તમાન સ્થિતિને લઈ ગંભીર આક્ષેપો કર્યા હતા અને જણાવ્યું હતુ કે, અરજદાર બલે યુકેના આઈસીઆઈ કાર્ડ હોલ્ડર છે પરંતુ તેઓ ભારતમાં પણ આવીને રહે છે પરંતુ ભારત દેશ હવે બદલાઈ ગયો છે અને અહીં નો સમાજ, સોસાયટી બધુ બદલાઈ ગયુ છે. મહિલાઓ અને બાળકો ખાસ કરીને છેવાડાના લોકો ખરાબ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે. ભારત દેશ હવે પહેલા જેવો સુંદર રહ્યો નથી અને અહીં હવે કાયદા વગરના સમાજ જેવું લાગે છે.

ભારતનો સમાજ બદલાઈ ગયો છે : મહિલાઓ અને બાળકો ખાસ કરીને છેવાડાના લોકો ખૂબજ ખરાબ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે

જો કે, હાઈકોર્ટે યુકેનાનાગરિક અને ઓસીઆઈ કાર્ડ હોલ્ડર પીઆઈએલ કરી શકે કે કેમ તેમ જ તેમના કાયદાકીય અધિકારો સહિતના મુદ્દે કેટલાક સવાલો ઉઠાવ્યા હતા. સાથે સાથે ઓસીઆઈ કાર્ડ હોલ્ડરના હકો સહિતના મુદ્દાઓ પર રાજ્ય સરકારને આગામી મુદતે વિગતવાર સોગંદનામું રજૂ કરવા હુકમ કર્યો હતો.

અરજદારપક્ષ તરફથી જણાવાયું હતું કે, તેઓ મૂળ ભારતીય છે, તેમનો જન્મ ગુજરાતમાં થયો છે. તેમના પિતા બીએસસી ઈન એગ્રીકલ્ચર હતા. અરજદાર ભારતમાં આવીને રહે પણ છે. પરંતુ દેશ હવે બદલાઈ ગયો છે. સોસાયટી બદલાઈ ગઈ છે. મહિલા અને બાળકો વગેરે છેવાડાના લોકો ખરાબ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે.

જેથી હાઈકોર્ટે અરજદારને સવાલ કર્યો હતો કે, તમે યુનાઈટેડ કિંગડમના નાગરિક છો તો ભારતમાં કેટલું રહો છો ? તમારા કહ્યા મુજબ તમે ૧ વર્ષ અને ૧૫ દિવસ ભારતમાં રહ્યા છો, તો આટલા સમયમાં તમે ભારત વિશે શું જાણ્યું ? તમે સંપૂર્ણપણે ભારતીય નાગરિકતા ધરાવતા નથી, તો શું તમે હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી ફાઈલ કરી શકો ?

દરમ્યાન રાજ્ય સરકાર તરફથી આ મુદ્દે દરમ્યાનગીરી કરતાં જણાવાયું કે, ઓસીઆઈ કાર્ડ હોલ્ડરના હક્કો મર્યાદિત હોય છે. હાઈકોર્ટે કહ્યું કે, જો અરજદાર ભારતનો મતદાતા જ ન હોય તો તેને કયા હક્ક મળે છે ? બીજા દેશના નાગરિકો ભારતની બાબતોમાં દખલ કરી શકે નહીં. જેથી અરજદારે જણાવ્યું હતું કે ભારતના નિર્બળ લોકો નો અવાજ બનીને તેમને શું અંગત ફાયદો મળવાનો ? સરકારપક્ષે સ્પષ્ટતા કરી કે, ઓસીઆઈ કાર્ડ હોલ્ડરને ફક્ત દેશમાં રહેવાની મંજૂરી મળે છે, નાગરિકતા નહીં.

તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ હાઈકોર્ટે અરજદાર નાગરિક અને રાજ્ય સરકાર બંનેને નિર્દશ કર્યો હતો કે, શું ઓસીઆઈ કાર્ડ હોલ્ડર જાહેરહિતની રિટ અરજી કરી શકે તે કાયદા મુજબ સાબિત કરો. હાઈકોર્ટે રાજ્ય સરકારને સ્પેસીફિક જણાવ્યું કે, શું ઓસીઆઈ કાર્ડ હાલ્ડર ભારતના નાગરિકો માટે આવી પીઆઈએલ દાખલ કરી શકે અને તેમના કાયદાકીય અધિકારો કે હક્કો શું હોય છે તે સહિતના મુદ્દે સરકાર વિગતવાર જવાબ રજૂ કરે. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૭મી ડિસેમ્બરે રાખી હતી.

યુનાઈટેડ કિંગડમમાં પણ જાતિવાદનું દૂષણ છે

અરજદારે વધુમાં એવો પણ નિખાલસ સ્વીકાર કર્યો હતો કે, તેઓ અત્યારે વડોદરા નજીક કરજણ ખાતે રહે છે. તેઓ યુનાઈટેડ કિંગડમનો ભોગ બન્યા છે અને ત્યાં પણ જાતિવાદનું દૂષણ છે. ત્યાંના લોકો તેમને પોતાના દેશ પરત ફરી જવા માટે કહેતા હતા. ભારત એક સુંદર દેશ છે, પરંતુ અત્યારે તેઓને અહીં કાયદા વગરના સમાજ જેવું લાગી રહ્યું છે. તેઓ પરત યુનાઈટેડ કિંગડમ જવા માંગતા નથી. તેઓ અરજી પાછળ પૈસા પણ ખચી રહ્યા છે, તેમની ઈચ્છા છેવાડાના લોકોની મદદ કરવાની છે.

જો મારી પીઆઈએલ સાંભળી શકાતી ના હોય તો કેસ સુપ્રીમને રિફર કરો

હાઈકોર્ટે અરજદારને સવાલ કર્યો હતો કે, જો તમે ભારતના નાગરિક જ નથી તો તમને કોર્ટ શા માટે સાંભળે ? જેથી અરજદારે જણાવ્યું હતું કે જો હાઈકોર્ટ તેમની જાહેર હિતની અરજી કાયદા મુજબ સાંભળી ન શકતી હોય તો આ કેસને તેઓ સુપ્રીમ કોર્ટ માટે રીફર કરે. તેઓ આ અરજી પરત ખેંચશે નહીં. કોર્ટ ઈચ્છે તો તેને નકારી શકે છે, જેથી અરજદાર સુપ્રિમમાં જઈ શકે.

ગુજરાતના બે દિવસીય પ્રવાસનો આજથી પ્રારંભ

PM મોદી આજે બનાસકાંઠામાં ૧૪ હજાર કરોડના કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

અમદાવાદ, ગુરુવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે છે. જેમાં તેઓ આવતીકાલે બનાસકાંઠાના ભીલડી ખાતે રૂપિયા ૧૪ હજાર કરોડથી વધુના વિકાસકાર્યોનો શિલાન્યાસ-લોકાર્પણ કરશે જ્યારે ૩૧મીએ કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેવાના છે.

ભીલડીમાં જનસભા, અમદાવાદ મેટ્રોના બે ફેઝનો શિલાન્યાસ : ૩૧મીએ કેવડિયામાં એકતા દિવસની ઉજવણી

બનાસકાંઠાના ભીલડી ખાતે ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ કરશે. ૧૨૭ એકરમાં પથરાયેલ આ કેન્દ્ર સ્ટેટ-ઓફ-ધી-આર્ટ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે. ગૌવંશ સંવર્ધન, જેનિટિક અપગ્રેડેશન અને અદ્યતન રીપ્રોડક્ટિવ ટેકનોલોજીને મજબૂત બનાવશે, જેનાથી ઓલાદ સુધારણા ૧૦ થી ૨૦ ગણી ઝડપી બનશે. કાંકરેજ ગાયની ઓલાદ માટે સમર્પિત આ પ્રકારની દેશની આ પ્રથમ સુવિધા હશે.

થરાદ અને રાધનપુર ખાતે બનાસ ડેરીના બે બાયો-સીએનજી પ્લાન્ટનો શિલાન્યાસ કરશે, જેની ગાયના છાણ પ્રોસેસિંગની ક્ષમતા અનુક્રમે પ્રતિદિન ૭૫ મેટ્રિક ટન અને પ્રતિદિન ૧૦૦ મેટ્રિક ટન છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨એ (એરપોર્ટ એક્સટેન્શન) અને ફેઝ-૨બી(ગિફ્ટ સિટી એક્સટેન્શન) નો શિલાન્યાસ કરશે. જેમાં ફેઝ-૨એ કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધી ૫ સ્ટેશનોને આવરી લેતી ૬ કિમીથી વધુની લંબાઈ ધરાવશે, જ્યારે ફેઝ-૨બી ગિફ્ટ સિટીથી શાહપુર સુધી ૩ સ્ટેશનોને આવરી લેતી ૩.૩ કિમીથી વધુની લંબાઈ ધરાવશે.

તેઓ આવતીકાલે સાંજે કેવડિયા પહોંચી જશે અને ૩૧મીએ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે.ઉજવણીનું એક મુખ્ય આકર્ષણ 'નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા' દ્વારા આયોજિત 'નક્સલ મુક્ત ભારત' પરનું એક વિશેષ નાટ્ય પ્રદર્શન હશે, જેમાં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત ૧૨૬ જિલ્લાના આશરે ૨,૦૦૦ કલાકારો ભાગ લેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતપ્રવાસ

૩૦ ઓક્ટોબર

સવારે ૮:૪૫ : ડીસા એરપોર્ટમાં આગમન.
સવારે ૯:૧૦ : ભીલડી ખાતે આગમન, કેટલ ફાર્મ તથા ઈટી આઈવીએફ લેબની મુલાકાત.
સવારે ૧૦:૩૦ : ભીલડી ખાતે જાહેર સભા. વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત.
બપોરે ૧૨:૦૦ : ભીલડીથી ગાંધીનગર રાજભવન જવા રવાના.
બપોરે ૧થી ૪ : રાજભવન ખાતે રાજકીય તથા સંગઠનના આગેવાનો સાથે બેઠક-મુલાકાત.
સાંજે ૪ : ૦૦ : ગાંધીનગરથી હવાઈમાર્ગે કેવડિયા જવા રવાના.
સાંજે ૫:૦૦ : કેવડિયા ખાતે ભારત પર્વ પેવેલિયન સહિતની મુલાકાત.
સાંજે ૬:૦૦ : કલ્ચર ગ્રાઉન્ડ ખાતે આનંદમઠ નાટકમાં ઉપસ્થિતિ.
સાંજે ૭:૪૫ : એકતા પ્રકાશ પર્વમાં હાજરી.
રાત્રે ૮:૧૫ : નર્મદા ઘાટ ખાતે નર્મદા આરતીમાં ભાગ લેશે.

૩૧ ઓક્ટોબર

સવારે ૯:૦૦ : સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે.
સવારે ૯:૧૫ : કેવડિયાના વિવિધ નવા વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત.
સવારે ૯:૪૦થી ૧૦:૧૦ : રેઈન ફોરેસ્ટ, વામન વૃક્ષ વાટિકાની મુલાકાત લેશે.
સાંજે ૫:૩૦ : એકતા દિવસની ઉજવણીમાં ઉપસ્થિતિ, પરેડમાં સહભાગી બનશે.
સાંજે ૭:૪૦ : કેવડિયાથી વડોદરા એરપોર્ટ રવાના.
રાત્રે ૯:૧૦ : વડોદરાથી દિલ્હી પરત ફરશે.

બલ્ક ડ્રગ પાર્કમાં સ્ટેમ્પ ડ્યુટીમાં ૧૦૦ ટકા રાહત સહિતની યોજના જાહેર

અમદાવાદ, ગુરુવાર

ભરૂચના જંબુસર ખાતે ૨૦૧૫ એકરમાં નિર્માણ પામી રહેલા અદ્યતન પ્લગ એન્ડ પ્લે બલ્ક ડ્રગ મેગા પાર્ક માટે વિશિષ્ટ પ્રોત્સાહક યોજના સરકાર દ્વારા જાહેર કરાઈ છે. જેમાં ઉત્પાદકો માટે કેપિટલ અને ઓપરેટિંગ ખર્ચમાં મોટો ઘટાડો કરવા માટે અહીં ૧૦ થી વધુ અત્યાધુનિક કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. વિશિષ્ટ બલ્ક ડ્રગ પાર્ક યોજના હેઠળ એલિજિબલ ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ પર ૧૦% કેપિટલ સબસિડી, પાત્રતા ધરાવતા એમએસએમઈ એકમો માટે વિશેષ વ્યાજ સબસિડી, ૧૦ વર્ષ સુધી યુટિલિટી ચાર્જીસમાં રિઈમ્બર્સમેન્ટ, પાર્કમાં પ્રથમ વખત જમીન ફાળવણી પર સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીનું ૧૦૦% રિઈમ્બર્સમેન્ટ જેવા લાભો મળશે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે શ્રીમતી સુધાબેન ત્રિલોકભાઈ પરીખ, રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા વેજલપુરના ગામ મોજે મકરબાના સર્વે નંબર-૫૭૭/૧ ની કુલ ૧૨૨૯૩ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, તથા તેને અડોઅડ આવેલી અન્ય સર્વે નંબરોની જમીનો મળી કુલ ૮૦૮૯૦ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૦૪ (સરખેજ-ઓકાફ-મકરબા- વેજલપુર-આંબલી) માં ફાઈનલ પ્લોટ નંબર- ૫૬૦ ની ૪૮૫૩૪ ચોરસમીટર જમીન ફાળવવામાં આવેલી છે, તે રહેણાંકના હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન પૈકીના "ગુર્જરી" સ્કીમના સબપ્લોટ નંબર- ૯ ની કુલ ૨૦૦૦ ચોરસવાર યાને ૧૬૭૨.૨૦ ચોરસમીટર (નેટ પ્લોટ એરીયા)ના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીન તેમની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૯-૧૦-૨૦૨૬

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

રાજ્યમાં વીજસંકટ વચ્ચે ઈજનેરોનું આંદોલન

જેટકોમાં સ્ટાફની અછતને લઈ હવે ઈજનેરો લડી લેવાના મૂડમાં

અમદાવાદ,ગુરુવાર

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ માં સતત વધી રહેલા કાર્યબોજ અને સ્ટાફની અછતને પગલે હવે રાજ્યભરના ઈજનેરોએ સરકાર સામે બાંયો ચડાવી છે. જી.ઈ.બી. એન્જિનિયર્સ એસોસિએશને જેટકો મેનેજમેન્ટની વહીવટી નીતિઓ સામેઆક્રોશ વ્યક્ત કરીને આગામી દિવસોમાં રાજ્યવ્યાપી આંદોલન કરવાનું એલાન કર્યું છે.

૧૦૦ નવા સબસ્ટેશન ઉમેરાયાં પણ ભરતી શૂન્ય ૩૦ ઓક્ટો.થી કાળી પટ્ટી, ૧લી નવે.થી વર્ક ટુ રૂલ

દર વર્ષે આશરે ૧૦૦ જેટલા નવા સબસ્ટેશનોનો ઉમેરો થઈ રહ્યો છે. આ વ્યાપ વધવા છતાં તેની સામે નવા કર્મચારીઓની પૂરતી ભરતી કરવામાં આવતી નથી. પરિણામે, હાલના કાર્યરત ઈજનેરો પર કામનું ભારણ અસહ્ય હદે વધી ગયું છે. આટલું જ નહીં, લાંબા સમયથી ઈજનેરોને કોઈ પણ પ્રકારના વધારાના નાણાકીય લાભ આપ્યા વિના જ નવો કાર્યભાર સોંપી દેવાય છે તેનો ઈજનેરોએ આક્ષેપ કર્યો છે.

જો પડતર માંગણીઓ નહી સ્વિકારાય તો, ઈજનેરો તબક્કાવાર આંદોલનનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આવતીકાલે ૩૦ ઓક્ટોબરે ઈજનેરો કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવશે અને વહીવટી કચેરીઓની બહાર વિરોધ પ્રદર્શન કરશે. જ્યારે ૧ નવેમ્બરે ઈજનેરો 'વર્ક-ટુ-રૂલ' નું શસ્ત્ર ઉગામશે અને વધારાનો તમામ કાર્યભાર છોડી દેશે.

ઈજનેરોની મુખ્ય માંગણી એછેકે, સરકારે મંજૂર કરેલા મહેકમ મુજબ ખાલી જગ્યાઓ પર ભરતી કરવામા આવે.ઈજનેરો પર લાદવામાં આવેલા વધારાના કાર્યભાર ઓછો કરવામાં આવે.આ ઉપરાંત મળવાપાત્ર નાણાકીય લાભો અંગે વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં આવે. ઈજનેરોની આ ન્યાયિક માંગણીઓનો સમયસર ઉકેલ આવે અને વધતા કાર્યબોજ સામે યોગ્ય વ્યવસ્થા ઊભી થાય તે માટે રજૂઆત કરવામાં આવી છે. જો વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે હકારાત્મક પગલાં લેવામાં નહીં આવે, તો વીજસંકટ વચ્ચે વીજ ક્ષેત્રે આ આંદોલનની વ્યાપક અસર જોવા મળી શકે છે.

સાબરમતીથી PMના હસ્તે વર્ચ્યુઅલ લીલી ઝંડી અપાશે

આજે ઉત્તર ગુજરાત તરફની મેમુ સહિત બે ટ્રેનોને લીલી ઝંડી મળશે

અમદાવાદ, ગુરુવાર

ચૈત્ર અને આશો નવરાત્રી તેમજ દર મહિનાની પૂનમ સહિત અનેક વાર તહેવારો અને રજાના દિવસે બહુચરાજી માતાના દર્શનાર્થે હજારો યાત્રિકો બેચરાજી ઉમટી પડતા હોય છે. આ યાત્રિકોની સુવિધા માટે રેલ સેવાનો વધુ વિકલ્પ મળી રહે તે માટે અનેક લોકો અને રાજકીય આગેવાનો દ્વારા નવી ટ્રેનો શરૂ કરવા રેલ મંત્રી સુધી રજૂઆતો પણ કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં લઈ તાજેતરમાં રેલવે બોર્ડે સાબરમતીથી મહેસાણાની વાયા બેચરાજીથી ચાલતી બે મેમુ ટ્રેનોને મંજૂરી આપવામાં આવી હતી. જેના થોડા જ દિવસો બાદ હવે બંને ટ્રેનો પૈકી એકને કાયમી દોડાવવા માટે રેલવેએ તૈયારી દર્શાવતાં આ ટ્રેનને ૩૦ ઓક્ટોબર, શુક્રવારના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે વીડિયો કોન્ફરન્સ મારફતે સાબરમતીથી વર્ચ્યુઅલ લીલી ઝંડી આપીને રવાના કરવામાં આવશે.

આ ટ્રેનમાં બેચરાજી ઉપરાંત ચાંદખેડા, કલોલ, કડી, ભોયાણી, કટોસણ રોડ, ચાણસ્મા અને રણુજ સહિતના સ્ટેશનોને સ્ટોપેજ અપાયા છે. આ ઉપરાંત ગુજરાતથી કાશી વિશ્વનાથ યાત્રાએ જતાં યાત્રાળુઓ માટે શુક્રવારે પ્રધાનમંત્રાના હસ્તે સાબરમતીથી વધુ એક ટ્રેન નં.૧૨૨૦૫-૦૬ સાબરમતી-વારાણસી એક્સપ્રેસને પણ સવારે લીલી ઝંડી આપીને રવાના કરવામાં આવશે.

સાબરમતી-કટોસણ રોડ મેમુને કાયમી બંધ કરાશે

તાજેતરમાં રેલવે બોર્ડ દ્વારા અમદાવાદથી મહેસાણા વચ્ચે બે મેમુ ટ્રેનોને મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી એક ટ્રેનને શુક્રવારથી લીલી ઝંડી આપીને કાયમી માટે દોડતી કરવામાં આવશે. જ્યારે બીજી ટ્રેનને ટૂંક સમયમાં શરૂ કરવા રેલવે કવાયત હાથ ધરશે. પરંતુ બીજી તરફ આ બંને ટ્રેનોની મંજૂરી સાથે સાબરમતી-કટોસણ વચ્ચે દોડતી ટ્રેન નં.૬૯૨૪૯-૫૦ને કાયમી ધોરણે રદ કરવા પણ રેલવે બોર્ડે પરિપત્ર જારી કર્યો છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રી હરેશકુમાર ગોવિંદસિંહ વાઘરોલા, (૨) હંસાબા તે ગોવિંદસિંહ વાઘરોલાના દીકરી, તથા (૩) શ્રી પ્રવિણસિંહ ગોવિંદસિંહ વાઘરોલા, સર્વે ઠેકાણું-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાણંદના ગામ મોજે મોટી દેવતીના બ્લોક/સર્વે નંબર-૨૦૩/૨ ની ખાતા નંબર-૯૭ ધરાવતી કુલ ૭૪૮૭ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૯-૧૦-૨૦૨૬

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

ગુજરાતમાં પક્ષોની કરમુક્તિના દુરુપયોગ થકી મની લોન્ડરિંગ

ચૂંટણીમાં 'પરાજય', ફન્ડિંગમાં 'વિજય' ૬ પક્ષોને રૂપિયા ૨૬૯૨ કરોડ ફંડ મળ્યું

અમદાવાદ, ગુરુવાર

ભારતીય રાજકારણમાં પારદ શતા અને કાળા નાણાંને લઈને એક ચોંકાવનારો ખુલાસો થયો છે. રજિસ્ટર્ડ પરંતુ બિન-માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો ને મળતા અબજો રૂપિયાના ફંડિંગને લઈને હવે સવાલ ઉઠ્યાં છે. સાથે સાથે રાજકીય પક્ષોને મળતી કરમુક્તિનો દૂરપયોગ કરીને મની લોન્ડરીંગ અને ટેક્સ ચોરીનું મોટું કૌભાંડ ચાલી રહ્યુ હોવાની આશંકા સેવાઈ રહી છે. તેનું કારણ એછેકે, ગુજરાતમાં જ છ નાના રાજકીય પક્ષોને છેલ્લાં પાંચેક વર્ષમાં કુલ મળીને રૂા.૨૬૯૨ કરોડ ફંડ મળ્યુ છે.

માત્ર ૧૪૦ મતો મળ્યા તે સૌરાષ્ટ્ર જનતા પક્ષને ૨૧૧ કરોડનું દાન મળ્યું, એકેય બેઠક જીતી નહીં

ભારતીય રાષ્ટ્રીય જનતાદળ, ન્યુ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટી, સ્વતંત્ર અભિવ્યકિત પાર્ટી, સત્યવાદી રક્ષક પાર્ટી, સૌરાષ્ટ્ર જનતા પક્ષ અને જનમન પાર્ટી. આ નાના રાજકીય પક્ષો વિશે ગુજરાતના લોકોએ ખબર પણ નહી હોય.ગુજરાતમાં આ છ રાજકીય પક્ષો ભલે જાણીતા ન હોય પણ તેમને કરોડો રૂપિયા ફંડ મળ્યુ છે. આ મુદ્દો હાલ વિવાદના કેન્દ્રે રહ્યો છે.

એડીઆરના રિપોર્ટમાં એવું વિશ્લેષણ કરાયુ છેકે, છેલ્લાં પાંચ વર્ષમાં ભારતીય રાષ્ટ્રીય જનતાદળને રૂા.૧૧૫૬ કરોડ, ન્યુ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટીને રૂા.૬૯૯ કરોડ, સ્વતંત્ર અભિવ્યક્તિ પાર્ટીને રૂા.૭૫ કરોડ, સત્યવાદી રક્ષક પાર્ટીને રૂા.૪૧૬ કરોડ, સૌરાષ્ટ્ર જનતા પક્ષને રૂા.૨૧૧ કરોડ જ્યારે જનમન પાર્ટીને રૂા.૧૩૩ કરોડનું માતબર ફંડ મળ્યુ છે.

જોકે, આ પક્ષો દ્વારા ચૂંટણી ખર્ચના જે આંકડા દર્શાવવામાં આવ્યા છે તે પણ શંકાના દાયરામાં છે. લાઉડસ્પીકર, માઈક, બેનરો અને રેલીઓના ભોજન પાછળ રૂા.૨૦ કરોડથી લઈને રૂા.૯૦ કરોડ સુધીના અવાસ્તવિક ખર્ચા ચોપડે બતાવીને કાળા નાણાંને ધોળું કરવાનો ખેલ ખેલાયો હોવાની આશંકા છે.

આ છ રાજકીય પક્ષોએ લોકસભા, વિધાનસભાની ચૂંટણીમાં ઝુકાવ્યુ હતુ. માત્ર ગુજરાત જ નહીં, પણ બિહાર અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી વખતે પણ પોતાના ઉમેદવારો ચૂંટણી મેદાને ઉતાર્યા હતાં. મહત્વવી વાત એછએકે, કરોડોનું ફંડ મેળવનારા આ પક્ષો ચૂંટણીમાં સમ ખાવા પુરતી એક બેઠક જીતી શક્યા નથી. દાખલા તરીકે, ગુજરાતના 'સત્યવાદી રક્ષક પાર્ટી' એ ૨૦૨૪ની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં માત્ર ૨ બેઠકો પર ચૂંટણી લડી કુલ માંડ ૧૦૪૨ વોટ મેળવ્યા હતાં આમ છતાંય રૂા.૪૧૬ કરોડનું માતબર દાન આવ્યું હતું! જ્યારે પાંચ ચૂંટણીમાં ૧૪૦ મત મેળવનારા સૌરાષ્ટ્ર જનતા પક્ષને રૂા.૨૧૧ કરોડનું ગુપ્ત દાન મળ્યુ છે.

આ અહેવાલે ભારતીય ચૂંટણી પ્રક્રિયા અને રાજકીય પક્ષોને મળતા ગુપ્ત ફંડિંગ સામે મોટા સવાલો ઉભા કર્યા છે.

ગુજરાતના રાજકીય પક્ષોને કરોડોનું ફંડ મળ્યું પણ કુલ મત ૧૪૦થી ૩૨૨૪૪ જ મળ્યાં

પાટિયા સંસ્થા જેવી પાર્ટી	મળેલું ફંડ	મળેલાં મત
ભારતીય રાષ્ટ્રીય જનતા દળ	૧૯૮.૮૪૪ કરોડ	૩૨૨૪૪
ન્યૂ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટી	૬૯૯.૦૮ કરોડ	૧૦૫૯૦
સ્વતંત્ર અભિવ્યક્તિ પાટી	૭૫.૨૧૭૮ કરોડ	૧૪૩૯૪
સત્યવાદી રક્ષક પાટી	૪૧૬.૨૩૨ કરોડ	૧૦૪૨
સૌરાષ્ટ્ર જનતા પક્ષ	૨૧૧.૨૩૬ કરોડ	૧૪૦
જન મન પાટી	૧૩૩.૫૬૭૪ કરોડ	૪૮૦

રાજકીય પક્ષોએ ચૂંટણીમાં ચોપડે કેટલો ખર્ચ દેખાડ્યો?

ભારતીય રાષ્ટ્રીય જનતાદળ : રૂા.૧૧૫૫ કરોડ
ન્યુ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટી : રૂા.૬૯૮ કરોડ
સ્વતંત્ર અભિવ્યકિત પાર્ટી : રૂા. ૭૩ કરોડ
સત્યવાદી રક્ષક પાર્ટી : રૂા.૪૧૬ કરોડ
સૌરાષ્ટ્ર જનતા પક્ષ :રૂા. ૨૧૦ કરોડ
જનમન પાર્ટી : રૂા.૧૩૩ કરોડ

દેશમાં રાજકીય પક્ષોના કુલ ફંડમાંથી ૭૦ ટકા હિસ્સો માત્ર ગુજરાતના ૬ રાજકીય પક્ષોના ખાતામાં

ચોંકાવનારી વાત એ છે કે, છેલ્લા ૫ વર્ષમાં દેશભરના આ નાના રાજકીય પક્ષોને મળેલા કુલ ફંડમાંથી ૭૦ ટકા હિસ્સો માત્ર ગુજરાતના ૬ રાજકીય પક્ષોના ખાતામાં ગયો છે, જેની કુલ રકમ રૂા૨,૬૯૨ કરોડ થાય છે. આ પક્ષો ચૂંટણીમાં એક પણ બેઠક જીતી શક્યા નથી, છતાં તેમના પર કરોડો રૂપિયાનો વરસાદ થઈ રહ્યો છે. હાલ આ મામલે સીઆઈડી ક્રાઈમ તપાસ ચલાવી રહી છે ત્યારે આશંકા છે કે રાજકીય પક્ષોને મળતી ટેક્સ મુક્તિનો દુરુપયોગ કરીને મોટા પાયે મની લોન્ડરિંગ અને ટેક્સ ચોરીનું નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે. ઈન્કમ ટેક્સ એક્ટ હેઠળ રાજકીય પક્ષોને મળતા ડોનેશન પર ટેક્સમાંથી મુક્તિ મળે છે. આ કાયદાકીય છટકબારીનો ઉપયોગ કરીને આ પક્ષો ફાઈનાન્સિયલ સિન્ડિકેટની જેમ કામ કરી રહ્યા છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે શ્રી નટવરસિંહ સરદારસંગ વાઘરોલા, ઠેકાણું -અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાણંદના ગામ મોજે મોટી દેવતીના બ્લોક/સર્વે નંબર-૨૦૩/૩ ની ખાતા નંબર-૧૮૪૧ ધરાવતી કુલ ૯૧૦૫ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન તેમની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૯-૧૦-૨૦૨૬

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

કોર્ટે આરોપીને છ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપ્યો

સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટીના અધ્યક્ષ સુરેન્દ્ર તિવારીની આખરે ધરપકડ

અમદાવાદ,ગુરૂવાર

કરોડો રૂપિયાની ટેક્સ ચોરી અને મની લોન્ડરિંગ કરવાની સાથે સાથે સરકારી તિજોરીને પણ કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડવાના બદઈરાદા સાથે બનાવવામાં આવેલ સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુરેન્દ્ર પરસોત્તમપ્રકાશ તિવારીની સીઆઈડી ક્રાઈમ દ્વારા આખરે ધરપકડ કરી લેવામાં આવી છે.

હવે ડોનેશન આપનારા, આરટીજીએસ કરનારા અને રોકડમાં નાણાં ફેરવનારાઓ પર સકંજો કસાય તેવી શક્યતા

તપાસનીશ એજન્સીએ આરોપી સુરેન્દ્ર તિવારીને ઘી કાંટા ફોજદારી કોર્ટમાં રજૂ કરતાં ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ એમ.બી.પરમારે તેને છ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો. સીઆઈડી ક્રાઈમની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો કે, આરોપી સુરેન્દ્ર તિવારીએ કરદાતાઓ પાસેથી ડોનેશન પેટે રૂ.૫૧૯ કરોડનું ડોનેશન મેળવીને અંદાજે રૂ.૧૫૫ કરોડની ટેક્સ ચોરી આચરી સરકારને બહુ મોટા પાયે આર્થિક નુકસાન પહોંચાડયુ છે.

સીઆઈડી ક્રાઈમના તપાસનીશ અધિકારીએ આરોપી સુરેન્દ્ર તિવારીને કોર્ટમાં રજૂ કરી આઠ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી અને જણાવ્યું હતું કે આ એક બહુ મસમોટું અને પૂર્વ આયોજિત કૌભાંડ છે અને આરોપીઓની પોલીસ કસ્ટડી સિવાય ઊંડાણપૂર્વકની તપાસ શક્ય નથી. સીઆઈડી ક્રાઈમની તપાસમાં એવો પણ મોટો ખુલાસો થયો છે કે, આ સમગ્ર કૌભાંડમાં ટેક્સ કન્સલ્ટન્ટ મેહુલકુમાર ખત્રી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મયુરસિંહ રાઠોડની પણ ભૂમિકા સામે આવી છે અને તેથી તપાસ એજન્સીએ ટેક્સ કન્સલ્ટન્ટ મેહુલકુમાર ખત્રી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મયુરસિંહ રાઠોડ સાથેના મેળાપીપણા, ફોર્મ ૨૪તૈયાર કરવા અને ઈલેક્શન કમિશન સમક્ષ રજૂ કરવામાં આવેલ બોગસ કન્ટ્રીબ્યુશન રિપોર્ટની સત્યતા તપાસવા માટેનું પણ અગત્યનું રિમાન્ડનું કારણ રિમાન્ડ અરજીમાં રજૂ કર્યું હતું.

A TATA PRODUCT
આપનાથી જ પરીપૂર્ણ,
દરેક શણગાર
Solah Shringaar
COLLECTION
BY
TANEIRA
હેન્ડક્રાફ્ટેડ ડિઝાઇનર સાડી
ખરીદી પર આકર્ષક ગિફ્ટ વાઉચર્સ મેળવો*
સાડી | કુર્તા | કુર્તા સેટ | બ્લાઉઝ | ડ્રેસ મટિરિયલ
Shop online at TANEIRA.com
TATA CLiQ
Myntra
amazon
Flipkart
taneira_sarees
+91 8147 349 464
Shop on call 1800 266 0123
AHMEDABAD: Rajhans Society, Near - NABARD Quarters, H.L. College Road, Ph: 7486044351

MARUTI SUZUKI
NEXA
EVERY CELEBRATION DESERVES A GRANDEUR ARRIVAL.
This festive season, drive home your favourite NEXA car.
XL6
EFFECTIVE PRICE ₹9.57 LAKH*
EFFECTIVE PRICE ₹11.07 LAKH#
NEXA SAFETY SHIELD
GRAND VITARA
XL6
UP TO 100% WAIVER
ON CAR LOAN
PROCESSING FEE**

ચોમાસામાં જ્યાં ગોઠણ ડૂબ પાણી ભરાયા હતા ત્યાં હવે સ્કાય વોક!

સિંધુ ભવન રોડ પર ૧૭૫ મીટર ઊંચા ટાવર સાથે ૫૭૦ કરોડનું સિટી સ્કવેર

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ શહેરને દુબઈની હરોળમાં મુકવા માટે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સિંધુ ભવન રોડ પર ૧૭૫ મીટર ઊંચા ટાવર સાથે રૂ.૫૭૦ કરોડના ખર્ચે સિટી સ્ક્વેર બનાવવાનું આયોજન કરાયું છે. જેના માટે ટેન્ડરિંગ પ્રક્રીયા શરૂ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, ગત ચોમાસામાં જ્યાં ગોઠણ ડૂબ પાણી ભરાઈ ગયા હતા, ત્યાં હવે સ્કાય વોકના સ્વપ્રા મ્યુનિ. તંત્ર પ્રજાને બતાવી રહ્યું છે. કામ શરૂ થયા બાદ ૪૨ મહિનામાં પ્રોજેક્ટ સાકાર કરી દેવાની ગણતરી રાખવામાં આવી છે.

અમદાવાદને દુબઈની હરોળમાં મુકવા મ્યુનિ. કોર્પોરેશનનું આયોજન, ૪૦ મીટર ઉંચાઈએ બે માળની રેસ્ટોરન્ટ બનશે

અમદાવાદ શહેરના હાલના સૌથી વધુ પોશ ગણાતા સિંધુ ભવન રોડ પર અમદાવાદ સિટી સ્ક્વેર બનાવવાનું આયોજન મ્યુનિ. કોર્પોરેશને કર્યું છે. ગત તા.૨૫ ના રોજ તેના માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. ૧૩,૧૪૪ ચોરસ મીટરના પ્લોટમાં આકાર લેનાર ૧૨,૦૯૧ ચોરસ મીટરના આ સિટી સ્ક્વેર સેન્ટરમાં ત્રણ બેઝમેન્ટ પાર્કિંગની સુવિધા ઉભી કરાશે. સિટી સ્ક્વેર સેન્ટરનું મુખ્ય આકર્ષણ ૧૭૫ મીટરની ઉંચાઈનો ટાવર રહેશે. જેમાં ૪૦ મીટરની ઉંચાઈએ ૧૨૦૦ લોકોની ક્ષમતાનું બે માળનું રેસ્ટોરન્ટ બનાવવામાં આવશે. રેસ્ટોરન્ટની ઉપર ૨૦૦ લોકોની ક્ષમતાનું ટેરેસ કેફે વિકસાવવામાં આવશે. જ્યારે ટાવરની ટોચે સ્કાય ડેક અને સ્કાય વોક તૈયાર થશે. એક સાથે ૭૫ લોકો સ્કાય વોક કરી શકશે. આખા સંકુલમાં કુલ ૧૭ નંગ લિફ્ટનું આયોજન છે. જેમાં ૧૨ લિફ્ટ બેઝમેન્ટ પાર્કિંગથી ગ્રાઉન્ડ ફ્લોર સુધી લોકોને લાવવા માટે ઉપયોગમાં લેવાશે.

અમદાવાદ શહેરને વૈશ્વિક હરોળમાં મુકવા માટે આવા આયોજનો જરૂરી છે, પરંતુ મ્યુનિ.ના સત્તાધીશોએ એ પણ ધ્યાને રાખવું પડશે કે, ચોમાસામાં આ સિંધુ ભવન રોડ પર જ ગોઠણ ડૂબ પાણી ભરાયા હતા. આંબલી, થલતેજ સહિતના પોશ વિસ્તારમાંથી હોડી દ્વારા લોકોના રેસ્ક્યુ કરવાની નોબત આવી હતી. પહેલાં આવી પ્રાથમિક સુવિધાઓ પણ યોગ્ય રીતે ઉભી થાય તે જરૂરી છે.

સિટી સ્ક્વેરના આકર્ષણો

લોઅર ગ્રાઉન્ડ : કમર્શિયલ દુકાનો અને આર્ટ ગેલેરી

અપર ગ્રાઉન્ડ : ચારેય ખૂણે ફૂડ કિઓસ્ક, એમ્ફીથિયેટર, ગાર્ડન, ફૂડ કોર્ટ, ફુવારો, અર્બન પ્લાઝા

ત્રણ બેઝમેન્ટ પાર્કિંગ : ૩૮૫ કાર અને ૧૧૦૯ ટુ-વ્હીલર

ગેસ લાઈન લીક થતાં દુર્ઘટના ઘટી

રાજપથ રંગોલી રોડ પર અર્બન ચોક ફૂડ બજારમાં આગ, ૪ સ્ટોલ ઝપટમાં

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ શહેરના રાજપથ રંગોલી ક્લબ રોડ પર આજે સાંજે અર્બન ચોક ફૂડ બજારમાં અચાનક જ આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. એક પછી એક ચાર ફૂડ સ્ટોલ આગની ઝપટમાં આવી ગયા હતા.

થલતેજ, બોપલ, બોડકદેવથી ફાયર બ્રિગેડના વાહનો દોડાવાયા : સદનસીબે જાનહાનિ ટળી

રાજપથરંગોલીક્લબરોડપરઆવેલા અર્બન ચોક ફૂડ બજારમાં સૌપ્રથમ ચાટના સ્ટોલમાં આગ લાગી હતી. જે ધીમે ધીમે આગળ વધીને આસપાસના અન્ય ત્રણ સ્ટોલ સુધી પ્રસરી ગઈ હતી. ચાર સ્ટોલ એક સાથે આગની ઝપટમાં આવી જતા ભારે દોડધામ થઈ પડી હતી. ઘટનાની જાણ કરાતા થલતેજ, બોપલ, બોડકદેવથી ફાયર બ્રિગેડની ટીમોએ દોડી પાણીનો મારો ચલાવવાની સાથે લોકોને સલામત રીતે બહાર લાવવાની કવાયત હાથ ધરી હતી. ફાયર બ્રિગેડના સૂત્રોના જણાવ્યા અનુસાર ગેસ લાઈન લીક થવાના કારણે ઘટના ઘટી હોવાનું પ્રાથમિક અનુમાન છે. ડિવિઝનલ ફાયર ઓફિસર સ્વસ્તિક જાડેજાના જણાવ્યા અનુસાર ફૂડ બજારમાં હાજર તમામ લોકોને સલામત રીતે બહાર લાવવામાં આવ્યા છે. જાનહાનિ કે કોઈને ઈજા પણ પહોંચી નથી. આ ફૂડ બજારમાં ૩૦જેટલાસ્ટોલછે.



વાત વાતમાં

આ દિવાળીનું નવું દારૂખાનું !

આમ તો રાજકારણમાં આખું વરસ સામસામા ભીંતભડાકા થતા જ રહે છે, પરંતુ આ વખતની દિવાળી માટે બજારમાં નવો સ્ટોક આવી ગયો છે.

* * *

કોંગ્રેસના ધૂમધડાકા :

દિલ્હીમાં ૧ નવેમ્બરથી કોંગ્રેસની નવી ધમાકેદાર આતશબાજી રામલીલા મેદાનથી ચાલુ થવાની છે ! આમાં આખું પેકેજ આ મુજબ છે...

(૧) રાહુલ બ્રાન્ડ રોકેટો :

કહે છે કે રાહુલજી વિયેતનામ જઈને નવો બારૂદ ભરી લાવ્યા છે ! આ નવાં રોકેટો આમ તો જ્ઞાનેશ કુમાર સામે છોડવાનાં છે પણ ફંટાઈને મોદીજી તરફ જવાની પુરી શક્યતા છે !

(૨) પ્રિયંકા બ્રાન્ડ કોઠી :

સામાન્ય રીતે થોડી મિનિટો માટે સુંદર ઝળહળતી રોશની ફેલાવવા માટે જાણીતી આ કોઠી આ વખતે અણધારી ફૂટે પણ ખરી ! સંભાળજો !

(૩) નેહાબોરાબ્રાન્ડભોંયચકરી :

આ ભોંયચકરી વારંવાર સડક ઉપર ફેલાઈને મહિલા પોલીસોના પગમાં અટવાઈ જવા માટે જાણીતી છે ! એના તણખા વડે રીલ્સ પણ બહુ જોરદાર બને છે !

* * *

કોકરોચ પાર્ટીનું 'સેલ' :

પેલી બાજુ કોંગ્રેસમાં 'ફેસ્ટિવ સિઝન' આવી છે ત્યારે આ બાજુ કોકરોચ પાર્ટીમાં 'ઓફ-સિઝન સેલ'નાં પાટિયાં લાગી ગયાં છે ! જુઓ પેકેજ...

(૧) વિખરાયેલું તારામંડળ :

'તારા' યાને કે 'સ્ટાર'....! બે-ત્રણ મહિના પહેલાં જંતરમંતરના શો-રૂમનાં વાંગચૂક જેવા જાણીતા અને દિપકે,સૌરવ જેવા નવા સ્ટાર્સ પાછળ જેન-ઝિ ઘેલી હતી તે, 'તારા' હવે ઝાંખા-પાંખા છે ! છતાં થોડો 'ભાવ' આપી શકો છો... ડિસ્કાઉન્ટસેલમાં !

(૨) રંગીન સૂરસૂરિયાં :

એક સમયે જે રીલ્સ અને નારાઓ કાન ફાડી નાંખે તેવા ફટાકડા લાગતા હતા તેમાં ભેજ લાગી ગયો છે ! હવે કાઢી નાંખવાના ભાવે એ જ માલ સૂરસૂરિયાં તરીકે વેચવા કાઢ્યો છે !

* * *

આમ આદમી પાર્ટીનું ગોડાઉન :

કોઈ ભેદી કારણસર આ કંપનીનું શટર જ પડી ગયું છે ! હવે ગોડાઉન પણ પંજાબમાં શીફ્ટ થઈ ગયું છે, જેમાં એક જ આઈટમ બચી છે...

(૧) કેજરી છાપ ટિકડીઓ :

એક જમાનામાં આ ટિકડી ઉપર સ્હેજ હથોડી વાગે તો છેક યુરોપ સુધી એના પડઘા પડતા હતા ! પણ આજકાલ બધી ટિકડીઓ હવાયેલી નીકળે છે !

* * *

ભાજપ બ્રાન્ડ ફેક્ટરી પ્રોડક્ટસ :

આ વખતે જરા લોચો છે ! કેમકે લાઠી 'ચાર્જ' કરવા મુકવી કે ના મુકવી ? અને ટિયરગેસના 'ટેટા' ફોડવા કે ના ફોડવા ?

આમાં ને આમાં વિકાસ બ્રાન્ડ આતશબાજીનો શો મુલતવી થયા કરે છે ! બોલો.

- મન્નુ શેખચલ્લી

અધિકારીઓ-પદાધિકારીઓ વચ્ચે સંકલનનો અભાવ

મ્યુનિ.ના ઈજનેર વિભાગે બોરવેલનું આયોજન કર્યું, પાણી સમિતિએ ફગાવ્યું

અમદાવાદ, ગુરુવાર

ચોમાસુ હજી પૂરું થયું છે, ત્યાં તો અમદાવાદમાં પાણીના પ્રશ્ને માથુ ઉચક્યું છે. પાણીની કટોકટીની શક્યતાના આધારે મ્યુનિ.ના ઈજનેર વિભાગ દ્વારા ૧૨ બોરવેલ બનાવવા દરખાસ્ત કરાઈ હતી. જો કે શહેરભરમાં નર્મદાનું પાણી પહોંચે છે અને સબ સલામત છે, તેવું ચિત્ર ઉભું કરવા પાણી સમિતિએ આ આયોજન પર બ્રેક મારી દીધી છે.

કમિટીના ચેરમેન કહે છે : આખા શહેરમાં નર્મદાનું પાણી પહોંચે છે માટે હાલ નવા બોરવેલની જરૂર નથી

અમદાવાદ મ્યુનિ.ના ઈજનેર વિભાગ દ્વારા ઉત્તર, દક્ષિણ, મધ્ય અને પશ્ચિમ ઝોનમાં એક હજાર ફૂટના બોરવેલ બનાવવા વોટર સપ્લાય અને સુઅરેજ કમિટીમાં દરખાસ્ત મુકાઈ હતી. જેમાં એક બોરવેલના રૂ. ૩૩.૩૦ લાખ લેખે ચાર ઝોનમાં ૧૨ બોરવેલ માટે રૂ. ૩.૯૯ કરોડના ખર્ચની મંજૂરી માંગવામાં આવી હતી. તેવામાં કમિટીની આજે મળેલી બેઠકમાં આ દરખાસ્ત મોકૂફ રાખવામાં આવી છે. શાસકો મુજબ નર્મદાનું પાણી આખા શહેરમાં પહોંચે છે. એટલે હાલ પૂરતું બોરવેલની જરૂર નથી. તેમજ અધિકારીઓ દ્વારા રજૂ કરાયેલ ખર્ચ વધારે હોવાથી દરખાસ્ત નેક્સ્ટ કરાઈ છે. એક બાજુ પદાધિકારીઓ પાણીની સ્થિતિ મામલે શહેરમાં સબ સલામત હોવાનો દાવો કરી રહ્યા છે. જ્યારે અધિકારીઓ અમુક વિસ્તારોમાં નર્મદાનું પાણી પહોંચતું નથી. જેથી બોરવેલની જરૂર હોવાનું જણાવે છે. એટલે પાણીની સ્થિતિ મામલે શાસકો અને અધિકારીઓ મૂંઝવણમાં હોય તેવો ઘાટ સર્જાયો છે. નોંધનીય છે કે, થોડા મહિના અગાઉ આટલા જ ખર્ચે બોરવેલનું કામ મંજૂર કરાયું હતું. બીજી તરફ આજની બેઠકમાં વિંઝોલમાં ૪૧૧ કરોડનો એસટીપી, ઘુમામાં ૧૯ કરોડનું સ્ટોર્મવોટર પમ્પિંગ સ્ટેશન, બોડકદેવ, એસજી હાઈવે તેમજ લાંભામાં ડ્રેનેજ લાઈન રિહેબિલિટેશનના કામ મંજૂર કરાયા હતા.

બોડકદેવમાં આન્ટી દે પરાઠે સહિત ચાર એકમ સીલ

અમદાવાદ, ગુરુવાર

માર્ગો પર ગંદકી ફેલાવવા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ મામલે મ્યુનિ. દ્વારા આજે ઉત્તર પશ્ચિમ ઝોનના ૭૫ એકમોમાં તપાસ હાથ ધરાઈ હતી. આ દરમિયાન પ્લાસ્ટિક વાપરવા બદલ બોડકદેવ વોર્ડમાં આન્ટી દે પરાઠે નામનું એકમ સીલ કરાયું હતું. જ્યારે ગંદકી કરવા સબબ સિંધુભવન રોડ પર હેતદીવ સ્ક્વેર, ગોતામાં વિશ્વકર્મા વેલ્ડિંગ વર્કસ અને ચાંદલોડિયામાં ભોલે પાન પાર્લર સહિત ચાર એકમ સીલ કરાયા હતા. ઉપરાંત ૪૭ એકમોને નોટિસ આપી રૂ. ૪૫ હજાર દંડ વસૂલાયો હતો.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

માત્ર ભદ્રકાળી મંદિર અને છ બ્રિજની સજાવટ થશે

અમદાવાદમાં દિવાળીની રોશની નહીં થાય! સ્ટે.કમિટીનો નિર્ણય

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ શહેરમાં આ વખતે દિવાળીના તહેવારો દરમિયાન વિવિધ બિલ્ડિંગ, દરવાજા, સર્કલ સહિતના સ્થળોએ બિનજરૂરી રોશની નહીં કરવાનો નિર્ણય આજે મળેલી મ્યુનિ.ની સ્થાયી સમિતિમાં લેવામાં આવ્યો છે. આ ઉપરાંત જાહેર આરોગ્યને ધ્યાને લઈને માવા, મીઠાઈ, ફરસાણની વાર્ષિક રૂ.પાંચ લાખથી વધુ ટર્નઓવર ધરાવતી દુકાનોમાં રેપિડ ટેસ્ટિંગ કિટ ફરજિયાત રાખવાનો નિર્ણય પણ લેવાયો છે.

માવા, મીઠાઈ, ફરસાણની પાંચ લાખથી વધુ ટર્ન-ઓવર ધરાવતી દુકાનોમાં ટેસ્ટિંગ કિટ ફરજિયાત

અમદાવાદ મ્યુનિ.ની સ્થાયી સમિતિમાં આજે થયેલા રોશની અંગેના નિર્ણય બાબતે ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું છે કે, વીજળીની બચત થાય અને ખોટો બગાડ અટકે તે માટે આ વખતે દિવાળીમાં માત્ર ભદ્રકાળી માતાજીના મંદિર અને સાબરમતી નદી પરના છ બ્રિજને જ લાઈટથી શણગારવાનો નિર્ણય કરાયો છે. ધન તેરસથી લાભ પાંચમ સુધી સાંજે ૭થી ૧ વાગ્યા સુધી જ રોશનીની લાઈટ ચાલુ રાખવામાં આવશે. ગત વર્ષે દિવાળીની રોશનીમાં રૂ.૯૨ લાખનો ખર્ચ થયો હતો. જે ઘટીને આ વખતે ૧૦ ટકાથી પણ ઓછો થાય તેવી ધારણા છે. બીજી તરફ જાહેર આરોગ્યને ધ્યાને લઈને શહેરમાં માવા, મીઠાઈ, ફરસાણની પાંચ લાખ રૂપિયાથી વધુનું ટર્ન ઓવર ધરાવતી તમામ દુકાનોમાં રેપિડ ટેસ્ટિંગ કિટ રાખવી ફરજિયાત કરાઈ છે. જેથી લોકો જાતે જ કલર અને સ્ટાર્ચના પ્રમાણ સહિતની ભેળસેળ કે હાનિકારક બાબતો જાણી શકશે. આ નિયમની કડક અમલવારી કરવાની સૂચના પણ ફૂડ વિભાગને આપી છે.

ગત વર્ષનો ખર્ચ રૂ.૯૨ લાખ, ૧૧૮ સ્થળ સજાવાયા હતા

અમદાવાદ મ્યુનિ.ના સૂત્રોના જણાવ્યા અનુસાર દર વર્ષે દિવાળીમાં ૧૧૮ જેટલા જાહેર સ્થળોએ રોશની કરવામાં આવે છે. જેમાં સાબરમતી નદી પરના ૭ બ્રિજ, ૪૫ રોડ ઓવર બ્રિજ, ૭ અન્ડરપાસ, ૪૬ ટ્રાફિક સર્કલ, ૧૧ હેરિટેજ દરવાજા વગેરે સ્થળોનો સમાવેશ થાય છે. ગત વર્ષે રોશનીનો ખર્ચ રૂ.૯૨ લાખથી વધારે થયો હતો.

STPના બનાવમાં અધિકારીઓની જવાબદારી પણ નક્કી થશે

સોલાના એસટીપીમાં ગેસની અસર બાદ અંદર પડી જતા બે લોકોના મોત થયા હતા અને બે ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં કોન્ટ્રાક્ટરની સાથે અધિકારીઓની પણ જવાબદારી નક્કી કરાશે. અધિકારીઓની જવાબદારી અને ભૂમિકાની તપાસ હાથ ધરવા સ્થાયી સમિતિએ સૂચના આપી છે.

દસેક ફ્લોપ પ્રોજેક્ટ બાદ પણ નવા પ્રયોગો યથાવત્

સાબરમતી રિવરફ્રન્ટના પશ્ચિમ કાંઠે વધુ એક આકર્ષણ, રૂ.૧૦૦ કરોડનું ફૂડ પ્લાઝા બનશે!

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર વિદેશ જેવી સુવિધાઓ ઉભી કરવાની હોડમાં નીત-નવા ગતકડાં કરાઈ રહ્યા છે. તેવામાં હવે રિવરફ્રન્ટના પશ્ચિમ કાંઠે વધુ એક નજરાણું તૈયાર કરાશે. એલિસથી નેહરુ બ્રિજ વચ્ચે રૂ. ૧૦૦ કરોડના ખર્ચે ફૂડ પ્લાઝા બનાવવાનું આયોજન કરાયું છે. વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી, મલ્ટિલેવલ પાર્કિંગ જેવા દસેક ફ્લોપ પ્રોજેક્ટ બાદ પણ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા નવા પ્રયોગો યથાવત છે.

એલિસ અને નેહરુ બ્રિજની વચ્ચે બે લાખ ચોરસ ફૂટમાં ત્રણ ઈમારત બનાવીને કેફે, રેસ્ટોરન્ટને ૨૦થી ૩૦ વર્ષ માટે ભાડે આપી દેવાશે

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા પશ્ચિમ કાંઠે એલિસ અને નેહરુ બ્રિજ વચ્ચે બીજે પાર્ક સામેના ખુલ્લા મેદાનમાં રિવરસાઈડ સેવરિઝ પ્રોજેક્ટનું આયોજન કરાયું છે.

જે મુજબ બે લાખ ચોરસ ફૂટ જગ્યામાં રૂ. ૧૦૦ કરોડનું ફૂડ પ્લાઝા તૈયાર કરાશે. જેમાં બે માળની ત્રણ ઈમારત બનાવી તેને રેસ્ટોરન્ટ અને કેફે સંચાલકોને ૨૦થી ૩૦ વર્ષ માટે ભાડે આપી દેવાશે. જો કે બાંધકામનો તમામ ૧૦૦ કરોડ ખર્ચ રિવરફ્રન્ટ તંત્ર ભોગવશે! ફૂડ પ્લાઝાને બીજે પાર્ક સાથે જોડાશે. જેના માટે બંને બ્રિજ વચ્ચેના ઢાળિયા રસ્તાને સમથળ કરવાનું પણ આયોજન કરાયું છે. કામગીરી સોંપ્યા બાદ ફૂડ પ્લાઝા તૈયાર થવામાં બે વર્ષનો સમય લાગશે. હજી થોડા દિવસો પહેલાં જ રિવરફ્રન્ટના મલ્ટિલેવલ પાર્કિંગના ધાબા પર પણ રુફટોપ રેસ્ટોરન્ટ બનાવવાનું વિચિત્ર આયોજન કરાયું હતું. આમ, પશ્ચિમ કાંઠે એક પછી એક નવા આકર્ષણો ઉમેરાઈ રહ્યા છે. જો કે કરોડોના પ્રોજેક્ટ પાછળથી ફ્લોપ શો સાબિત થાય છે. બીજી બાજુ રિવરફ્રન્ટ પૂર્વના પ્લોટ ઉજ્જડ બની ગયા છે.

બાયોડાયવર્સિટી પાર્કમાં સ્કાયવોક બનાવવા કોન્ટ્રાક્ટર મળતા નથી

છ મહિના પહેલાં પશ્ચિમ રિવરફ્રન્ટ ખાતે બાયોડાયવર્સિટી પાર્કમાં ૧૫ ફૂટની ઉંચાઈએ પાંચ કરોડના ખર્ચે સ્કાયવોક બનાવવાનું આયોજન કરાયું હતું. જો કે કોઈ કોન્ટ્રાક્ટર આ કામગીરી માટે તૈયાર નથી. જેથી તંત્રને રિટેન્ડર કરવાની ફરજ પડી છે.

રિવરફ્રન્ટના ફ્લોપ પ્રોજેક્ટ

- રિવર ક્રૂઝ - સીપ્લેન - ઝિપલાઈન - હેલિકોપ્ટર જોયરાઈડ - એક્વા સાયક્લિંગ - જેટ સ્કીઈંગ - બોટિંગ - કાયાકિંગ - ફ્લાવર પાર્ક - મલ્ટિલેવલ પાર્કિંગ

પશ્ચિમ રિવરફ્રન્ટના આકર્ષણો

- બાયોડાયવર્સિટી પાર્ક - ગ્લો ગાર્ડન
- ફ્લાવર પાર્ક - રિવરફ્રન્ટ હાઉસ
- ઈવેન્ટ સેન્ટર - ઉસ્માનપુરા ગાર્ડન
- પાર્ટી પ્લોટ

દિવાળી નજીક છતાં સફાઈમાં વેઠ : કમિશનર અકળાયા

શાક માર્કેટ મ્યુનિ. માટે ગળાનું હાડકું બની, હવે ફૂડ કોર્ટમાં ફેરવવા કવાયત

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ મ્યુનિ. દ્વારા શહેરમાં આશરે ૬૮ કરોડના ખર્ચે ૩૧ શાક માર્કેટ બનાવવાનું આયોજન કરાયું હતું. પંરતુ તેમાંથી માનસી સર્કલ, પ્રહલાદનગર, નિકોલ સહિત મોટા ભાગની શાક માર્કેટ ખાલી પડી છે. માર્કેટ બનાવી દીધા બાદ અધિકારીઓ આસપાસમાં ફેરિયાઓ જ નથી તેવો જવાબ આપી રહ્યા છે. જેને પગલે શાક માર્કેટમાં ફળ વિક્રેતાઓને બેસાડવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ કોઈ શાક માર્કેટમાં બેસવા તૈયાર ન થતા હવે આ માર્કેટ ખાણીપીણીની બજારમાં ફેરવી દેવાશે. ખાણીપીણીના વિક્રેતાઓને શાક માર્કેટમાં બેસાડવા આજની સમીક્ષા બેઠકમાં મ્યુનિ. કમિશનર દ્વારા સૂચના અપાઈ છે. મ્યુનિ.એ બનાવેલી શાક માર્કેટ ગળાનું હાડકું બની ગઈ હોય તેમને કોઈ પણ રીતે ઉપયોગી બનાવવા તંત્ર ફાંફા મારી છે. બીજી બાજુ દિવાળીના તહેવારો નજીક આવતા હોય શહેરમાં ગંદકી મામલે કમિશનરે અધિકારીઓની ઝાટકણી કાઢી હતી. સ્માર્ટ સિટીમાં સાત હજારથી વધુ ખાળકુવા હોવાની વિગતો સામે આવતા તેઓ અકળાયા હતા. જાહેર પરિવહનના સ્થળો, હેરિટેજ રૂટ પર સ્માર્ટ શૌચાલય, ચાર કચરા પેટી મૂકી યોગ્ય રીતે સફાઈ કરવા ટકોર કરાઈ હતી.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે સનાથલની સીમની નીચે દર્શાવેલ વ્યક્તિઓના નામ સામે જણાવેલ જમીન તેઓએ પોતાની આગવી માલિકી, કબજા, ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. (એ) (૧) ખોડાભાઈ બુધાભાઈ (૨) શોભનાબેન બુધાભાઈ તથા (૩) હસમુખભાઈ બુધાભાઈની બ્લોક નંબર-૩૦૬/ક ની કુલ ૧૯૨૯ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન. (બી) કાનજીભાઈ લાખાભાઈની બ્લોક નંબર-૩૦૬/ડ ની કુલ ૫૬૮૦ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન.

તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૨૬

તારીખ : ૩૦-૧૦-૨૦૨૬

શરદ એન. દરજી (એડવોકેટ એન્ડ નોટરી)

(એમ.કોમ., એલ.એલ.બી.)

ઓફીસ: બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદનાં સબડીસ્ટ્રીક્ટ અમદાવાદ- ૮ (સોલા) તથા તાલુકા ઘાટલોડીયાનાં ગામ મોજે ભાડજની સીમનાં બ્લોક નંબર-૧૪૨ પૈકીની ૧૨૧૪૦ ચોરસમીટરની જમીન તથા બ્લોક નંબર-૧૪૫ પૈકીની ૧૦૩૨૦ ચોરસમીટરની જમીન એમ મળી કુલ ૨૨૪૬૦ ચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૪૦૬ (ભાડજ) માં થતાં તેની રૂઈએ ફળવાયેલ ફાઈનલ પ્લોટ નંબર-૫૪+૫૭ ની ૧૩૪૭૬ ચોરસમીટરની બહુહેતુક વિષયક બીનખેતીની જમીન (૧) પટેલ મહેશભાઈ કનૈયાલાલ, (૨) પટેલ પરેશભાઈ કનૈયાલાલ, (૩) સરલાબેન નિતીનભાઈ પટેલ, (૪) સની નિતીનભાઈ પટેલ, (૫) સોહમ નિતીનભાઈ પટેલ (નંબર-(૧) થી (૫) બ્લોક નંબર-૧૪૨ પૈકી ૯૩૦૭ ચોરસમીટર તથા બ્લોક નંબર-૧૪૫ પૈકી ૭૭૪૦ ચોરસમીટર એમ મળી કુલ ૧૭૦૪૭ ચોરસમીટરની જમીનનાં કબજેદાર), (૬) બિરેન રમણલાલ તથા (૭) જતીન રમણલાલ (નંબર-(૬) તથા (૭) બ્લોક નંબર-૧૪૨ પૈકી ૨૮૩૩ ચોરસમીટર તથા બ્લોક નંબર-૧૪૫ પૈકી ૨૫૮૦ ચોરસમીટર એમ મળી કુલ ૫૪૧૩ ચોરસમીટરની જમીનનાં કબજેદાર) સર્વે રહેવાસી-અમદાવાદનાંએ તેઓની પોતપોતાના હિસ્સા અનુસાર સંપૂર્ણ, સંયુક્ત, સહીયારી માલીકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું. જેની નોંધ લેવી.

તારીખ : ૨૯-૧૦-૨૦૨૬

વિનોદ સી. દરજી

એડવોકેટ

૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પ્લેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫

ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૭૮૬

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, દિપ્તીબેન ઈલેશકુમાર શાહ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩(મેમનગર)ના તાલુકા ઘાટલોડિયાના ગામ મોજે બોડકદેવની સીમના સર્વે/બ્લોક નંબર-૧૪૮/૧/૩ ની ૪૭૦ ચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૫૧(બોડકદેવ-મકરબા-વેજલપુર)માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૬૦/૧ ની ૨૮૨ ચોરસમીટર(જૂનું ક્ષેત્રફળ ૩૭૬ ચોરસમીટર)ની બિનખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૯-૧૦-૨૦૨૬

હિતેષ એમ. રાવલ

એડવોકેટ,

એચ. એમ. રાવલ એન્ડ કંપની,

એડવોકેટ્સ,

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.

ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯(બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧ (થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨(સર્વે/બ્લોક નંબર-૯૩/૨)ની કુલ ૧૫૦૯ ચોરસમીટરની જમીન પૈકી ૫૦૬ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર નિલકંઠ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ સ્કીમ કે જે 'સુરભી એપાર્ટમેન્ટ' તરીકે ઓળખાય છે તેમાં આવેલ નીચે દર્શાવેલ જુદા જુદા દુકાન હોલ્ડરોની તેમના નામ પછી વર્ણવેલ બાંધકામવાળી મિલકતો સોસાયટીના સભ્યપદ તરીકે પોત-પોતાની સંપુર્ણ, સ્વતંત્ર/સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી નીચે દર્શાવેલ દુકાન હોલ્ડરોએ તેમના પોત-પોતાના ફ્લેટોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને Darman Hetul Buildcon LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે. આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. (૧) સાગરભાઈ શંકરભાઈ દેસાઈની દુકાન નંબર-૦૨ વાળી મિલકત (૨) ઉદેલાલ મોહનજી ધોબીની દુકાન નંબર- ૦૩ વાળી મિલકત (૩) સાગરભાઈ શંકરભાઈ દેસાઈની ફ્લેટ નંબર-૦૪ વાળી મિલકત. તો સદરહુ મિલકતો ઉપર કોઈપણ શખ્સ, બેંક કે મંડળીનો બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો હોય કે સદરહુ મિલકતો ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકતો ઉપરના તમામ હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતોના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેના પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ દ્વારા રી-ડેવલપમેન્ટ અંગેની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૨૯-૧૦-૨૦૨૬

હિતેષ એમ. રાવલ

એડવોકેટ,

એચ. એમ. રાવલ એન્ડ કંપની,

એડવોકેટ્સ,

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪. ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

Hero
VIDA
ઘરે ઘરે
તહેવાર,
ઘરે ઘરે
EVOOTER.
CASH DISCOUNT UP TO ₹8490*
RATE OF INTEREST STARTING 0%
ADD-ON BENEFITS UP TO ₹10700*
VIDA EVOOTER VX2
Now Available in 6 Variants
770+ OUTLETS FOR SALES AND SERVICE
AVAILABLE WITH DIRECT PLUG-IN & REMOVABLE BATTERIES
ADVANCED 6KW SWING-ARM MOTOR
UP TO 187 km+* IDC RANGE
STARTING @JUST ₹99 910*/-
WITH BaaS @JUST ₹64 990*/- & PER KM COST OF ₹1.24
Image shown may differ from the variant mentioned. *Limited-period offer. T&C apply. BaaS offer is subject to the terms & conditions of respective financiers. Visit us at: www.vidaworld.com
Visit us in AHMEDABAD: Gota - Shraddha Automobiles, 8264747472 | Jodhpur Char Rasta - RAJ VEHICLES, 7428295543 | Bopal - RAJ VEHICLES, 7428295543, 7486003790, 7486003791 | CTM - RAJDEEP AUTOMOBILES, 7428422045 | Vijay Char Rasta Drive in Road - BIKES AUTO, +9180-48247229 | Kankariya - RAJDEEP AUTOMOBILES, 7428422045 | Chandkheda - BIKES AUTO, 7490021315 | RTO Circle : Chiranya Autohaus, 8320833824 | GANDHINAGAR: GTS Press Circle, Near Thermal Power Station - NANDA AUTOMOBILES, 7428481242 | ANAND: Near Anand-Chikhodra Road - PRAKASH MOTORS, 7428482580 | Near Sanket Electronics, Anand Lambhvel Road - LEGACY AUTO, 7428482940 | MEHSANA: Nagalpur Highway Mehsana - UMIYA AUTOMOBILES, 7428482688 | PALANPUR: Palanpur Deesa Highway - SARTHI MOTORS, 7428297106 | SHIV AUTOMOBILES, 080-48247234 | HIMMATNAGAR: HARSOLIA MOTORS, 08048247231 | MODASA: PAWAN AUTO AGENCY, 6353235502 | NADIAD: HORIZON MOTORS, 9289922247, 9974944600 | SURENDRANAGAR: JAI GANESH AUTOCARE, 6359609777, 9289923144 | PATAN: SARTHI AUTO, 9289922426
Hero MotoCorp Limited
GLOBAL MOST TRUSTED BRAND - 2026
CONSUMER & INDUSTRY RESEARCH BY THE BRAND STORY

પ્રવેશબંધીના સરકારના પરિપત્રને લઈને સંઘર્ષ શરૂ

આચાર્યએ સંચાલક મંડળને જ કાર્યાલય ખાલી કરવા કહી દીધું

અમદાવાદ,ગુરુવાર

સરકારે તાજેતરમાં સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોમાં બાહ્ય કે અનધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતો એક મહત્વનો પરિપત્ર કર્યો છે ત્યારે આ પરિપત્રનું હથિયાર ઉગામતા દાહોદની એક ગ્રાન્ટેડ સ્કૂલના આચાર્યએ સ્કૂલના સંચાલક મંડળને જ સ્કૂલમાંથી કાર્યાલય ખાલી કરવા કહી દીધુ છે.

દાહોદ જિલ્લાની સ્કૂલના આચાર્યએ જ બાંયો ચઢાવી પરિપત્રનું હથિયાર ઉગામી કાયદાની ચીમકી આપી

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગુલતોરાની શ્રી માધ્યમિક શાળાના આચાર્યએ આ સ્કૂલ જેઓના દ્વારા સંચાલિત છે તે શ્રી કાયણ-ગુલતોરા જંગલ મજુર કેળવણી મંડળના પ્રમુખ-મંત્રીને પત્ર લખીને સ્કૂલ કેમ્પસમાંથી મંડળનું કાર્યાલય ખાલી કરવા જણાવી દીધુ છે. આચાર્યએ પ્રમુખ-મંત્રીને જણાવ્યુ છે કે માધ્યમિક સ્કૂલમાં ધો.૯-અ અને ધો.૯-બના વિદ્યાર્થીઓ ભેગા બેસે છે. એક ખંડની મર્યાદા ૪૦ વિદ્યાર્થીની છે અને તેના બદલે બે વર્ગના ૯૫ બાળકો ભેગા બેસે છે.જેથી બેસી શકાતુ ન હોઈ અને સારી રીતે શિક્ષણકાર્ય થઈ શકતુ નથી.જેથી મંડળનું કાર્યાલય બાળકોના હિતમાં ખાલી કરવામાં આવે. કારણકે બેઠક વ્યવસ્થા કરવાની છે.

આ ઉપરાંત આચાર્યએ સરકારના ગત ૨૧મીના પરિપત્રને ટાંકીને જણાવ્યુ છે કે સ્કૂલમાં સરકારી અધિકારીઓને જ પ્રવેશની પરવાનગી છે. બાકીના તમામ અનધિકૃત વ્યક્તિઓને બાળકોનું શિક્ષણકાર્ય થતું હોય તે વિસ્તારમાં આચાર્યની લેખિત પરવાનગી વિના પ્રવેશ પર પ્રતિબંધ છે.

શાહપુરમાં ૧૫ લાખની લૂંટમાં ફરિયાદી જ આરોપી નીકળ્યો

અમદાવાદ,ગુરુવાર

દરિયાપુરમાં રહેતા મોહંમદ સાજીદ શેખ મિરઝાપુર રેટિયાવાડીમાં પ્રિમિયર શોપીંગ સેન્ટરમાં કપડાના જોબવર્કનું કારખાનું ધરાવે છે. ગત ૮મીના રોજ ચાર અજાણ્યા શખ્સો આવ્યા હતા. તેમણે મોહંમદભાઈને છરીના ઘા મારીને ઈજા પહોંચાડીને ઓફિસમાં રહેલા વીસીના ૧૫ લાખની રોકડ ભરેલા થેલાની લૂંટ કરી હતી. શાહપુર પોલીસે મોહંમદ સાજીદને હોસ્પિટલમાંથી રજા મળતા પુછપરછ કરી હતી. જેમાં તેની હરકત શંકાસ્પદ જણાતા આકરી તપાસમાં તે ભાંગી પડ્યો હતો અને ચોંકાવનારી કબુલાત કરી હતી કે તેને વીસીના સભ્યોના ૨૨.૫૦ લાખ ચુકવવાના બાકી હતા, નાણાંકીય સંકટમાંથી બહાર આવવા લૂંટનું તરકટ કર્યું હતું.

એનટીએ દ્વારા નવું એક્ઝામ કેલેન્ડર જાહેર કરાયું

જેઈઈ મેઈન, યુજીસી નેટ, CUET-PG પરીક્ષાઓની તારીખોમાં ફેરફાર

અમદાવાદ,ગુરુવાર

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ગત ૧૬ સપ્ટેમ્બરે ડિસેમ્બરથી માર્ચ સુધીની વિવિધ ૧૪ જેટલી પરીક્ષાઓની તારીખો સાથેનું એક્ઝામ કેલેન્ડર જાહેર કરાયુ હતું.પરંતુ ટેસ્ટિંગ એજન્સીએ હવે કેટલીક પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવા સાથે નવું એક્ઝામ કેલેન્ડર જાહેર કરાયુ છે.જેમાં જેઈઈ મેઈન-૧,યુજીસી નેટ, જોઈન્ટ સીએસઆઈઆર અને સીયુઈટી-પીજી સહિતની ચાર જેટલી પરીક્ષાઓની તારીખોમાં ફેરફાર કરવામા આવ્યો છે.

નવા કાર્યક્રમ મુજબ જેઈઈ મેઈન-૧ હવે ૨૦ જાન્યુ.થી અને જેઈઈ મેઈન-૨ બીજી એપ્રિલથી શરૂ થશે

એનટીએ દ્વારા જાહેર કરવામાં આવેલા નવા-રીવાઈઝ્ડ એક્ઝામ કેલેન્ડર મુજબ જેઈઈ મેઈન સેશન-૧ની પરીક્ષા ૨૨ જાન્યુઆરીને બદલે હવે ૨૦ જાન્યુઆરીથી શરૂ થશે. નવી તારીખો પ્રમાણે ૨૦થી૨૪ અને ૨૮ જાન્યુઆરીએ આ પરીક્ષા લેવાશે.જ્યારે યુજીસી નેટ જે અગાઉ ૧૪થી૧૯ ડિસેમ્બર સુધી હતી તે હવે ૧૪થી૧૮ ડિસેમ્બર અને ૨૧ ડિસેમ્બરે લેવાશે. જોઈન્ટ સીએસઆઈઆર ૨૦-૨૧ ડિસેમ્બરને બદલે ૧૯,૨૨ અને ૨૭ ડિસેમ્બરે લેવાશે.

આ ઉપરાંત પીજી કોર્સીસ પ્રવેશ માટેની કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ ૧ માર્ચને બદલે બીજી માર્ચથી શરૂ થશે. નવી તારીખો મુજબ ૨થી૫ માર્ચ,૮થી૯ માર્ચ, ૧૨ માર્ચ, ૧૫થી૧૯ માર્ચ, ૨૨થી૨૫ માર્ચ અને ૨૮થી૩૦ માર્ચના દિવસે આ પરીક્ષા લેવાશે. જ્યારે નવા કેલેન્ડરમાંથી હાલ એનઆઈટીટીની પાર્ટ-૧ અને પાર્ટ-૨ની પરીક્ષાની તારીખો દૂર કરાઈ છે.અગાઉ પાર્ટ-૧ની ફેબ્રુઆરીમાં અને પાર્ટ-૨ની પરીક્ષા માર્ચમાં લેવાનું જાહેર કરાયુ હતું. જ્યારે એનટીએ દ્વારા સૈનિક સ્કૂલ, સ્વયં, સિવિલ સ્કૂલ એન્ટ્રન્સ એક્ઝામ, મીલિટ્રી કોલેજ એક્ઝામ, શ્રેષ્ઠા એક્ઝામ, આરમી કેડેટસ અને મીલિટ્રી સ્કૂલ એક્ઝામ સહિતની પરીક્ષાઓની તારીખોમાં કોઈ ફેરફાર કરાયો નથી.જ્યારે જેઈઈ મેઈનની આગામી પરીક્ષાને લઈને એનટીએ દ્વારા વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા માટેની એડવાઈઝરી જાહેર કરાઈ છે.

સોલા અને ગાંધીનગરમાં રહેતા ત્રણ વિરૂદ્ધ ગુનો નોંધાયો

કેનેડાના વિઝાના નામે થલતેજની મહિલાઓ સાથે રૂપિયા ૧.૦૭ કરોડની છેતરપિંડી

અમદાવાદ,ગુરુવાર

શહેરના થલતેજ વિસ્તારમાં રહેતી અને મેમનગરમાં બ્યુટી પાર્લર ચલાવતી મહિલા અને તેના પરિવારને કેનેડામા વર્ક પરમીટમાં મોકલવાનું કહીને સોલા, ગાંધીનગર અને અમેરિકામાં રહેતા ત્રણ શખ્સોએ ૫૫ લાખ રૂપિયા અને અન્ય એક મહિલા પાસેથી ૫૦ લાખ મળીને કુલ ૧.૦૭ કરોડની છેતરપિંડી આચરી હોવાની હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધવામાં આવી છે. આરોપીઓએ વિઝાની પ્રોસેસ પૂર્ણ થઈ ગઈ હોવાનું કહીને પાસપોર્ટ પર બોગસ વિઝા સ્ટેમ્પ, બનાવટી એલએમઆઈએ લેટર અને પ્લેનની બોગસ ટિકિટો પણ મોકલી હતી. વિઝાના નામે આરોપીઓએ કરેલી છેતરપિંડીનો આંક કરોડો રૂપિયા સુધી પહોંચવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

બોગસ વિઝા સ્ટેમ્પિંગ, બનાવટી LMIA લેટર, એર ટિકિટ મોકલી એક મહિલાના બેંક એકાઉન્ટમાં શંકાસ્પદ વ્યવહારો પણ કર્યા

થલતેજમાં આવેલી ન્યુ નિકિતા પાર્ક સોસાયટીમાં રહેતા હેતલબેન વૈદ્ય નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તે મેમનગર ગુરૂકુળ રોડ પર બ્યુટી પાર્લર ધરાવે છે અને તેમના પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમના વ્યવસાય મામલે કેનેડામાં સારી તક હોવાથી ત્યાં પરિવાર સાથે સેટલ થવાનું નક્કી કરીને તેમના એક પરિચીતની મદદથી પ્રતિત પટેલ (રહે. સાનિધ્ય ફ્લેટ, રાંદેસણ, ગાંધીનગર) અને ચિંતન પટેલ (રહે. આદિત્ય એલીગન્સ, સીમ્સ હોસ્પિટલ રોડ, સોલા) ના સંપર્કમાં આવ્યા હતા. બંને જણાએ હેતલબેનને પરિવાર સાથે વિઝા અપાવવાના બદલામાં ૫૫ લાખના કુલ ખર્ચની વાત કરી હતી. સાથેસાથે અમેરિકામાં રહેતા મનદીપસિંઘ નામના વ્યક્તિ સાથે કોન્ફરન્સ કોલથી વાત કરાવી હતી. જેથી વિશ્વાસ આવતા તેમણે જરૂરી દસ્તાવેજ આપ્યા હતા. સાથેસાથે કુલ ૫૫.૨૫ લાખ રૂપિયા લીધા હતા. બાદમાં તેમણે વિઝા પ્રોસેસ માટે વીએફએસની અમદાવાદ ખાતે આવેલી ઓફિસમાં પાસપોર્ટ મોકલ્યા હતા. જેસ્ટમ્પ વિના પરત આવ્યા હતા.

બાદમાં તમામ પાસપોર્ટ દિલ્હી મોકલાવ્યા હતા. ત્યાંથી પાસપોર્ટ પર વિઝાના સ્ટેમ્પ લાગ્યા હતા અને પ્રતિત તેમજ ચિંતને એલએમઆઈએ લેટર પણ વોટ્સએપથી મોકલ્યો હતો. એટલું જ હેતલબેનના નામે ખોલેલા બેંક એકાઉન્ટમાં ૮૦ લાખના શંકાસ્પદ વ્યવહારો પણ કર્યા હતા. બાદમાં તમામ આરોપીઓએ તેમના મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધા હતા.

પીએનઆર નંબર નહીં હોવાથી છેતરાયાની શંકા થઈ

કથિત એજન્ટોએ વિમાનની ટિકિટ મોકલી હતી. પરંતુ, તેમાં પીએનઆર નંબર ન હોવાને કારણે હેતલબેન અને તેમના પરિવારને શંકા ગઈ હતી અને તપાસ કરાવી ત્યારે તે ટિકિટ અને દસ્તાવેજ તેમજ વિઝા સ્ટેમ્પ નકલી હોવાનું જાણવા મળ્યું હતું.

બેસણું

IN LOVING MEMORY

ARVIND JOSHI

(16-8-40 - 30-10-95)

In rememberance today, we pay our humble tribute and respectable homage to your noble soul.

Fondly remembered by Ranjeet Joshi Family & Friends

બ્રહ્મભટ્ટ બેસણું

સ્વ. શ્રી હર્ષદકુમાર કેશવલાલ બ્રહ્મભટ્ટ

બેસણું

અમદાવાદ મેટ્રોના વિસ્તરણ માટે પ્રાથમિક કામગીરી શરૂ

મેટ્રો રેલ ફેઝ-૩ના સાતેય રૂટ પરથી માટીના નમૂના લેવાયા

અમદાવાદ, ગુરુવાર

અમદાવાદમાં મેટ્રોના વિસ્તરણ માટે સાત નવા રૂટ પર પ્રાથમિક કામગીરી શરૂ કરવામાં આવી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા દર ૫૦થી ૧૦૦ મીટરના અંતરે માટીના નમૂના લઈ તેની ચકાસણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત જરૂરી સ્થળોએ જમીન સંપાદન અને વીજળી સહિતની અન્ય સુવિધાઓના સ્થળાંતરની કામગીરી પણ હાથ ધરાઈ છે.

દર ૫૦થી ૧૦૦ મીટરે માટીના નમૂના લઈ જમીનની મજબૂતાઈ અને ભાર સહન કરવાની ક્ષમતા તપાસાશે

અમદાવાદમાં મેટ્રો ફેઝ-૩ અંતર્ગત ૫૮.૫૨ કિમી અંતરમાં ૪૩ સ્ટેશન સાથેના સાત નવા રૂટ બનાવવા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ હાલ જીએમઆરસીએ અમદાવાદ મેટ્રો વિસ્તરણ માટેની પ્રાથમિક કામગીરી શરૂ કરી છે. જે અંતર્ગત આ સાતેય રૂટ પર જમીનની મજબૂતાઈ અને થાંભલાનો ભાર સહન કરવાની ક્ષમતા જાણી શકાય તે માટે દર ૫૦થી ૧૦ મીટરના અંતરે માટીના નમૂના લઈ તેની ચકાસણી કરવામાં આવી રહી છે. આ ચકાસણીના આધારે એલિવેટેડ મેટ્રો માર્ગના બાંધકામનું આગળ આયોજન કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છેકે, મેટ્રો ફેઝ-૩ અંતર્ગત નારણપુરા-નહેરુનગર, નારણપુરા-અરિહંતનગર, દુધેશ્વર-વાડજ, વિશાલનગર વેસ્ટ- બાપુનગર નોર્થ, એપીએમસી- ફૈઝલનગર, શિલજ સર્કલ-બદરાબાદ અને થલતેજ ગામ- ગોધાવી વચ્ચે રૂટ પર મેટ્રો શરૂ કરવા ટેન્ડર બહાર પડાયાં છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બાંધકામની કામગીરી જેતે કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવશે. એટલેકે, આ રૂટ શરૂ થવામાં શહેરીજનોને હજુ વર્ષો સુધી રાહ જોવી પડશે.

સિવિલમાં ૭ દિવસમાં ૧૨ હજારથી વધુ દર્દી નોંધાયા

અમદાવાદ, ગુરુવાર

મિશ્ર સિઝનથી રોગચાળાનો ભરડો યથાવત્ રહ્યો છે. સોલા સિવિલ ખાતે એક સપ્તાહમાં ઓપીડીમાં ૧૨૨૯૩ દર્દી નોંધાયા છે જ્યારે ૧૨૩૩ દર્દીને દાખલ કરવા પડ્યા છે. સોલા સિવિલ હોસ્પિટલ ખાતે એક સપ્તાહમાં મેલેરિયાના ૧૨, ડેન્ગ્યુના ૧૨, ડાયેરિયાના ૧૭ દર્દી નોંધાયા છે. આ સ્થિતિએ સોલા સિવિલ ખાતે દરરોજના સરેરાશ ૧૭૫૬ જેટલા દર્દી નોંધાય છે. હાલ ખાસ કરીને બાળકોમાં રોગચાળાના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે.

ઘણી સ્કૂલની ફી દરખાસ્ત બાકી : મુદત મહિનો લંબાવાઈ

અમદાવાદ,ગુરૂવાર

ખાગની સ્કૂલોની ફી નિર્ધારણ માટેના સરકારના ફી રેગ્યુલેશન એક્ટ અંતર્ગત ૨૦૨૭-૨૮થી ત્રણ વર્ષના નવા ફી માળખા માટે નવી શરૂ થનારી સ્કૂલોની નવી ફી નક્કી કરવા માટે તમામ ઝોનની ફી કમિટીઓ દ્વારા ૩૦ ઓક્ટોબર સુધીની મુદત સ્કૂલોને અપાઈ હતી.પરંતુ અમદાવાદ શહેરમાં જ ઘણી સ્કૂલોની દરખાસ્ત બાકી છે અને રાજ્યમાં પણ ઘણી સ્કૂલોની દરખાસ્ત બાકી છે ત્યારે સરકારે નોટિફિકેશન કરીને ૧ મહિનો મુદત લંબાવી ૩૦ નવે.સુધીની કરી છે.અમદાવાદ શહેરમાં ૧૨૫ સ્કૂલોની દરખાસ્ત થઈ છે.

ડૉક્ટરોની રજૂઆત બાદ પરીક્ષા બોર્ડનો નિર્ણય

મેડિકલ સુપર સ્પેશિયાલિટીમાં પ્રવેશ માટેની નીટ ૧૧-૧૨ ડિસેમ્બરે લેવાશે

અમદાવાદ,શુક્રવાર

ડૉક્ટરોના એસો.દ્વારા કેન્દ્ર સરકારને કરાયેલી રજૂઆત બાદ અંતે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનએશન દ્વારા આજે ૨૦૨૬ની નીટ સુપર સ્પેશિયાલિટીની તારીખ જાહેર કરી દેવાઈ છે અને આ સાથે આજથી ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ શરૂ કરી દેવાયુ છે. ૨૦૨૬ માટેની નીટ સુપર સ્પેશિયાલિટી ૧૧-૧૨ ડિસેમ્બરે દેશભરમાં લેવાશે.જ્યારે ૧૮ નવેમ્બર સુધી એક્ઝામ ફોર્મભરાશે.

એમડી-એમએસ સહિતના પીજી મેડિકલઅભ્યાસક્રમોમાંપાસથયાબાદઅનેક ડોક્ટરો ડીએમ,એમસીએચ અને ડીએનબી સહિતના મેડિકલ સુપર સ્પેશ્યાલિટીમાં પણ પ્રવેશ મેળવીને સુપર સ્પેશ્યાલિટીની ડિગ્રી મેળવતા હોય છે. આ મેડિકલ સુપર સ્પેશ્યાલિટી કોર્સીસમાં પણ યુજી અને પીજીની જેમ જ નીટના આધારે પ્રવેશ અપાય છે. આજે ૨૦૨૬ની નીટ એસએસની તારીખ જાહેર કરીદેવાઈછે.જેમુજબ ૧૧-૧૨ ડિસેમ્બરે આ પરીક્ષા લેવાશે. જ્યારે ૧૮ નવેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન થશે. ૨૦૨૫ની નીટ એસએસ ગત ડિસેમ્બરમાં લેવાયા બાદ પ્રવેશ પ્રક્રિયા ઘણી વિલંબીત થઈ હતી અને બે રાઉન્ડ બાદ કટઓફ ઘટાડો પણ કરવો પડ્યો હતો.

જાહેર નોટિસ

જીલ્લો ગાંધીનગર, તાલુકો કલોલ, મોજે પલોડીયા ની સીમના બ્લોક/સર્વે નંબર ૧૭૫, ૧૭૬ (પ્રમોલગેશન અગાઉનો જુનો સરવે/બ્લોક નં. ૧૧૪) ની બીનખેતીની જમીન ઉપર સાનુકત કો.ઓ.હા.સો.લી. પ્રાર્થના ઉપવન ના નામથી આવેલી યોજનાના ચાઈનીઝ સેકટરમાં આવેલ પ્લોટ નં. સી/૪૩ ની ૧૦૦૦ ચો.વાર ક્ષેત્રફળ વાળી જમીન ભાવનાબા રાજવીરસિંહ વાઘેલા, રેખાબેન ભરતભાઈ બગડીયા, અંકિતસિંહ હર્ષદસિંહ વાઘેલા ની સહીયારી માલીકી, કબજા, ભોગવટાની બોજારહીતની આવેલી હોવાનું જણાવી ટાઈટલ ઓપીનીયન સટીફીકેટ માંગેલ છે જેથી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હિત, હિસ્સો પોષાતો હોયતો નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર ચાલશે નહી અને જે તે શખ્સનો પોષાતો લાગભાગ હકક, હીત, હીસ્સો જતો યાને વેવ કરેલ છે તેમ સમજી ટાઈટલ ઓપીનીયન સર્ટિફિકેટ આપવામાં આવશે.

નીલેશ એન. પટેલ, એસોસીએટસ
પરેશા બી. પટેલ (એડવોકેટ)
૫૦૭, પાંચમો માળ, શીવાલીક સત્યમેવ, વકીલ બ્રીજ પાસે, આંબલી, અમદાવાદ.
મો. ૯૦૫૪૬૮૪૧૫૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જત ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ બાવળાના બાવળા તાલુકાના મોજે શિયાળ ગામની સીમના ખાતા નંબર-૭૧૫ના સર્વે/બ્લોક નંબર-૪૮૪(રી-સર્વે થયા અગાઉનો સર્વે/બ્લોક નંબર-૬૯૬ પૈકી)ની ૧૫૩૩૧ ચોરસમીટર જમીન પૈકીની ૨૩૭૮ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીન હંસાબેન રામજીભાઈ, સવિતાબેન વશરામભાઈ સોલંકી, અજીતભાઈ વશરામભાઈ સોલંકી(અરવિંદભાઈ વશરામભાઈ સોલંકી), દિનેશભાઈ વશરામભાઈ સોલંકી તથા અશોકભાઈ વશરામભાઈ સોલંકીએ પોતાની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, ગણોતહક્ક, ખેડહક્ક, રસ્તા હક્ક, ગાડાહક્ક, પડોશહક્ક,લીયન, ચાર્જ, વેચાણ,ગીરો, મોર્ગેજ, બક્ષીસ, વીલ/વસીયતનામા, કબજા હક્ક કે વારસાઈ હક્ક, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ વિગેરે કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો હોય/રહેલો હોય અગર દાવા-દુવી, લીટેગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ વિગેરે કાયદાનો ભંગ કરેલ નથી કે તે અંગેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી/હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, ગણોતહક્ક, ખેડહક્ક, રસ્તા હક્ક, ગાડાહક્ક, પડોશહક્ક, લીયન, ચાર્જ, વેચાણ,ગીરો, મોર્ગેજ, બક્ષીસ, વીલ/વસીયતનામા, કબજા હક્ક કે વારસાઈ હક્ક, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ વિગેરે કે અન્ય કોઈ હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અગર દાવા-દુવી, લીટેગેશન, તકરાર, કોર્ટ કેસોની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી અને ચાલતી હોય તે પડતી મુકવામાં આવેલ છે અગર મિલકતના માલીકની તરફેણમાં બીનશરતી જતા યાને કે (Waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને અમારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ :- ૩૦ - ૧૦ - ૨૦૨૬
(ફાઈલ નંબર - ૪૪૪૮)

ચેતન શાહ એન્ડ એસોસીએટસ,
એડવોકેટ્સ
૩૦-૩૧, રંગીન પાર્ક સોસાયટી, ભાજપ કાર્યલયની બાજુમાં, સર્વીસ રોડ, રાજપથ કલબની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪.

જાહેર નોટિસ

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯(બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના મોજે થલતેજની સીમના સર્વે નંબરઃ- ૧૪૭, ટી.પી.સ્કીમ નં.૪૨, ફા.પ્લોટ નં.૩૦ પૈકી ઉત્તર દિશા તરફની સબ પ્લોટ નં.૧-બી ની જમીન ઉપર આવેલ ''ગોલ્ડન લોટસ'' ના નામથી ઓળખાતી સ્કીમમાં આવેલ બંગલા નં.૨૬ વાળી મિલકત પટેલ શૈલેષકુમાર ભિખાભાઈ તેઓની માલીકી અને ક્બજા ભોગવટામાં આવેલ હોવાનું તથા તમામ બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલે સદરહુ મિલકત અંગેના ટાઈટલ ક્લીયર સટીફીકેટની અમારી પાસેથી માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલકત ઉપર જે કોઈનો હકક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો તેમણે દિન-૭(સાત)માં અમોને દસ્તાવેજી પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં ક્સુર યા વિલંબ થશે તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, બોજો નથી, અને હોય તો તે જતો (Waive) કરેલ છે, તેમ સમજીને ટાઈટલ ક્લીયર સટીફીકેટ ઈસ્યુ કરી દેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા.૩૦-૧૦-૨૦૨૬

રમેશ એ. શાહ એસોસીએટસ
જીજ્ઞેશ આર. શાહ, એડવોકેટ
ધારા એમ. શાહ,
એડવોકેટ એન્ડ નોટરી
ઓફીસઃ GF/13, આર્યમાન, ટેલીફોન એક્ષચેન્જની પાસે, નારણપુરા, અમદાવાદ-૬૩ બ્રાંચઃ FF-૧૦૫, સેન્ટર પોઈન્ટ, વંદેમાતરમ રોડ, અમદાવાદ-૩૮૨૪૭૦.

જાહેર નોટિસ

અમો એડવોકેટ ઈરફાન આઈ. બંગાલી તે આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકા અસારવાના, સીટી સર્વે વોર્ડ ટી.પી.૧૪ શાહીબાગના સીટી સર્વે નં.૪૯૨૩, ટી.પી. સ્કીમ નં.૧૪ના ફાયનલ પ્લોટ નં.૧૫૧ ની ૨૫૯ ચો.મી. જમીન તથા તેમાં આવેલ ૩૨૬.૦૫ ચો.મી. ક્ષેત્રફળના ઔધોગીક હેતુ માટેના પતરાના શેડના બાંધકામવાળી મીલકત ભારતીબેન ડોરીલાલ શર્મા, વિજયભાઈ ડોરીલાલ શર્મા, મનોજકુમાર ડોરીલાલ શર્મા, મુકેશ ડોરીલાલ શર્મા, અનિલ ડોરીલાલ શર્મા, સુનીલ ડોરીલાલ શર્મા તથા અમરીષ ડોરીલાલ શર્મા, સર્વે ઠે. અમદાવાદનાની સહ માલીકી સહ કબજા ભોગવટાની આવેલી છે. સદરહુ મિલકત સીટી સર્વે રેકર્ડમાં તેઓના નામે ચાલે છે. સદરહુ મીલકતમાં સદરહુ મીલકતના માલીકો સીવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક હીસ્સો નથી તથા મજકુર મીલકત અંગે સદરહુ મીલકતના માલીકોએ કોઈને કોઈ લખાણ કરી આપેલ નથી કે અન્ય રીતે મીલકત તબદીલ કરેલ નથી કે મજકુર મીલકત ઉપર કોઈ વ્યકિત, સંસ્થા કે બેંકનું તારણ નથી તેમ જણાવી મજકુર મીલકતના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની મજકુર મીલકતના માલીકોએ અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર મીલકતમાં અન્ય કોઈ વ્યકિતનો કોઈ પણ જાતના લખાણ આધારીત કોઈ હકક દાવો, કલેઈમ હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે કોઈ પણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે અમોને આજથી દિન-૭ માં રજી. એ.ડી.થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશુ અને ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ
તા.૨૯-૧૦-૨૬

ઈદરીશ એમ.બંગાલી
B.A., LL.M., એડવોકેટ
ઈરફાન આઈ.બંગાલી
B.Sc., LL.B. એડવોકેટ
ઈદરીશ બંગાલી એન્ડ એસોસીએટસ
એડવોકેટસ-Law firm since 1980
ઠે. IB Law Chambers
સીટી ગોલ્ડ સીનેમાની પાછળ, રેલ્વે લાઈન પાસે, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન નં.૨૬૫૮૬૬૫૭, ૨૬૫૮૬૬૫૮

જાહેર નોટિસ

મોજે- થોળ

ડીસ્ટ્રીકટ મહેસાણા રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે - થોળ ગામની સીમના રી-સર્વે મુજબના સર્વે નં. ૧૭૯૩ (જુના સર્વે નં. ૪૨૬/૫) ની હે.આરે.ચો.મી. ૩-૦૫-૯૮ ની ખેતીની જમીન પટેલ લાલુભાઈ ડાહ્યાભાઈ તથા પટેલ શૈલેશભાઈ બાબુભાઈની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને કુલ જમીન પૈકી દક્ષિણ દિશા તરફના ભાગની હે.આરે.ચો.મી. ૦-૭૩-૭૬ ની જમીન અમારા અસીલને વેચાણ કરવાના હેતુસર અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૩૦-૧૦-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ તાલુકો અને રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટઃ ધોલેરા ના મોજેઃ કાદીપુર ના રેવન્યુ સરવે નંબરઃ ૫૫ પૈકી ૧ (જુનો સરવે નંબરઃ ૭૫), ખાતા નંબરઃ ૭૨૫, ટી.પી. સ્કીમ નંબરઃ ૧એર (ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબરઃ ૧), ફાઈનલ પ્લોટ નંબરઃ ૫૨ (મુળખંડ ૮૪૧) ની ૭૯૧૯ ચોમી. બિનખેતી ની જમીન, જે નોલેજ અને આઈ.ટી. ઝોન હેઠળ ધોલેરા સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન રીજીઓનલ ડેવલોપમેન્ટ ઓથોરીટી (ડી.એસ.આઈ.આર.ડી.એ.) માં સમાવેશ થયેલ છે. તે મનીષકુમાર રાજકુમાર ગુપ્તા, નાએ તેમની પોતાની કુલ સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા વાળી તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત, ચોખ્ખી અને ના-કરજી આવેલી હોવાની તથા તેના રાઈટ્સ અને ટાઈટલ્સ ઔધોગીક હેતુ માટે સેલેબલ અને માર્કેટેબલ યાને વેચાણ/તબદીલીને પાત્ર હોવાની બાંહેધરી, ખાતરી તથા વિશ્વાસ અને ભરોસો આપી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. આથી સદર મીલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો, બોજો, જોખમ, વાંધો, તકરાર વિગેરે કાંઈ આવેલા, અગર પોષાતા આવેલા હોય, તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ વાંધાઓ, તે અંગેના પુરાવાઓની પ્રમાણિત નકલ સહીત મોકલાવી આપવા. અન્યથા સદર મીલકત ઉપર કોઈના કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક્ક, હિસ્સો, વિગેરે કાંઈ આવેલા અગર પોષાતા આવેલા નથી અને અગર આવેલ હોય તે અમારા અસીલની તરફેણમાં વેઈવ યાને જતાં કરેલા છે તથા સદર મીલકતના રાઈટ્સ અને ટાઈટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું માની આગળની કાર્યવાહી કરવામા આવશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો ચાલશે નહીં, જેની ગંભીર નોંધ લેશો.

સ્થળઃ અમદાવાદ.
તારીખઃ૨૬/૧૦/૨૦૨૬
મારી સુચના અને ફરમાઈશથી,

નારણ એમ. માલી, એડવોકેટ,
ઓફીસ નંબરઃ ૧૦, ગણેશ હોમ્સ, ચેનપુર રોડ, ન્યુ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૭૦.
મોબાઈલ નં.૯૪૦૯ ૧૧ ૯૯૯૧
૮૦૦૦ ૧૨ ૯૯૯૧

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટઅમદાવાદ-૧૪(વસ્ત્રાલ)અને તાલુકે વટવાના મોજે-ગામ વસ્ત્રાલની સીમમાં આવેલ ટી.પી. સ્કીમ નંબર-૧૧૭(વસ્ત્રાલ)નાફાઈનલપ્લોટનંબર-૧૮૪/૧ અને ૧૮૭ જેના એકત્રીત ફાઈનલપ્લોટનંબર-૧૮૪/૧+૧૮૭ના સબ-પ્લોટ નંબર-૩ ની ક્ષેત્રફળ ૨૭૬૮.૭૦સમચોરસમીટર (જુના સર્વે નંબર ૬૪૨/૧ (પૈકી) અને ૬૪૨/૨ (પૈકી) ની સામે એલોટ થયેલ) ની બીનખેતીનીજમીન "HARIKRUSHNA DEVELOPERS" એ નામની ભાગીદારી પેઢી જેની ઓફિસ : બી/૪, શક્તિધારા સોસાયટી, બાપુનગર, અમદાવાદ-૩૮૨૩૫૦ મધ્યે આવેલ છે અનેસદરભાગીદારીપેઢીએસદરજમીન તેઓનીમાલિકીકબજાભોગવટાનીતેમજ તમામપ્રકારનાબોજાઓથીમુક્તઆવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સસર્ટીફીકેટનીમાંગણીકરેલછે તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાંઆવશેત્યારબાદકોઈનીકોઈ તકરાર ચાલશે નહી.

વિજય વાય. ચૌગુલે, એડવોકેટ
VIJAY Y. CHAUGULE & CO.
૪૨૫થી૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

જાહેર નોટિસ

મોજે-સરગાસણ

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન - ૨) ગાંધીનગર તાલુકાના મોજે-સરગાસણ ગામની સીમના સર્વે નં. ૨૫૧ ની હે.આરે.ચો.મી. ૧-૦૪-૬૫ પૈકી હે.આરે.ચો.મી. ૦-૫૨-૬૫ ની ખેતીની જમીન (૧) જયંતિજી પુંજાજી, (૨) શોભાબેન પુંજાજી, (૩) નિલય છોટુભાઈ દેસાઈ, (૪) ક્ષિતિજ દિલીપકુમાર પટેલ તથા (૫) નિશીત જદુરાય વ્યાસની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા. ૩૦/૧૦/૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા વિરમગામનાં મોજે ગામ દસલાણાની સીમનાં ખાતા નં.૧૧૪૬ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૭૯૧ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૩૯૭/૩) વાળી હે.આરે.ચો.મી. :૦-૩૪-૭૧ ખેતરની ખેતીની જમીન, લતાબેન મહેશભાઈ વાળાએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૩૦/૧૦/૨૦૨૬
અમદાવાદ

મોદી લૉ એસોસીએટ્સ
મૌલીક દિલીપભાઈ મોદી
એડવોકેટ
અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, ''બી'' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯. ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ :
વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

GSTમાં શો કોઝ નોટિસ પહેલાં પ્રી-નોટિસ આપવાનું ફરજિયાત કરાયું

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,ગુરૂવાર

ગુડ્સ એન્ડ સ વસ ટેક્સના કાયદા હેઠળ ટેક્સ અધિકારીઓ માટે હવે કોઈપણ વેપારીને સીધી શો કોઝ નોટિસ આપતા પહેલાં પ્રી-શો કોઝ નોટિસ આપવાનું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. પ્રી કાત્ત્ઝ નોટિસમાં ફોર્મ જીએસટી-ડીઆરસી-૦આઈએ આપીને વિગતો માગવાનું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે.

વેપારીને પોતાની વાત રજૂ કરવાનો, ભૂલ સુધારવાનો અને મોટો દંડ ભરવામાંથી બચી જવાનો એક સત્તાવાર મોકો મળશે

આ નવી વ્યવસ્થાને કારણે વેપારીઓને મોટી રાહત આપશે. જૂની વ્યવસ્થામાં અધિકારીઓ તપાસ કે ઓડિટ પછી સીધી જ કડક કાયદાકીય નોટિસ અને દંડ ફટકારી દેતા હતા. પરિણામે વેપારીઓ પર અચાનક કાનૂની બોજ આવી જતો હતો. હવે આ પૂર્વ સૂચના ફરજિયાત મળતી થવાથી વેપારીને પોતાની વાત રજૂ કરવાનો, ભૂલ સુધારવાનો અને મોટો દંડ ભરવામાંથી બચવાનો એક સત્તાવાર મોકા મળશે. તેમની સામે કાનૂની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ મોકો મળી જશે.

જીએસટી અધિકારીને તપાસ, ઓડિટ કે ચોપડાઓની ચકાસણી દરમિયાન એવું લાગે કે કોઈ વેપારીએ ટેક્સ ઓછો ભર્યો છે અથવા ભૂલથી વધુ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી લીધી છે, ત્યારે અધિકારીઓ સીધા કોર્ટ કે કાયદાકીય કાર્યવાહી જેવા પગલાં લેવાને બદલે એક સંક્ષિપ્ત પત્ર કે સૂચના પત્ર મોકલશે. આ પત્રમાં વેપારીએ કેટલો ટેક્સ ભરવાનો બાકી નીકળે છે તેની પ્રાથમિક ગણતરી કરીને કેટલા મહિનાનો ટેક્સ ભરવાનો બાકી છે તે દર્શાવવામાં આવશે. તેના પર કેટલો દંડ અને વ્યાજ લાગુ પડશે તેની વિગતો પણ આપવી પડશે. તેની સાથે જ વેપારી પાસેથી આ રકમ કયા કારણોસર માંગવામાં આવી રહી છે તેનું સ્પષ્ટ સ્પષ્ટીકરણ પણ આપવામાં આવશે.

કરદાતાઓ અને વેપારીઓને થનારા ફાયદા

ભારે દંડમાંથી મુક્તિથ જો વેપારી પૂર્વ સૂચના મળતાની સાથે જ બાકી નીકળતો ટેક્સ અને વ્યાજ ભરી દે છે, તો તેને કાયદા હેઠળ થતા અતિશય ભારે દંડમાંથી મુક્તિ મળી જાય છે. બીજું, વેપારીઓનેકોર્ટ કચેરીના લફરાંમાંથી છૂટકારો મળશે. લાંબી અપીલો, કોર્ટના ફેરા અને વકીલોના ખર્ચમાં પડ્યા વિના પારસ્પરિક ચર્ચા દ્વારા મામલાનો સંતોષકારક ઉકેલ આવી જાય છે. ત્રીજું, અચાનક આવતી કડક કાનૂની નોટિસો અને દંડના ડર વગર વેપારીઓ પોતાના -રોજગાર પર પૂરેપૂરું ધ્યાન આપી શકે છે. સરકારી અધિકારીઓને ખાસ સૂચનાઓ આપતા સીબીઆઈસીએ જણાવ્યું છે કે સરકારે સીમા શુલ્ક બોર્ડ દ્વારા તમામ ટેક્સ અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે કે, ટેકનિકલ કે અજાણતા થયેલી ભૂલોના કિસ્સામાં સીધી આકરી નોટિસ આપવાને બદલે પહેલાં આ પૂર્વ સૂચના આપવી જ પડશે. આનો મુખ્ય હેતુ વેપારીઓ જાતે જ નીતિમતાથી ટેક્સ ભરે તેવી સકારાત્મક સિસ્ટમ ઊભી કરવાનો છે.

આ નવી પ્રક્રિયા કેવી રીતે કામ કરશે?

એક, પ્રાથમિક ગણતરીની જાણ થતાં સૌથી પહેલાં અધિકારી વેપારીને બાકી ટેક્સની ગણતરી સાથેનું પૂર્વ સૂચના પત્રક આપે છે. બે, સ્વૈચ્છિક ટેક્સ ભરપાઈની તક મળશે. વેપારી અધિકારીની ગણતરી સાથે સહમત હોય અને પોતાની ભૂલ સ્વીકારે, તો તે કોઈ પણ કાનૂની વિવાદમાં પડ્યા વિના જ બાકી ટેક્સ અને વ્યાજ ભરીને કેસ ત્યાં જ પૂરો કરી શકે છે. ત્રીજું, . પોતાનો પક્ષ રજૂ કરવાનો હક્ક મળશે. જો વેપારીને લાગે કે અધિકારીની ગણતરી ખોટી છે, તો તે નિર્ધારિત સમયમાં પોતાના પુરાવા અને દસ્તાવેજો સાથે લેખિતમાં ખુલાસો રજૂ કરી શકે છે.

ઓમાનની દરિયાઈ સરહદમાં માંડવીના જહાજ પર ડ્રોન હુમલો

કચ્છના દરિયાઈ વેપાર જગત માટે ચિંતા વધારતી ઘટનામાં દુબઈથી સોમાલિયાના બોસાસો તરફ જતાં માંડવીના એમ.એસ.વી. કુબા વહાણ ઉપર ઓમાનની દરિયાઈ હદમાં વહેલી સવારે ડ્રોન હુમલો કરાતાં ભીષણ આગ લાગી હતી. ડ્રોન હુમલામાં બે ખલાસીને ઈજા થઈ છે અને ૧૩ના બચાવ થયો છે. જેના ઉપર હુમલો થયો તે વહાણમાં માંડવી અને સલાયા વિસ્તારના કુલ ૧૩ ખલાસીઓ સવાર હતા. ડ્રોન હુમલા બાદ વહાણમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના દ્રશ્યો સામે આવ્યા છે. સદનસીબે આ ઘટનામાં મોટી જાનહાનિ ટળી છે અને તમામ ૧૩ ખલાસીઓ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. જો કે, બે ખલાસીઓને સામાન્ય ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટના સમયે ઓમાનના કસબ બંદરના સ્થાનિક માછીમારો દેવદૂત બનીને આવ્યા હતા અને ખલાસીઓને બચાવ્યા હતા.

૨૬૭ વેપારીઓનું રૂ.૨૫૦ કરોડનું ફુલેકું ફેરવનાર ઓસીયા મોલના ધીરેન્દ્ર ચોપરાના આગોતરા જામીન સેશન્સ કોર્ટે ફગાવ્યા

અમદાવાદ,ગુરૂવાર

વેપારીઓ પાસેથી કરોડો રૂપિયાનો માલ મંગાવ્યા બાદ રૂપિયા નહીં ચૂકવી કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનાર ઓસીયા હાયપર રીટેઈલ લિ.ના ડાયરેકટર ધીરેન્દ્ર ગૌતમ ચોપરાને આગોતરા જામીન આપવાનો અત્રેની સેશન્સ કોર્ટે સાફ ઈન્કાર કરી દીધો છે. સરકારપક્ષ તરફથી કોર્ટ સમક્ષ ખુલાસો કરાયો હતો કે, આરોપીએ ૨૬૭ વેપારીઓ પાસેથી મોટાપાયે માલ મંગાવ્યા બાદ રૂ.૨૫૦ કરોડથી વધુની રકમ ચૂકવી નથી. એનસીએલટીમાં પણ આરોપીઓ વિરૂધ્ધ રૂ.૬૩૪ કરોડના કલેઈમ છે.

એનસીએલટીમાં પણ આરોપીઓ વિરૂદ્ધ રૂ.૬૩૪ કરોડના ક્લેઈમ પતિ-પત્ની બંને વિદેશ ભાગી ગયા, સેશન્સ કોર્ટે ગંભીર નોંધ લીધી

આરોપી ડાયરેક્ટર ધીરેન્દ્ર ચોપરા અને તેની પત્ની વિદેશ ભાગી ગયા છે. તેઓ એનસીએલટી કોર્ટ સમક્ષ પણ હાજર થતા નથી. આ સિવાય આરોપીઓ સામે મુંબઈ તેમજ અન્ય રાજ્યોમાં પણ છેતરપિંડીના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. કૌભાંડની ગંભીરતા ધ્યાને લઈ એડિશનલ સેશન્સ જજ જે.આઈ.પટેલે ધીરેન્દ્ર ચોપરાની આગોતરા જામીનઅરજીફગાવીદીધીહતી.

ઓસીયા હાયપર રીટેઈલ લિ. ના કરોડો રૂપિયાના કૌભાંડ મામલે સીઆઈડી ક્રાઈમમાં ગુનો નોંધાયો છે. સીઆઈડી ક્રાઈમની તપાસમાં મોટા ખુલાસો સામે આવ્યો હતો કે, મૂળ ફરિયાદમાં રૂ.૪.૪૩ કરોડની છેતરપીંડીની વાત હતી પરંતુ તપાસ દરમ્યાન ઓસીયા હાયપર રીટએઈલ લિ.ના ધીરેન્દ્ર ચોપરા અને તેની પત્ની કવિતા ચોપરાની સંડોવણી મોટાપાયે બહાર આવી હતી. જેમાં આરોપીઓએ આશરે ૨૬૭ વેપારીઓ પાસેથી રૂ.૨૫૦ કરોડો રૂપિયાનો માલ મંગાવી ફુલેકું ફરેવ્યું હતુ અને તેઓને માલના પૈસા આપવામાંથી હાથ ઉંચા કરી દીધા હતા. આ કેસમાં આરોપી ડાયરેકટર ધીરેન્દ્ર ચોપરાની આગોતરા જામીન અરજીનો સરકારપક્ષ તરફથી ઉગ્ર વિરોધ કરતાં જણાવાયું હતુંકે, અરજદાર આરોપીએતેમના પત્ની કવિતા ચોપરા તથા અન્ય રૂચિ રાજકુમાર સહિતના આરોપીઓએ ઓસીયા મોલના સ્ટાફ મારફતે નાના-મોટા વેપારીઓ પાસેથી માલ મંગાવ્યો હતો. શરૂઆતમાં સમયસર નાણાં ચૂકવી વિશ્વાસ કેળવ્યા બાદ, ખાતામાં બેલેન્સ નથી તેવું જાણતા હોવાછતાં પંજાબ નેશનલ બેંકના ચેકો સહી કરીને આપ્યા હતા. એટલું જ નહી, ચેકો રિટર્ન કરાવી, મોલમાં માલ વેચી તેના પૈસા પોતાના અને પરિવારના નામે મિલકતો ખરીદવામાં વાપરી કાઢયા હતા. સરકારપક્ષ તરફથી અદાલતાનું ધ્યાન દોરાયું કે, સેંકડો વેપારીઓને કરોડો રૂપિયાનો ચુનો લગાડનાર આરોપી ડાયરેકટર ધીરેન્દ્ર ચોપરા અને તેની પત્ની હાલ વિદેશ નાસી ગયા છે અને કેસની તપાસમાં સાથ સહકાર આપી રહ્યા નથી. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ(એનસીએલટી)માં પણ આરોપીઓ હાજર થતા નથી. આરોપીઓ રીઢા ગુનેગાર છે અને આ પ્રકારની છેતરપિંડી આચરવાની ટેવવાળા છે. આરોપીઓ વિરૂધ્ધ મુંબઈ તેમજ અન્ય રાજ્યોમાં પણ છેતરપિંડીના ગુના નોંધાયેલા છે. કૌભાંડની ગંભીરતા જોતાં આરોપીની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન ખૂબ જરૂરી છે અને જો તેને આગોતરા જામીન અપાય તો કેસના સાક્ષીઓ અને પુરાવાઓ સાથે ચેડાં થવાની પૂરી શકયતા છે અને કેસની તપાસને પણ વિપરીત અસર થાય.

બે ખાનગી કોલેજની પ્રવેશ મંજૂરી હજુ પેન્ડિંગ

આયુર્વેદ-હોમિયોપેથીઃ ત્રીજા રાઉન્ડનું એલોટમેન્ટ, ૮ કોલેજ નામંજૂર જ રહી

અમદાવાદ,ગુરૂવાર

યુજી આયુર્વેદ અને યુજી હોમિયોપેથીમાં પ્રવેશ માટેની આ વર્ષની અલાયદી ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં ત્રીજા રાઉન્ડનું સીટ એલોમેન્ટ આજે કરી દેવામા આવ્યુ છે.આ એલોટમેન્ટ સુધીમાં રાજ્યની ૭ આયુર્વેદ અને ૧ હોમિયોપેથી સહિત કુલ ૮ ખાનગી કોલેજો નવા પ્રવેશ માટે નામંજૂર જ રહી છે. જ્યારે થર્ડ રાઉન્ડ સીટ એલોમેન્ટમાં હાલ આયુર્વેદની તમામ બેઠકો ફુલ થઈ ગઈ છે.

આયુર્વેદમાં સ્ટેટ-ઓલ ઈન્ડિયા ક્વોટામાં હાલ તમામ બેઠક ફુલઃ હોમિયોપેથીમાં ૧૯૦૨ ખાલી

ધો.૧૨ સાયન્સ પછીના નીટ આધારીત ચાર કોર્સીસમાંથી આયુર્વેદ અને હોમિયોપેથીમાં આજે રાજ્યની પ્રવેશ સમિતિએ ત્રીજા રાઉન્ડનું એલોટમેન્ટ કરી દીધુ છે.જેમાં આયુર્વેદમાં સ્ટેટ ક્વોટામાં ૨૧૩૩ બેઠકોમાંથી ખાલી રહેલી ૩૫૨ બેઠકોમાં તમામ ૩૫૨ નવા વિદ્યાર્થીને પ્રવેશ મળી ગયો છે.જ્યારે ૩૪૨ના પ્રવેશ ફેરબદલ થયા છે.હાલ એક પણ બેઠક ખાલી નથી. ખાનગી કોલેજોની ૧૫ ટકા ઓલ ઈન્ડિયા ક્વોટા બેઠકોમાં ૪૭ નવા પ્રવેશ થયા છે અને ૧૮માં ફેરબદલ છે. આ ક્વોટામાં પણ ઝીરો બેઠક ખાલી છે.

જ્યારે હોમિયોપેથીમાં સ્ટેટ ક્વોટામાં ૩૪૦ નવા પ્રવેશ થયા છે અને ૩૧૫માં પ્રવેશ ફેબદલ છે.જ્યારે હજુ પણ ૧૫૧૩ બેઠક ખાલી રહી છે. ઓલ ઈન્ડિયા ક્વોટામાં નવા ૨૭ પ્રવેશ થયા છે અને ૧૮માં ફેરબદલ છે.જ્યારે હજુ પણ ૩૮૯ બેઠક ખાલી રહી છે. વિદ્યાર્થીએ ૩ નવે.સુધીમાં ફી ભરી-રિપોર્ટિંગ કરાવી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. ત્રીજા રાઉન્ડના એલોટમેન્ટ સુધીમાં પણ રાજ્યમાં બે ખાનગી આયુર્વેદ કોલેજોની પ્રવેશ મંજૂરી હજુ પેન્ડિંગ છે.જ્યારે ૭ આયુર્વેદ અને ૧ હોમિયોપેથી સહિત ૮ કોલેજ કાઉન્સિલ દ્વારા નામંજૂર જ રહી છે.

જીપીએસ સિસ્ટમ બંધ કરીને નાસી ગયા

ટ્રાન્સપોર્ટ કંપનીના કર્મચારી અને સ્ટાફે ૧.૦૩ કરોડના બે ટ્રક પચાવી લીધી

અમદાવાદ,ગુરૂવાર

અમદાવાદના સોલામાં આવેલી લોજીસ્ટીક કંપનીની ગાંધીધામમાં આવેલી ઓફિસથી આંધ્રપ્રદેશના ઈસ્ટ ગોદાવરી અને ચેન્નાઇ ખાતે બે ટ્રક સામાન ખાલી કરીને ઓફિસમાં કામ કરતા ડ્રાઈવર અને બે કર્મચારીઓએ બંને ના જીપીએસ બંધ કરીને રૂપિયા ૧.૦૩ કરોડની કિંમતની બંને ટ્રક લઇ જઇને નાસી ગયા હતા. બોડકદેવ જજીસ બંગ્લોઝ રોડ પર આવેલા વાઈસરોય વિલામાં રહેતા આકાશભાઈ શાહ સોલા સાયન્સ સીટી રોડ પર લોજીસ્ટીક કંપનીની ઓફિસ ધરાવે છે. તેમની કંપનીના કેટલાંક ટ્રક ગાંધીધામ પડાણા રોડ પરના પાર્કિંગમાં રહે છે અને કચ્છ ભુજમાંથી દેશના વિવિધ રાજ્યોમાં ત્યાંથી સામાન મોકલવાનું કામ થાય છે. ગાંધીધામમાં પવન પોકરરામ અને દલપતદાન ગઢવી મેન્ટેનન્સ કર્મચારી તરીકે કામ કરતા હતા.જ્યારે હવન્ત ખેતારામ નામના વ્યક્તિ ડ્રાઈવર તરીકે હતો. ઓગસ્ટ ૨૦૨૬માં એક ટ્રક આંધ્રપ્રદેશના ઈસ્ટ ગોદાવરી મોકલાયું હતુ અને બીજુ ચેન્નાઈ મોકલવામાં આવ્યું હતું. જે ટ્રક લેવા માટે પવન તેમજ દલપત ઈસ્ટ ગોદાવરી ગયા હતા અને તેમણે ડ્રાઈવરને બીજા ટ્રક સાથે ચેન્નાઈથી વિશાખાપટ્ટનમ બોલાવ્યો હતો. જ્યાંથી ઓરંગાબાદમાં બંને ટ્રક ખાલી કરીને ગાંધીધામ પરત આવ્યા નહોતા અને જીપીએસ સિસ્ટમ બંધ કરી દીધી હતી. સાથેસાથે તેમના મોબાઈલ પણ સ્વીચ ઓફ હતા. જેથી તપાસ કરતા જાણવા મળ્યું હતુ કે ત્રણેય જણા ૧.૦૩ કરોડની કિંમતના બંને ટ્રક લઈને ફરાર થઈ ગયા હતા.

આકાશી આફત : મગફળીમાં ફુગ કે સડો લાગવાનો ડર

કમોસમી વરસાદથી મગફળીના પાકને નુકસાન થવાની ભીતિ

અમદાવાદ,ગુરુવાર

ગુજરાતના વાતાવરણમાં અચાનક જ પલટો જોવા મળ્યો છે. દિવાળીના તહેવારો નજીક આવી રહયાં છે ત્યારે જ અમદાવાદ, ગાંધીનગર તેમજ ઉત્તર ગુજરાતના મહેસાણા પંથકમાં અણધાર્યા કમોસમી વરસાદી ઝાપટાં તૂટી પડ્યા છે. જોકે, કમોસમી વરસાદને લીધે ખેડૂતો માટે વધુ એક આકાશી આફત આવી છે કેમકે, મગફળી સહિત અન્ય પાકને નુકશાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

શહેરી વિસ્તારો માટે ભલે આ વરસાદ ઠંડક લાવનારો સાબિત થયો હોય, પરંતુ ગ્રામીણ વિસ્તારોના ખેડૂતો માટે આ કમોસમી વરસાદ આફત સમાન સાબિત થઈ રહ્યો છે. કમોસમી વરસાદ પડતાં ખેતરોમાં લહેરાતો મગફળીનો પાક બગડી જાય તેવી શક્યતા છે જેને કારણે ધરતીપુત્રોના જીવ તાળવે ચોંટ્યા છે. દિવાળીના તહેવારો ટાણે જ માથા પર આકાશી આફત આવી પડતાં ખેડૂત પરિવારોની મુશ્કેલી વધી છે.

હાલમાં ખેતરોમાં ચોમાસુ પાકની લણણી અને ઉપાડવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ખાસ કરીને મગફળીનો પાક તૈયાર થઈને ખેતરોમાં ખુલ્લામાં પડ્યો છે અથવા તો પાથરા પાથરેલા છે. આવા સમયે અણધાર્યા વરસાદથી મગફળી પલળી જવાની અને તેમાં ફૂગ કે સડો લાગે તેમ છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકા કડીનાં ગામ મોજે થોળની સીમનાં ખાતા નં.૩૫૧૨ નાં સર્વે નં.૧૭૮૧/પૈકી ૧ (જુના સર્વે નં. ૪૫૪/૨/પૈકી ૨) ની હે ૦ - આરે ૭૨-૬૯ ચો. મી. એટલે કે ૭૨૬૯ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન ભાવેશભાઇ ગોરધનભાઇ કાકડિયાની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા.૨૯/૧૦/૨૦૨૬

ડી. વી. દેસાઇ એન્ડ કંપની, એડવોકેટસ
વતી હિતેષ ડી. દેસાઇ (એડવોકેટ)
રાજેશ ડી. દેસાઇ (એડવોકેટ)
પંક્તિ હિતેષ દેસાઇ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઇ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઇ (એડવોકેટ)
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જણાવવાનું કે જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, તાલુકા વિરમગામ, મોજે ગામ ભોજવાની સીમના ખાતા નં.૧૬૩૬ ના સર્વે/બ્લોક નં.૩૫૭ (જુના સર્વે/બ્લોક નં. ૩૭) ની ૧૪૫૧૮ ચો.મી. વાળી ખેતીની જમીન અનીલભાઈ બળદેવભાઈ રાઠોડના હિસ્સાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની તથા તમામ પ્રકારના બોજા રહીતની આવેલી હોવાનું જણાવી તેઓએ તેમની જમીન વેચાણ કરવાનું નક્કી કરેલ હોવાથી મજકુર જમીનના ટાઇટલ ક્લીયર અને માર્કેટેબલ તેમજ કોઈપણ જાતના બોજા કે વિવાદ વગરના હોવા બદલના ટાઇટલના અભિપ્રાય/પ્રમાણપત્રની માંગણી અમારી પાસે કરેલ છે. તો મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, ગીરો, બોજો અલાખો, હિત સંબંધ, ગણોત હક્ક કે ઈઝમેન્ટ રાઈટસ આવેલ હોય તો આ નોટીશ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે તમામ પ્રકારના પુરાવા સહિત રજી.એ.ડી. થી લેખીતમાં જાણ કરવી, જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, ગીરો, બોજો, અલાખો, હિત સંબંધ, ગણોત હક્ક કે ઈઝમેન્ટ રાઈટસ નથી અને આવેલ હોય તો તેવા તમામ હક્કો જતા (Waive) કરેલ છે તેમ સમજી મુદત વિતેથી મજકુર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ અભિપ્રાય/પ્રમાણપત્ર આપવામાં આવશે અને ત્યારબાદ મજકુર જમીન અંગે વેચાણ વ્યવહાર પૂર્ણ કરવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોધ લેવી.

તા.૩૦/૧૦/૨૦૨૬.
અમદાવાદ

ડીમ્પી પ્રકાશ શાહ (એડવોકેટ)
પ્રકાશ સી. શાહ (એડવોકેટ)
પ્રકાશ સી. શાહ એન્ડ કું.
૫૦૨, પાંચમો માળ, પી.વી. એન્કલેવ, શીલ્પ ચાર રસ્તાથી રાજપથ રંગોલી રોડ, સિંધુભવન રોડ પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
(મો.નં. ૯૯૨૪૨૧૩૩૩૨)

જાહેર ચેતવણી

આથી અમારા અસીલ શ્રીમતી મીતાબેન નારણભાઈ ભરવાડ, તેમના પાવર ઓફ એટર્ની હોલ્ડર મારફતે, જાહેર જનતા, તમામ વ્યક્તિઓ, સંસ્થાઓ, પેઢીઓ, મંડળીઓ, બેંકો, નાણાકીય સંસ્થાઓ, બિલ્ડરો, ડેવલપરો તથા ત્રાહિત ઈસમોને આ જાહેર ચેતવણી દ્વારા જણાવવાનું કે સ્વ. નારણભાઈ સામંતભાઈ ભરવાડ તેમના જીવનકાળ દરમિયાન અમદાવાદ શહેર તથા ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ખેતીની તથા બિનખેતીની જમીનો, રહેણાંક મિલકતો, પ્લોટ તથા અન્ય સ્થાવર તથા જંગમ મિલકતો, રોકાણો, હક્કો, હિતો તથા અન્ય સંપત્તિઓ ધરાવતા હતા. આ જાહેર ચેતવણી તેમની તમામ મિલકતો, સંપત્તિઓ, હક્કો તથા હિતોને લાગુ પડે છે અને કોઈ ચોક્કસ મિલકત કે સ્થળ પૂરતી મર્યાદિત નથી. તેથી જાહેર જનતા તથા તમામ સંબંધિત વ્યક્તિઓને ચેતવણી આપવામાં આવે છે કે સ્વ. નારણભાઈની મિલકતો અંગે યોગ્ય કાયદેસર તપાસ કર્યા વિના કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં તથા અમારા અસીલ અને તેમની પુત્રીના કાયદેસરના હક્કો-હિતોને નુકસાન થાય તે રીતે કોઈ તૃતીય પક્ષ હક્ક ઊભા કરવા કે કરાવવા નહીં. ૨. આ સંદર્ભે વધુમાં જણાવવાનું કે સ્વ. નારણભાઈ સામંતભાઈ ભરવાડના પ્રથમ લગ્ન શ્રીમતી મણીબેન નારણભાઈ ભરવાડ સાથે થયેલ હતા અને સદરહુ લગ્નજીવનથી કુલ પાંચ સંતાનો, નામે (૧) દેવરાજભાઈ નારણભાઈ ભરવાડ, (૨) જશુબેન નારણભાઈ ભરવાડ, (૩) પૂનમબેન નારણભાઈ ભરવાડ, (૪) જનકબેન નારણભાઈ ભરવાડ તથા (૫) ભારતીબેન નારણભાઈ ભરવાડનો જન્મ થયેલ હતો. શ્રીમતી મણીબેન લાંબી તથા જીવલેણ બીમારીથી પીડાતા હતા અને તેમના સંતાનો પણ નાની ઉંમરના હતા. ત્યારબાદ શ્રીમતી મણીબેનનું તા.૧૫.૦૫.૧૯૯૯ના રોજ લાંબી માંદગી બાદ અવસાન થયેલ હતું અને ત્યારબાદ સ્વ. નારણભાઈએ અમારા અસીલ શ્રીમતી મીતાબેન સાથે હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન કરેલ હતા. સદરહુ લગ્નજીવનથી તેમને એક પુત્રી, નામે કોમલનો જન્મ તા. ૨૫.૦૯.૨૦૦૫ના રોજ થયેલ હતો. આમ, અમારા અસીલ શ્રીમતી મીતાબેન સ્વ. નારણભાઈના કાયદેસર લગ્નજીવનનાં પત્ની છે અને કોમલ તેમની પુત્રી છે. સ્વ. નારણભાઈના અવસાન બાદ તેમની મિલકતો, સંપત્તિઓ, હક્કો તથા હિતોમાં અમારા અસીલ તથા તેમની પુત્રીના કાયદેસરના હક્કો, હિતો તથા દાવાઓનું રક્ષણ થવું આવશ્યક છે. ૩. સ્વ. નારણભાઈનું તા.૧૮.૦૧.૨૦૨૨ના રોજ ગાંધીનગર મુકામે અવસાન થયેલ છે. તેમના અવસાન બાદ તેમની તમામ મિલકતો, સંપત્તિઓ, હક્કો તથા હિતો અંગે કાયદેસર વારસદારોના હક્કો અને દાવાઓ લાગુ પડે છે. અમારા અસીલ શ્રીમતી મીતાબેન નારણભાઈ ભરવાડ તથા તેમની પુત્રી કોમલના કાયદેસરના હક્કો, હિતો તથા દાવાઓ હોવા છતાં, તેમના નામો તથા હકીકતોનો સમાવેશ કર્યા વિના પ્રથમ પત્નીથી થયેલ સંતાનોના નામો દર્શાવી પેઢીનામું તૈયાર કરાવેલ અને તેના આધારે વિવિધ મિલકતોના મહેસૂલી રેકર્ડ/રેકર્ડ ઓફ રાઈટ્સમાં તેમના નામો વારસાઈ તરીકે દાખલ કરાવેલ હોવાની હકીકત અમારા અસીલની જાણમાં આવેલ છે. આવા પેઢીનામા કે મહેસૂલી નોંધમાં નામ દાખલ થયેલ હોવાના આધારે કોઈ વ્યક્તિને સ્વ. નારણભાઈની મિલકતોનો એકમાત્ર તથા સંપૂર્ણ માલિક માની શકાય નહીં અને તેનાથી અમારા અસીલ તથા તેમની પુત્રીના કાયદેસરના હક્કો અને હિતો નષ્ટ થતા નથી. આથી જાહેર જનતા, તમામ વ્યક્તિઓ, સંસ્થાઓ, બેંકો, નાણાકીય સંસ્થાઓ, બિલ્ડરો, ડેવલપરો તથા ત્રાહિત ઈસમોને ચેતવણી આપવામાં આવે છે કે સ્વ. નારણભાઈના જીવનકાળ દરમિયાન તેમની માલિકી, હક્ક, હિત કે કબજામાં રહેલ કોઈપણ સ્થાવર કે જંગમ મિલકત, સંપત્તિ, રોકાણ અથવા અન્ય હક્ક-હિત અંગે વેચાણ, તબદીલી, બક્ષીસ, ગીરો, ભાડાપટ્ટો, વિકાસ કરાર, બાનાખત, પાવર ઓફ એટર્ની, કબજા હસ્તાંતરણ કે અન્ય કોઈ વ્યવહાર કરતાં પહેલાં સંપૂર્ણ કાયદેસર ટાઈટલ તથા તમામ હક્કદારોના હક્કો અને હિતોની યોગ્ય તપાસ કરવી. માત્ર મહેસૂલી નોંધ, વારસાઈ નોંધ કે પેઢીનામાના આધારે કોઈ વ્યક્તિને એકમાત્ર માલિક માની વ્યવહાર કરવો નહીં. અમારા અસીલ તથા તેમની પુત્રીના કાયદેસરના હક્કો અને હિતોને પ્રતિકૂળ અસર કરતા કોઈપણ વ્યવહાર સામે તેમના કાયદેસરના હક્કો તથા ઉપાયો ખુલ્લા રહેશે. ૫. આ જાહેર ચેતવણી પ્રસિદ્ધ થયા બાદ પણ જો કોઈ વ્યક્તિ કે સંસ્થા ઉપરોક્ત મિલકતો, સંપત્તિઓ, હક્કો કે હિતો અંગે કોઈ વ્યવહાર કરે અથવા તૃતીય પક્ષ હક્કો ઊભા કરે, તો તે પોતાની જવાબદારી, જોખમ તથા પરિણામે તેમ કરશે. આવા વ્યવહારથી અમારા અસીલ શ્રીમતી મીતાબેન તથા તેમની પુત્રી કોમલના કાયદેસરના હક્કો, હિતો કે દાવાઓને પ્રતિકૂળ અસર થાય તો તેઓ કાયદેસરની કાર્યવાહી કરવા હક્કદાર રહેશે અને સંબંધિત વ્યવહાર તેમને બંધનકર્તા રહેશે નહીં. ૬. અમારા અસીલ શ્રીમતી મીતાબેન તથા તેમની પુત્રી કોમલ તેમના કાયદેસરના હક્કો, હિતો તથા દાવાઓના રક્ષણ અને અમલ માટે સક્ષમ કોર્ટ, મહેસૂલી સત્તાધિકારી તથા અન્ય યોગ્ય સત્તાધિકારી સમક્ષ કાર્યવાહી કરવાના તમામ હક્કો અનામત રાખે છે. જાહેર જનતા તથા તમામ સંબંધિત વ્યક્તિઓએ આ જાહેર ચેતવણીની ગંભીરતાથી નોંધ લઈ, સ્વ. નારણભાઈની મિલકતો અંગે કોઈપણ વ્યવહાર કરતાં પહેલાં સંપૂર્ણ કાયદેસર તપાસ કરવી અને અમારા અસીલ તથા તેમની પુત્રીના હક્કો અને હિતોને પ્રતિકૂળ અસર થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

આર. જે. ગોસ્વામી એડવોકેટ,
ગુજરાત હાઈકોર્ટ
ઓફીસઃ બી-૪૬/૪૭, વિશ્વાસ સીટી-૨, ભાગ્યોદય રો-બંગ્લોઝની સામે, આઈ. ડી. પટેલ સ્કુલની બાજુમાં, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧,
(ફો.): ૦૭૯ ૨૭૭૭૩૦૬૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકા કડીનાં ગામ મોજે થોળની સીમનાં સર્વે નં.૧૭૮૨/૦૦૨ (જુના સર્વે નં. ૪૫૪/૨) ની ૧૭૦૩ સ. ચો. મી. ની બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન જેનો સમાવેશ સીટી સર્વે કચેરી મહેસાણાનાં સીટી સર્વે વોર્ડ થોળ(બીનખેતી) નાં સીટી સર્વે નં.એનએ૧૭૮૨/૦૦૨ થી કરવામાં આવેલ છે તથા જેનું ક્ષેત્રફળ ૧૭૦૩ સ. ચો. મી. નક્કી કરવામાં આવેલ છે તે બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન ભાવેશભાઇ ગોરધનભાઇ કાકડિયાની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઈ શખ્સનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા.૨૯/૧૦/૨૦૨૬

ડી. વી. દેસાઇ એન્ડ કંપની, એડવોકેટસ
વતી હિતેષ ડી. દેસાઇ (એડવોકેટ)
રાજેશ ડી. દેસાઇ (એડવોકેટ)
પંક્તિ હિતેષ દેસાઇ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઇ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઇ (એડવોકેટ)
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા વિરમગામનાં મોજે ગામ દસલાણાની સીમનાં ખાતા નં.૧૧૬૦ ની (૧) રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૮૮૨ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૪૮૯/૨) વાળી સ.ચો.મી. : ૫૧૧૩ જમીન તેમજ (૨) રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૧૪૫૭ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે બ્લોક નં.૪૮૯/૨) વાળી સ.ચો.મી. : ૪૫૩૩ જમીન તથા ખાતા નં.૧૩૪૯ ની (૩) રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૮૩૧ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૪૮૧/૩) વાળી સ.ચો.મી. : ૬૮૨૮ જમીન, એ રીતેની ઉપરોક્ત ખેતરની ખેતીની જમીનો, મહેશભાઈ રામભાઈ વાળાએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૩૦/૧૦/૨૦૨૬
અમદાવાદ

મોદી લૉ એસોસીએટ્સ
મૌલીક દિલીપભાઈ મોદી
એડવોકેટ
અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, ''બી'' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯. ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

જાહેર નોટિસ

ગામ - બહિયલ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર, સબ ડીસ્ટ્રીકટ દહેગામના, દહેગામ તાલુકાના મોજે ગામ બહિયલની સીમના બ્લોક/સર્વે નં.૩૦૦ (જુનો સર્વે/બ્લોક નં.૧૪૬/૧) ની કુલ ૩૭૧૬૫ ચો.મીટર પૈકી મુસ્તુફામીયા સમસુદીન ચૌહાણની ૧૮૫૮૨.૫૦ ચો.મીટર જમીન તેમની, કુલ, સંપુર્ણ, સ્વતંત્ર, માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ જણાવીને મજકુર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીક સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઈઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઇપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીક સિવાય બીજા કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજા કે અલોખો, ગણોત હક્ક કે ઈઝમેન્ટનો હક્ક વિગેરે કાંઇપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ.
તા.૨૯-૧૦-૨૦૨૬

નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઈટ્સ પાસે, કઠવાડા જીઆઈડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
મો. ૯૮૭૯૦૪૧૧૨૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૦ (વેજલપુર) ના તાલુકા દશક્રોઇ મોજે ગામ ભાતની સીમના ખાતા નંબર ૨૩૭૫ (બ્લોક નંબર ૧૨૧૯/પૈકી ૧ (જુનો બ્લોક નંબર ૭૬૪ જુનો સર્વે નંબર ૬૦૫/૨અ/૩+૫) ની કુલ હે.આરે.ચો.મી. ૦-૯૫-૩૪ આકાર રૂપિયા ૯.૫૫ પૈસા પૈકી હે.આરે.ચો.મી. ૦- ૩૮-૫૨.૩૩ ની બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર જુની શરતની ખેતીની જમીન, દેસાઇ હીરાભાઈ ગગાભાઈ પાસેથી (૧) મહેન્દ્રકુમાર જયચંદલાલ શાહ રહેવાસી, સી-૩૦૩, શેંત્રુંજય રેસિડેન્સી, આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ તથા (૨) શૈલેષકુમાર સેવંતીલાલ શાહ રહેવાસી, એ-૪૦૪, શેંત્રુંજય રેસિડેન્સી, આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫ એ તારીખ ૧૨-૧૦-૨૦૨૬ નાં રોજ વેચાણ રાખેલ છે., અને તે બાબતનો વેચાણ દસ્તાવેજ તેજ તારીખે અમદાવાદ-૧૦ (વેજલપુર) ના મહેરબાન સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૯૨૪૨ થી રજીસ્ટર્ડ કરી નોંધાવવામાં આવેલ છે અને તે બાબતની જરૂરી ફેરફાર નોંધ ગામ નમુના નંબર ૬ ના હક્કપત્રકના રેકર્ડમાં ફેરફાર નોંધ નંબર ૧૩૯૪૬ થી પડેલ છે અને જે ફેરફાર નોંધ પ્રમાણીત થવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે., આમ તે રૂઈએ સદર જમીનના (૧) મહેન્દ્રકુમાર જયચંદલાલ શાહ તથા (૨) શૈલેષકુમાર સેવંતીલાલ શાહના કુલ સ્વતંત્ર સંયુક્ત માલિક કબજેદાર અને ભોગવટેદાર પ્રસ્થાપિત થયેલા છે, અને સદર જમીન (૧) મહેન્દ્રકુમાર જયચંદલાલ શાહ તથા (૨) શૈલેષકુમાર સેવંતીલાલ શાહએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત) માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૯/૧૦/૨૦૨૬

Kavya Manish Shah,
Advocate
910, Sun Avenue One, Shyamal-Manekbaug Road, Ahmedabad–380015. Ph.no.- 87809 42447

જાહેર નોટિસ

જીલ્લો અમદાવાદ, તાલુકો સાણંદ, મોજે ગોધાવી ની સીમના સરવે/બ્લોક નં. ૬૯૪ ની બીનખેતીની જમીન ઉપર શ્રી નીરલ કોર્પોરેશન ની તુલીપ વિલેજ ના નામથી આવેલી યોજનાના પ્લોટ નં. ૭૫ ની ૧૦૦૩ ચો.વાર જમીન રમાબેન આર. પટેલ તથા શ્રી રજનીકાંત પી. પટેલ ની માલીકી, કબજા, ભોગવટાની બોજારહીતની આવેલી હોવાનું જણાવી અમારા અસિલ વિરેન અશ્વિનભાઈ પટેલ ને વેચાણ આપવાનું નકકી કરી અમારી ટાઈટલ ઓપીનીયન સટીફીકેટ માંગેલ છે જેથી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, દાવો ઈત્યાદી કાંઈ પોસાતો હોયતો નીચેના સરનામે દિન ૭ માં લેખતી પુરાવા સહીત રજી. પોસ્ટથી જાણ કરવી અન્યથા મજકુર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો દાવો ઈત્યાદી કાંઈ પોસાતો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી ટાઈટલ ઓપીનીયન સટીફીકેટ આપવામાં આવશે.

નીલેશ એન. પટેલ, એસોસીએટસ
પરેશા બી. પટેલ (એડવોકેટ)
૫૦૭, પાંચમો માળ, શીવાલીક સત્યમેવ, એસ.પી. રીંગરોડ, આંબલી, અમદાવાદ.
મો. ૯૦૫૪૬૮૪૧૫૯

જાહેર નોટિસ

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૪(પાલડી) તથા તાલુકા વેજલપુરના મોજે જોધપુર ગામની સીમના સર્વે નં. ૮૦/૧, ૮૦/૨ ૮૫, ૮૬, ૮૭, ૯૯ તથા ટી.પી. સ્કીમ નં-૪(વેજલપુર) ના ફાઈનલ પ્લોટ નં-૧૭૮ ની જમીન પર આવેલ 'અશોકનગર કો-ઓ. હા.સો.લી.' માં આવેલ ટેનામેન્ટ નં. ઈ- ૩૪ ની ૯૦ ચો.મીટર જમીન તથા તેમાં આવેલ ૧૧૬. ૪૮ ચો.મીટરના બાંધકામ સહિતની મીલકત કૈલાશબેન ચંદુલાલ જૈનની સ્વતંત્ર માલીકી, કબ્જા, ભોગવટાની અને બોજારહિત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ અભિપ્રાયની માંગણી કરેલ છે. ઉપરોક્ત મીલકત ઉપર જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના દસ્તાવેજી પુરાવા સહિત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત મીલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો યાને વેવ કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ અભીપ્રાય આપીશું તેની નોંધ લેવી.

તા. ૨૯/૧૦/૨૦૨૬

ઓઝા એન્ડ એસોસીએટ્સ
કલ્પના ડી. ઓઝા એડવોકેટ એન્ડ નોટરી
૮૫, મેનેજમેન્ટ એન્કલેવ વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫ ફોન નં. ૦૭૯-૪૮૦૦૧૫૭૧

જાહેર નોટિસ

જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે નિધરાડની સીમના સર્વે નંબર - ૭૦૭ વિગેરેની બીનખેતીની જમીન ઉપર આવેલ શ્રી વલ્લભ કો. ઓ. હા. સો. લી. ની 'રવિજા' ના નામથી ઓળખાતી યોજનામાં સેક્ટર નંબર - ૨ માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર - ૨૦૫ ની ૫૦૦ ચોરસવારની બીનખેતીની જમીન પ્રવીણચંદ્ર છોટાલાલ શાહ એ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સદરહુ પ્લોટ ની જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

અમદાવાદ.
તા. ૩૦-૧૦-૨૦૨૬.

મુકેશ જી.પંડ્યા, એડવોકેટ
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. 98258 09777
Mob. : 98259 09777

જાહેર નોટિસ

અમો એડવોકેટ હરીશ આર. જોષી, તે અમારા અસીલની સૂચનાથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા તમામને જણાવીએ છીએ કે, જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તાલુકો ધોલેરાના મોજે ગામ કમીયાળા ની સીમના બ્લોક/સર્વે નં. ૨૭ જેનો સમાવેશ સીટી સર્વે લીમીટમાં થતા સીટી સર્વે કચેરી ધોળકાના સીટી સર્વે વોર્ડ કમીયાળા (બીનખેતી) ના શીટ નં. એનએ-૯૯ ના સીટી સર્વે નં. એનએ-૨૭ વાળી ૧૧૭૩૬ સ.ચો.મી. બીનખેતી થયેલ જમીન ઉપર SHIVGAN INFRATECH ના પ્રોપરાયટર ગણપત ડી મંડા દ્વારા તૈયાર કરવામાં આવેલ યોજના શ્રીરામ પરિસર ના નામથી ઓળખાય છે તેમાં આવેલ સબ પ્લોટ નં. ૪૧ ની ૬૪.૯૮ સ.ચો.મી. ક્ષેત્રફળ વાળો પ્લોટ અમારા અસીલને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે, તેથી અમારા અસીલે સદરહું સબ પ્લોટ અંગેના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી અમારી પાસે કરેલ હોઈ, સદરહું સબ પ્લોટ નં. ૪૧ ની જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો હક્ક, દાવો, અલાખો કે બોજો હોય કે કોઈપણ વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ સબ પ્લોટ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, હક્ક, હિસ્સો, દાવો, અલાખો, લાગભાગ, હિત નથી અથવા હોય તો તે જતો કરેલ છે તેમ માની સદરહું સબ પ્લોટનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ અમારા અસીલ સદરહું સબ પ્લોટ વેચાણ રાખવાની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

તા.૨૯.૧૦.૨૦૨૬
અમદાવાદ

હરીશ આર. જોષી
એડવોકેટ
ADD : C-301, AVADH DREAMLAND, NR. DEV SRUSHTIAPARTMENT, B/H. SHUKAN-6, OPP. SCIENCE CITY, SOLA-BHADAJ ROAD, SOLA, AHMEDABAD-380060
(M) 9824414497

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી) ના તાલુકા સાબરમતીના ગામ મોજે : કોચરબની સીમની તેમજ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૦ ના ફાયનલ પ્લોટ નંબર-૨૨૯ પૈકીનાં હિસ્સા નંબર-૫ તરીકેની અને સીટી સરવે કચેરી અમદાવાદનાં વોર્ડ : ગુલબાઈ ટેકરાનાં સીટી સરવે નંબર-૬૯૫ તરીકેની કુલ ૧૯૦૧ સમચોરસમીટરનાં ક્ષેત્રફળની બીનખેતીની જમીન તેમજ તેની ઉપર આવેલ તમામ બાંધકામ સહીતની મિલકત (જે 'લલ્લુભાઈ પાર્ક' નાં પ્લોટ / બંગલા નંબર-૧૦ તરીકે ઓળખાય છે) તે મુજબની જમીન પૈકીની ઉત્તર દિશા તરફની ખાનગી સબ-પ્લોટ નંબર-૧૦/એ વાળી ૯૫૦.૫૦ સમચોરસમીટરનાં ક્ષેત્રફળની જમીન અને તેની ઉપર આવેલ તમામ બાંધકામ સહીતની મિલકત એક, ટિવીંકલ માર્કેટીંગ પ્રાઈવેટ લિમીટેડ, અમદાવાદનાની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની અને તમામ પ્રકારનાં બોજા અને વિવાદ રહીત આવેલી છે. વધુમાં સદર ૧૯૦૧ સમચોરસમીટરનાં ક્ષેત્રફળની જમીન અંગેનો તારીખ ૧૬-૦૫-૧૯૬૦ નાં રોજ, સબ-રજીસ્ટ્રારશ્રી અમદાવાદનાની કચેરીમાં નોંધણી ક્રમાક-૩૯૧૯ હેઠળ નોંધાયેલ અસલ બક્ષીસ પત્રનો લેખ, ખોવાઈ ગયેલ છે અને નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરવાં છતાં સદર અસલ લેખ, સદરહુ કંપનીને અને-અગર તેનાં ડાયરેકટર્સને મળી આવતો નથી. આ મુજબનું જણાવીને સદરહુ કંપની વતી અને તરફથી તેનાં અધિકૃત ડાયરેકટરશ્રી એ, સદરહુ કંપનીની ઉપર જણાવ્યા મુજબની મિલકત બાબતમાં અમારી પાસેથી ટાઈટલ કલીઅરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી ઉપરોકત જણાવેલી મિલકત કે તેનાં કોઈપણ ભાગ ઉપર, તેનાં ઉપરોકત જણાવેલ માલીક-કબજેદાર સિવાય, અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો, ચાર્જ, બોજો કે લિયન હોય અને-અથવા ઉપરોકત જણાવેલ અસલ બક્ષીસપત્રનો દસ્તાવેજ કોઈની પાસે હોય અને તે થકી સદરહુ મિલકત કે તેનાં કોઈપણ ભાગ ઉપર તેમનો શાન ગીરો કે અન્ય કોઈ પ્રકારનો હકક હોય અને-અગર સદરહુ મિલકત બાબતમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય, તો તેવી જે તે વ્યકિતએ તેમનાં હકક દાવા કે વાંધા તકરાર બાબતનાં લેખીત પુરાવાની પ્રમાણીત નકલો સહીત અમોને સ્પીડ પોસ્ટથી અને-અગર અન્ય અધિકૃત માધ્યમ ધ્વારા આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં દીન-૧૦ (દસ) માં તેની લેખીતમાં જાણ કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો મુદત વીતે ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી તે જાણશો.

તારીખ : ૩૦-૧૦-૨૦૨૬

કમલેશ સી. શાહ, એડવોકેટ
બી/૧૩, સોમેશ્વર રો-હાઉસ વિભાગ-૧, બિલેશ્વર મહાદેવ પાસે, ૧૩૨ ફૂટ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન - ૦૭૯ - ૩૫૯૦ ૫૪૬૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું ડીસ્ટ્રીક્ટ-કચ્છ, સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકા ભચાઉના મોજે ગામ વાંઢીયા ના રેવન્યુ બ્લોક/સર્વે નં.૩૩૩ ની કુલ ૩૦૫૫૪ ચોરસ મીટરની ઔદ્યોગિક હેતુની બિનખેતીની જમીન અમારા અસીલ Sphera Recycling Industries Private Limited ની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે. અમારા અસીલના જણાવ્યા મુજબ સદર જમીનને લગતા અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવજ જેના અનુક્રમ નં.629 તારીખ 15.04.1999 અમારા અસીલથી કયાંક મુકાઈ ગયેલ હોઈ, ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતાં નથી. અમારા અસીલના જણાવ્યા અનુસાર આ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ જો કોઈને મળી આવે તો દિન-૭ માં પરત આપી જવાં તેમજ તેના આધારે અમારા અસીલે કોઈ વ્યક્તિ, પેઢી, સરકારી કે ખાનગી બેંક અથવા કોઈપણ નાણાકીય સંસ્થાને ગીરો તરીકે આપેલ નથી કે તેના આધારે સદર મિલકત ઉપર કોઈ પણ પ્રકારની લોન કે ધિરાણ મેળવેલ નથી અને જો કોઈ વ્યક્તિ, પેઢી, બેંક કે નાણાંકીય સંસ્થાનો ઉપરોક્ત મિલકતમાં કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક-હિસ્સો, ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં નીચેની સરનામે રજી. એ.ડી. દ્વારા લેખીત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (Waive) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની નોંધ લેશો.

અમદાવાદ
તારીખ - ૨૯/૧૦/૨૦૨૬

સૌરભ નાહટા એન્ડ એસોસીએટસ
સૌરભ નાહટા (એડવોકેટ)
કૃતિ નાહટા (એડવોકેટ)
એલ.એલ.એમ., આઈ.પી.આર.
કોર્પોરેટ હાઉસ, 'નવકાર' ૨૨,નીના સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે, આંબાવાડી, અમદાવાદ-380015
(મોબાઈલ નં. 63519 21897)

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા વિરમગામનાં મોજે ગામ દસલાણાની સીમનાં ખાતા નં.૧૨૬૬ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૮૭૮ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૪૯૧/૨) વાળી હે.આરે.ચો.મી. : ૧-૫૧-૬૫ ખેતરની ખેતીની જમીન, દુષ્યંતભાઈ ભાવજીભાઈ પટેલ એ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૩૦/૧૦/૨૦૨૬
અમદાવાદ

મોદી લૉ એસોસીએટ્સ
મૌલીક દિલીપભાઈ મોદી
એડવોકેટ
અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, ''બી'' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯. ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

જાહેર નોટિસ

ગામ - બહિયલ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર, સબ ડીસ્ટ્રીકટ દહેગામના, દહેગામ તાલુકાના મોજે ગામ બહિયલની સીમના બ્લોક/સર્વે નં.૨૯૭ (જુનો સર્વે/ બ્લોક નં.૧૪૬/૨) ની કુલ ૧૦૭૬૫ ચો.મીટર પૈકી મિતેશકુમાર નટવરલાલ પટેલની ૫૩૮૨.૫૦ ચો.મીટર જમીન તેમની, કુલ, સંપુર્ણ, સ્વતંત્ર, માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ જણાવીને મજકુર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીક સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઈઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઇપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીક સિવાય બીજા કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજા કે અલોખો, ગણોત હક્ક કે ઈઝમેન્ટનો હક્ક વિગેરે કાંઇપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ.
તા.૨૯-૧૦-૨૦૨૬

નિખીલકુમાર જી. પ્રજાપતિ (એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઈટ્સ પાસે, કઠવાડા જીઆઈડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
મો. ૯૮૭૯૦૪૧૧૨૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીક્ટ અને તાલુકા કલોલના મોજે ગામ રકનપુરની સીમના બ્લોક નંબરઃ ૧૨૧૮ (જુના બ્લોક નંબરઃ ૪૩૩) ની કુલ સમચોરસમીટરઃ ૪૭૫૫ ની બીનખેતીની જમીન તથા બ્લોક નંબરઃ ૧૨૨૫ (જુના બ્લોક નંબરઃ ૪૪૦) ની કુલ સમચોરસમીટરઃ ૪૨૪૯ ની બીનખેતીની જમીન એમ બંને જમીનો ''મહેશ્વર (રકનપુર) કો.ઓ.હા.સો.લી'' ની આવેલી છે, જે સોસાયટી "વ્રજભુમિ" ના નામે ઓળખાય છે, જેમાં પ્લોટો પૈકી પ્લોટ નંબરઃ ૪૧૬ ની કુલ સમચોરસમીટરઃ ૩૫૭ જેના આશરે સમચોરસવારઃ ૪૨૭ ની રહેણાંક હેતુની બીનખેતીની જમીન અમારા અસીલ હંસીકાબેન સલીલભાઈ રાવલની કુલ સ્વતંત્ર, માલીકીપણા તથા કબજા ભોગવટાની ચાલતી આવેલી છે, અને સદર જમીન મહેશ્વર(રકનપુર) કો.ઓ.હા.સો.લી.એ રેખાબેન મનસુખલાલ વરસાણીની તરફેણમાં તારીખઃ ૨૮/૦૪/૨૦૦૬ ના રોજ અનુક્રમ નંબરઃ ૨૩૦૭ થી રજીસ્ટર્ડ કરી આપેલ અસલ એલોટમેન્ટ એગ્રીમેન્ટથી ખરીદેલ, તેમજ સદર જમીન રેખાબેન મનસુખલાલ વરસાણી પાસેથી અમારા અસીલ હંસીકાબેન સલીલભાઈ રાવલએ તારીખઃ ૧૪/૦૨/૨૦૦૮ ના રોજ અનુક્રમ નંબરઃ ૧૦૦૬ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજથી ખરીદેલ છે, અને સદર જમીન અંગે તારીખઃ ૨૮/૦૪/૨૦૦૬ ના રોજ અનુક્રમ નંબરઃ ૨૩૦૭ થી રેખાબેન મનસુખલાલ વરસાણીથી રજીસ્ટર્ડ કરવામાં આવેલ અસલ એલોટમેન્ટ એગ્રીમેન્ટ અમારા અસીલથી ખોવાઈ/ગેરવલ્લે થયેલ છે, જેની શોધખોળ કરતા મળી આવેલ નથી, જેની અમારા અસીલએ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી/ફરીયાદ પણ આપેલ છે, તેમજ તેવો ઓરીજનલ એલોટમેન્ટ એગ્રીમેન્ટ કોઈ વ્યક્તિ, શખ્સ, કે સંસ્થાને મળી આવે તો અમોને નીચે જણાવેલ સરનામે સંપર્ક કરી મોકલી આપશો અગર તો જાણ કરશો, તેમજ તેવો અસલ એલોટમેન્ટ એગ્રીમેન્ટ કે સદરહુ જમીન ઉપર કોઈ વ્યક્તિ, શખ્સ, સંસ્થાના, બેંકનો બોજો કે કબજો હોય તેમજ કોઈનો પણ હકક, હિત, હિસ્સો પોષાતો હોય તો તે અંગેની લેખિત જાણ પુરાવા સહીત આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને નીચે દર્શાવેલ સરનામે કરવી, અન્યથા મુદત વિત્યે ઉપરોક્ત દર્શાવેલ જમીન ઉપર કોઈ વ્યક્તિ, શખ્સ, સંસ્થાના, બેંકનો બોજો કે કબજો તેમજ કોઈનો પણ હકક, હિત, હિસ્સો પોષાતો નથી તેમ સમજી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તે અંગેનું સર્ટીફીકેટ/અભિપ્રાય ઈસ્યુ કરવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખઃ ૨૮/૧૦/૨૦૨૬

વૈભવ કે. સોનપાલ એસોસીએટ્સ
એડવોકેટ્સ
વૈભવભાઈ કનુભાઈ સોનપાલ
એડવોકેટ
૪૧૯/એ, સીલ્વર રેડીયન્સ-૨, એમ્પાયર બીઝનેસ હબની સામે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ- ૩૮૦૦૬૦.
(મો.) ૯૭૩૭૬૭૬૪૫૦.

દરેક ઉજવણી.
પ્રેસ્ટિજની એક ખાસ પળ.
Prestige
VECTRA
સુપિરિયર ટફન્ડ ગ્લાસ
ક્લીનિંગ સ્ટેન્ડ
ગેસ લાઇટર હોલ્ડર
મફત*
₹4,235.00 ની કિંમતનો ટ્રાઇ-પ્લાય આઉટર-લિડ પ્રેશર કૂકર (3L)
ખરીદો
કોઈપણ 750W / 1000W ફૂડ પ્રોસેસર
@25% છૂટ*
અને
મેળવો
₹3,100.00 ની કિંમતનો
PMC 3.0 + મલ્ટીકૂકર મફત*
ખરીદો
કોઈપણ એર ફ્રાયર
@30% છૂટ*
અને
મેળવો
ન્યુટ્રી-મેટ
₹1,899.00*ની
વિશેષ કિંમતે
ખરીદો
કોઈપણ ઈન્ફ્રારેડ અથવા ઈન્ડક્શન કૂકટોપ
@30% છૂટ*
અને
મેળવો
ટ્રાઇ-પ્લાય મિની BYK સેટ
₹2,095.00*ની
વિશેષ કિંમતે
INDIA'S MOST TRUSTED KITCHEN SOLUTIONS BRAND
વધુ રોમાંચક ઓફર્સ મેળવવા માટે સ્કેન કરો
080-60004411
Scan to connect
શુભ ઉત્સવ
2026

Prestige

ગુજરાત સમાચાર

ડ્રેગનની નવી હિલચાલ

બ્રિક્સ સહિત અનેક આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર મિત્રતાની સતત હિમાયત કરતા ચીન દ્વારા વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર તણાવ પેદા કરવાના અહેવાલો ચિંતાનું કારણ છે. અરુણાચલ પ્રદેશ સરહદ પર ભારત અને ચીન વચ્ચે સામસામેના અહેવાલો બાદ રાજકીય તણાવ વધુ તીવ્ર બન્યો છે. હકીકતમાં, ભારત-તિબેટીયન બોર્ડર પોલીસના ડિરેક્ટર જનરલ શત્રુઘ્ન કપૂરે હમણાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશમાં છેલ્લા કેટલાક સમયથી ITBP અને PLA સૈનિકો આમને-સામને છે. આ પરિસ્થિતિ બદલાઈ નથી. તેમના નિવેદન બાદ, કોંગ્રેસ અને વિપક્ષે કેન્દ્ર સરકારને ઘેરવાનું શરૂ કર્યું છે. વિપક્ષ આ મુદ્દે સરકારના મૌન પર સવાલ ઉઠાવી રહ્યો છે. આ વર્ષે જુલાઈમાં ઉત્તરપૂર્વીય સરહદ પર તણાવ શરૂ થયા પછી આ પહેલી સત્તાવાર પુષ્ટિ છે. જેને એનડીએ સરકાર સતત છુપાવે છે એ વાત જાહેર થઈ ગઈ છે.

અરુણાચલ પ્રદેશના સુબનસિરી જિલ્લાના આસાફિલા અને માજા વિસ્તારોમાં આ તણાવ ચાલુ છે. સરહદી તણાવ અને વિપક્ષી હુમલાઓના ખુલાસા બાદ, વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે બંને દેશો વાસ્તવિક નિયંત્રણ રેખા પર વિવાદો ઉકેલવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે. બંને પક્ષો માને છે કે ભારત-ચીન સંબંધોમાં સુધારો સરહદ પરની શાંતિ પર આધાર રાખે છે. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે તેને ભારતનો સાર્વભૌમ પ્રદેશ તરીકે માન્યતા આપવામાં આવી હોવા છતાં, અરુણાચલ પ્રદેશને દક્ષિણ તિબેટ કહેવું, ચીનના નાપાક ઈરાદાઓને પ્રતિબિંબિત કરે છે. ITBP (ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ)ના ખુલાસામાં એ પણ નોંધવામાં આવ્યું છે કે જુલાઈથી બંને દેશો વચ્ચે ત્રણ ઉચ્ચ-સ્તરીય બેઠકો થઈ છે, પરંતુ તણાવ ઓછો થયો નથી. આ સમયગાળા દરમિયાન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ BRICS સમિટમાં હાજરી આપવા માટે ભારતની મુલાકાતે આવ્યા હતા. આ જ કારણ છે કે કોંગ્રેસ પાર્ટી આરોપ લગાવી રહી છે કે જુલાઈથી સરહદી તણાવના સમાચાર દેશથી છુપાવવામાં આવ્યા છે.

દેશ અત્યારે ભારત-ચીન વચ્ચે ૩,૫૦૦ કિલોમીટર લાંબી સરહદ પરના વિવાદો અંગે ચિંતિત છે. ૧૯૬૨ ના ચીની હુમલાના ઘા ભારતીયોના હૃદયમાં હજુ સુધી રૂઝાયા નથી. મુખ મેં રામ ને બગલમેં છુરી-ની ચીનની નીતિ પર વિશ્વાસ કરવો અશક્ય છે. તાજેતરના વર્ષોમાં, દેશવાસીઓને ગલવાન ખીણની છેતરપિંડી યાદ છે, જ્યારે આપણે આપણા વીસ બહાદુર સૈનિકો ગુમાવ્યા હતા. દરમિયાન, વાર્ષિક હિમવીર એવોર્ડ સમારોહ દરમિયાન, ભારત-તિબેટીયન બોર્ડર પોલીસના ડીજી શત્રુઘ્ન કપૂરે જણાવ્યું કે અરુણાચલ સરહદ પર તણાવ દરમિયાન ITBP કમાન્ડો સતર્ક રહ્યા હતા. તેમણે કહ્યું કે અમારી નવી રચાયેલી શૌર્ય કમાન્ડો ટીમોએ આ સમયગાળા દરમિયાન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. રાજસ્થાનના અલવરમાં સેન્ટ્રલ ટ્રેનિંગ કોલેજમાં આયોજિત કાર્યક્રમમાં, કપૂરે ચીનની અદ્યતન લશ્કરી ટેકનોલોજીનો સામનો કરવા માટે આધુનિક શસ્ત્રોની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડ્યો હતો.

તેમણે સ્વીકાર્યું કે પરંપરાગત શસ્ત્રો અને યુક્તિઓથી ચીનનો સામનો કરવો મુશ્કેલ બનશે. ચીને તેની માળખાગત સુવિધાઓ અને શસ્ત્રોના આધુનિકીકરણમાં ભારે રોકાણ કર્યું છે. આધુનિક યુદ્ધમાં થયેલા ફેરફારોનો ઉલ્લેખ કરતા, ડીજીએ કહ્યું કે આજે, ડ્રોન જેવી ટેકનોલોજીથી, નાના દેશો પણ મોટા દેશોનો સામનો કરી રહ્યા છે. તેમણે ઈરાન દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સનો સામનો કરવા અને યુક્રેન દ્વારા રશિયાને થઈ રહેલા નોંધપાત્ર નુકસાનનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું હતું કે ITBPના આધુનિકીકરણ માટે ૪,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આમાંથી, ડ્રોન વિરોધી સિસ્ટમોને મજબૂત બનાવવા સહિત ૧,૦૦૦ કરોડ રૂપિયા ડ્રોન ક્ષમતાઓ વધારવા માટે ખર્ચવામાં આવશે. આ હેતુ માટે ડ્રોન પ્લાટૂન બનાવવામાં આવી છે. ડ્રોન પાઈલટ્સને તાલીમ આપવામાં આવી રહી છે. આપણા પોતાના ડ્રોન બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. ભૂગર્ભ આશ્રયસ્થાનો બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ભવિષ્યમાં, ભૂગર્ભ માળખાં કાયમી સુરક્ષા વ્યવસ્થાનો ભાગ બનશે. નિઃશંકપણે, ગાલવાન જેવા ભવિષ્યના સંઘર્ષને રોકવા માટે હવે તૈયારીઓ જરૂરી છે.

અરૂણાચલની સાથે ચીન ભૂતાન પર પણ તરાપ મારવાની કોશિશ કરે છે. ભારતના સર્વ પડોશી દેશોમાં એકમાત્ર ભૂતાન એવો દેશ છે, જે જગજાહેર રીતે ભારતના ખોળે બેઠેલો છે. સંપૂર્ણ રીતે સ્વતંત્ર દેશ હોવા છતાં ભૂતાનમાં એવી રાજકીય સંસ્કૃતિ અને પરંપરા વિકસેલી છે કે તે ભારતને પોતાના ગોડફાધર કે ભીષ્મ પિતામહ માને છે અને આજ સુધી ભારતની આજ્ઞામાં રહે છે.

અમેરિકામાં મિડ-ટર્મ ઈલેક્શન : ટ્રમ્પના બે વર્ષ નિરંકુશ રહેશે કે અંકુશ લાગશે તે નક્કી કરતી ચૂંટણી

અમેરિકન સરકારનું નેતૃત્વ પ્રમુખ પાસે રહે છે. આંતરિક અને બાહ્ય પૉલિસી પ્રમુખ નક્કી કરે છે, પરંતુ અમેરિકન કોંગ્રેસના ઉપલા અને નીચલા ગૃહ પાસે પ્રમુખને અંકુશમાં લાવવાની સત્તા રહે છે. પ્રમુખ કોઈ નવો નિયમ લાગુ પાડે કે નવી પૉલિસી અમલી બનાવે તો તેમાં અમેરિકન કોંગ્રેસની મંજૂરી જરૂરી બની જાય છે. કોઈ દેશને સહાય કરવી હોય કે કોઈ યોજના માટે ફંડ ફાળવવું હોય, પ્રમુખ તેની જાહેરાત કરે પછી અમેરિકન કોંગ્રેસે મંજૂરી આપવાની રહે છે. મોટાભાગે અમેરિકન કોંગ્રેસ બિનજરૂરી દખલ કરતી નથી, પરંતુ ટ્રમ્પ જેવા એકહથ્થુ શાસન ચલાવવાની માનસિકતા ધરાવતા પ્રમુખ હોય ત્યારે અમેરિકન કોંગ્રેસ સંતુલન જાળવવાની પૉલિસી અજમાવે છે. તેના પરિણામે અમેરિકન કોંગ્રેસના બંને ગૃહોમાં સત્તાપક્ષની બહુમતી છે કે વિપક્ષની બહુમતી છે તે ખૂબ મહત્ત્વનું બની જાય છે.

અમેરિકામાં નીચલા ગૃહ એટલે કે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની કુલ ૪૩૫ બેઠકો છે. બહુમતી માટે ૨૧૮ બેઠકોની જરૂર પડે છે. અત્યારે ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે પૂરતી ૨૧૮ બેઠકો છે. નીચલા ગૃહની ચૂંટણી દર બે વર્ષે થાય છે. પ્રમુખપદની ચૂંટણીની સાથે એક વખત ચૂંટણી યોજાય તે પછી પ્રમુખને બરાબર બે વર્ષ પૂરા થાય ત્યારે આખા નીચલા ગૃહની ચૂંટણી થાય. અમેરિકામાં ઉપલા ગૃહનું આપણાં રાજ્યસભા જેવું છે. દરેક સાંસદની છ વર્ષની ટર્મ હોય છે. દર બે વર્ષે ૧૦૦માંથી ૩૪ અથવા ૩૫ બેઠકો ખાલી થતી હોય છે એટલે એ બેઠકો માટે મિડ-ટર્મમાં ચૂંટણી થાય છે.

મિડ-ટર્મનો શબ્દશઃ અર્થ જ એ થાય છે કે કાર્યકાળની વચ્ચે. પ્રમુખના કાર્યકાળની બરાબર અધવચ્ચે આ ચૂંટણી આવે છે અને એમાં પ્રમુખે બે વર્ષ સુધી કેવું કામ કર્યું તેનું મૂલ્યાંકન થાય છે. એના લેખાં-જોખાં કરીને મતદારો મત આપે છે. મિડ-ટર્મ ઈલેક્શન અમેરિકામાં જે વર્ષે થાય ત્યારે દિવસ નક્કી હોય છે. નવેમ્બરના પહેલા મંગળવારે મતદાન થાય છે. આ વર્ષે ૩જી નવેમ્બરે મિડ-ટર્મ માટે મતદાન થશે. આ ચૂંટણીને ધ્યાનમાં રાખીને અમેરિકાના બે મુખ્ય હરીફ - રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીઓ પૂરજોશમાં ચૂંટણી પ્રચાર કરે છે. ટ્રમ્પની આક્રમક નીતિઓનો હવાલો આપીને વિપક્ષ ડેમોક્રેટિક પાર્ટી રિપબ્લિકન પાર્ટીને ઘેરે છે. ડેમોક્રેટિક પાર્ટીના ચૂંટણી પહેલાં નીચલા ગૃહમાં ૨૧૩ સાંસદો હતા. ટ્રમ્પના ૨૧૮ સાંસદો હતા. અત્યાર સુધી બહુમતી માટે પર્યાપ્ત સાંસદો હોવાથી ગૃહમાં સંઘર્ષ છતાં કામ ચાલી જતું હતું. ડેમોક્રેટિક પાર્ટી બહુમતીનો આંકડો મેળવવા ધારે છે. વળી, બહુમતી હોય એ



પાર્ટીના સ્પીકર બને છે એટલે ગૃહનું સંપૂર્ણ નિયંત્રણ એ પાર્ટી પાસે આવી જાય છે.

સંસદના ઉપલા ગૃહમાં ૧૦૦ બેઠકો છે. બહુમતી માટે ૫૩ બેઠકોની જરૂર પડે છે. મિડ-ટર્મ ઈલેક્શનમાં ૩૫ બેઠકોની ચૂંટણી થવાની છે. અત્યારે ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાસે બહુમતી માટે પર્યાપ્ત ૫૩ બેઠકો છે, પરંતુ ૩૫ બેઠકોની ચૂંટણી પછી એનું

વર્લ્ડ વિન્ડો

ચિત્ર બદલાશે. ડેમોક્રેટિક પાર્ટીના સેનેટર્સની સંખ્યા ચૂંટણી પહેલાં ૪૫ હતી. કદાચ એ વધીને ૪૮-૫૦ થશે. છતાં ટ્રમ્પને ઉપલા ગૃહમાં મોટો ફટકો નહીં

અમેરિકામાં ૩જી નવેમ્બરે મિડ-ટર્મ ચૂંટણી થવાની છે. ડેમોક્રેટિક પાર્ટી પાસે ગૃહમાં દબદબો બનાવવાની તક રહેશે. ટ્રમ્પની પાર્ટી રિપબ્લિકન હારશે તો અમેરિકામાં ઘણું બદલાશે

પડે. જે રાજ્યોમાં ઉપલા ગૃહની બેઠકો ખાલી થઈ છે ત્યાં રિપબ્લિકન પાર્ટીની મજબૂત પક્કડ છે એટલે ઘણી ખરી બેઠકો ફરીથી રિપબ્લિકનના ખાતામાં આવી જશે.

મિડ-ટર્મમાં બંને ગૃહોના સભ્યો ઉપરાંત ૩૯ ગવર્નરની પણ ચૂંટણી થશે. વહીવટની રીતે રાજ્યના ગવર્નર પાસે ઘણી સત્તા રહેતી હોવાથી તેનું પરિણામ પણ અગત્યનું રહેશે. સામાન્ય રીતે મિડ-ટર્મ ઈલેક્શન દરેક પ્રમુખ અને સત્તાધારી પાર્ટી માટે સેમિ-ફાઈનલ જેવી બની રહેતી હોય છે. એનાથી જનતાનો મિજાજ કઈ તરફ છે તે જાણીને પૉલિસીમાં, યોજનાઓમાં ફેરફાર થતો હોય છે. ટ્રમ્પ માટે એટલે તો આ ચૂંટણી મહત્ત્વની છે જ, પરંતુ આગામી બે વર્ષ કેવા રહેશે તે પણ આ ચૂંટણી પરિણામો જણાવશે. જો બંને ગૃહોમાં રિપબ્લિકન પાર્ટીની બહુમતી જળવાઈ રહે, તો પછીના બે વર્ષમાં ટ્રમ્પ અમેરિકન ઈતિહાસના સૌથી નિરંકુશ અને આક્રમક પ્રમુખ સાબિત થશે.

સૌથી પહેલી અસર આર્થિક મોરચે દેખાશે. ટ્રમ્પનો મેક અમેરિકા ગ્રેટ અગેઈન એજન્ડા કોઈ પણ વિઘ્ન વગર આગળ વધશે. ટેક્સ કટ કાયમી થશે. ચીન, ભારત, યુરોપ કે અન્ય દેશોમાંથી આયાત થતી ચીજવસ્તુઓ પર તોતિંગ ટેરિફ લાદવાના ટ્રમ્પના નિર્ણયોને સંસદનું કાયદાકીય પીઠબળ મળશે. ઈમિગ્રેશન મુદ્દે ટ્રમ્પની નીતિઓ વધુ આકરી બનશે. મેક્સિકો બોર્ડર પર દીવાલ બનાવવા માટે અબજો ડાલ્લરનું ફંડ તાત્કાલિક મંજૂર થશે અને દેશમાં ગેરકાયદે વસતા લાખો લોકોને ડિપોર્ટ કરવાનું અભિયાન વેગીલું બનશે. કાયદેસર ઈમિગ્રેશન, ખાસ કરીને એચ-વનબી વિઝા અને ગ્રીન કાર્ડના નિયમો વધુ કડક બનાવવાના કાયદા સરળતાથી પાસ થઈ જશે.

ત્રીજું અને સૌથી મોટું પાસું ન્યાયતંત્રનું છે. સેનેટ પાસે સુપ્રીમ કોર્ટ અને ફેડરલ કોર્ટના જજોની આજીવન નિમણૂક મંજૂર કરવાની સત્તા છે. સેનેટ હાથમાં હોવાથી ટ્રમ્પ કન્ઝર્વેટિવ વિચારધારા ધરાવતા યુવાન જજોની નિમણૂક કરશે, જે આગામી પચ્ચીસ-ત્રીસ વર્ષ સુધી અમેરિકાના સામાજિક કાયદાઓ પર રિપબ્લિકન છાપ છોડશે. આંતરરાષ્ટ્રીય સ્તરે યુક્રેનને મળતી લશ્કરી સહાય લગભગ બંધ થઈ જશે અને નાટો દેશો પર પોતાની સુરક્ષાનો ખર્ચ જાતે ઉઠાવવાનું દબાણ વધશે.

જો પરિણામો વિપક્ષ ડેમોક્રેટિક પાર્ટીની ફેવરમાં આવે તો ટ્રમ્પ પર અંકુશ લાગશે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અથવા તો બંને ગૃહો પર ડેમોક્રેટ્સ પોતાના કબજે કરી લેશે તો વોશિંગ્ટનમાં આગામી બે વર્ષ સુધી રાજકીય મડાગાંઠ સર્જાતી રહેશે. આ સ્થિતિ ટ્રમ્પ માટે મોટો માથાનો દુખાવો બનશે. ટ્રમ્પનો કોઈ પણ નવો કાયદો સંસદમાંથી પાસ થઈ શકશે નહીં. અમેરિકાના બંધારણ મુજબ દેશની તિજોરીની ચાવી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ પાસે છે. ડેમોક્રેટિક સ્પીકર બજેટ મંજૂર ન કરે તો સરકાર ચલાવવી અશક્ય બની જાય. પરિણામે વ્હાઈટ હાઉસ અને કોંગ્રેસ વચ્ચેની ખેંચતાણમાં અમેરિકામાં વારંવાર ગવર્નમેન્ટ શટડાઉન એટલે કે સરકારી કામકાજ ઠપ થઈ જવાના દૃશ્યો સર્જાશે.

ડેમોક્રેટિક પાર્ટી મજબૂત બનશે તો તપાસ અને સમન્સનો મારો શરૂ ચાલશે. નીચલા ગૃહની તમામ કમિટીઓના ચેરમેન ડેમોક્રેટ્સ બનશે એટલે ટ્રમ્પના બિઝનેસ હિતો, વિદેશી નેતાઓ સાથેના વ્યવહારો અને વહીવટીતંત્રના નિર્ણયો સામે ઉપરાઉપરી સંસદીય તપાસો બેસાડીને ટ્રમ્પને ઘેરવામાં આવશે. એટલું જ નહીં, ડેમોક્રેટ્સ ટ્રમ્પ સામે ત્રીજી વખત મહાભિયોગ (ઈમ્પીચમેન્ટ) લાવવાનું રાજકીય સાહસ પણ ખેડી શકે છે. સેનેટમાં બે તૃતીયાંશ બહુમતી વગર ટ્રમ્પને ખુરશી પરથી હટાવવા અશક્ય છે, છતાં ટ્રમ્પના બાકીના બે વર્ષ બચાવની સ્થિતિમાં જ પસાર થશે. ટ્રમ્પ અત્યારે જે રીતે નિરંકુશ બનીને યુદ્ધના, આર્થિક પ્રતિબંધોના, વિઝા નિયમોના નિર્ણયો કરે છે તેના પર સજ્જડ લગામ લાગશે. આ બધા કારણથી અમેરિકાના મિડ-ટર્મ ઈલેક્શન પર આખી દુનિયાની નજર છે.

અવતરણ

પ્રીતિ શાહ

સંઘ અને સરકાર એક જ ભાષા બોલી રહ્યા છે. એક એવી નીતિ કે જેમાં કોકરોચ કે વિપક્ષ અવાજ ઉઠાવવાની હિંમત ન કરે. ભવિષ્યમાં દેશના દુશ્મનને નાગરિક માનવામાં આવશે અને આપણા ઘરમાં કોકરોચ આવે ત્યારે જેવું વર્તન કરીએ છીએ તેવું વલણ પ્રદર્શનકારીઓ પ્રત્યે દાખવવામાં આવશે.

- તવલીન સિંહ (પત્રકાર)

પોલીસ અને સશસ્ત્રદળોના સાહસથી નક્સલવાદ ખતમ થઈ ગયો છે. હવે નશાની સામેના નિર્ણાયક જંગમાં બધા રાજ્યોની પોલીસે સાથે મળીને કામ કરવું પડશે. વડાપ્રધાને નશીલા પદાર્થોને સમાપ્ત કરવાની સીમા નક્કી કરી છે.

- અમિત શાહ (કેન્દ્રીય મંત્રી)

સ્વચ્છતા અને જવાબદારી નિભાવવામાં યુવાનોની પ્રતિબદ્ધતા ખરેખર પ્રશંસનીય છે. એના ઉત્સાહે સ્વચ્છતા આંદોલનની સાચી ભાવનાને ઉજાગર કરીને સ્વચ્છ અને સ્વસ્થ ભારતના નિર્માણમાં મહત્વનું યોગદાન આપવાની ભૂમિકા નિભાવી છે.

- પ્રહલાદ જોશી (કેન્દ્રીય મંત્રી)



કેટલાક રાજ્યોમાં દુષ્કાળની પરિસ્થિતિ છે તો ક્યાંક નબળા ચોમાસાને કારણે કૃષિ ઉત્પાદન ઓછું થશે. બીજી બાજુ જનતામાં અસંતોષ ઉભરી રહ્યો છે. તમામ પ્રકારના પરિબળો આમ તો નાના દેખાઈ શકે, પરંતુ એકસાથે આવે છે ત્યારે ચિંતાજનક બની જાય છે. વડાપ્રધાન આવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે ?

- શેખર ગુપ્તા ('ધ પ્રિન્ટ'ના સંપાદક)

ભારતીય મીડિયા અને રમતપ્રેમીઓએ શીખવું પડશે કે કોઈ એથ્લીટનું સમર્થન ન કરી શકો તો તેને તેના હાલ પર છોડી દો. એને નિરાશાજનક પરિસ્થિતિમાં તો બિલકુલ ન મૂકો અને તેને વિશે કોઈ ધારણા પણ ન બાંધો. ખેલાડીની સિધ્ધિને ઓછી આંકવાથી ક્યારેય કોઈ ફાયદો થતો નથી.

- બોરિયા મજુમદાર (રમતગમતના પત્રકાર)

ફિલ્મ ઉદ્યોગની દરેક મહિલાએ ક્યાંક ને ક્યાંક માનસિક દુર્વ્યવહારનો સામનો કરવો પડ્યો છે. મહિલા પ્રત્યે સન્માન એ માનવતાની સૌથી પાયાની સમજ છે. મહિલાઓની સુરક્ષા માત્ર દીકરીઓની સુરક્ષા કરો કહેવાથી નહીં આવે, પરંતુ પુરુષોના ઉછેર અને વિચારસરણીને સમાજે બદલવી પડશે.

- જાન્હવી કપૂર (અભિનેત્રી)

અમારા દેશમાં હિંસા માટે કોઈ જગ્યા નથી. પ્રદર્શન કરવાના અધિકારનું રક્ષણ કરનારી એજન્સીઓને મારું સંપૂર્ણ સમર્થન છે, પણ અરાજકતા ફેલાવનારાઓને સજા કરીશું, કારણ કે તેઓ શાંતિપૂર્ણ પ્રદર્શન કરનારાઓને અટકાવે છે.

- ઈમેનુઅલ મેક્રો (ફ્રાંસના રાષ્ટ્રપતિ)



મને ભવિષ્ય પાસે આશા કેમ છે ? કારણ કે આપણે આપણી સમસ્યાઓ અને પરેશાનીઓને જાતે જ ઉભી કરી છે. આપણો મૂળભૂત સ્વભાવ કરુણાનો છે તેથી પ્રામાણિક પ્રયત્ન કરવાથી એક શાંતિપૂર્ણ અને કરૂણાસભર વિશ્વ બનાવવું શક્ય છે.

- દલાઈ લામા (બૌદ્ધ ધર્મગુરૂ)

ભાજપને આંચકો નાગપુરમાં જ જીતી ના શક્યા

વિધાન પરિષદના જંગમાં ભાજપની ગઢ આલા પણ સિંહ ગેલા જેવી સ્થિતિ

વિધાન પરિષદની ચૂંટણીમાં મહારાષ્ટ્ર ભાજપની દશા ગઢ આલા પણ સિંહ ગેલા જેવી થઇ છે. કર્ણાટકમાં કોંગ્રેસનું શાસન હોવા છતાં ત્યાંની તમામ બેઠકો ભાજપે જીતી છે તેમ મહારાષ્ટ્ર વિધાનસભા પરિષદમાં ભાજપની ચિત્તાકર્ષક ભાજપે જીત વચ્ચે સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ નાગપુર ગ્રેજ્યુએટ્સ બેઠક ભાજપે ગુમાવી છે. જ્યાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું મુખ્ય મથક છે, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસનું હોમ ટાઉન છે તેમજ કેન્દ્રીય પ્રધાન નિતીન ગડકરી જ્યાંથી ચૂંટાયા છે ત્યાં જ ભાજપ હાર્યું છે. કોંગ્રેસની સદનસીબી છે કે તે દરેક રાજ્યમાં હાર્યું છે પણ નાગપુરની બેઠક જીતીને ભાજપના રંગમાં ભંગ પાડ્યો છે. ભાજપે ૨૮માંથી ૧૬ બેઠકો જીતી હતી. નાગપુર ગુમાવ્યાને અહીં સિંહ ગેલા સાથે સરખાવ્યું છે.

ભારતમાં રાજકીય સત્તા મેળવવાનો રંગ એટલો ઘેરો બનતો જાય છે કે સમાન્ય ચૂંટણીઓ પણ મીની યુદ્ધની જેમ લડાતી જોવા મળે છે. જ્યાં સામાન્ય પ્રજા રોજીંદા ભ્રષ્ટાચાર અને મોંઘવારીથી ત્રસ્ત છે તે મતદાન નથી કરતી એવી ચૂંટણીઓ પણ દરેક પક્ષ દાંત કચકચાવીને લડતો જોવા મળે છે. ગઈકાલે વિધાન પરિષદ (લેજિસ્લેટિવ કાઉન્સિલ)ની ચૂંટણીના પરિણામો જાહેર થયા ત્યારે ઈલેક્ટ્રોનિક મિડિયાએ તેનું વિધાનસભાની ચૂંટણીના પરિણામોની જેમ તેનું રિપોર્ટીંગ કર્યું હતું. ક્યારેય વિધાન પરિષદની ચૂંટણીઓને નેશનલ લેવલે મોટું કવરેજ નથી મળતું. કેમ કે તેની સીધી અસર વર્તમાન સરકારોની કામગીરી પર નથી પડતી.

સામાન્ય રીતે પ્રજા વિધાન પરિષદને એક શાંત અને માત્ર ઔપચારિક ગૃહ ગણે છે. તેનો કોઇ રાજકીય પ્રભાવ નથી હોતો. રાજકીય પક્ષો પણ તેને બહુ મહત્વ નથી આપતા હોતા. પરંતુ તાજેતરની આત્ત્ક્ટોબર ૨૦૨૬ની વિધાન પરિષદ ચૂંટણીઓની આસપાસ સર્જાયેલા રાજકીય તોફાને તેને હાઈ-સ્ટેક્સ યુદ્ધમેદાનમાં ફેરવી દીધું છે.

ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર અને

નાગપુરમાં ભાજપના ઉમેદવારને હરાવનાર કોંગ્રેસના અભિજીત વંજારી

કર્ણાટકની ૨૮ વિધાન પરિષદ બેઠકોના તાજેતરના ચૂંટણી પરિણામોએ ત્રણ મુખ્ય કારણોસર રાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચા જગાવી હતી. કેમકે કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષો લાંબા સમયથી ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનનો વિરોધ કરી રહ્યા છે અને બેલેટ પેપર તરફ પાછા વળવાની માંગ કરી રહ્યા છે. વિધાન પરિષદની સ્નાતક અને શિક્ષક

પ્રસંગપટ

મતવિસ્તારોની ચૂંટણીઓ પરંપરાગત રીતે બેલેટ પેપર દ્વારા થાય છે, તેથી આ ચૂંટણી ચક્ર એક લિટમસ ટેસ્ટ બની ગયું હતું.

સામાન્ય ચૂંટણીઓથી વિપરીત, આ MLC ચૂંટણીઓમાં માત્ર નોંધાયેલા સ્નાતકો અને શિક્ષકો જેવા ઉચ્ચ શિક્ષિત વર્ગ જ મતદાન કરે છે. રાજકીય પક્ષો આ પરિણામોને ખૂબ ગંભીરતાથી લે છે કારણ કે તે દર્શાવે છે કે બુદ્ધિજીવીઓ, પ્રોફેશનલ્સ અને સરકારી કર્મચારીઓ રાજકીય રીતે કઈ તરફ ઝુકેલા છે. કર્ણાટક જેવા રાજ્યમાં જ્યાં કોંગ્રેસની પોતાની સરકાર છે, ત્યાં તમામ બેઠકો ગુમાવવી એ કોંગ્રેસના સંગઠનાત્મક મનોબળ માટે મોટો આંચકો ગણાય છે.

વિધાનપરિષદ એ ભારતના કેટલાક રાજ્યોમાં આવેલું ઉપલું ગૃહ (Upper House) છે, જે સંસદમાં રાજ્યસભાની જેમ રાજ્ય કક્ષાએ કામ કરે છે. હાલમાં ભારતના માત્ર ૬ રાજ્યોમાં (ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણા) વિધાનપરિષદ અસ્તિત્વમાં છે. ગુજરાતમાં માત્ર એક જ ગૃહ (વિધાનસભા) છે, એટલે કે ગુજરાતમાં વિધાનપરિષદ નથી.

ઉત્તર પ્રદેશના આ પરિણામો દર્શાવે છે કે શાસક ભાજપ અને સમાજવાદી પાર્ટી વચ્ચેનો આગામી વિધાનસભા જંગ વધુ લડાયક બનશે. બિહાર ચૂંટણીમાં એક ઐતિહાસિક વળાંક આવ્યો જ્યારે પ્રશાંત કિશોરની નવી રચાયેલી 'જન સુરાજ પાર્ટી' એ ચૂંટણી જીતીને પોતાનું ખાતું ખોલ્યું અને કોંગ્રેસના સીટિંગ ઉમેદવારને હરાવ્યા છે. જેના કારણે બિહારના રાજકારણમાં ત્રીજા મોરચાના મજબૂત ઉદયનો સંકેત છે.

ભાજપે નાગપુર બેઠક ગુમાવી તેના પગલે ભાજપમાં રહેલા આંતરીક ડખા પણ સામે આવવાની શક્યતા છે. કેન્દ્રીય પ્રધાન નિતીન ગડકરી નારાજ ચાલી રહ્યા હોવાનું મનાય છે તો બીજી તરફ મહારાષ્ટ્રમાં શિંદે જૂથ પણ રીસાયેલું છે. નિતીન ગડકરી કેન્દ્રને ટાર્ગેટ કરે છે તો શિંદે જૂથ મુખ્યપ્રધાનને ભીંસમાં લેવા માંગે છે.આમ, ભલે સામાન્ય જનતા રોજબરોજની વિધાન પરિષદની ચર્ચાઓ પર બહુ ધ્યાન ન આપતી હોય, પરંતુ રાજકીય પક્ષો માટે આત્મવિશ્વાસ વધારતું હથિયાર છે. આ હાઈ-વોલ્ટેજ ડ્રામા દેશના રાજકીય મૂડને માપવાનું સચોટ થર્મોમીટર પણ છે.

જ્યાં આરએસએસનું મુખ્ય મથક છે, સીએમ દેવેન્દ્ર ફડનવીસનું હોમ ટાઉન છે, નિતીન ગડકરી જ્યાંથી ચૂંટાયા છે ત્યાંજ ભાજપ હાર્યુ

માતાએ ફર્શ સાફ કરી એ કોલેજમાં બેટીએ ડોકટરેટની પદવી મેળવી

જે શિક્ષણ સંસ્થામાં માતાએ ૨૬ વર્ષ સુધી ઝાડૂ-પોતા કર્યા એ જ સંસ્થામાં ભણીને દીકરીએ પીએચ.ડી. (ડોકટરેટ)ની પદવી હાંસલ કરી. આ પ્રેરણાદાયક કહાણી છે ઝારખંડના રાંચી શહેરમાં રહેતી સફાઈ કર્મચારી રાનૂદેવી અને તેની તેજસ્વી પુત્રી આરતીકુમારીની. રાનૂદેવીના પતિનું નિધન થયા બાદ ત્રણ બાળકોના ઊછેરની અને ઘર ચલાવવાની જવાબદારી રાનૂદેવીના માથે આવી પડી. એક તો અત્યંત ગરીબ સ્થિતિ અને બાળકોના ઉછેરની જવાબદારી માથે આવી પડ્યા છતાં રાનૂદેવી હિંમત ન હારી. તેણે ઘરના બે છેડા ભેગા કરવા માટે રાંચીની પ્રતિષ્ઠિત બીઆઈટી મેસરા એન્જિનિયરિંગ કોલેજમાં ઝાડૂ-પોતા કરવાની નોકરી સ્વીકારી લીધી. આખો દિવસ સફાઈ કર્મચારી તરીકે કોલેજની ફર્શ પર ઝાડૂ-પોતા કરીને કમરતોડ મહેનત કરે. જે નજીવો પગાર મળે એમાંથી ઘરનું ગાડું ગબડાવે અને

બાળકોને ભણાવે. માતાના આ સંઘર્ષને જોઈને મોટી થયેલી દીકરી આરતીકુમારીએ મનોમન ગાંઠ વાળી કે ખૂબ ભણીને તે માતાનું નામ રોશન કરશે. સ્કૂલનું ભણતર પૂરું કરીને આરતીએ બીઆઈટી મેસરા એન્જિનિયરિંગ કોલેજમાં એડમિશન લીધું. કડી મહેનત, લગન અને સ્કોલરશીપની મદદથી તેણે બી.ટેક. અને પછી એમ.ટેકની ડિગ્રી મેળવી. ત્યારબાદ ઈજનેરી વિષયમાં પીએચ.ડી. (ડોકટરેટ)ની પદવી મેળવી. આમ જે સંસ્થાનની ફર્શ ચમકાવવા માટે માતાએ ૨૬ વર્ષ સુધી મહેનત કરી એ જ ફર્શ ઉપર ડગ માંડતી માંડતી દીકરી દિક્ષાંત સમારોહમાં ડોકટરેટની પદવી હાંસલ કરવા મંચ પર પહોંચી ત્યારે તાળીઓના ગડગડાટથી સહુએ તેને વધાવી લીધી હતી. માતાની મહેનત અને દીકરીની નિષ્ઠા કેવો રંગ લાવી?

મહારાષ્ટ્રમાં ગણિત નગરી રચવાની જાહેરાત હવામાં

ભારતે દુનિયાને શૂન્યની ભેટ આપી એવો ગર્વભેર ઉલ્લેખ વડાપ્રધાન નરેન્દ્ર

મેરા ભારત મહાન

અક્ષય અંતાણી

મોદીએ તાજેતરમાં જ કર્યો હતો. પરંતુ શૂન્યની શોધ પછી ગણિતના અભ્યાસને આગળ વધારનારા મહાન અને મેધાવી ગણિતશાસ્ત્રી ભાસ્કરાચાર્યની જન્મભૂમિ અને કર્મભૂમિના વિકાસ આજ પણ શૂન્ય જ રહ્યો છે. મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લાના સાત માળાના ડુંગરાળ વિસ્તારની ગોદમાં વસેલા પાટણા નામના ગામડામાં બારમી સદીમાં ગણિતશાસ્ત્રી ભાસ્કરાચાર્યે ગણિત શાસ્ત્રનું ગહન અધ્યયન કર્યું હતું. આ જગ્યાએ પાટણાદેવીનું પુરાતન મંદિર આવેલું છે. મંદિર પાસેના શીલાલેખમાં ભાસ્કરાચાર્ય અને તેમના વંશજોનો ઉલ્લેખ મળે છે. ૧૮૬૧માં ઈતિહાસ કાર ભાઉદાજી લાડે પાટણાદેવી મંદિરની મુલાકાત લીધી ત્યારે તેમણે આ શીલાલેખ શોધી કાઢ્યો હતો. સંપૂર્ણ દેશ જે ગણિતશાસ્ત્રી પર ગર્વ કરી શકે એવાં આ સ્થળે ગણિતનગરી વિકસાવવાની ૨૦૧૫માં મહારાષ્ટ્ર સરકારે જાહેરાત કરી હતી. બસ પછી રાત ગઈ બાત ગઈ એ ન્યાયે એ જાહેરાત હવામાં જ ઓગળી ગઈ. એટલે મનમાં સવાલ થાય કે ગણિતશાસ્ત્રીની આ ભૂમિનો ખરેખર ગણિતનગરી તરીકે વિકાસ થાય એ માટે હજી કેટલા દિવસ, મહિના કે વર્ષો લાગશે?

શૂર્પણખાએ જ્યાં નાક કપાવ્યું એ મહારાષ્ટ્રમાં જ તેનું દહન

પ્રભુ રામજી, સીતા માતા અને લક્ષ્મણજી વનવાસ દરમ્યાન પંચવટીમાં રહેતા હતા એ વખતે લક્ષ્મણજીએ રાવણની બહેન શૂર્પણખાનું નાક કાપ્યું હતું. એ રામાયણનો પ્રસંગ સહુને ખબર છે. એ પંચવટીમાં શૂર્પણખાનું નાક એટલે નાસિકા કાપી એ સ્થળે વસેલા ગામને નામ અપાયું નાસિક એવું મનાય છે. આ નાસિક શહેરથી મોટર રસ્તે સાડાત્રણ-ચાર કલાકને રસ્તે આવેલા છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ)માં દશેરા પર્વમાં શૂર્પણખાને ફરી યાદ કરવામાં આવી. કારણ વિજયા દશમીના તહેવારમાં આખા ભારતમાં રાવણના પૂતળાને બાળવામાં આવ્યા જ્યારે છત્રપતી સંભાજી નગરમાં રાવણની બહેન શૂર્પણખાના પૂતળાનું દહન કરવામાં આવ્યું. પત્નીઓના સતત ત્રાસથી જેનાં નાકે દમ આવી ગયો છે એવાં પતિદેવોએ રચેલા પત્ની પીડિત પુરૂષ આશ્રમના સભ્યોએ બાઝકણી અને વઢકણી વહુઓના પ્રતિક સમાન શૂર્પણખાના પૂતળાનું દહન કર્યું હતું. આ સંગઠનના પ્રમુખ ભારત ફુલારેએ કહ્યું હતુંકે પુરૂષોના અધિકારોની હિફાઝત માટે પુરૂષ પંચ રચાવું જોઈએ. જેથી ઘરેલુ હિંસાના જૂઠા આરોપોથી પુરૂષો બચી શકે અને ન્યાય મેળવી શકે. દેશમાં મહિલા પંચ હોય તો ભાંગી પડેલા ભાયડાઓનું ભઈલા પંચ કેમ ન હોઈ શકે? પત્ની પીડિત પુરૂષોની માગણી સરકાર સુધી પહોંચાડવા માટે શૂર્પણખાનું પૂતળું બાળવામાં આવ્યું હતું. જોકે નકટી શૂર્પણખાને શું ફેર પડે છે? ભલે કોઈ પાળે કે કોઈ બાળે...

ગામ નામ સત્ય હૈઃ રામની જેમ રાવણના નામના પણ ગામ

પ્રભુ રામની ધરતી પર ભગવાન રામના નામના ગામ તો હોય જ ને?આજે હિંદુસ્તાનમાં ભગવાન રામના નામ પર ૩૬૨૬ ગામો છે આમાં સૌથી વધુ ૧૦૨૬ ગામો એકલા ઉત્તર પ્રદેશમાં છે. ગામનું નામ લેતાની સાથે જ મુખમાં રામનું નામ આવે બોલો! પણ સહુને જાણીને નવાઈ લાગશે કે જુદા જુદા રાજ્યોમાં રાવણના નામના ૩૪ ગામો અસ્તિત્વમાં છે. આમાં રાજસ્થાન સૌથી મોખરે છે. રાજસ્થાનમાં રાવણના નામ સાથે જોડાયલા ૧૦ ગામ છે. જેમાં રાવણ ગુરારી, કરિયા રાવણ, ઈસ રવાસ રાવણ, બરબરી રાવણ, બગરૂ રાવણ અને દેઓલી રાવણનો સમાવેશ થાય છે. અન્ય રાજ્યોમાં છત્તીસગઢમાં સાત અને ઉત્તર પ્રદેશમાં ૬ ગામોના નામ રાવણ સાથે જોડાયેલા છે. છત્તીસગઢમાં ભેજરી રાવણ, રાવણ ખોદ્રા, રાવણ રાવડ અને સાવન રાવણ છે. ઉત્તર પ્રદેશમાં ખીરી રાવણ. રાવણ -બરગાંવ, રાવણ-બુજુર્ગ, કંદ રાવણ, બહુ રાવણ અને રાવણ ખુર્દ-બીબીપુરનો સમાવેશ થાય છે. રામાયણ બુરાઈ પર અચ્છાઈની અસત્ય પર સત્યની આસુરી ઉપર દૈવી શક્તિના વિજયની કથા વર્ણવે છે. આમ તો માનવીના મનમાં પણ રામ-રાવણનું યુદ્ધ ચાલતું જ હોય છે.રાવણવૃત્તિ પર રામ વૃત્તિનો વિજય થાય તો સંસાર નૈયા પાર ઉતરી જાય.

આ રૂડીને રંગીલી રે પીલીભીતની વાંસળી રે લોલ

રાજસ્થાનનું જયપુર પિંક સિટી તરીકે નારંગીના વિપુલ ઉત્પાદનને કારણે નાગપુર ઓરેન્જ સિટી તરીકે, અનેક તળાવોને લીધે ભોપાલ સિટી ઓફ લેક્સ તરીકે ઓળખાય છે. પરંતુ સિટી ઓફ ફ્લ્યુટ્સ તરીકે કયું શહેર જાણીતું છે એમ કોઈ પૂછે તો શક્ય છે ઝટ જવાબ ન પણ મળે. ભારતમાં સિટી ઓફ ફ્લ્યુટ્સ તરીકે ઓળખાતું શહેર છે ઉત્તર પ્રદેશનું પીલીભીત. કારણ કે છેલ્લાં લગભગ ૨૦૦ વર્ષથી પીલીભીતના કારીગરો દિવસ-રાત મહેનત કરીને વધુમાં વધુ વાંસળીઓ બનાવે છે. આખા દેશમાં બનતી વાંસળીઓમાંથી ૮૫થી ૯૦ ટકા વાંસળીઓ પીલીભીતમાં બને છે. જોવાનું એ છે કે આ વાંસળીઓનું વધુમાં વેચાણ પણ બંસીધર શ્રીકૃષ્ણના મથુરા, વૃંદાવન અને બ્રજમાં થાય છે. કાનુડો જ્યારે વાંસળી વગાડતો ત્યારે તેની સુરાવલીની મોહિનીથી ખેંચાઈને ગાય-વાછરડા દોડી આવતા. વાંસળીના સૂરે ગોપ-ગોપીઓ ગુલતાન થઈ રાસે રમતા. એટલે જ તો લોકગીતોમાં ગવાય છેઃ આ રૂડીને રંગીલી રે વાલા તારી વાંસળી રે લોલ... હિન્દી ફિલ્મોમાં બાંસુરી અને મોરલીના અનેક ગીતો કાને પડે છેઃ મુરલી બૈરન ભઈ કનૈયા તોરી મુરલી બૈરન ભઈ... કે પછી શ્યામ તેરી બંસી પુકારે રાધા નામ... આમ ભગવાન શ્રીકૃષ્ણએ લગભગ પાંચેક હજાર વર્ષ પહેલાં વાંસમાંથી બનેલી વાંસળીને આગવી ઓળખ આપી હતી એ વાંસળીનો મધુર સ્વરનો વારસો જાળવવા માટે પીલીભીતના કારીગરો ખૂબ જ ચીવટથી વાંસળી બનાવીને દેશ અને દુનિયામાં મોકલે છે. પીલીભીત શહેરની બાંસુરી નગરીની ઓળખ સાર્થક કરવા માટે થોડા વખત પહેલાં ૧૬ ફૂટ લાંબી વાંસળી બનાવીને વિશ્વ વિક્રમ કરવામાં આવ્યો હતો હવે તો પીલીભીતની વાંસળીની આગવી ઓળખ માટ જી.આઈ. (જ્યોગ્રાફિકલ ઈંડિકેશન) ટેગ પણ આપવામાં આવ્યો છે. સૂરીલી વાંસળીઓ બનાવતી આ બાંસુરી નગરી વિશે જાણીને કહેવું પડે કેઃ

નામ ભલે હોય જુદા
બાંસુરી, વાંસળી કે બંસરી
એક એકથી ચડે એવી સૂરીલી
વાંસળી બનાવે બંસરી નગરી.
ત્યાં સદાકાળ ગુજરાત.

લાફ્ટર કોર્નર

'હેલ્લો ! આ ધ ગ્રેટ વર્લ્ડ ટ્રાવેલ્સ છે ?'

'હા સાહેબ, બોલો. હું આપની શું મદદ કરી શકું ?'

'તમે ગ્રીસનો પ્રવાસ કરાવો છો ?'

'હા, કરાવીએ છીએ ને !'

'ત્યાં તમે કઈ કઈ જગ્યાએ લઈ જાઓ છો ?'

'સાહેબ, તમે જ્યાં કહો ત્યાં ! અમારી પાસે ઘણા બધા ઓપ્શન છે. તમારા સમય અને બજેટ પ્રમાણે ગોઠવી આપીશું.'

'થોડાં પ્રખ્યાત સ્થળો, જ્યાં તમે વિઝિટ કરાવતા હો તેનાં નામ આપશો ?'

'ચોક્કસ ! એથેન્સ, કોર્ફુ, થેસ્સાલોનિકી, મેટેરા, મિકોનોસ, સેન્ટોરીની...'

'બસ, બસ. મિકોનોસ બરાબર ફીટ બેસે છે.'

'વાહ સાહેબ ! ઉત્તમ. બહુ સરસ જગ્યા છે. ક્યારે જવું છે ? એનો પ્લાન બનાવી આપું. ક્યારની ટિકિટ લેવી છે ?'

'ટિકિટ ? અરે ના, ના. મારે ક્યાંય નથી જવું...'

'તો પછી ફોન શું કામ કર્યો ?'

'ક્રોસવર્ડ પઝલમાં અટકી ગયો હતો. ગ્રીસનું એક પ્રખ્યાત સ્થળ. સાત અક્ષર. શરૂઆત 'My' થી....

ભડાક !... (સામેથી ફોન પછડાયો)

***

પત્ની : ચાલો હવે ઊઠો. ચા-નાસ્તો તૈયાર કરો. પછી છોકરાંઓના ટીફીનની તૈયારી કરો.

પતિ ઊઠીને માથું ઓળી, ચંપલ પહેરીને સીધો બહાર જવા માંડ્યો.

પત્ની : ક્યાં જાઓ છો બહાર ?

પતિ : વકીલ પાસે. તારાથી છૂટાછેડા લેવા.

થોડીવારમા પતિ પાછો આવીને ચા બનાવવા માંડ્યો.

પત્ની : શું થયું ?

પતિ : કંઈ નહિ, વકીલ સાહેબ પોતું મારી રહ્યા હતા.

વિશ્વ બજારમાં સોનામાં ફંડોનું સેલીંગ વધ્યાના નિર્દેશો

સોનામાં ઘટાડોઃ ચાંદી રૂ.૪૫૦૦ તૂટીઃ ક્રૂડ ઘટવા છતાં મંથલી તેજીમાં ૧૧ ટકાની વૃદ્ધિ

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઉછાળા ઉભરા જેવા નિવડતાં ભાવ ફરી તૂટ્યા હતા. પ્લેટીનમ તથા ક્રૂડતેલ અને કોપરના ભાવ પણ તૂટ્યા હતા. વિશ્વ બજાર તૂટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હતી. દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે જીએસટી વગર સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૧૬૮૫ તથા ૯૯૯ના રૂ.૧૪૨૨૫૫ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોના રૂ.૩૦૦૦ ગબડી રૂ.૧૯૦૪૭૮ બોલાયા હતા.

ઓઈલ રિફાઈનર્સ વૈશ્વિક ફિઝીકલ માર્કેટમાં ક્રૂડમાં બેરલના ૧૫થી ૨૦ ડોલરના પ્રીમિયમો ચૂકવી રહ્યાની ચર્ચાઃ પ્લેટીનમમાં કડાકો

મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યાની ચર્ચા હતી. દરમિયાન, મુંબઈ પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૬૧૭૦૬ વાળા આજે ઘટી રૂ.૫૮૨૮૩ બોલાતા થયા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંસના ૪૦૪૮થી ૪૦૪૯ વાળા ઘટી નીચામાં ભાવ ૪૦૧૫ થઈ ૪૦૩૨થી ૪૦૩૩ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૪૬૨૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૬૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૪૫૦૦ તૂટી રૂ.૧૯૩૦૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૫૩.૮૪ વાળા નીચામાં ભાવ ૫૨.૪૮ થઈ ૫૨.૭૯થી ૫૨.૮૦ ડોલર રહ્યા હતા. પ્લેટીનમના ભાવ ૧૫૪૫ વાળા ઘટી નીચામાં ભાવ ૧૪૯૫ થઈ ૧૪૯૬થી ૧૪૯૭ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઔંસના ૧૦૨૬ વાળા નીચામાં ભાવ ૯૯૭ થઈ ૧૦૦૨થી ૧૦૦૩ ડોલર રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવમાં પીછેહટ દેખાઈ હતી. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૧૧૫.૩૫ વાળા ઘટી ૧૧૩.૨૫ થઈ ૧૧૩.૮૧ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ નીચામાં ૧૦૦.૫૬ થઈ ૧૦૧.૩૫ ડોલર રહ્યા હતા. ઈરાન યુદ્ધમાં શાંતિ માટે પ્રયત્નોને વેગ મળતાં ક્રૂડના ભાવ મંથલી ધોરણે એકંદરે ૧૧ ટકા વધ્યા છે તથા એપ્રિલ પછીની નવી ટોચ બજારમાં દેખાઈ હોવાનું જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, વૈશ્વિક કોપરના ભાવ આજે ૧.૧૫ ટકા માઈનસમાં રહ્યા હતા. દરમિયાન, ઈરાન યુદ્ધના પગલે જહાજી ભાડા વધતાં ભારતના ઓઈલ રિફાઈનર્સનો આધાર મધ્ય પૂર્વની સપ્લાય તરફ વધુ વધ્યો છે. ફિઝીકલ બજારમાં ઓઈલ રિફાઈનર્સ દ્વારા બ્રેન્ટના ભાવ પર બેરલના આશરે ૧૫થી ૨૦ ડોલરના પ્રીમિયમ ચૂકવવામાં આવી રહ્યાની ચર્ચા બજારમાં આજે સંભળાઈ રહી હતી.

૩૦ ઓકટોબર, ૨૦૧૯ના જારી

SGBનો મુદત પૂર્વે રિડમ્પશન ભાવ પ્રતિ ગ્રામ રૂ. ૧૪૨૧૩ નિશ્ચિત

મુંબઈ, તા. ૨૯

૩૦ ઓકટોબર, ૨૦૧૯ના જારી કરાયેલા નાણાં વર્ષ ૨૦૧૯-૨૦ની સોવેરિન ગોલ્ડ બોન્ડ (એસજીબી)ની છટ્ઠી શ્રેણીનું ૩૦ ઓકટોબર, ૨૦૨૬ના મુદત પૂર્વે રિડમ્પસનની રિઝર્વ બેન્કે જાહેરાત કરી છે.

સદર એસજીબીનો ઈશ્યુ ભાવ પ્રતિ ગ્રામ ૩૮૩૫ હતો

સદર એસજીબીના મુદત પૂર્વે રિડમ્પશન માટે આરબીઆઈએ પ્રતિ એક ગ્રામ રૂપિયા ૧૪૨૧૩નો ભાવ નિશ્ચિત કર્યો છે, એમ આરબીઆઈની અખબારી યાદીમાં જણાવાયું હતું.

સદર એસજીબીનો ઈશ્યુ ભાવ પ્રતિ ગ્રામ ૩૮૩૫ હતો. આઠ વર્ષની મુદત સાથેના એસજીબીને જારી કરાયેલી તારીખના પાંચ વર્ષ બાદ મુદત પૂર્વે રિડીમ કરવાની જોગવાઈ છે.

એસજીબી પર બજારના પ્રવર્તમાન ભાવ ઉપરાંત રોકાણની રકમ પર વાર્ષિક ૨.૫૦ ટકાના દરે વ્યાજ પણ ચૂકવવામાં આવે છે.

દેશમાં હાજર ગોલ્ડની માગ ઘટાડવાના ભાગરૂપ ૨૦૧૫માં સરકારે એસજીબીની યોજના લાગુ કરી હતી.

સોયાબીન તથા સોયાખોળમાં કેરી ફોરવર્ડ મોટા સ્ટોક સાથે નવી મોસમનો આરંભ

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે વિવિધ દેશી તથા આયાતી ખાદ્યતેલોના ભાવમાં સાર્વત્રિક ઘટાડો જોવા મળ્યો હતો. નવા વેપાર ધીમા હતા. વિશ્વ બજારમાં મલેશિયા પામતેલ વાયદાના ભાવ આજે ૬૧થી ૬૯ પોઈન્ટ વધુ ઘટયા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઘટતાં વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ તેના પગલે દબાણ હેઠળ રહ્યા હતા.

જોકે સોયાબીનના પાકમાં પીછેહટઃ મલેશિયામાં પામતેલનો માલભરાવો વધતાં નિકાસ ટેક્સ નાબુદ કરાશે એવા સંકેતો

દરમિયાન, ઘરઆંગણે સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ ઘટી રૂ.૧૭૨૫થી ૧૭૫૦ જ્યારે કોટન વોશ્ડના ભાવ ઘટી રૂ.૧૪૩૫ રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે પામતેલના ભાવ રૂ.૧૩૭૦ તથા સોયાતેલના રૂ.૧૩૯૦ રહ્યા હતા. કંડલા ખાતે સોયાતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૪૨૦ તથા પામોલીનના ભાવ રેડીના રૂ.૧૩૭૫ તથા નવેમ્બરના ભાવ રૂ.૧૩૮૫ અને ડિસેમ્બરના ભાવ રૂ.૧૩૯૫ રહ્યા હતા. મલેશિયાની સરકાર ક્રૂડ પામ ઓઈલ સીપીઓની નિકાસ પરનો ટેક્સ નાબુદ કરવા વિચારણા કરી રહ્યાના નિર્દેશો મળ્યા હતા. હઝીરા ખાતે સોયાતેલના ભાવ રૂ.૧૪૧૦ રહ્યા હતા. ચીનના બજારોમાં આજે સોયાતલ તથા પામતેલના ભાવ તૂટ્યા હતા.

દરમિયાન, ખોપોલી ખાતે સનફલાવરના ભાવ રૂ.૧૬૬૦ રહ્યા હતા. અમેરિકાના કૃષી બજારોમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાબીન તથા સોયાતેલના ભાવ ઘટાડા પર રહ્યા હતા જ્યારે ત્યાં સોયાખોળના ભાવ ઉંચા બોલાતા હતા. મુંબઈ હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ ભાવ દિવેલના ઝડપી રૂ.૩૦ તૂટી જતાં એરંડાના હાજર ભાવ ક્વિ.દીઠ રૂ.૧૫૦ ગબડ્યા હતા. મુંબઈ ખોળ બજારમાં ટનના ભાવ આજે એરંડા ખોળના રૂ.૨૦૦ ઘટયા હતા જ્યારે સોયાખોળના ભાવ ટનના રૂ.૨૦૦૦ ઉછળ્યા હતા. જો કે અન્ય ખોળો શાંત હતા. દરમિયાન, ભારતમાં સોયાખોળનો કેરી ફોરવર્ડ સ્ટોક આશરે ૧ લાખ ૯૩ હજાર ટનનો અંદાજાયો છે. પાછલા વર્ષ કરતાં આ સ્ટોક બમણાથી પણ વધુ રહ્યો છે. દરમિયાન, સોયાબીનનો સ્ટોક કેરી ફોરવર્ડ સ્ટોક આશરે ૮ ટકા વધી ૮ લાખ ૩૧૧ હજાર ટન નોંધાયો છે. દેશમાં ઓકટોબરથી નવી મોસમ શરૂ થઈ છે ત્યારે સોયાબીન તથા સોયખોળમાં કેરી ફોરવર્ડ સ્ટોક સાથે નવી મોસમનો આરંભ થયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, મલેશિયામાં પામતેલનું ઉત્પાદન વધ્યું છે તથા ત્યાં પામતેલનો સ્ટોક તાજેતરમાં વધી ૩૫થી ૩૬ લાખ ટન થયાના સમાચાર હતા. ભારતમાંથી સોયાતેલની નિકાસ ૨૦૨૫-૨૬માં ૨૦.૨૩ લાખ ટનથી ઘટી ૧૦ લાખ ટન નોંધાઈ છે. ભારતમાં આ ગાળામાં સોયાખોળનું ઉત્પાદન ૮૩ લાખ ૨૫ હજાર ટન થયું છે જે આ પૂર્વેના વર્ષમાં ૮૯ લાખ ૫૬ હજાર ટન થયું હતું.

NRI, FPIને જોડવા માટે નાણાકીય ક્ષેત્રનું ડિજિટલ અપગ્રેડેશન જરૂરી

અમદાવાદ, તા. ૨૯

વધતી જતી ભૌગોલિક-રાજકીય (જીઓપોલિટિકલ) અનિશ્ચિતતાઓ વચ્ચે ફાયનાન્શિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલ (FSDC) એ ભારતના મેક્રો-ફાયનાન્શિયલ સ્થિરતાની સમીક્ષા કરી હતી તેમજ સ્થાનિક રોકાણને મજબૂત કરવા, મૂડી પ્રવાહ વધારવા અને નાણાકીય ક્ષેત્રના સુધારાઓને વધુ ગતિ આપવાના પગલાં પર ચર્ચા કરી હતી.

વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં થયેલા તીવ્ર વધારાને જોતાં સતર્ક રહેવાની જરૂર

કાઉન્સિલે નાણાકીય પ્રણાલીની મજબૂતી માટે પૂરતા સુરક્ષા પગલાં અપનાવતી વખતે નાણાકીય સ્થિરતા સામેના સંભવિત જોખમોને ઘટાડવા માટે અગાઉથી સક્રિય પ્રયાસો કરવાની જરૂરિયાત સ્વીકારી હતી.

સત્તાવાર નિવેદન અનુસાર, સભ્યોએ વ્યાપક નાણાકીય ક્ષેત્ર માટે નિયમનકારો વચ્ચે સંકલન વધુ મજબૂત કરવાનો પણ નિર્ણય લીધો હતો. તમામ નાણાકીય ક્ષેત્રના નિયમનકારોનો સમાવેશ કરતી આ કાઉન્સિલે 'નો-યોર-કસ્ટમર' (કેવાયસી) પ્રક્રિયા સરળ અને ડિજિટાઇઝ કરવા તથા બિન-નિવાસી ભારતીયો (એન આર આઈ) અને ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ (એફપીઆઇ) માટે ડિજિટલ ઓનબાર્ડિંગની સુવિધા આપવા પર પણ ભાર મૂક્યો હતો.

કાઉન્સિલે નાણાકીય સ્થિરતાના જોખમો ઘટાડવા અને સિસ્ટમની સ્થિતિસ્થાપકતા મજબૂત કરવા માટે સક્રિય પગલાં પર ભાર મૂક્યો હતો.

નાણાં મંત્રાલયે જણાવ્યું હતું કે, કાઉન્સિલે સ્થાનિક અને વૈશ્વિક મેક્રો-ફાયનાન્શિયલ સ્થિતિમાંથી ઉભરતા પ્રવાહોની નોંધ લીધી હતી.

કેશ ફ્યુચર ઓપ્શન

ફ્યુચર માર્કેટ

- સીરમા એસજીએસ ટેકનોલોજી : (૧૬૮૫)નો નવેમ્બર માસનો ફ્યુચર ૧૬૮૫ ઉપર ૧૬૩૦નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૭૧૫ ટાર્ગેટ -૨ ૧૭૪૫ સુધી સુધારાની શક્યતા છે.
- કેપીઆઈટી ટેકનોલોજીસ : (૫૪૮)નો નવેમ્બર માસનો ફ્યુચર ૫૪૮ નીચે ૫૭૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૫૩૦, ટાર્ગેટ -૨ ૫૧૫ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

- AIA એન્જીનીયરીંગ : (૩૬૩૭) ૩૬૩૭ ઉપર ૩૫૭૦ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૩૬૮૦, ટાર્ગેટ -૨ ૩૭૨૫ સુધી સુધારાની શક્યતા છે.
- સ્કેફ્લર ઈન્ડિયા : (૩૫૩૮) ૩૫૩૮ નીચે ૩૬૪૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૩૬૯૫, ટાર્ગેટ -૨ ૩૪૨૫ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

કંપની પરિણામ

આઈટીસી હોટેલ્સનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે આઈટીસી હોટેલ્સના ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે ૫૨%નો વધારો થતાં રૂ. ૨૦૨.૬૫ કરોડ રહ્યો હતો. ક્વાર્ટર દરમિયાન, કંપનીની આવક એક વર્ષ અગાઉના રૂ. ૮૩૯.૪૮ કરોડથી વધીને રૂ. ૧,૦૫૪.૧૪ કરોડ થઈ છે.

હ્યુન્ડાઈ મોટરનો નફો ઘટ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે હ્યુન્ડાઈ મોટરનો ચોખ્ખો નફો ૨૪ % ઘટીને રૂ. ૧,૧૯૬.૨ કરોડ થયો છે કમ્પનીની આવક વાર્ષિક ધોરણે ૧૮.૫% વધીને રૂ. ૨૦,૬૯૬ કરોડ થઈ છે

મોરપેન લેબો.નો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે મોરપેન લેબોરેટરીઝનો ચોખ્ખો નફો ૧૧૭% વધીને રૂ. ૮૮.૮૯ કરોડ થયો છે. જયારે આવકો વાર્ષિક ધોરણે ૮૧% વધીને રૂ. ૭૫૫ કરોડ થઈ છે.

લિંકન ફાર્માનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે લિંકન ફાર્માનો ચોખ્ખો નફો ૪% વધીને રૂ. ૨૦.૮૪ કરોડ થયો છે. જયારે આવકો ૧૮% વધીને રૂ. ૨૦૦.૮૮ કરોડ થઈ છે.

અંબુજા સિમેન્ટના નફામાં ગાબડું નોંધાયું

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે અંબુજા સિમેન્ટનો ચોખ્ખો નફો ૮૯% ઘટીને રૂ. ૨૦.૮૪ કરોડ થયો છે. જયારે આવકો રૂ. ૯૧૯૭ કરોડની સપાટીએ સ્થિર રહી હતી.

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૯૫૦-૩૧૫૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૨૯૫૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૫૮૦-૨૭૮૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૦૦
સોયાબીન નવો ડબો ૨૬૦૦
દિવેલ ૨૮૫૦
પામોલીન જુનો ડબો ૨૩૨૦
પામોલીન નવો ડબો ૨૪૫૦
કોપરેલ ૪૪૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૨૦૦
મોળું સરસીયું ૨૯૫૦
તીખું સરસીયું ૩૧૦૦
સનફ્લાવર ૨૬૮૦
મકાઈ તેલ ૨૪૫૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૯૧૦૦૦-૧૯૩૦૦૦
ચાંદી રૂપુ ૧૯૦૮૦૦-૧૯૨૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૪૪૦૦૦-૧૪૬૫૦૦
સોનું (૯૯.૫) ૧૪૩૭૦૦-૧૪૬૨૦૦
હોલમાર્ક ૧૪૩૫૭૦

મુંબઈ

ચાંદી ૧૯૦૪૭૮
સોનું (૯૯.૫) ૧૪૧૬૮૫
સોનું (૯૯.૯) ૧૪૨૨૫૫

રાજકોટ

ચાંદી ૧૯૪૫૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૪૯૦૦૦
સીક્કા (૧ ગ્રામ) ૧૪૯૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૨૬૦૦

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૯૦૪૭૮
મુંબઈ સોનું (૯૯.૫) ૧૪૧૬૮૫
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૨૨૫૫
અમ. ચાંદી ૧૯૩૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૬૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૪૬૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૧૮૦
અમ. કપાસિયા નવો ૨૭૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૨૫
રાજકોટ મગફળી ૧૭૮૦-૧૭૯૦
સોનુ ૨૪ કેરેટ ૧૪૯૦૦૦
૧ કિલો ચાંદી ૧૯૪૫૦૦

BSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
અદાણી પોર્ટ	૧૮૫૦.૦૦	૫.૧૭
કોટક બેંક	૪૫૭.૦૦	૩.૮૬
પાવરગ્રીડ	૨૬૦.૪૦	૩.૭૦
ઈટરનલ	૨૬૦.૪૦	૩.૭૦
બજાજ ફાય	૯૪૦.૭૦	૨.૫૬
SBI	૯૮૦.૦૦	૨,૪૩
હિંદ લીવર	૧૮૫૭.૦૦	૨.૪૩
ટાઈટન	૪૪૪૪.૦૦	૨.૪૦
NTPC	૩૦૯.૧૦	૨.૩૨
BEL	૩૭૨.૦૦	૨.૨૭
ઈન્ફોસીસ	૧૧૪૩.૪૫	૧.૮૧
ITC	૨૬૩.૬૫	૧.૮૦
ભારતી એરટેલ	૧૯૭૪.૦૦	૧.૨૩
મહિન્દ્રા	૨૯૦૦.૦૦	૧.૦૫
લાર્સન	૩૮૪૨.૧૦	૦.૯૮
TCS	૨૪૮૦.૫૦	૦.૯૨

NSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
અદાણી પોર્ટ	૧૮૭૨.૦૦	૬.૨૯
અદાણી એન્ટર	૨૬૦૭.૯૦	૫.૧૭
કોટક બેંક	૪૫૯.૦૦	૪.૩૨
ઈટરનલ	૩૩૭.૮૫	૩.૬૩
પાવરગ્રીડ	૨૬૦.૦૦	૩.૪૨
બજાજ ફાય	૯૩૮.૯૦	૨.૩૬
હિંદ લીવર	૧૮૫૮.૨૦	૨.૩૪
NTPC	૩૧૦.૫૦	૨.૨૨
ટાઈટન	૪૪૩૪.૦૦	૨.૨૨
ITC	૨૬૫.૦૦	૨.૧૨
ટાટા કન્ઝ્યુમર	૧૦૨૧.૦૦	૨.૦૮
ઈન્ફોસીસ	૧૧૪૬.૫૦	૨.૦૮
BEL	૩૭૦.૦૦	૧.૮૩
શ્રીરામ ફીન	૮૪૧.૧૦	૧.૮૨
SBI	૯૭૧.૯૦	૧.૫૮

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી ૧૦૦-૧૮૦
બટાકા ડીસા ૧૬૦-૩૪૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૦૮૦
ડુંગળી એમપી ૭૦૦-૯૦૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૨૦૦-૩૦૦
ટગર ૩૦૦-૪૦૦
ડમરો ૧૦-૧૫
લીલી ૭-૧૦
હજારી ગલ ૬૦૦-૭૦૦

જાહેર નોટિસ

રજી. ડીસ્ટ્રીક્ટ આણંદના સબ ડીસ્ટ્રીક્ટ ખંભાતના તાલુકાઃ ખંભાતનાં મોજે ગામ : લૂણેજની સીમમાં આવેલ સર્વે નં. ૨૩૮ ની ૨૦૫૩૮ સ.ચો.મી. બીનખેતીની જમીનવાળી મિલકત M/S. COSMIC PIGMENTS AND INTERMEDIATES (UNIT-II) – A PARTNERSHIP FIRM ના માલિકી તથા કબજા ભોગવટાની આવેલ છે. તેમજ સદર મિલકત બેન્ક ઓફ ઇંડિયાના બોજા સિવાય અન્ય તમામ રીતે બોજા રહીત હોવાનું જણાવીને અમારા અસીલે અમારી પાસેથી ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોક્ત મિલકત અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૯૦૪ જે તાઃ ૧૬.૦૯.૨૦૧૬ના રોજ નોંધવામાં આવેલ હતો તે શરતચુક થી ખોવાઈ ગયેલ છે. આ મિલકત બાબતે અને ટાઇટલ બાબતે કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિસ્સો, હિત, સંબંધ, દાવો, અલાખો, ગીરો, બોજો, ટાંચ, દરખાસ્ત, લીયન ચાર્જ કે જામીનગીરીનો બોજો હોયતો દિન ૭ (સાત) માં પ્રમાણિત અને લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થશે તો મજકુર ઉપરોક્ત મિલકત ઉપર કોઇ નો કોઇપણ પ્રકારનો હક્ક, હિસ્સો, હિત નથી અને હોય તો જતો યાને કે વેવ કરેલ છે. એમ સમજી મુદ્દત વીતે થી ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરી આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

Mangal M. Solanki (Advocate)
5, Shyam Sunder Shopping Centre, Opp. Vejalpur Police Chowky, Vejalpur Road, Ahmeabad-380051. +91 98240 40196

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકાના મોજે ગામ બોરીસણાની સીમના ખાતા નં. ૧૧૫૪ ના બ્લોક નં. ૭૩૫ (જુના સરવે-બ્લોક નં.૯૦૬)ની હે.આરે.ચો.મી ૧-૮૦-૨૧ની આકાર રૂા.૭.૨૦ પૈસાની જુની શરતની ખેતીની જમીન (૧) મુકેશભાઇ મેલાભાઇ પટેલ (૨) ગોવિંદભાઇ ઇશ્વરદાસ પટેલ (૩) શકરીબેન મેલાભાઇ પટેલ (૪) ભરતભાઇ મેલાભાઇ પટેલ (૫)કલાવતી ઉર્ફે કલીબેન ગોરધનભાઇ પટેલ (૬) કનુભાઇ ગોરધનભાઇ પટેલ (૭) પટેલ જાગૃતિબેન ગોરધનભાઇ પટેલ (૮) પટેલ મધુબેન જયંતિભાઇ (૯) પટેલ ભાવનાબેન જયંતિભાઇ (૧૦) પટેલ ભાવેશકુમાર જયંતિભાઇ (૧૧) પટેલ જશવંતકુમાર જયંતિભાઇ ની સહમાલિકી અને સહકબજા ભોગવટાની હોવાનુ જણાવી અમારા અસીલે અમારી પાસે ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેના પ્રમાણપત્રની માંગણી કરી છે. તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઇ પણ પ્રકારનો લાગ ભાગ, હકક, હિસ્સો, બોજો, દાવો, અલાખો કે ભરણપોષણનો હકક હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ ૭ (સાત) માં અમોને તે અંગેના લેખિત પુરાવા સાથે લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તે સમય દરમ્યાન જાણ કરવામાં નહી આવે તો તમામ હકક સ્વેચ્છાએ જતો કરેલ છે. તેમ સમજીને અમો ઉપર જણાવેલ જમીન અંગેનુ ટાઇટલ્સ કલીયરન્સ પ્રમાણપત્ર આપીશુ. ત્યારબાદ કોઇની કોઇ તકરાર ચાલશે નહી . જેની જાહેર જનતા એ નોંધ લેવી.

તા. ૨૯-૧૦-૨૦૨૬ અમદાવાદ
ફાઇલ નં. ૧૦૭૪

બાબુભાઇ જી.કાકડિયા
એડવોકેટ એન્ડ નોટરી,
અંકિત બી કાકડિયા એડવોકેટ
ઓફીસ - ૩૧૭, સાનિધ્ય આર્કેડ, મારૂતિ શો રૂમની બાજુમાં, એસ.પી.રીંગ રોડ, વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૨૪૧૮.
મો.નં. ૯૪૨૬૧૮૧૭૮૫, ૯૮૯૮૧૨૪૪૨૮

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ, અમદાવાદ તથા સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૪ (પાલડી) ના સાબરમતી તાલુકાના મોજે વાસણાની સીમના ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૨૬ ના ફાઇનલ પ્લોટ નં. ૫૨ પૈકી ૨૦૭૦ ચોરસમીટર ક્ષેત્રફળવાળી બીનખેતી ની જમીન ઉપર આવેલ જયદીપ એશોસીએશન (રજી. નં. એનટીસી/જી/૧૨૦ તા. ૨૯-૦૮-૧૯૮૬) માં આવેલ, જયદીપ ટાવર" ના નામથી ઓળખાતી સ્કીમના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ દુકાન નં. ૧૩ની આશરે ૨૪૦ સમ ચોરસ ફુટ એટલે કે ૨૨.૨૯ સમ ચોરસ મીટર ક્ષેત્રફળના બાંધકામવાળી મિલકત તથા તેની સાથે સદર એશોસીએશનની કુલ સઘળી જમીનમાં વણ વહેચાયેલ હક્ક હિસ્સાની જમીન તથા સદર એશોસીએશનના કોમન રોડ, રસ્તા, કોમન પ્લોટ, પાર્કીંગ ઇત્યાદિ તમામ પ્રકારના સભાસદ તથા શેરહોલ્ડરના હક્કો, હિતો, સહિતની કુલ સઘળી મિલકત, હાલમાં, મંજુ વીરેન્દ્રચંદ ભંડારી, હાલના રહે. એ-૧૦૧, સેપલ રેસીડન્સી, ડી માર્ટ પાસે, શિવરંજની ચાર રસ્તા, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫ ના દ્વારા સદર મિલકત તેઓના કુલ, સંપૂર્ણ, માલિકીપણામાં તથા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ છે. વધુમાં તેઓ દ્વારા જણાવવામાં આવે છે કે સદર મિલકત એશોસીએશન દ્વારા અગાઉના માલિક એટલે કે કિશોરભાઇ લક્ષ્મીશંકર ત્રિવેદીને આપવામાં આવેલ દુકાન નં. ૧૩ના અસલ એલોટમેન્ટ લેટર, અસલ પઝેશન લેટર અને અસલ પૈસા ભર્યાની પહોચો ખોવાઈ ગયેલ છે. વધુમાં સદર ખોવાઈ ગયેલ અસલ એલોટમેન્ટ લેટર, અસલ પઝેશન લેટર અને અસલ પૈસા ભર્યાની પહોચોના આધારે હાલના કે અગાઉના માલિક દ્વારા સદર મિલકત ઉપર કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન ઈત્યાદી કાંઈ પણ કરેલ નથી અને સદર મિલકત અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને અમારા અસીલે સદર મિલકત અંગે અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેઓ સદરહું મિલકત સામે કે ખોવાઈ ગયેલ અસલ એલોટમેન્ટ લેટર, અસલ પઝેશન લેટર અને અસલ પૈસા ભર્યાની પહોચો સામે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજો, અલાખો, ઇઝમેન્ટ, બાનાખતના હક્કો, ગણોતહક્કો, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ ધરાવતા હોય તો તેમને આ જાહેર નોટિસ પ્રસિધ્ધથયેથી દિન (૭) સાતની અંદર દસ્તાવેજી પુરાવા સહીત નીચેના સરનામે (રજી. એડી) થીમોકલી આપવા, અને જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, અલાખો હોય તો તેવા તમામ હક્કો અને વાંધાઓ ઉપરોક્ત માલિકોની તરફેણમાં હરહંમેશ માટે જતા (Waive) કરેલ છે તેમ સમજીને સદર મિલકતોનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ અમારા અસીલ સદર મિલકતોના વેચાણ દસ્તાવેજના વ્યવહારો પરિપુર્ણ કરશે, અને ત્યારબાદ આ અંગેની કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી જેની ખાસ નોંધ લેવી.

તા. ૨૯-૧૦-૨૦૨૬

આનંદ જી. બાપટ, એડવોકેટ
એ. જી. બાપટ એન્ડ કંપની
૩૦૩, શાંગ્રીલા આર્કેડ, ૧૦૦ ફૂટ રોડ, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૨૬૭૫૩૦૨૩-૨૪, ૬૫૧૩૩૦૨૪, મોબાઈલ : ૯૮૨૫૨ ૮૧૪૯૫,

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તાલુકા ઘાટલોડિયાના મોજે ઓગણજ ગામની સીમના સર્વે નંબર- ૨૧૦ ની કુલ ૭૮૯૧ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીન પૈકી વણવહેચાયેલ આશરે ૪૯૩.૩૧ ચો.મી. જુની શરતની ખેતીની જમીન, સદર આખી જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં - ૨૮ માં થવાથી ફાળવવામાં આવેલ એફ ફોર્મ મુજબ ફાઇનલ પ્લોટ નંબર-૨૧૦ની ૫૯૧૮ ચો.મી. જમીન પૈકી વણવહેચાયેલ આશરે ૩૬૯.૯૮ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીન પ્રિયાબેન દિલીપભાઇ પટેલના દિકરી તે સન્ની પટેલના પત્નીનાઓએ રજી. વેચાણ દસ્તાવેજ નંબર- ૨૩૯૦૩ થી તારીખ ૨૮-૧૦-૨૦૨૬ ના રોજ પટેલ કેતનકુમાર સુરેશભાઇ તથા પટેલ ચિરાગકુમાર કનુભાઇને વેચાણ આપેલ છે અને ત્યારથી સદર જમીન તેઓની માલિકી કબજા ભોગવટાની બોજા રહિત આવેલી હોવાનું જણાવી અમારી પાસે સદર જમીનના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે, જેથી સદર જમીનમાં કોઇનો કોઇપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવા સહિત રજી. એ.ડી. થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો જે તે વ્યક્તિનો પોષાતો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો જમીનના માલિકની તરફેણમાં જતો યાને વેવ કરેલ છે તેમ સમજી સદર જમીનના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તારીખઃ- ૩૦ -૧૦-૨૦૨૬

અતુલકુમાર.કે.પટેલ એડવોકેટ,
મીત પી. પટેલ એડવોકેટ,
૨૧૨-૨૧૪, ડ્રીમ રાઇઝ કોમ્પલેક્ષ, હેતાર્થ પાર્ટી પ્લોટની પાસે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ.
મો- ૯૯૯૮૯૩૧૫૮૩, ૯૮૨૪૮૩૩૨૯૧, ૯૯૨૪૨૩૧૨૪૩

જાહેર નોટિસ

મોજે- મોકાસણ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ મહેસાણાના સબ-ડિસ્ટ્રીકટ કડી તાલુકાના, મોજે મોકાસણ ગામનો નવો રી-સર્વે/બ્લોક નં.૩૨૭, જુનો સર્વે/બ્લોક નં.૪૧૬ વાળી જમીન જેનું કુલ ક્ષે. હે.આરે ૨-૭૯-૩૦ ચો.મી છે, જેનો આકાર રૂા. ૨૧.૭૨ પૈસા છે. તે પૈકી વણવહેંચાયેલ ઉત્તર-પૂર્વે દિશા તરફની હે.આરે.ચોમી. ૦-૨૦-૦૦ યાને કે ૨,૦૦૦ ચો.મી વાળી જુની શરતની ખેતી વિષયક જમીન તથા તેમાં આવેલ ઝાડ, બીડ, વાડ, કાંટા, શેઢા, પાલી, પડીયા પાન સહિતની ખેતીની અસલ હદ-હક્કો સહિતની જમીન (૧) દિપકકુમાર બાબુલાલ પટેલનાઓની એકલા, સ્વતંત્ર અને સંપૂર્ણ માલિકીની અને પ્રત્યક્ષ કબ્જા, ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ, વિગેરે હોઈ તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ, વિગેરે નથી અને હોઈ તો જતો કર્યો છે યાને છોડી દીધો છે. એમ માની અમારા અસીલ સદરહુ જમીનનો રજીસ્ટર્ડ પાકો વેચાણ દસ્તાવેજ ઉપરોકત જમીન માલિકો પાસેથી કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કાંઈપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા.૩૦/૧૦/૨૦૨૬,

હિમાની.એસ.પટેલ (એડવોકેટ),
હિમાની એસ.પટેલ એસોસિએટ્સ,
ઓફીસ.:એફ-૭, લેવીશ સ્ક્વેર, કડી-કરણનગર રોડ, કડી, જી.મહેસાણા, ગુજરાત-૩૮૨૭૧૫,
મો.+૯૧ ૭૬૨૩૯૦૮૬૬૫.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી) ના તાલુકા સાબરમતીના ગામ મોજે : કોચરબની સીમની તેમજ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૦ ના ફાયનલ પ્લોટ નંબર-૨૨૯ પૈકીનાં હિસ્સા નંબર-૫ તરીકેની અને સીટી સરવે કચેરી અમદાવાદનાં વોર્ડ : ગુલબાઈ ટેકરાનાં સીટી સરવે નંબર-૬૯૫ તરીકેની કુલ ૧૯૦૧ સમચોરસમીટરનાં ક્ષેત્રફળની બીનખેતીની જમીન તેમજ તેની ઉપર આવેલ તમામ બાંધકામ સહીતની મિલકત (જે 'લલ્લુભાઈ પાર્ક' નાં પ્લોટ / બંગલા નંબર-૧૦ તરીકે ઓળખાય છે) તે મુજબની જમીન પૈકીની દક્ષિણ દિશા તરફની ખાનગી સબ-પ્લોટ નંબર-૧૦/બી. વાંળી ૯૫૦.૫૦ સમચોરસમીટરનાં ક્ષેત્રફળની જમીન અને તેની ઉપર આવેલ તમામ બાંધકામ સહીતની મિલકત એક, સન્ની ટ્રેડર્સ પ્રાઈવેટ લિમીટેડ, અમદાવાદનાની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની અને તમામ પ્રકારનાં બોજા અને વિવાદ રહીત આવેલી છે. વધુમાં સદર ૧૯૦૧ સમચોરસમીટરનાં ક્ષેત્રફળની જમીન અંગેનો તારીખ ૧૬-૦૫-૧૯૬૦ નાં રોજ, સબ-રજીસ્ટ્રારશ્રી અમદાવાદનાની કચેરીમાં નોંધણી ક્રમાક-૩૯૧૯ હેઠળ નોંધાયેલ અસલ બક્ષીસ પત્રનો લેખ, ખોવાઈ ગયેલ છે અને નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરવાં છતાં સદર અસલ લેખ, સદરહુ કંપનીને અને-અગર તેનાં ડાયરેકટર્સને મળી આવતો નથી. આ મુજબનું જણાવીને સદરહુ કંપની વતી અને તરફથી તેનાં અધિકૃત ડાયરેકટરશ્રી એ, સદરહુ કંપનીની ઉપર જણાવ્યા મુજબની મિલકત બાબતમાં અમારી પાસેથી ટાઈટલ કલીઅરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી ઉપરોકત જણાવેલી મિલકત કે તેનાં કોઈપણ ભાગ ઉપર, તેનાં ઉપરોકત જણાવેલ માલીક-કબજેદાર સિવાય, અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો, ચાર્જ, બોજો કે લિયન હોય અને-અથવા ઉપરોકત જણાવેલ અસલ બક્ષીસપત્રનો દસ્તાવેજ કોઈની પાસે હોય અને તે થકી સદરહુ મિલકત કે તેનાં કોઈપણ ભાગ ઉપર તેમનો શાન ગીરો કે અન્ય કોઈ પ્રકારનો હકક હોય અને-અગર સદરહુ મિલકત બાબતમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય, તો તેવી જે તે વ્યકિતએ તેમનાં હકક દાવા કે વાંધા તકરાર બાબતનાં લેખીત પુરાવાની પ્રમાણીત નકલો સહીત અમોને સ્પીડ પોસ્ટથી અને-અગર અન્ય અધિકૃત માધ્યમ દ્વારા આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં દીન-૧૦ (દસ) માં તેની લેખીતમાં જાણ કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો મુદત વીતે ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી તે જાણશો.

તારીખ : ૩૦-૧૦-૨૦૨૬

કમલેશ સી. શાહ, એડવોકેટ
બી/૧૩, સોમેશ્વર રો-હાઉસ વિભાગ-૧, બિલેશ્વર મહાદેવ પાસે, ૧૩૨ ફૂટ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન - ૦૭૯ - ૩૫૯૦ ૫૪૬૩

MTFના નિયમો નેવે મૂકનારા શેરબ્રોકરો સામે NSEની લાલ આંખ : તવાઈના એંધાણ

માર્જિન ફંડિંગ ફેસેલિટીના નામે બેરોકટોક ગેરરીતિ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, તા.૨૯

ગ્રાહકોને શેરોમાં ટ્રેડિંગ કરવા અને ટ્રેડિંગ કરાવીને બ્રોકરેજ-દલાલીની લખલૂંટ કરવા અને ફંડિંગ કરીને એના પર કરોડોની કમાણી કરવાની લાલચમાં હવે શેરબ્રોકરો પણ બેફામ બન્યા હોવાનું અને માર્જિન ફંડિંગ ફેસેલિટીના નામે બેરોકટોક કથિત ગેરરીતિ ચાલી રહી હોવાનો ઘટસ્ફોટ થયો છે. દેશના અગ્રણી શેર બજાર નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) દ્વારા બ્રોકરોની કામગીરી અને નિયમનકારી પાલન અંગે હાથ ધરવામાં આવેલા નિરીક્ષણમાં અનેક પ્રકારની ખામીઓ સામે આવી છે. આ પ્રકારની એમટીએફ ફંડિંગની બેફામ પ્રવૃત્તિ થકી પાછલા મહિનાઓમાં એમટીએફ બુકમાં તોતીંગ વધારો થયાનું પણ જાણકારો માની રહ્યા છે. એમટીએફની લતના કારણે પણ ઘણા રોકાણકારો નુકશાનીના ખાડામાં ઉતરી જતાં હોવાના અને જોખમી બહાર ટ્રેડિંગ કરીને પાયમાલ થતાં હોવાના જોખમોને લઈ આ મામલે નિયમનકારી નિયંત્રણો-અંકુશો પણ લાદવા આવશ્યક હોવાનું સમીક્ષકોનું માનવું છે.

માર્જિન શોર્ટેજથી લઈ અમાન્ય શેરો સામે ફંડિંગ થતું હોવાનો ઘટસ્ફોટ : એમટીએફ બુકમાં પાછલા દિવસોમાં તોતીંગ વધારા પાછળના પરિબળો

આ ખામીઓમાં ખાસ કરીને માર્જિન ટ્રેડિંગ ફેસિલિટી (એમટીએફ) હેઠળના નિયમોના પાલનમાં ગેરરીતિઓ, પૂરતું માર્જિન જાળવવામાં નિષ્ફળતા અને ફંડિંગ માટે અયોગ્ય શેરોનો ઉપયોગ જેવા મુદ્દાઓએ એક્સચેન્જનું ધ્યાન ખેંચ્યું છે. આ ઉપરાંત ઓથોરાઈઝ્ડ પર્સન્સ (એપીઝ) પર દેખરેખ, ગ્રાહકોની કેવાયસી પ્રક્રિયા, ક્લાયન્ટ ફંડના રિપોર્ટિંગ અને સાયબર સુરક્ષા સંબંધિત બાબતોમાં પણ ખામીઓ નોંધાઈ છે.

એક્સચેન્જના ઓક્ટોબર ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ સુધીના નિરીક્ષણ સાથે સંબંધિત તારણો બ્રોકિંગ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ તારણો દર્શાવે છે કે, શેર બજારમાં માત્ર ટ્રેડિંગની સુવિધા પૂરી પાડવી જ પૂરતી નથી, પરંતુ ગ્રાહકોને આપવામાં આવતી ફંડિંગ સુવિધા, નાણાકીય વ્યવહારોની પારદર્શિતા, મધ્યસ્થીઓ-ઈન્ટરમીડિયરીઝની કામગીરી અને ડિજિટલ સુરક્ષા માટે પણ નિયમોનું કડક પાલન જરૂરી છે.

માર્જિન ટ્રેડિંગ ફેસેલિટી એટલે એવી સુવિધા, જેમાં રોકાણકાર પોતાના ઉપલબ્ધ ભંડોળ કરતા વધુ મૂલ્યના શેર ખરીદી શકે છે અને બાકીની રકમનો એક હિસ્સો બ્રોકર દ્વારા ફંડ કરવામાં આવે છે. આ સુવિધામાં રોકાણકારને પોતાની તરફથી નિર્ધારિત માર્જિન આપવું પડે છે, જ્યારે બ્રોકર બાકીની રકમ ફંડિંગ પૂરું પાડે છે. એમટીએફ રોકાણકારોને મર્યાદિત મૂડીથી વધુ મોટું રોકાણ કરવાની તક આપે છે, પરંતુ તેની સાથે જોખમ પણ વધે છે. શેરના ભાવમાં ઘટાડો થાય તો રોકાણકારને થયેલું નુકશાન તેની પોતાની મૂડીની સરખામણીએ વધારે ઝડપથી વધી શકે છે. તેથી માર્જિનની ગણતરી, તેની સતત દેખરેખ અને જરૂરી માર્જિન જાળવવાની પ્રક્રિયા અત્યંત મહત્વપૂર્ણ બને છે.

એનએસઈના નિરીક્ષણમાં કેટલાક બ્રોકરો દ્વારા પૂરતું માર્જિન જાળવવામાં ખામીઓ હોવાનો મુદ્દો સામે આવ્યો છે. માર્જિન સંબંધિત નિયમોનું પાલન યોગ્ય રીતે ન થાય તો બજારમાં અસ્થિરતા દરમિયાન બ્રોકર અને રોકાણકાર બન્ને માટે જોખમ ઊભું થઈ શકે છે. શેરના બાવમાં અચાનક ઘટાડો થાય ત્યારે પૂરતું માર્જિન ન હોવાને કારણે ફંડિંગની વસૂલાત અને પોઝિશનનું સંચાલન મુશ્કેલ બની શકે છે.

નિરીક્ષણમાં એમટીએફ હેઠળ ફંડિંગ માટે પાત્ર ન હોય એવા શેરો સામે ફંડિંગ આપવાની ખામી પણ નોંધાઈ છે. એમટીએફ હેઠળ દરેક શેરને ફંડિંગ માટે યોગ્ય માનવામાં આવતા નથી. એક્સચેન્જ અને નિયમનકારી માળખા હેઠળ નિર્ધારિત પાત્રતાના માપદંડોનું પાલન જરૂરી છે. આથી બ્રોકરો માટે જરૂરી છે કે, તેઓ એમટીએફ ફંડિંગ આપતા પહેલા શેરની પાત્રતા ચકાસે અને સમગ્ર ફંડિંગ સમયગાળા દરમિયાન લાગુ પડતા નિયમોનું પાલન સુનિશ્ચિત કરે. માત્ર ગ્રાહકની માંગ અથવા સંભવિત આવકને ધ્યાનમાં રાખીને ફંડિંગ આપવાને બદલે જોખમ નિયંત્રણને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

એનએસઈના નિરીક્ષણમાં ઓથોરાઈઝ્ડ પર્સન્સ (એપીઝ)ની કામગીરી પર દેખરેખ રાખવામાં આવેલી ખામીઓ પણ સામે આવી છે. ઓથોરાઈઝ્ડ પર્સન એ બ્રોકર સાથે સંકળાયેલા એવા મધ્યસ્થી છે, જે લાગુ નિયમો હેઠળ ગ્રાહકો સુધી બ્રોકરેજ સર્વિસ પહોંચાડવામાં મદદ કરે છે. રોકાણકારો ઘણીવાર સ્થાનિક સ્તરે આવા મધ્યસ્થીઓના સંપર્કમાં રહીને ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવે છે, બજારની માહિતી મેળવે છે અને બ્રોકરેજ સર્વિસિઝનો ઉપયોગ કરે છે, તેથી એપીઝની કામગીરી પર બ્રોકરની અસરકારક દેખરેખ હોવી જરૂરી છે. આ સાથે એનએસઈના નિરીક્ષણમાં કેવાયસી સંબંધિત ખામીઓ નોંધવાથી બ્રોકરોની ગ્રાહક-ઓનબોર્ડિંગ પ્રક્રિયા અને દસ્તાવેજોની ચકાસણી અંગે સાવચેતી રાખવાની જરૂરીયાત સામે આવે છે. આ સાથે સાયબર સુરક્ષા સંબંધિત ખામીઓનો પણ ઉલ્લેખ થયો છે.

નાની NBFC પર થયેલા સાયબર હુમલા, રૂ. ૩૦૦ કરોડની ઉચાપત

અમદાવાદ, તા. ૨૯

છેતરપિંડી કરનારાઓ એઆઈનો ઉપયોગ કરીને દેશના નાણાકીય ક્ષેત્રને નિશાન બનાવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા બે મહિનામાં, છેતરપિંડી કરનારાઓએ સાયબર હુમલા દ્વારા દેશભરની નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓ (એનબીએફસી) પાસેથી આશરે રૂ. ૩૦૦ કરોડની ઉચાપત કરી છે, જેમાંથી મોટાભાગની નાની કંપનીઓ છે. આ મામલે અત્યાર સુધીમાં આશરે ૧૫૦ ફરિયાદો દાખલ કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ હુમલાઓએ એનબીએફસીના નબળા સાયબર સુરક્ષા માળખામાં નબળાઈઓનો ઉપયોગ કર્યો હતો, જેમાં મુખ્યત્વે લગભગ રૂ. ૧,૦૦૦ કરોડ કે તેથી ઓછા ટર્નઓવર ધરાવતી કંપનીઓનો સમાવેશ થાય છે. સાયબર હુમલાઓ પહેલા પણ થતા રહ્યા છે, પરંતુ છેલ્લા દોઢ મહિનામાં તેમાં નોંધપાત્ર વધારો થયો છે. કેટલીક કંપનીઓ પર વારંવાર હુમલા થયા છે.

અહેવાલ મુજબ દિલ્હીમાં એક એનબીએફસી પર બે વાર હુમલો કરવામાં આવ્યો હતો. પહેલા હુમલામાં કંપનીને રૂ. ૭.૫ કરોડનું નુકસાન થયું હતું, અને થોડા દિવસો પછી, બીજા હુમલામાં રૂ. ૩.૨૫ કરોડનું નુકસાન થયું હતું. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સાયબર સુરક્ષા એજન્સીઓ ચોવીસ કલાક કામ કરી રહી છે.

૧૫ ઓક્ટોબર સુધીમાં, રિઝર્વ બેંકમાં ૮,૫૦૨ એનબીએફસી નોંધાયેલા હતા. મુંબઈમાં આશરે ૩૦ ફરિયાદો, દિલ્હીમાં ૨૫ થી વધુ અને ચેન્નાઈ અને અન્ય શહેરોમાં ૧૫-૧૬ ફરિયાદો નોંધાઈ છે. સાયબર છેતરપિંડીની ફરિયાદો, સામાન્ય રીતે મામલાની સંવેદનશીલતાને કારણે ગુપ્ત રાખવામાં આવે છે.

ઘણા કેસોમાં તપાસ પૂર્ણ થઈ ગઈ છે. તપાસ એજન્સીઓએ શોધી કાઢ્યું છે કે સાયબરસ્ટ્રાઈક નામનું ચીની હેકિંગ પ્લેટફોર્મ હુમલાઓ પાછળ છે. અન્ય કેસોની તપાસ હજુ પણ ચાલુ છે. ભારત, જાપાન અને દક્ષિણ કોરિયાની કંપનીઓએ પણ આવા જ હુમલાઓનો સામનો કર્યો છે.

નિષ્ણાતોએ અહેવાલ આપ્યો છે કે બે ચાઈનીઝ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલકીટ્સ, આર્ટેક્સ અને સાયબરસ્ટ્રાઈક, ઓપન-સોર્સ મોડેલ્સ સાથે, ભારત અને વિશ્વભરમાં નાણાકીય સિસ્ટમોને લક્ષ્ય બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે. આમાં ડીપસીક, અલીબાબાના ક્વેન, મૂનશોટના કિમી અને ઝીપુના 'GLM' જેવા ચાઈનીઝ ઓપન-સોર્સ મોડેલ્સનો સમાવેશ થાય છે.

તપાસ એજન્સીઓના મતે સાયબરસ્ટ્રાઈક નામનું ચીની હેકિંગ પ્લેટફોર્મ આ હુમલાઓ પાછળ જવાબદાર

તહેવારો નિમિત્તોની માંગ તથા જાહેર મૂડીખર્ચ ઔદ્યોગિક પ્રવૃત્તિને ટેકો આપશે

મુંબઈ, તા. ૨૯

તહેવારો નિમિત્તેની માગ તથા નોંધપાત્ર જાહેર મૂડીખર્ચ વર્તમાન નાણાં વર્ષના પાછલા છ મહિનામાં દેશની ઓદ્યોગિક પ્રવૃત્તિને ટેકો આપશે તેવી ધારણાં રાખવામાં આવી રહી છે.

નબળા ચોમાસા તથા કાચા માલના ઊંચા ખર્ચ ઉત્પાદન પર અસર કરી શકે છે

જો કે નબળા ચોમાસા તથા કાચા માલના ઊંચા ખર્ચ ઉત્પાદન પર અસર કરી શકે છે, એમ એક રિપોર્ટમાં જણાવાયું હતું. ગ્રામ્ય માગમાં વધારો અને સતત મૂડીરોકાણ સ્થિર ઔદ્યોગિક વિકાસ કરાવે છે કે કેમ તેના પર આઉટલુક નિર્ભર રહેશે, કારણ કે ઉત્પાદન તથા કન્ઝયૂમર ડયૂરેબલ્સ સામે ગયા વર્ષની સરખામણીએ સ્થિતિ ઓછી સાનુકૂળ છે.

એકંદર ધીમી ગતિ છતાં, ગ્રામ્ય માગને અમે અલ નિનોની અસર વચ્ચે પણ એક સુખદ પરિબળ તરીકે જોઈ રહ્યા છીએ.

તહેવારની માગ અને તથા જાહેર મૂડીખર્ચ વર્તમાન નાણાં વર્ષના પાછલા છ મહિનામાં ઔદ્યોગિક પ્રવૃત્તિને ટેકો આપશે તેવી રિપોર્ટમાં ધારણાં મૂકવામાં આવી છે.

ઓગસ્ટમાં ૭.૮૦ ટકા રહ્યા બાદ ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ સપ્ટેમ્બરમાં મંદ પડી ૬.૭૦ ટકા રહી છે. જો કે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં વૃદ્ધિ દર ૬.૮૦ ટકા રહ્યો છે જે ગયા વર્ષના સમાન ગાળામાં ૪.૪૦ ટકા જોવા મળ્યો હતો.

ખાનગી મૂડીખર્ચમાં રિકવરી ઈન્વેસ્ટમેન્ટ ગતિને ટેકો આપી રહી હતી. જો કે કન્ઝયૂમર માગ કેવી રહે છે તે જોવાની રહેશે એમ રિપોર્ટમાં ભારપૂર્વક જણાવાયું છે. નબળા ચોમાસા તથા કાચા માલના ઊંચા ખર્ચ જેવા પરિબળો ઔદ્યોગિક આઉટલુક સામે પડકારરૂપ બની શકે છે.

રૂપિયા સામે ડોલરમાં બેતરફી ઉછળકુદ: પાઉન્ડ તથા યુરો ઉંચકાયા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ બે-તરફી વધઘટ વચ્ચે ફરતા રહ્યા હતા. શેરબજારમાં તેજી આવતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉંચેથી ઘટતાં કરન્સી બજાર પર તેની અસર રૂપિયા પર જો કે પોઝીટીવ જોવા મળી હતી.

જાપાન તથા ચીનની કરન્સીમાં સામસામા રાહ

ફોરેક્સ ભાવ

ડોલર	રૂ. ૯૫.૨૫
પાઉન્ડ	રૂ. ૧૨૬.૮૧
યુરો	રૂ. ૧૦૬.૦૭
યેન	રૂ. ૦.૬૦
બ્રેન્ટ ક્રૂડ	૧૧૪ ડોલર

દરમિયાન, રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૫.૨૩ વાળા આજે સવારે રૂ.૯૫.૧૭ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૫.૩૮ સુધી ઉછળી છેલ્લે બંધ ભાવ રૂ.૯૫.૨૫ રહ્યા હતા ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે નીચામાં ૧૦૨.૦૬ રહ્યા પછી વધી ઉંચામાં આ ઈન્ડેક્સ ૧૦૨.૩૩ થઈ ૧૦૨.૨૭ રહ્યાના સમાચાર મળ્યા હતા. અમેરિકામાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજના દર ફેરફાર વિના જાળવી રાખવામાં આવ્યાના સમાચાર મળ્યા હતા.

ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૨.૩૩ થઈ ૧૦૨.૨૭ રહ્યો હતો. અમેરિકામાં આજે જીડીપીના આંકડા સારા આવ્યા હતા સામે ફુગાવો પણ ત્યાં વધ્યાના વાવડ મળ્યા હતા. દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૨૯ પૈસા વધ્યા હતા. પાઉન્ડના ભાવ ઉંચામાં રૂ.૧૨૭.૦૫ થઈ રૂ.૧૨૬.૮૧ રહ્યા હતા યુરોપીયન કરન્સી યુરોના ભાવ આજે ૧૦ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૬.૨૬ થઈ રૂ.૧૦૬.૦૭ રહ્યા હતા.

જોકે જાપાનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૦૨ ટકાની પીછેહટ બતાવી રહી હતી. ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૦૭ ટકા પ્લસમાં રહી હતી. દરમિયાન, રિઝર્વ બેન્ક દ્વારા શુક્રવારે (આજે) બહાર પડનારા ફોરેક્સ રિઝર્વના આંકડાઓ પર બજારના ખેલાડીઓની નજર રહી હતી. ડોલરમાં આજે રિઝર્વ બેન્કની સક્રિયતા વચ્ચે અમુક સરકારી બેન્કો ડોલર વેંચી રહ્યાની ચર્ચા પણ બજારમાં સંભળાઈ રહી હતી.

ઈક્વિટી પરનો LTCG ટેકસ નાબૂદ કરવા,STCG ઘટાડવા માટે રજૂઆત

મુંબઈ, તા. ૨૯

લિસ્ટેડ ઈક્વિટીસ પર વસૂલવામાં આવતા લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન (એલટીસીજી) ટેક્સ નાબૂદ કરવા તથા શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન (એસટીસીજી) ટેક્સ ૨૦ ટકા પરથી ઘટાડી ૧૦ ટકા કરવા પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (પીએચડીસીસીઆઈ) દ્વારા સરકારને વિનંતી કરવામાં આવી છે.

ટેકસ દૂર કરાશે તો મૂડી બજારમાં વિદેશી રોકાણમાં વધારો થશે

મૂડી બજારમાં લાગુ કરાયેલા ટેકસના દરન વ્યવહારુ બનાવાશે તો તેનાથી વિદેશી રોકાણને આકર્ષવામાં મદદ મળશે એટલુ જ નહીં રિટેલ સહભાગમાં પણ વધારો થશે તેવી સરકાર સમક્ષ કરાયેલી રજૂઆતમાં ચેમ્બર દ્વારા દલીલ કરવામાં આવી છે.

એલટીસીજી ટેક્સ નાબૂદ કરવા તથા હોલ્ડિંગ સમયગાળો બેથી ત્રણ વર્ષ લંબાવવા એસબીઆઈ રિસર્ચ દ્વારા તાજેતરમાં કરાયેલી ભલામણ બાદ મૂડી બજારના સહભાગીઓ દ્વારા આ મુદ્દે ચર્ચા શરૂ થઈ છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો તરફથી પણ સરકાર સમક્ષ આવી માગણી કરવામાં આવી છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારામને એલટીસીજી ટેક્સ તથા એસટીટી માટે સરકાર ખુલ્લુ મન ધરાવે છે તેવુ તાજેતરમાં નિવેદન પણ કર્યુ હતું.

તેમના આ નિવેદન બાદ આગામી બજેટમાં આ મુદ્દે સરકાર કોઈ દરખાસ્ત લાવશે તેવી અપેક્ષા વધી ગઈ છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસિઝ (સીબીડીટી)ને સુપરત કરેલા આવેદનપત્રમાં પીએચડીસીસીઆઈએ એલટીસીજી ટેકસમાં મુક્તિ માટેનો સમયગાળો જે ૧૨ મહિના છે તેમાં વધારો કરી અઢારથી બાવીસ મહિના કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. આમ કરવાથી પ્રમાણિક રોકાણકારોને લાભ મળી રહેશે.

વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ નવ મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)એ ભારતીય બજારમાંથી રૂપિયા ૩.૦૮ ટ્રિલિયન પાછા ખેંચી લીધા છે જે ગયા સંપૂર્ણ વર્ષમાં પાછા ખેંચાયેલા રૂપિયા ૧.૬૬ ટ્રિલિયનની સરખામણીએ બમણા જેટલા છે.

GST નિયમોમાં ફેરફારોથી નાના ઈ-કોમર્સ વિક્રેતાઓ માટે નોંધણી સરળ

અમદાવાદ, તા. ૨૯

આ મહિનાની શરૂઆતમાં જીએસટી કાઉન્સિલ દ્વારા લેવાયેલા મુખ્ય નિર્ણયોના અમલ અંતર્ગત સરકારે ગૂડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) માળખામાં શ્રેણીબદ્ધ ફેરફારો જાહેર કર્યા છે. જેમાં નાના ઈ-કોમર્સ વિક્રેતાઓ માટે નોંધણી પ્રક્રિયા સરળ બનાવવી તેમજ ચોક્કસ બાયો-સ્ટિમ્યુલન્ટ્સ અને રીટ્રેડેડ ટ્રેક્ટર ટાયર પરના ટેક્સ અંગેની સ્પષ્ટતાઓ સામેલ છે.

અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા સામાન વેચતા નાના સપ્લાયર્સ, જ્યાં તેમની ભૌતિક હાજરી નથી અને દર મહિને રૂ. ૨.૫ લાખ સુધીનો ઈનપુટ ટેક્સ ક્રેડિટ પાસ કરે છે, તેઓ ૧ નવેમ્બરથી પ્લેટફોર્મના વેરહાઉસને રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં તેમનું મુખ્ય વ્યવસાય સ્થળ તરીકે દર્શાવી શકશે, તેમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ એ જણાવ્યું છે. આ પગલાને ૮ ઓક્ટોબરના રોજ યોજાયેલી કાઉન્સિલની ૫૭મી બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.

નાના વિક્રેતાઓ માટે પ્રવેશના અવરોધો ઘટશે

ઈ-કોમર્સ ઓપરેટરના વેરહાઉસ દ્વારા સરળ બનાવેલી આંતરરાજ્ય નોંધણી પ્રક્રિયા વિવિધ રાજ્યોમાં વિસ્તરણ કરવા માંગતા નાના વિક્રેતાઓ માટે પ્રવેશના અવરોધો ઘટાડી શકે છે.

આ ઉપરાંત, સરકારે ઈ-ઈનવોઈસિંગની આવશ્યકતાઓને વધુ વિસ્તૃત કરી છે, જેમાં આયાતી સેવાઓ અને અનરજિસ્ટર્ડ (બિન-નોંધાયેલ) વ્યક્તિઓ પાસેથી મેળવેલી એવી સપ્લાયનો સમાવેશ કરવામાં આવ્યો છે જ્યાં રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ જીએસટી ચૂકવવાપાત્ર છે. આ જોગવાઈ ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી અમલમાં આવશે.

ઉડ્ડયન ઉદ્યોગ રૂપિયા ૩૮૦૦૦ કરોડ સુધીની ખોટ કરે તેવો અંદાજ

મુંબઈ, તા. ૨૯

ભારતનો ઉડ્ડયન ઉદ્યોગ વર્તમાન નાણાં વર્ષમાં રૂપિયા ૩૬૦૦૦-૩૮૦૦૦ કરોડની નેટ ખોટ કરશે તેવી શકયતા છે.

ગયા નાણાં વર્ષમાં રૂપિયા ૨૮૦૦૦-૩૦૦૦૦ કરોડની ખોટ ગયાનો અંદાજ છે. ઊતારૂઓની અવરજવરની સંખ્યામાં મંદ વૃદ્ધિ, ઈંધણના ઊંચા ભાવ તથા રૂપિયાના ઘસારાને પરિણામે ફોરેકસમાં પડેલા મારને કારણે વર્તમાન નાણાં વર્ષમાં ખોટનો આંક ઊંચે ગયો છે.

ફેબ્રુઆરીના અંતથી પશ્ચિમ એશિયામાં શરૂ થયેલા યુદ્ધને કારણે વર્તમાન ૨૦૨૭ના નાણાં વર્ષમાં પેસેન્જર ટ્રાફિકમાં વૃદ્ધિ મંદ રહેશે તેમ ઈક્રાના એક રિપોર્ટને ટાંકીને જણાવ્યું હતું.

અમલીકરણ પહેલાં ભારત CBAM નિયમો પર UK સાથે ચર્ચા કરશે

અમદાવાદ, તા. ૨૯

ભારત ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી લાગુ થનાર યુકેના કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ (CBAM) જે તેની આયાત શાસન પર કાર્બન ટેરિફ છે, તેના અમલીકરણ અને નિયમો અંગે વધુ સ્પષ્ટતા મેળવવા યુકે સાથે આગળ ચર્ચા કરવા માગે છે.

૭૭.૫ કરોડ ડોલર મૂલ્યની નિકાસ પ્રભાવિત થઈ શકે

આ પગલું એવા સમયે લેવાયું છે જ્યારે લંડન ઉત્સર્જનની ગણતરી અને ચકાસણી માટેના નિયમો નક્કી કરી રહ્યું છે, જ્યારે મુક્ત વેપાર કરાર ભાગીદારો માટે કોઈ છૂટછાટ આપવાનો ઈનકાર કરી દીધો છે.

જોકે લંડને ભારતના કાર્બન ક્રેડિટ ટ્રેડિંગ સ્કીમ (CCTS)ને માન્ય લાયકાત યોજના તરીકે સ્વીકારી લીધી છે, પરંતુ ઉત્સર્જનની ગણતરી અને ચકાસણી માટેના નિયમો હજી પણ ઘડાઈ રહ્યા છે, જેના કારણે બાબતો કેવી રીતે આગળ વધશે તે અંગે ભારતમાં અનિશ્ચિતતા પ્રવર્તે છે. નવો કાયદો અંતિમ સ્વરૂપ પામે તે પછી નવી દિલ્હી નિયમો અને તેના અમલીકરણ પર સમાંતર વાટાઘાટો ઈચ્છે છે.

લંડન નિર્ધારિત સમય મુજબ ૧ જાન્યુઆરીથી કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ લાગુ કરશે, જેમાં સ્ટીલ અને એલ્યુમિનિયમ જેવી આયાતમાં સમાયેલા કાર્બન ઉત્સર્જન પર ટેક્સ વસૂલવામાં આવશે, અને ભારત જેવા મુક્ત વેપાર ભાગીદારો માટે પણ કોઈ છૂટછાટ આપવામાં આવશે નહીં.

યુકેએ ડ્રાફ્ટ કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ અંગે ભારત સાથે પરામર્શ કર્યો છે અને તે વધુ ચર્ચા માટે તૈયાર છે.

ભારતે આ વર્ષે જુલાઈમાં અમલમાં આવેલા ભારત-યુકે એફટીએ ના સંદર્ભમાં ભારતીય ઉદ્યોગ પર કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ નિયમો લાગુ કરવામાં રાહત અને છૂટછાટોની માગણી કરી હતી.

લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષમાં ઘટાડો થશે....

બેંકિંગ શેરોની આગેવાનીએ ફંડોની તોફાની તેજી : સેન્સેક્સ ૯૦૫ પોઈન્ટ ઉછળીને ૭૪૧૫૧

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, ગુરૂવાર

જિયો પ્લેટફોર્મ્સના આઈપીઓને જંગી પ્રતિસાદ બાદ લિસ્ટિંગમાં માતબર વળતર બાદ હવે શેરમાં ઉછાળે પ્રોફિટ બુકિંગ સાથે ફંડો, ઈન્વેસ્ટરોએ મૂડી છુટ્ટી કરવા માંડતા બજારમાં લિક્વિડિટી ફરી વધવા લાગ્યા સાથે નાણા પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા શેરો પરના લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (એલટીસીજી)માં ઘટાડો થવાની હલચલ વધવા લાગતાં અને સમીક્ષકોના અભિપ્રાયો વચ્ચે આજે શેરોમાં ફંડોએ તોફાની તેજી કરી હતી. આ સાથે વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલનાભાવ એકથી દોઢ ટકો ઘટી આવતાં અને વૈશ્વિક બજારોમાં તેજીનો સપોર્ટ પણ મળ્યો હતો. ફંડોએ આજે કોટક મહિન્દ્રા બેંકની આગેવાનીમાં બેંકિંગ શેરો તેમ જ કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં મોટી ખરીદી કરતાં અને હેલ્થકેર, આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરો તમ જ કેપિટલ ગુડઝ, મેટલ-માઈનીંગ, એફએમસીજી શેરોમાં ખરીદીએ તેજી આક્રમક બની હતી. આ સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના આવતીકાલે-શુક્રવારે ૩૦, ઓક્ટોબરના ત્રિમાસિક પરિણામ જાહેર થનાર હોઈ શોર્ટ કવરિંગ થતું જોવાયું હતું. સેન્સેક્સ ૯૦૫.૦૧ પોઈન્ટ ઉછળીને ૭૪૧૫૧.૦૪ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૨૩૭.૯૦ પોઈન્ટની છલાંગે ૨૨૯૩૬.૭૫ બંધ રહ્યા હતા.

બેંકેક્સ ૭૧૨ પોઈન્ટ ઉછળ્યો : કોટક મહિન્દ્રા બેંક, પીએનબી, સ્ટેટ બેંક, કેનેરા બેંકમાં ફંડો લેવાલ

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોની આજે કોટક મહિન્દ્રા બેંકની આગેવાનીમાં મોટી ખરીદી થઈ હતી. બેંક ઓફ બરોડા રૂ.૯.૮૦ વધીને રૂ.૨૪૧.૫૦, કોટક મહિન્દ્રા બેંક રૂ.૧૭ વધીને રૂ.૪૫૭, પીએનબી રૂ.૩.૮૫ વધીને રૂ.૧૨૩.૯૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૨૩.૨૫ વધીને રૂ.૯૮૦, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા રૂ.૪.૧૫ વધીને રૂ.૧૮૬.૧૫, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૧૬.૫૦ વધીને રૂ.૮૬૮.૪૦, કેનેરા બેંક રૂ.૧.૯૫ વધીને રૂ.૧૧૯.૭૫, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૧૧.૪૦ વધીને રૂ.૧૩૮૫.૭૦, એક્સિસ બેંક રૂ.૬.૧૦ વધીને રૂ.૧૨૨૬.૧૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૭૧૨.૧૫ પોઈન્ટ ઉછળીને ૬૧૭૧૮.૪૮ બંધ રહ્યો હતો.

આઈટી શેરોમાં ફંડો લેવાલ : બિરલા સોફ્ટ, એડીએસએલ, ઓરિઓનપ્રો, ઝેનસાર, પ્રોટિઅન વધ્યા

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ શેરોમાં ફંડોની આજે પસંદગીની મોટી ખરીદી થઈ હતી. બિરલા સોફ્ટવેર રૂ.૩૬.૪૦ ઉછળીને રૂ.૩૪૨.૬૫, એડીએસએલ રૂ.૮.૫૦ વધીને રૂ.૧૦૮.૧૫, ઓરિઓનપ્રો રૂ.૪૪.૦૫ વધીને રૂ.૫૮૨.૮૫, ઝેનસાર ટેકનોલોજી રૂ.૪૦.૫૦ વધીને રૂ.૫૩૭.૫૫, પ્રોટિઅન રૂ.૩૪.૩૦ વધીને રૂ.૬૩૨.૬૦, ઓનવર્ડ ટેકનોલોજી રૂ.૧૯.૨૫ વધીને રૂ.૪૦૪.૯૫, સાસ્કેન રૂ.૬૪.૭૫ વધીને રૂ.૧૯૦૫.૧૫, તાન્લા પ્લેટફોર્મ રૂ.૧૯.૨૫ વધીને રૂ.૬૧૮.૦૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૨૯૮.૭૨ પોઈન્ટ વધીને ૩૦૨૦૫.૪૨ બંધ રહ્યો હતો.

શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪.૮૦ લાખ કરોડ વધીને રૂ.૪૭૭.૪૩ લાખ કરોડ

શેરોમાં આજે વ્યાપક તોફાની તેજી સાથે રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૪.૮૦ લાખ કરોડ વધીને રૂ.૪૭૭.૪૩ લાખ કરોડ રહ્યું હતું.

કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૮૫૯ પોઈન્ટ ઉછળ્યો : બ્લુ સ્ટાર, વોલ્ટાસ, ટાઈટન કંપની, ડિક્સન ઉછળ્યા

કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં પણ ફંડોની આજે આક્રમક ખરીદી થઈ હતી. બ્લુ સ્ટાર રૂ.૭૨ ઉછળીને રૂ.૧૬૭૦, વોલ્ટાસ રૂ.૨૭.૯૦ વધીને રૂ.૧૦૪૦, ટાઈટન કંપની રૂ.૧૦૪ વધીને રૂ.૪૪૪૪, ડિક્સન ટેકનોલોજી રૂ.૧૩૩ વધીને રૂ.૧૧,૪૯૪, કલ્યાણ જવેલર્સ રૂ.૫ વધીને રૂ.૫૧૫, બર્જર પેઈન્ટ રૂ.૩.૯૦ વધીને રૂ.૪૬૬.૩૦, એશીયન પેઈન્ટ રૂ.૧૩.૭૦ વધીને રૂ.૨૨૯૮.૭૦ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૮૫૮.૫૪ પોઈન્ટ ઉછળીને ૫૯૨૪૮.૫૪ બંધ રહ્યો હતો.

હેલ્થકેર શેરોમાં જળવાયેલું આકર્ષણ : ઈન્ડસ્વિફ્ટ લેબ. રૂ.૨૯, એક્યુટાસ રૂ.૨૭૫, સનોફી રૂ.૧૯૮ ઉછળ્યા

હેલ્થકેર-ફાર્માસ્યુટિકલ્સ શેરોમાં પણ ફંડોનું આજે ખરીદીનું આકર્ષણ જળવાયું હતું. ઈન્ડસ્વિફ્ટ લેબ રૂ.૨૯.૪૦ વધીને રૂ.૪૦૮.૮૫, એક્યુટાસ રૂ.૨૭૫.૦૫ વધીને રૂ.૩૯૮૧.૫૫, સનોફી રૂ.૧૯૮.૫૦ વધીને રૂ.૩૧૮૯.૬૫, ગુજરાત થેમીસ રૂ.૧૯.૬૦ વધીને રૂ.૩૭૪.૮૫, આરતી ફાર્મા રૂ.૪૭.૮૫ વધીને રૂ.૯૨૭.૫૫, આરપીજી લાઈફ રૂ.૧૪૮.૪૫ વધીને રૂ.૨૯૯૫.૬૫, બ્લિસ જીવીએસ રૂ.૩૨.૪૫ વધીને રૂ.૬૮૨.૫૦, મેડિકામેન રૂ.૧૨.૭૦ વધીને રૂ.૨૬૭.૪૦ રહ્યા હતા.

એફએમસીજી શેરોમાં ફંડોનું વેલ્યુબાઈંગ : ડીસીએમ શ્રીરામ, ઉત્તમ સુગર, દ્વારકેશ સુગર, ટેસ્ટી બાઈટ વધ્યા

એફએમસીજી શેરોમાં પણ ફંડોએ આજે મોટું વેલ્યુબાઈંગ કર્યું હતું. ડીસીએમ શ્રીરામ રૂ.૮.૩૧ ઉછળીને રૂ.૬૩.૫૫, ઉત્તમ સુગર રૂ.૪૪.૭૦ વધીને રૂ.૩૬૧.૫૦, દ્વારકેશ સુગર રૂ.૨.૨૧ વધીને રૂ.૪૨.૮૬, ટેસ્ટી બાઈટ રૂ.૪૫૩.૬૫ વધીને રૂ.૯૩૪૦.૬૫, મવાના સુગર રૂ.૭.૪૫ વધીને રૂ.૧૫૭, અવધ સુગર રૂ.૩૫.૩૫ વધીને રૂ.૮૬૦.૩૦, મેરિકો રૂ.૨૯.૫૫ વધીને રૂ.૮૦૨, વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૨૪૬.૪૫ વધીને રૂ.૭૫૭૯.૯૫, ઝાયડસ વેલનેસ રૂ.૧૫.૩૦ વધીને રૂ.૪૭૯.૧૫ રહ્યા હતા. બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સ ૩૧૪.૫૬ પોઈન્ટ વધીને ૧૬૫૨૧.૩૪ બંધ રહ્યો હતો.

ઓટો શેરોમાં તેજી : હ્યુન્ડાઈ રૂ.૪૭, ટીઆઈ ઈન્ડિયા રૂ.૩૩, મહિન્દ્રા રૂ.૩૦, ટીવીએસ રૂ.૪૧ ઉછળ્યા

ઓટોમોબાઈલ શેરોમાં આજે ઉછાળે કેટલાક શેરોમાં પ્રોફિટ બુકિંગ થયું હતું. તહેવારોની સીઝનમાં વાહનોની ખરીદીમાં અપેક્ષિત ઉત્સાહ નહીં જોવાઈ રહ્યો હોઈ ઓટો કંપનીઓના વેચાણ, નફાશક્તિ પર અસરની શકયતા અને પેટ્રોલ, ડિઝલના ભાવમાં તોળાતા વધારાને લઈ ફંડોનું સાવચેતીમાં પ્રોફિટ બુકિંગ થયું હતું. જો કે પસંદગીના શેરોમાં આકર્ષણ જળવાયું હતું. હ્યુન્ડાઈ મોટર રૂ.૪૭ વધીને રૂ.૧૯૨૨, ટીઆઈ ઈન્ડિયા રૂ.૩૩ વધીને રૂ.૨૧૭૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૩૦ વધીને રૂ.૨૯૦૦, ટીવીએસ મોટર રૂ.૪૧ વધીને રૂ.૪૨૮૦, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ રૂ.૨.૪૫ વધીને રૂ.૨૬૬ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૧૦૨.૭૨ પોઈન્ટ ઘટીને ૫૬૪૯૦.૫૦ બંધ રહ્યો હતો.

રિયાલ્ટી શેરોમાં ફંડો ઘટાડે લેવાલ : ડીએલએફ રૂ.૨૫, ઓબેરોય રિયાલ્ટી રૂ.૬૦, લોઢા ડેવલપર્સ રૂ.૩૦ વધ્યા

રિયાલ્ટી કંપનીઓના શેરોમાં પણ ફંડો ઘટાડે લેવાલ બન્યા હતા. ડીએલએફ રૂ.૨૫.૩૫ વધીને રૂ.૬૯૪.૩૫, ઓબેરોય રિયાલ્ટી રૂ.૬૦ વધીને રૂ.૧૬૫૫, લોઢા ડેવલપર્સ રૂ.૨૯.૫૦ વધીને રૂ.૧૦૩૯.૫૦, ફિનિક્સ રૂ.૫૪.૫૦ વધીને રૂ.૧૯૭૦, પ્રેસ્ટિજ એસ્ટેટ રૂ.૩૪.૪૫ વધીને રૂ.૧૪૩૨.૮૦ રહ્યા હતા. બીએસઈ રિયાલ્ટી ઈન્ડેક્સ ૧૫૨.૩૯ પોઈન્ટ વધીને ૬૪૦૬.૨૭ બંધ રહ્યો હતો.

સ્મોલ, મિડ કેપ શેરોમાં ઉછાળે પ્રોફિટ બુકિંગ : ૨૬૦૦ શેરો પોઝિટીવ છતાં ૧૭૮૭ નેગેટીવ બંધ

સ્મોલ, મિડ કેપ શેરોમાં ફંડોની આજે ફંડો, ખેલંદાઓ ફરી સક્રિય બની લેવાલી વધારતા માર્કેટબ્રેડથ પોઝિટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૫૯૫ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૨૨૦૯થી વદીને ૨૬૦૦ અને ઘટનારની સંખ્યા ૨૧૩૩થી ઘટીને ૧૭૮૭ રહી હતી.

નિફટી સ્પોટ ૨૩૮ પોઈન્ટ વધીને ૨૨૯૩૭ : રોકાણકારોની સંપત્તિમાં વધુ રૂ.૪.૮૦ લાખ કરોડનો વધારો થયો : હેલ્થકેર, આઈટી શેરોમાં તેજી

ઓલેશ્કીમાં સતત ત્રીજા દિવસે યુદ્ધવિરામ

યુક્રેનના ડનીપ્રોમાં ટ્રેન પર રશિયાના ડ્રોન હુમલામાં ૧૩નાં મોત, ૧૦ ઘાયલ

(પીટીઆઈ) કીવ/ખેરસોન, તા.૨૯

યુક્રેનમાં રશિયાના હુમલા સતત અને વધુ ઘાતક થઈ રહ્યા છે. યુક્રેનના ડનીપ્રોમાં ગુરુવારે સવારે એક રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર પ્રવાસીઓથી ભરેલી ટ્રેન ઊભી હતી ત્યારે રશિયન ડ્રોને હુમલો કરતા ૧૩ લોકોનાં મોત નીપજ્યાં હતા અને ૧૦ અન્ય લોકો ઘાયલ થયા હતા. બીજીબાજુ રશિયા અને યુક્રેન વચ્ચે ઓલેશ્કીમાં સતત ત્રીજા દિવસે પણ યુદ્ધવિરામ ચાલ્યો હતો.

યુક્રેનના સૌથી મોટા હુમલામાં ૧૨૧૪ ડ્રોન તોડી પાડ્યાનો રશિયન સંરક્ષણ મંત્રાલયનો દાવો

યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું કે, ડનીપ્રોથી ઝાપોરિજ્જિયા જઈ રહેલી ટ્રેન પ્લેટફોર્મ પર ઊભી હતી ત્યારે જેટ એન્જિનથી સજ્જ રશિયન ડ્રોને રેલવે સ્ટેશન પર હુમલો કર્યો હતો. આ હુમલા પહેલા સંભવિત જોખમ અંગે એલર્ટ જાહેર કરાઈ હતી, તેમ છતાં પ્લેટફોર્મ પર પ્રવાસીઓ અને અન્ય લોકો હતા. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ આ હુમલાને ભયાનક ગણાવતા આંતરરાષ્ટ્રીય સમુદાયને કાર્યવાહીની માગ કરી હતી.

દરમિયાન યુક્રેન અને રશિયા વચ્ચે ઓલેશ્કીમાં સ્થાનિક યુદ્ધવિરામ સતત ત્રીજા દિવસે યથાવત્ રહ્યો હતો. યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું કે, ઓલેશ્કીમાં માનવીય મદદ શરૂ કરાઈ છે. મોસ્કો અને કીવે મંગળવારથી દક્ષિણ યુક્રેનના વિનાશનો સામનો કરી રહેલા શહેરમાં યુદ્ધવિરામનો અમલ કર્યો છે. જોકે, યુક્રેન અને રશિયાના બાકીના ભાગોમાં બંને દેશોનું યુદ્ધ ચાલુ છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, કીવ દ્વારા હાથ ધરવામાં આવેલા સૌથી મોટા ડ્રોન હુમલામાંના એકમાં રશિયન દળોએ ૧,૨૧૪ યુક્રેનીયન ડ્રોન તોડી પાડ્યા હતા. આ ડ્રોન મોસ્કો તરફ આગળ વધી રહ્યા હતા.

સંસદનું ઈસ્લામીકરણ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે : નેતન્યાહુ

ઈઝરાયેલની ચૂંટણીમાં ગેરરીતિ થઈ હોવાનો નેતન્યાહુનો આક્ષેપ

તેલઅવીવ,તા.૨૯

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુએ ગુરુવારે આકરા આક્ષેપો કર્યા હતા કે ચૂંટણીમાં આરબ આગેવાની હેઠળના પક્ષોએ છેતરપિંડી આચરી છે. તેમણે જણાવ્યું હતું કે ઈઝરાયેલના ચૂંટણી પંચને પણ શંકા છે કે વિદેશી તાકાતોએ આ ચૂંટણીમાં દરમિયાનગીરી કરી છે, તેના પગલે તેઓએ આંતરિક સુરક્ષા એજન્સીને આ કેસની તપાસ કરવા આદેશ આપ્યો છે.

યહૂદી દેશના ચૂંટણીપંચે તપાસની કામગીરી શિનબેતને સોંપતા શંકા મજબૂત બની

સોશિયલ મીડિયા પોસ્ટમાં નેતન્યાહુએ સેન્ટ્રલ ઈલેક્શન કમિટીના ચીફ જસ્ટિસ નોઆમ સોહલબર્ગના તે નિર્ણયને ટાંક્યો છે જેમા શિન બેતના વડા ડેવિડ ઝિનીને શંકાસ્પદ ફોરેન ફંડિંગ અને અયોગ્ય પ્રભાવ અંગે તપાસ કરવા આદેશ આપ્યો છે.

તેમણે આરબ આગેવાની હેઠળના રાજકીય પક્ષોને ટાંકીને પોસ્ટ કરી હતી કે ઈઝરાયેલની ચૂંટણીમાં રામગેટ સ્કેમ થયું છે. આરબ રાજકીય પક્ષોએ ઈઝરાયેલની આખી ચૂંટણી પ્રક્રિયાને જ હાઈજેક કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમના આ આક્ષેપ ત્યારે આવ્યા છે જ્યારે આ ચૂંટણીના હજી સંપૂર્ણ પરિણામ આવ્યા નથી. તેમા નેતન્યાહુની લિકુડ પાર્ટીને ૫૩ અને ગડી આઈઝનકોટના વિપક્ષી જોડાણને ૪૮ તથા આરબ લીગની પાર્ટીઓને ૧૯ બેઠક મળે તેમ મનાય છે.

તેમણે જણાવ્યું હતું કે તેમણે આ મુદ્દે સોહલબર્ગ અને જિની સાથે વાત કરી છે. તેઓ આ તપાસના પરિણામ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. ચૂંટણીની યોગ્ય પ્રક્રિયા લોકશાહી મૂલ્યોમાં સર્વોપરી છે. હવે તેમાં ગોટાળો થયાની કોઈપણ વાત હોય તો તેની ચોક્કસ ચકાસણી થવી જોઈએ. નેતન્યાહુએ આક્ષેપ કર્યો હતો કે વિદેશી તાકાતો દ્વારા ઈઝરાયેલની ચૂંટણી પ્રક્રિયાને જ હાઈજેક કરીને સેનેટનું ઈસ્લામાઈઝેશન કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

જર્મનીના મેશેર્નિચ નજીક આવેલા ક્રેવેલ્સહોફ ફાર્મ ખાતે પમકીન ફેસ્ટિવલમાં ભારે ભીડ જોવા મળી હતી. આ વખતે પ્રદર્શનની થીમ ઉષ્ણકટિબંધીય જંગલ રાખવામાં આવી છે, જેમાં કોળામાંથી બનાવેલી વિવિધ આકર્ષક કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે. કોળામાંથી કોતરીને અને જોડીને બનાવવામાં આવેલી આ કૃતિઓ ઉષ્ણકટિબંધીય જંગલના વાતાવરણનું જીવંત ચિત્રણ કરે છે. પ્રદર્શનમાં અનેક પ્રાણીઓ અને વનસ્પતિની આકૃતિઓ દર્શકોને ખૂબ આકર્ષી રહી છે.

દિલ્હીમાં ચાર વર્ષમાં ઓક્ટોબરનો સૌથી ઠંડો દિવસ સફદરગંજમાં મહત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી

ઉ.ભારતમાં

(પહેલા પાનાનું ચાલુ)

ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. જે સામાન્યથી ૫.૬ ડિગ્રી સેલ્સિયસ ઓછું છે. ઓક્ટોબરનાં મહિનામાં આ ૮ ઓક્ટોબર, ૨૦૨૨ પછીનું સૌથી ઓછું તાપમાન છે. ૮ ઓક્ટોબર, ૨૦૨૨નાં રોજ મહત્તમ તાપમાન ૨૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ માટે દિલ્હી-એનસીઆર ક્ષેત્ર, ઉત્તર પ્રદેશ અને અનેક ઉત્તરી રાજ્યોમાં તોફાન અંગે રેડ અને ઓરેન્જ એલર્ટ જારી કરી છે.

આ એલર્ટ એવા સમયે જારી કરવામાં આવી છે જ્યારે પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને આંધ્ર પ્રદેશમાં ભારે વરસાદ પડ્યો છે અને ઓડિશામાં પૂર આવ્યો છે. ચક્રવાતી તોફાન અર્નબ જે ગઈકાલે આંધ્ર પ્રદેશ અને યનબ દરિયાકાંઠાથી અથડાયું હતું તે નબળું પડીને ડિપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું છે. દિલ્હીમાં સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. ૨૪ કલાકમાં શહેરમાં સામાન્ય વરસાદ પડ્યો હતો.

હિમાચલ પ્રદેશમાં લાહોલ અને સ્પીતિનાં કુકુમસેરીમાં રાતનાં સમયે સૌથી ઓછું તાપમાન માઈનસ ૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

શિંદે સેનાના ધારાસભ્ય ગાયકવાડનું વિવાદિત નિવેદન

આપઘાત કરતા ખેડૂતોના અંતિમ સંસ્કારમાં ન જાઓ, તો બીજા આત્મહત્યા નહીં કરે

બુલઢાણા, તા.૨૯

વારંવાર વિવાદાસ્પદ નિવેદનો કરી ચર્ચામાં રહેતા એકનાથ શિંદેની શિવસેનાના ધારાસભ્ય સંજય ગાયકવાડે હાલના દુષ્કાળના માહોલમાં વધુ એક વિવાદાસ્પદ નિવેદન કરતાં કહ્યું હતું કે જે ખેડૂતો આત્મહત્યા કરે તેની અંતિમ વિધિમાં કોઈએ ન જવું જોઈએ.

આપઘાત કરનારાના મૃતદેહો પડ્યા રહેશે અને પ્રાણીઓ ફાડી ખાશે તે જોઈ બીજા લોકો આત્મહત્યા ટાળશે

આપઘાત કરનાર ખેડૂતની અંતિમવિધિમાં કોઈ નહીં જાય અને મૃતદેહ ત્યાં જ પડયો રહેશે, પ્રાણીઓ ફાડી ખાશે એ જોઈને આત્મહત્યાને રસ્તે જવાનું વિચારતા અન્ય ખેડૂતો આ અંતિમ પગલું લેતા અટકશે એમ ગાયકવાડે જણાવ્યું હતું.

બુલઢાણામાં મંગળવારે એક પત્રકાર પરિષદમાં સત્તાધારી પક્ષના વિધાનસભ્યે આ અત્યંત વિસ્ફોટક અને વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું.

ગાયકવાડ વિવાદાસ્પદ નિવેદનો કરવા માટે પંકાયેલા છે. ૨૦૨૪માં તેમણે ગળામાં પહેરેલા વાઘના દાંતને દેખાડી એવી શેખી કરી હતી કે ૧૯૮૭માં મેં જે વાઘનો શિકાર કર્યો હતો તેનો આ દાંત છે.

એક વ્યક્તિથી

(૧૭મા પાનાનું ચાલુ)

છે. જેણે કંપની બનાવી છે એ જ વ્યક્તિએ આ સોશિયલ મીડિયા પોસ્ટમાં આ અંગેની જાણકારી આપી છે.

કોડી ટ્રેનબાર્ગર નામના એક આઈટી એન્જિનિયરે અગાઉ વેન્ચર કેપિટલ, ક્રોસ ઓવર જેવી ઘણી કંપનીઓમાં કામ કર્યું હતું. ૧૮ મહિના પહેલાં ક્લોડની મદદથી તેણે એક ફાર્મા કંપની બનાવી. સ્નાયુઓની જટિલ બીમારીનો ઈલાજ શોધ્યો. એ માટે તેણે ક્લોડ પાસે એક કર્મચારી જેવું કામ તો કરાવ્યું જ, સાથે સાથે રિસર્ચ એક્સપર્ટ્સની બહારથી મદદ લીધી. કંપનીમાં એ એક જ વ્યક્તિ કામ કરતો હતો. આખરે મિથ્રિલ મેડિસીન નામની આ કંપનીની ક્લોડની માલિકી ધરાવતા એન્થ્રોપિકે જ ખરીદી લીધી.

આની જાહેરાત ટ્રેનબાર્ગરે ખુદ કરી. તેણે કહ્યું કે એન્થ્રોપિકે આ કંપની ખરીદીને તેને આ મોડલને પાઈપલાઈન-ઈન-અ-પર્સન નામ આપ્યું છે. ટ્રેનબાર્ગરે કહ્યું કે આ કામ તેણે એક એક્સપિરિમેન્ટના ભાગરૂપે કર્યું હતું. ત્યારે ખબર ન હતી કે આ કામથી ખરેખર પરિણામ મળશે. તેણે દાવો કર્યો કે આ રિસર્ચ બહુ અસરકારક છે. બહારના સંશોધકો પાસે કામ કરાવ્યું તો જાણવા મળ્યું કે ઉંદરો પર આ પ્રયોગ સફળ થયો છે.

ટીવીના મશહૂર શો પોકેમોન રિસર્ચર પ્રોફેસર ઓકના નામે આ વ્યક્તિએ એક અકાઉન્ટ બનાવ્યું હતું. એ અકાઉન્ટમાંથી તેણે આ આખો ઘટનાક્રમ જણાવ્યો હતો. જોકે, એન્થ્રોપિકે આ કંપની ખરીદીને તેનું કેટલું વળતર આપ્યું તેનો ચોક્કસ આંકડો તેણે જાહેર કર્યો ન હતો.

ઘણા વર્ષો સુધી સુપરસ્ટાર રાજેશ ખન્ના સાથે લિવ-ઈનમાં હતી

રાજેશ ખન્ના સાથેના સંબંધને માન્યતાની અનિતા અડવાણીની અરજી સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી, તા. ૨૯

ભૂતપૂર્વ અભિનેત્રી અનિતા અડવાણીએ સ્વર્ગસ્થ અભિનેતા રાજેશ ખન્ના સાથેના તેમના કથિત સંબંધને લગ્ન તરીકે કાયદેસર માન્યતા આપવાની કરેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે આ મામલાને લક્ઝરી મુકદમા ગણાવ્યો હતો.

આ અરજી લક્ઝરી પિટિશન છે તેની સુનાવણીનો કોઈ આધાર નથી તેવી સુપ્રીમ કોર્ટની ટિપ્પણી

જસ્ટિસ એમએમ સુંદરેશ અને પ્રસન્ના બી વરાલેની બેન્ચે કહ્યું કે અરજી પર સુનાવણી કરવાનો કોઈ આધાર નથી. અડવાણીના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે તે રાજેશ ખન્ના સાથેના તેના સંબંધ માટે આદર અને માન્યતા મેળવવા માંગે છે. તેમણે રજૂઆત કરી હતી કે સિવિલ અરજીનો હેતુ ગૌરવ અને ઓળખ મેળવવાનો હતો. જોકે, કોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી.

અનિતા અડવાણીએ દાવો કર્યો હતો કે તે ઘણા વર્ષોથી રાજેશ ખન્ના સાથે લિવ-ઈન રિલેશનશિપમાં હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે ૨૦૧૨ માં તેમને દિવંગત અભિનેતાના મુંબઈ સ્થિત બંગલા 'આશીર્વાદ' છોડવાનું કહેવામાં આવ્યું હતું. આ કેસમાં અડવાણીએ રાજેશ ખન્નાની પત્ની ડિમ્પલ કાપડિયા, પુત્રી ટ્વિંકલ ખન્ના અને જમાઈ અક્ષય કુમારનું નામ લીધું હતું.

અનિતાએ એક પુસ્તક 'એંડીયરેબલી વિક્ડ વેઝ ઓફ રાજેશ ખન્ના' પણ લખ્યું છે. જેમાં તેમણે સ્વર્ગસ્થ સુપરસ્ટાર સાથેના તેમના જીવન વિશે વિસ્તૃત રીતે લખ્યું છે. થોડા સમય પહેલા, અનિતાએ સ્વર્ગસ્થ રાજેશ ખન્ના સાથેના તેના સંબંધો વિશે વાત કરી હતી. મેરી સહેલી સાથે વાત કરતાં, તેમણે કહ્યું હતું કે, અમે ખાનગીમાં લગ્ન કર્યા હતા, પરંતુ ફિલ્મ ઉદ્યોગમાં કોઈ તેના વિશે ખુલ્લેઆમ વાત કરતું નથી. બધા કહે છે કે 'અમે મિત્રો છીએ' અથવા 'અમે સંબંધ'માં છીએ. મીડિયામાં પહેલાથી જ સમાચાર હતા કે હું તેની સાથે છું, તેથી અમારામાંથી કોઈએ લગ્નની જાહેરમાં જાહેરાત કરવી પડી ન હતી.

તેમણે આગળ ઉમેર્યું હતું કે, અમારા ઘરમાં એક નાનું મંદિર હતું. મેં સોનાનું મંગળસૂત્ર બનાવ્યું હતું અને તે પણ કાળા મણકાથી. તેણે મને તે પહેરાવ્યું, પછી સિંદૂર લગાવ્યું અને કહ્યું, 'આજથી, તું મારી જવાબદારી છે'.

હુથીઓએ

(પહેલા પાનાનું ચાલુ)

૨૦૧૫માં યમનમાં દરમિયાનગીરી કરી હતી. તે સમયે હુથીઓએ સના પર કબ્જો કરી લીધો હતો અને દક્ષિણ તરફ આગળ વધી રહ્યા હતા.

બંને દેશ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા ધરાવતી યમનની સરકારના સમર્થનમાં ચાલતા જોડાણનો હિસ્સો હતા. જો કે હુથીઓ સામે બંને દેશોનું વલણ એકસરખું હોવા છતાં સાઉદીએ માન્યતા પ્રાપ્ત યમન સરકારનું સમર્થન કર્યુ, જ્યારે યુએઈએ દક્ષિણ અલગતાવાદી જૂથોનું સમર્થન કર્યુ.

ગયા વર્ષે ડિસેમ્બરમાં સાઉદી અરબે યુએઈ પર અલગતાવાદીઓને સમર્થન આપવાનો આરોપ મૂક્યો હતો. તેના પછી યમન સરકાર પાસે યુએઈનું લશ્કર પરત બોલાવવા માંગ કરી હતી. તેના લીધે જાન્યુઆરીમાં યુએઈએ પોતાનું લશ્કર પરત લેવાનું એલાન કર્યુ હતુ. યમનના એક સૂત્રએ દાવો કર્યો હતો કે યુએઈના લશ્કરમાં હુથી અધિકારીઓએ મોટી સંખ્યામાં ગુપ્ત માહિતી પૂરી પાડી હતી. અહેવાલ મુજબ હુથીઓએ યુએઈ પ્રત્યે વફાદાર લશ્કરી કમાન્ડરો સાથે સંપર્ક સ્થાપ્યો છે.

ચીનમાં

(પહેલા પાનાનું ચાલુ)

ઉપયોગમાં લેવાતા ઓપ્ટિકલ કમ્પોનન્ટ બનાવતી ઝ્હોંગજી ઈનોલાઈટ્સ અને ઈપ્ટોલિંક ટેકનોલોજીના શેર જૂન-જુલાઈના રેકોર્ડ સ્તરેથી આશરે ૬૦ ટકા ઘટ્યા છે.

અમેરિકામાં ચીનની કંપનીઓને ડેટા સેન્ટરનાં સાધનો પૂરા પાડવા પર સંભવિત પ્રતિબંધની ચિંતાએ પણ આ ઘટાડામાં ભાગ ભજવ્યો છે.

૧૦૦ ટકા ઈથેનોલ

(પહેલા પાનાનું ચાલુ)

હતું.કોર્ટના સવાલનો જવાબ આપતા એટર્ની જનરલ આર વેંકટરામાણીએ જણાવ્યું હતું કે તેના માટે ઉત્પાદન મોરચે મોટાપાયા પર પુર્નવ્યવસ્થાની જરુર પડી શકે. આ સુનાવણી દરમિયાન બેન્ચે દેશમાં ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા પર ભાર મૂક્યો હતો. બેન્ચે જણાવ્યું હતું કે અમે વ્યાપક જાહેર હિતમાં તેના પર વિચાર કરવા માંગીએ છીએ અને આ મુદ્દાને પર્યાવરણલક્ષી ્ભિગમથી પણ જોવા માંગીએ છીએ. ત્રીજું હું માનું છું કે હુ અહીસૌથી મહત્ત્વનો મુદ્દો દેશમાં ખેડૂતોની સૌથી વધુ વસ્તી છે તેમના હિતોને કેન્દ્ર સ્થાને રાખીશ. વેંકટરામાણીએ જણાવ્યું હતું કે તેઓ પણ ખેડૂતોના હિતો અંગે ચિંતિત છે. બેન્ચે જણાવ્યું હતું કે આપણે હજી પણ ગામડામાં રહેતા સામાન્ય વ્યક્તિને સક્ષમ બનાવવાની જરુર છે.

બીજા વકીલે દલીલ કરી હતી કે આમાના કેટલાક મુદ્દાઓને કેન્દ્ર સરકારે તેમની નીતિગત બાબતમાં ધ્યાનમાં લીધા છે. કેન્દ્ર સરકારની નીતિોમાં ખેડૂતોના હિતોના પાસાને ધ્યાનમાં લેવાયું છે. બેન્ચે હવે આ કેસની સુનાવણી આગામી મહિને રાખી છે. ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોમાં ઈ-૮૫ સુધીનું એટલે કે ૮૫ ટકા ઈંધણ અને ૧૫ ટકા પેટ્રોલના મિશ્રણવાળુ ઈંધણ ચાલે છે.

શિક્ષિત માણસો

(પહેલા પાનાનું ચાલુ)

દ્વારા વ્યાપક સ્તરે જાહેર અભિયાનો ચલાવવામાં આવે છે. સાયબર ગુનાઓ અંગે અનેક અખબારી અહેવાલો આવે છે અને કોર્ટના આદેશો પણ થાય છે આમ છતાં ભણેલા-ગણેલા લોકો ડિજિટલ અરેસ્ટ જેવી બાબતોમાં સપડાય છે તે ઘણું જ આશ્ચર્યજનક છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતાએ મૌખિક નિવેદન કરતા કહ્યું કે, ડિજિટલ અરેસ્ટના પીડિતોને શું થઈ ગયું છે? તેઓ કેવી રીતે સાયબર ગુનેગારોના છટકામાં સપડાઈ જાય છે? તેઓ કેમ સમજી શકતા નથી કે ડિજિટલ અરેસ્ટ જેવું કશું જ નથી.

કયા ડરથી તેઓ મોબાઈલ પર અરેસ્ટ થઈ જાય છે? મોબાઈલ દિવાલ પર મારો અને ધરપકડમાંથી છૂટી જાવ. ભગવાન જાણે લોકો સાથે શું ખોટું થઈ રહ્યું છે. તમે એવું માનો કે લોકતાંત્રિક દેશમાં મોબાઈલ પર તમારી ધરપકડ થઈ શકે છે તો તમે કેવા પ્રકારના માણસ છો?

સીજેઆઈએ ઉમેર્યું કે, ભણેલા-ગણેલા લોકો ડિજિટલ અરેસ્ટ જેવી બાબતોમાં છેતરાઈ જાય છે તે જાણીને અમને ગુસ્સો આવે છે. તમે ડિજિટલી અરેસ્ટ થઈ શકો છો તેવું વિચારીને તમે ભાવી પેઢીને શું સંદેશો આપવા માગો છો? લોકો કોર્ટોની વેબસાઈટ પર જઈને તપાસી શકે છે કે આવો કોઈ ઓર્ડર થયો છે કે નહીં. એમિકસ ક્યુરી વરિષ્ઠ વકીલ એનએસ નપ્પિનઈએ કોર્ટને જણાવ્યું હતું કે, લોકો મોટાભાગે ધરપકડના ડરથી ગભરાઈ જાય છે અને સાયબર ગુનેગારોની વાતો માની લે છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

પેપરથી મતદાનની માંગણી કરીએ છીએ. ભાજપ જીતી રહ્યું છે એટલે અમે મેદાન છોડી દેવાના નથી. એક સમયે ભાજપની સંસદમાં બે જ બેઠકો હતી.... કોઈક વાર આવું થાય છે. ભાજપને એનું અભિમાન હોવું જોઈએ નહીં. જો ભાજપમાં હિંમત હોય તો સંસદભંગ કરીને બેલેટ પેપરથી ફરીથી ચૂંટણી કરાવે.

'હવે નાગપુર ભાજપનો નહીં, કોંગ્રેસનો ગઢ છે'

નાગપુર ડિવીઝન ગ્રેજ્યુએટ્સ ચૂંટણી વિસ્તારની ચૂંટણી જીતનાર કોંગ્રેસના નેતા અભિજીત વણજારીએ કહ્યું છે કે, છેલ્લા છ વર્ષમાં યુવાનો, વિદ્યાર્થીઓ અને વિદ્વાનો સાથે સતત જોડાઈ રહેવાને કારણે તેઓ ફરીથી ચૂંટાઈ આવ્યા છે. એમના કહેવા પ્રમાણે હવે નાગપુર ભાજપનો ગઢ રહ્યો નથી અને કોંગ્રેસનો ગઢ બની ગયો છે. નાગપુરમાં રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘની વડી કચેરી આવી છે. આરએસએસની સ્થાપના પણ નાગપુરમાં થઈ હતી. કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી નાગપુરથી ચૂંટણી જીતે છે, પરંતુ હવે વાતાવરણ બદલાયું હોય એવું લાગી રહ્યું છે. વણજારીનું કહેવું છે કે ગેજ્યુએટ્સ સાથે જોડાયાલા પ્રશ્નો હલ કરવાને કારણે લોકોએ એમને સાથ આપ્યો છે. ગેજ્યુએટ્સનો એક અલગ મતવિસ્તાર હોય છે. ચૂંટણી પરિણામો એટલા માટે અગત્યના છે કે નાગપુરમાં કોંગ્રેસની જીત ખુબ મુશ્કેલ ગણાતી હતી. મહારાષ્ટ્ર વિધાનપરિષદની ચૂંટણીમાં ૫માંથી ૩ બેઠકો પર ભાજપની હાર થઈ છે.

બહુ બોલકા સંજય રાઉતે છેવટે માફી માંગી

શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદ અને પ્રવક્તા સંજય રાઉત એમના બહુ બોલકા સ્વભાવને કારણે ઘણી વખત તકલીફમાં મુકાયા છે. થોડા દિવસો પહેલા એમણે સીજેઆઇ સૂર્યકાંત વિરુદ્ધ ટીપ્પણી કરતી પોસ્ટ મૂકી હતી. જોકે હવે એમણે સુપ્રિમ કોર્ટની માફી માંગી લીધી છે. રાઉતે પોતાના સોગંદનામામાં કહ્યું છે કે તેઓ કોઈપણ શરત વગર, પોતાની ઈચ્છાથી માફી માંગી રહ્યા છે. સુપ્રિમ કોર્ટે સંજય રાઉતને અવમાનનાની નોટીસ આપ્યા પછી સંજય રાઉતે માફી માંગવી પડી છે. પોતાના માફીનામામાં સંજય રાઉતે કોર્ટની ગરીમા અને અધિકારના સન્માનની વાત કહી છે. એમણે કહ્યું છે કે સુપ્રિમ કોર્ટની સ્વતંત્રતા અને પ્રતિષ્ઠાના મહત્વને તેઓ સમજે છે. કોર્ટનું અપમાન કરવાનો કે ન્યાય તંત્રની ગરીમા અને સ્વતંત્રતા ઓછી કરવાનો એમનો કોઈ ઈરાદો નહોતો. જોકે સંજય રાઉતની મુશ્કેલી ઓછી થઈ નથી. સુપ્રિમ કોર્ટે એમને કોર્ટ સમક્ષ હાજર થવા કહ્યું છે.

આરએસએસએ અમેરિકામાં કયા નામે રજીસ્ટ્રેશન કરાવ્યું

આરએસએસએ અમેરિકામાં 'આરએસએસ ફ્રેન્ડ્ઝ'ના નામે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. અમેરિકાના ફોરેન એજન્ટ્સ રજીસ્ટ્રેશન એક્ટ (એફએઆરએ) હેઠળ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટીસમાં આ રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી આરએસએસ વિદેશમાં પોતાની શાખ વધારવાનો પ્રયત્ન કરે છે. આરએસએસના શુભચિંતકોએ અમેરિકામાં સંગઠનનો વ્યાપ વધારવા આ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. રજીસ્ટ્રેશન ડોક્યુમેન્ટમાં જ્યોર્જિયાનું એડ્રેસ છે જ્યારે 'આરએસએસ ફ્રેન્ડ્ઝ'ને નવી દિલ્હીના કેશવકુંજ ખાતે આવેલા સંઘને 'ફોરેન પ્રિન્સિપલ' બતાવવામાં આવ્યા છે. સમૂહનું કહેવું છે કે આરએસએસ ફ્રેન્ડ્ઝનું આરએસએસ સાથે કોઈ જોડાણ નથી કે કોઈ એગ્રીમેન્ટ નથી. આરએસએસ ફ્રેન્ડ્ઝ પોતાની પ્રવૃત્તિ અને બીજી માહિતીનો ખુલાસો કરશે. આરએસએસ ફ્રેન્ડ્ઝની મુખ્ય એક્ટીવીટી માહિતીની આપલે, એજ્યુકેશનલ, પબ્લિક રીલેશન્સ અને કોમ્યુનીટી એંગેજમેન્ટ એક્ટીવીટીસ રહેશે.

ભાભા એટોમિકનો કોમ્પ્યૂટર એન્જિનિયર સાધુ બની ગયો

સોશ્યલ મીડિયા પર આજકાલ ગંગોત્રીના ડુંગરો વચ્ચે રહેલા એક સન્યાસીનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. સન્યાસી બનતા પહેલા આ યુવાન ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર (બીએઆરસી)નો કોમ્પ્યૂટર એન્જિનિયર હતો. ૨૦૦૨માં બીટેક અને ત્યાર પછી એમટેક કરનાર આ યુવાને લાખો રૂપિયાના પેકેજ અને શહેરની ચકાચોંધ છોડીને સન્યાસી બનવાનું નક્કી કર્યું હતું. બીએઆરસીના બોસે એમને શોધવા માટે ફોન કર્યો ત્યારે બાબાએ એમને જવાબ આપ્યો કે તેઓ તો હવે સાધુઓ સાથે રહે છે. બોસે એમને કહ્યું હતું કે, તું શું પાગલ થઈ ગયો છે? આ વીડિયો ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. લોકો યુવાનના સાહસ અને જિંદગીને અલગ નજરે જોવાના દ્રષ્ટિકોણના વખાણ કરી રહ્યા છે. બાબાનું કહેવું છે કે લોકો મોટી પોસ્ટ અને પૈસાની રેસમાં છે ત્યારે અસલ જિંદગી કઈક અલગ જ છે.

નસીરૂદ્દીન શાહના વીડિયો પછી રાજકીય ધમાલ

ફિલ્મ અભિનેતા નસીરૂદ્દીન શાહએ એક વીડિયો બનાવીને પોતાની જાતને દિમાગી નક્સલ ગણાવી છે. યાદ રહે કે થોડા સમય પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક સંબોધનમાં કહ્યું હતું કે જંગલમાં રહેતા નક્સલોનો સફાયો થઈ ગયો છે. હવે કેટલાક દિમાગી નક્સલો બાકી છે એમનો સફાયો કરવો જરૂરી છે. એમ લાગે છે કે નસીરૂદ્દીન શાહે કોઈક નબળી ક્ષણે પોતે દિમાગી નક્સલ છે કે અર્બન નક્સલ છે એવું કબુલ કરીને પોતાના વિરોધીઓને મોકળુ મેદાન આપ્યું છે. કેન્દ્રીય મંત્રી કિરેન રીજીજુએ નસીરૂદ્દીન શાહની ટીકા કરતા એમને જોખમી અર્બન દિમાગી નક્સલ ગણાવ્યા હતા. એમના કહેવા પ્રમાણે નસીરૂદ્દીન શાહના વિચારો ભારતીય લોકતંત્ર માટે ખૂબ ખતરનાક છે. અભિનેતાએ વીડિયોમાં કેન્દ્ર સરકાર પર દેશની શિક્ષણ વ્યવસ્થા બરબાદ કરવાનો આરોપ મૂક્યો હતો. રીજીજુએ સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે પહેલા તેઓ નસીરૂદ્દીન શાહનું સન્માન કરતા હતા, પરંતુ હવે એમનું મૂળભૂત ચરિત્ર બહાર આવ્યું છે.

આઝમ ખાન અને પુત્ર અબ્દુલાને રાહત

બે પાન કાર્ડ રાખવાના કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે સમાજવાદી પાર્ટીના સિનિયર નેતા અને પૂર્વ મંત્રી આઝમ ખાન અને એમના પુત્ર અબ્દુલા આઝમને રાહત આપી છે. કોર્ટે બંનેની સજા મુલતવી રાખીને એમની જામીન અરજી મંજૂર કરી દીધી છે. જસ્ટીસ સ્મિત ભોપાલની સિંગલ બેચએ આ ચૂકાદો આપ્યો છે.

છેલ્લી સુનાવણી વખતે બંને પક્ષોની દલીલ સાંભળીને કોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. આઝમ ખાન અને અબ્દુલા આઝમએ ટ્રાયલ કોર્ટે ફરમાવેલી સજા અને એમને દોષિત ઠેરવ્યા હતા, એને ચેલેન્જ કર્યા હતા. એમણે સજા મોકુફ રાખવા માટે અને જામીન આપવા માટે પણ કોર્ટને વિનંતી કરી હતી. હાઈકોર્ટે આ તમામ માંગણીઓ મંજૂર રાખી છે. જોકે હાઈકોર્ટે એમને નિર્દોષ ગણવાની માંગણી નામૂજર કરી દીધી છે. આઝમ ખાન અને અબ્દુલા આઝમ પર આક્ષેપ હતો કે એમણે બે અલગ અલગ જન્મ તારીખવાળા પાન કાર્ડ બનાવીને દુરઉપયોગ કર્યો હતો.

૨૦૨૬માં સાયબર ગુનાની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો છતાં પીડિતોએ રૂ. ૮૦૦ કરોડ ગુમાવ્યા

ડિજિટલ ફ્રોડ

(પહેલા પાનાનું ચાલુ)

અને વી. મોહનાને સમાવતી બેન્ચે કહ્યું, તેઓ પહેલાં સૂચિત આરબીઆઈ નો યોર કસ્ટમર (કેવાયસી) અમેન્ડમેન્ટ ડિરેક્શન્સ, ૨૦૨૬ની તપાસ કરીશું અને ત્યાર પછી નિયમનકારી પ્રક્રિયાને મંજૂરી આપીશું. સુપ્રીમ કોર્ટના સૂચિત નિર્દેશોને ૩૦ નવેમ્બરે નોટિફાઈ કરાશે અને ૩૧ ડિસેમ્બરથી અમલી બનાવાશે. સુપ્રીમે કહ્યું કે, માત્ર સાયબર ગુનાની ઘટના પછી રિપોર્ટ તૈયાર કરવો જ પર્યાપ્ત નથી. સાયબર ગુનેગારોને રોકવા માટે પહેલાથી વ્યવસ્થા કરવી જરૂરી છે. ખાતામાં અસામાન્ય લેવડ-દેવડ થતા બેન્ક તેને વેરિફાઈ કરવા સુધી અસ્થાયી રૂપે રકમને ટ્રાન્સફર થતી રોકી શા માટે નથી શકતી? શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનની તપાસ અને તેની માહિતી સ્થાનિક પોલીસને પણ આપવી જોઈએ. બેન્ચે સરકારને સાયબર ફ્રોડને અલગ ગુનો બનાવવા પર વિચાર કરવા ભલામણ કરી હતી.

સુપ્રીમ કોર્ટે આરબીઆઈને સૂચિત કેવાયસી સંશોધન નિર્દેશ, ૨૦૨૬ની સમીક્ષા કરવા અને બધી જ સત્તાવાર નાણાકીય સંસ્થાઓની યાદી રજૂ કરવા જણાવ્યું હતું. એમિકસ ક્યુરી અને સિનિયર એડવોકેટ એનએસ નપ્પિનઈએ કહ્યું કે, તાજેતરમાં જ એક મહિલાએ ડિજિટલ અરેસ્ટના નામે રૂ. ૨.૫ કરોડ ગુમાવ્યા હતા. ધરપકડના ડરથી લોકો માનસિક દબાણમાં આવી સાયબર ગુનેગારોના આદેશો માની લે છે અને નાણાં ગુમાવે છે.

આ પહેલાં સુપ્રીમ કોર્ટે ગઈકાલે પણ કહ્યું હતું કે, ડિજિટલ ફ્રોડ કરનારા ગુનેગારોને આકરી સજા થવી જોઈએ. આ બળજબરીથી વસૂલાત જેવા સામાન્ય કેસો કરતા ઘણો ગંભીર ગૂનો છે અને તેમાં વિશેષરૂપે વૃદ્ધોને વીડિયો કોલ કરી ટાર્ગેટ કરવામાં આવે છે.

દિલ્હીમાં આજે જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ કોંગ્રેસની 'પબ્લિક ઈમ્પીચમેન્ટ' : મીરાં કુમાર 'અધ્યક્ષ', ખડગે દરખાસ્ત કરશે, રાહુલ અંતિમ ભાષણ આપશે

ડંડાથી ગભરાશો

(પહેલા પાનાનું ચાલુ)

પણ સરકાર અને ચૂંટણી પંચ પર હુમલો કરતા આક્ષેપ કર્યો કે, એક પછી એક રાજ્યોમાં કુલ ૧૩ કરોડ લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવાયા છે. આપણા મતો ચોરી લેવાયા છે અને આપણે જવાબ માગ્યો તો લાઠીચાર્જ કરવામાં આવ્યો, પરંતુ આપણે ચૂપ બેસીશું નહીં. આપણે લોકતંત્ર માટે લડવાનું ચાલુ રાખીશું.

કોંગ્રેસ કાર્યકરોએ વિપક્ષના નેતાઓ માટે મુખ્ય મંચ પર વિશાળ 'તિરંગા' ટેન્ટ બનાવ્યો છે. ઈન્ડિયા બ્લોક પાર્ટીના રાજ્ય એકમોના નેતાઓ માટે અલગ સ્ટેજ બનાવાયું છે.

કોંગ્રેસનો દાવો છે કે આ માર્ચમાં ૧૦ લાખથી વધુ લોકોના જોડાવાની અપેક્ષા છે. રામલીલા મેદાનમાં દેખાવો સવારે ૧૦થી સાંજે ૫.૦૦ સુધી ચાલશે. વિપક્ષની તૈયારીઓ વચ્ચે દિલ્હી પોલીસે પણ દેખાવો સામે તૈયારી કરી છે. દિલ્હી પોલીસનું કહેવું છે કે ૫૦,૦૦૦ માણસોના આવવાની અપેક્ષા છે. ટોળાની સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે ૩,૫૦૦ પોલીસ કર્મચારીને તૈનાત કરાશે.

દેખાવો સમયે ૨૦૦થી વધુ સીસીટીવી, બોડી વોર્ન કેમેરા અને સર્વેલન્સ વાહનોથી રામલીલા મેદાન પર ચાંપતી નજર રખાશે. પોલીસે દિલ્હી મેદાનને ૧૪ ઝોનમાં વિભાજિત કરી છે અને સીઆરપીએફની ૧૦ કંપનીઓને અનામત રખાઈ છે.

બીજીબાજુ દિલ્હી ચલો માર્ચ પહેલાં વિપક્ષ શુક્રવારે મોક સંસદ યોજી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને 'પબ્લિક ઈમ્પિચ' કરવાની મોક કાર્યવાહી કરી વિરોધ દર્શાવશે. લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ મીરા કુમાર 'અધ્યક્ષપદ' સંભાળશે, મલ્લિકાર્જુન ખડગે સીઈસી જ્ઞાનેશ કુમારને ઈમ્પીચ કરવાની દરખાસ્ત કરશે અને રાહુલ ગાંધી અંતિમ ભાષણ આપશે.

સિમ કાર્ડ

(પહેલા પાનાનું ચાલુ)

હોવાનો દિલ્હી પોલીસે ઘટસ્ફોટ કર્યો છે. આવા જ એક કેસમાં દિલ્હી પોલીસે એક વર્ષમાં ૩,૦૦૦ જેટલા સિમ કાર્ડ એક્ટિવેટ કરાવવાની શંકા હેઠળ બે લોકોની ધરપકડ કરી હતી.

દિલ્હી પોલીસે જણાવ્યું કે, આરોપીઓ રૂ. ૨.૬૪ કરોડની સાયબર છેતરપિંડીની ફરિયાદો સાથે સંડોવાયેલા છે. દિલ્હી પોલીસના ઈન્ટેલિજન્સ ફ્યુઝન એન્ડ સ્ટ્રેટેજિક ઓપરેશન એકમે ગયા સપ્તાહે મંગળવારની રાતે ઉત્તર પ્રદેશના મથુરામાં દરોડો પાડીને જિતેન્દ્ર સિંહ અને બ્રજેશ કુમારની ધરપકડ કરી હતી. આરોપીઓ ગામડામાં નકલી સ્વાસ્થ્ય કેમ્પોનું આયોજન કરતા હતા, રાહત દરે દવાઓ ઓફર કરતા હતા. આ રીતે ગામવાસીઓની આધાર અને બાયોમેટ્રિકની વિગતો મેળવતા હતા. આ વિગતોના આધારે સિમ કાર્ડ અથવા ઈ-સિમ કાર્ડ મેળવી તેનો દુરુપયોગ કરાતો હતો. દિલ્હી પોલીસે જણાવ્યું કે, બંને આરોપીઓ દ્વારા કથિત રીતે સિમ કાર્ડ એક્ટિવેટ કરાવવાની તપાસમાં નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (એનસીઆરપી) પર ૨૦થી વધુ ફરિયાદો થઈ હોવાનું સામે આવ્યું હતું, જેમાં રૂ. ૨.૬૪ કરોડની સાયબર છેતરપિંડી થઈ હોવાનું માનવામાં આવે છે. એક વ્યક્તિએ ડિજિટલ અરેસ્ટની ફરિયાદ કરી હતી, જેમાં કાયદાકીય પગલાં લેવાની ધમકી આપીને તેની પાસેથી બે સપ્તાહમાં છ બેન્ક ખાતામાં છ આરટીજીએસ મારફત અંદાજે રૂ. ૧.૬૪ કરોડ ટ્રાન્સફર પડાવી લેવાયા હતા.

મોહબ્બતનો સંદેશો આપો, પરંતુ અમારી રોજી-રોટી, કારોબારના ભોગે નહીં : વેપારીઓ

તહેવારોમાં

(પહેલા પાનાનું ચાલુ)

હતા. સંગઠને કહ્યું કે, મહોબ્બત કી દુકાનના નામે વિપક્ષ અમારી દુકાનો અને ધંધો ખરાબ ના કરે. વેપારીઓએ આ અંગેના પોસ્ટરો સાથે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને તેમની રેલી ટાળવા હાકલ કરી હતી. વેપારી સંગઠનના નેતાઓએ કહ્યું કે, દિવાળી સહિત અન્ય તહેવારોની આજુબાજુનો સમય વેપાર માટે ખૂબ જ મહત્વનો હોય છે. આ સમયે દિલ્હીના બજારોમાં મોટી સંખ્યામાં ગ્રાહકો ખરીદી કરવા પહોંચે છે. એવામાં મોટી રેલીના કારણે ટ્રાફિક પર ગંભીર અસર થવાથી, જામ લાગવાથી અને ગ્રાહકોને મુશ્કેલીઓ ઊભી થવાનો ડર સતાવી શકે છે. આ ડરથી ગ્રાહકો સદર બજારથી દૂર રહી શકે છે, જેની સીધી અસર વેપાર પર પડવાની શક્યતા છે. આ પહેલા કનોટ પ્લેસ અને પહાડગંજના વેપારી સંગઠનો તથા કેટે પણ તહેવારોની મોસમમાં રેલી નહીં કરવા માટે કોંગ્રેસ અને કોકરોચ પાર્ટીને અપીલ કરી હતી.

સદર બજાર વેપારી સંગઠનના પરમજીત સિંહ પમ્માએ રાહુલ ગાંધીને અપીલ કરતા કહ્યું, મોહબ્બતનો સંદેશો આપો, પરંતુ વેપારીઓની રોજી-રોટી અને કારોબારના ભોગે નહીં. વેપારીઓ આખું વર્ષ તહેવારોની રાહ જોતા હોય છે. તહેવારોમાં ગ્રાહકોની અવર-જવર અને અવરોધમુક્ત ટ્રાફિક જરૂરી છે. બજાર સુધી પહોંચવામાં મુશ્કેલી ઊભી થશે તો વેપાર પર વિપરિત અસર થઈ શકે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે વેપારીઓ કોઈ કાર્યક્રમનો વિરોધ નથી કરી રહ્યા. તેઓ બસ એટલું ઈચ્છે છે કે બજારોમાં કામકાજ યોગ્ય રીતે ચાલતું રહે અને સામાન્ય લોકોને મુશ્કેલી ના પડે.

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ઈનફોર્મ અભિષેક-વૈભવની ઓપનિંગ જોડી યથાવત્ રહે તેવી શક્યતા

આજે ચોથી ટી-૨૦ : ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ સામે જીતનો સિલસિલો આગળ ધપાવવા ઉતરશે

આજે બપોરે ૧૨.૩૦થી મેચનો પ્રારંભ થશે : શ્રેણી ગુમાવી ચૂકેલી ન્યુઝીલેન્ડને ટીમ પ્રતિષ્ઠા જાળવવાની તક

ઓકલેન્ડ, તા.૨૯

ટોપ ઓર્ડરના જબરજસ્ત ફોર્મને સહારે શ્રેણી વિજય મેળવી ચૂકેલી ટીમ ઈન્ડિયા આવતીકાલે સતત ચોથી જીતની તલાશમાં ન્યુઝીલેન્ડ સામે ઓકલેન્ડમાં રમાનારી ચોથી ટી-૨૦માં ઉતરશે. અભિષેક અને વૈભવની જોડીની વિસ્ફોટક બેટિંગની સામે ન્યુઝીલેન્ડના હતપ્રભ બનેલા બોલરો હવે કેવા વ્યુહ સાથે ઉતરશે, તે જોવું રસપ્રદ બની રહેશે. શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયા આક્રમકતા જાળવી રાખવાની સાથે યજમાનોને વધુ એક વખત તેમના જ હોમગ્રાઉન્ડ પર પરાજીત કરવા માટે ઉત્સુક છે. જ્યારે ન્યુઝીલેન્ડની ટીમ શ્રેણી ગુમાવ્યા બાદ હવે આખરી બે મેચ જીતીને પ્રતિષ્ઠા બચાવવાનો પ્રયાસ કરશે. આવતીકાલે ઓકલેન્ડના એડન પાર્કમાં ભારતીય સમય પ્રમાણે બપોરે ૧૨.૩૦ વાગ્યાથી મેચનો પ્રારંભ થવાનો છે. ભારતીય ટીમને કેપ્ટન ઐયરની પાસેથી મોટી ઈનિંગની આશા છે.

ભારતના ટોપ ઓર્ડરનું ધમાકેદાર ફોર્મ

ભારતીય ટીમના ટોપ ઓર્ડરના બેટ્સમેનોએ ધમાકેદાર બેટિંગ કરતાં ન્યુઝીલેન્ડના બોલરો પર આગવું પ્રભુત્વ જમાવ્યું છે. અભિષેકની વિસ્ફોટક સદી અને તેની વૈભવ સાથેની તોફાની ભાગીદારીને સહારે ભારતે ત્રીજી ટી-૨૦માં ૧૯૯નો ટાર્ગેટ માત્ર ૧૩.૨ ઓવરમાં જ પાર પાડ્યો હતો. ટીમ ઈન્ડિયાના બેટ્સમેનોએ શ્રેણીની શરૂઆતની ત્રણેય ટી-૨૦માં તોફાની બેટિંગ થકી ખળભળાટ મચાવ્યો છે. આ કારણે ન્યુઝીલેન્ડને હવે બોલિંગમાં વ્યુહરચના

ભારત વૈભવ અને અભિષેકની જોડીને ઓપનિંગ જાળવી રાખવા માટે ફેવરિટ છે. કિશન આજની મેચમાં પણ રમવાનો નથી.

ન્યુઝીલેન્ડના બોલરો પર ભારે દબાણ

બદલવાની ફરજ પડી છે. વધુમાં યજમાન ટીમ મેટ હેનરી અને ફાઉલ્કેસની ઈજાના કારણે પરેશાન છે અને તેમની પરેશાનીમાં વધારો કરતાં ફર્ગ્યુસન પણ ઈજાના કારણે બહાર થઈ ગયો છે. ફિશરની સાથે ટિક્નેરને તક મળી શકે છે. ડફી સ્થાન જાળવી રાખવા માટે ફેવરિટ છે.

ભારત સામેની છેલ્લી ૧૧માંથી એક જ ટી-૨૦ ન્યુઝીલેન્ડ જીતી શક્યું છે

ઓકલેન્ડ : ભારત સામેની છેલ્લી ૧૧માંથી એકમાત્ર ટી-૨૦માં ન્યુઝીલેન્ડની ટીમ જીત મેળવી શકી છે. ભારતે ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૩થી અત્યાર સુધી રમાયેલી ૧૧માંથી ૧૦ ટી-૨૦માં ન્યુઝીલેન્ડને હરાવ્યું છે. ભારતને આ દરમિયાન એકમાત્ર હાર ૨૮મી જાન્યુઆરી,૨૦૨૬ના રોજ વિશાખાપટ્ટનમમાં રમાયેલી ટી-૨૦માં મળી હતી. જે પછી ટીમ ઈન્ડિયા સળંગ પાંચ મેચમાં ન્યુઝીલેન્ડને પરાજીત કરી ચૂક્યું છે.

ભારત સ્પિનરોને તક આપશે ?

ભારતે જીતની હેટ્રિક સર્જતાં શ્રેણી પોતાના નામે કરી લીધી છે. હવે ચોથી મેચમાં ટીમ ઈન્ડિયાનું મેનેજમેન્ટ સ્પિનરને તક આપે છે કે નહીં તે જોવાનું રહેશે. વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવને ઈલેવનમાં સ્થાન મેળવવાની આશા છે. નિતિશ રેડ્ડીને આરામ આપીને દુબેને અજમાવાય તેવી શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

ફાસ્ટ બોલિંગ ડિપાર્ટમેન્ટમાં ભુવનેશ્વર અને અર્ષદીપની સાથે પ્રિન્સ અને મયંકને પણ તકનો ઈંતજાર છે.

ભારત (સંભવિત): અભિષેક, વૈભવ, સેમસન (વિ.કી.), શ્રેયસ ઐયર (કેપ્ટન), તિલક, ધીર, નિતિશ રેડ્ડી, અક્ષર કે કુલદીપ, બી. કુમાર, પ્રિન્સ યાદવ, અર્ષદીપ/મયંક.

ન્યુઝીલેન્ડ (સંભવિત) : ફિન એલન, સેઈફર્ટ (વિ.કી.), મિચેલ, ફિલિપ્સ, બ્રેસવેલ, જેકોબ્સ, સાન્ટનર (કેપ્ટન), મિલ્ને, ડફી, ફિશર, ટિક્નેર કે નેથન સ્મિથ.

કેપ્ટન હરમનપ્રીત અને સુખજીત સિંઘના બે બે ગોલ

એશિયન ચેમ્પિયન્સ હોકી ટુર્નામેન્ટમાં ભારતનો ચીન સામે ૫-૨થી વિજય

પાંચ વખતની ચેમ્પિયન ભારતીય ટીમનો સતત બીજો વિજય

જલંધર, તા. ૨૯

અહીંના સુરજીત સિંહ હોકી સ્ટેડિયમ ખાતે રમાયેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની એક રોમાંચક મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે ચીનને ૫-૨થી હરાવીને શાનદાર વિજય મેળવ્યો છે. આ જીત સાથે ભારતીય ટીમ ટૂર્નામેન્ટમાં પોતાની વિજયી રથયાત્રા અને લય જાળવી રાખી છે.ભારતે પ્રથમ મેચમાં બાંગ્લાદેશને ૧૩-૦થી હરાવ્યું હતું. મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે આક્રમક રમત જોવા મળી હતી. ભારતે શરૂઆતથી જ મેચ પર પોતાનું આધિપત્ય જમાવ્યું હતું, જોકે ચીને પણ મજબૂત પ્રતિસાદ આપ્યો હતો. પ્રથમ હાફ પૂરો થતાં સુધીમાં ભારતે ૨-૧ની લીડ મેળવી લીધી હતી, અને અંતે મેચ ૫-૨ના સ્કોર સાથે ભારતના પક્ષમાં સમાપ્ત થઈ.

પ્રથમ હાફમાં ૨-૧ની સરસાઈ

ભારત તરફથી સુખજીત સિંઘે મેચની ૧૩મી મિનિટે પ્રથમ ગોલ (ફિલ્ડ ગોલ) કરીને ભારતનું ખાતું ખોલાવ્યું હતું.જો કે ચીન તરફથી યાંગ પેન્ગે ૨૬મી મિનિટમાં ગોલ કરી સ્કોર બરાબરી પર લાવ્યો હતો. કેપ્ટન હરમનપ્રીત સિંઘ કે જે સ્ટાર ડ્રેગ-ફ્લિકર મનાય છે તેણે પેનલ્ટી કોર્નર દ્વારા બે શાનદાર ગોલ નોંધાવ્યા હતા.હરમને તેનો પ્રથમ ગોલ ચીને ૧-૧થી બરાબરી કરી તેની બીજી જ એટલે કે ૨૭મી મિનિટમાં કર્યો હતો.અને સ્કોર ૨-૧ થયો હતો.તે પછી ૩૧મી મિનિટમાં વધુ એક ગોલ હરમને કરતા ભારતે ૩-૧ની સરસાઈ મેળવી હતી. ત્યારબાદ સુકજિત સિંઘે તેનો બીજો ગોલ ૩૪મી મિનિટમાં નોંધાવ્યો હતો અને ભારતનો સ્કોર ૪-૧ની સરસાઈ પર લાવ્યો હતો.

ચીનનો પ્રયત્ન

ચીને વળતી લડત આપવાનો પ્રયત્ન કર્યો હતો. કેપ્ટન ચેન ચોંગકોંગે ૩૬મી મિનિટમાં પેનલ્ટી કોર્નર મારફતે ગોલ કર્યો હતો તેને લીધે સ્કોર ૪-૨ થયો હતો, પરંતુ તેઓ ભારતીય ટીમની મજબૂત રમત સામે પરાજય ટાળી શક્યા નહોતા. જુગરાજ સિંઘે ચીનની રહી સહી લડત આપવાની આશા પર પાણી ફેરવતા મેચના અંતિમ ચરણમાં ૪૭મી મિનિટમાં શાનદાર ગ્રાઉન્ડેડ ફ્લિક દ્વારા ભારતનો પાંચમો ગોલ કરીને જીત સુનિશ્ચિત કરી હતી.

મુંબઈ ઈન્ડિયન્સે મલિંગા સાથે છેડો ફાડ્યો

મુંબઈ : આઈપીએલની મુંબઈ ઈન્ડિયન્સ ફ્રેન્ચાઈઝીએ બોલિંગ કોચ લસિત મલિંગા અને પારસ મહામ્બ્રે સાથે છેડો ફાડી નાંખ્યો છે. તેની સાથે સાથે ફિલ્ડિંગ કોચ હોપ્કિન્સને પણ દૂર કરવાનો નિર્ણય લીધો છે. અગાઉ હેડ કોચ તરીકે જયવર્દનેના સ્થાને પોલાર્ડની નિયુક્તિ કરવામાં આવી હતી. આ પછી મુંબઈ ઈન્ડિયન્સના સપોર્ટ સ્ટાફમાં પરિવર્તન જોવા મળશે તેવી અપેક્ષા હતી.

હાયલો ઓપન : સિંધુ અને લક્ષ્યની આગેકૂચ

સારબ્રુકેન (જર્મની) : ભારતની પી.વી. સિંધુ અને લક્ષ્ય સેને જર્મનીમાં શરૂ થયેલી હાયલો ઓપનમાં પોતપોતાના મુકાબલા જીતીને આગેકૂચ કરી હતી. પી.વી. સિંધુએ ફ્રાન્સની પાન્કાસારીને ૨૧-૯, ૨૧-૬થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. લક્ષ્ય સેને પ્રથમ મેચમાં ફિનલેન્ડના ઓલ્ડોર્ફને ૧૬-૨૧, ૨૧-૧૯, ૨૧-૧૩થી હરાવ્યો હતો. હવે તે ભારતના કિરણ જ્યોર્જ સામે ટકરાશે. કિરણે મલેશિયાના ચેએમને ૨૧-૧૮, ૨૧-૧૭થી મહાત આપી હતી.

વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતની ગોલ્ડની આશા જીવંત

પહેલવાન મનીષા ભાનવાલા ફાઈનલમાં સુજીત કલકલની ૨૪ વિજયની કૂચ અટકી

અગાઉ નીલમ અને કાજલે સિલ્વર મેડલ મેળવ્યા હતા

અસ્તાના, તા.૨૯

મનીષા ભાનવાલાએ વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતની ગોલ્ડ મેડલ જીતવાની આશા જીવંત રાખતા ૫૯ કિગ્રા વજન વર્ગની ફ્રિસ્ટાઈલ કુસ્તીની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. જોકે એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારા સુજીત કલકલની સળંગ ૨૪ વિજયની કૂચનો ક્વાર્ટર

ફાઈનલમાં મળેલી હાર સાથે અંત આવ્યો હતો.

કઝાકિસ્તાનના અસ્તાનામાં ચાલી રહેલી વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપમાં મનીષા ભાનવાલાએ યજમાન દેશની અલ્તીન શાગાયેવાની સામે પ્રભુત્વસભર જીત હાંસલ કરી હતી. મનીષાએ હરિફ ખેલાડીને મેટ પર પછડાટ આપી હતી અને વિન બાય ફોલ મેળવ્યો હતો. હવે ફાઈનલમાં તેનો મુકાબલો પાન અમેરિકન ચેમ્પિયન એબિગૈલ એલિઝાબેથ નેટ્ટે સામે થવાનો છે. મનીષા આ વર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશનારી ત્રીજી ભારતીય મહિલા પહેલવાન બની હતી. અગાઉ કાજલ ધોચાકે ૭૬ કિગ્રા વજન વર્ગમાં અને નીલમ સિરોહીએ ૫૦ કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ મેળવ્યા હતા. છેલ્લા એક વર્ષમાં સળંગ ૨૪ મુકાબલા જીતવાની સાથે સાત ટાઈટલ જીતી ચૂકેલા સુજીત કલકલની ડ્રીમ રનનો ૬૫ કિગ્રાની ક્વાર્ટર ફાઈનલમાં નાટકિય અંત આવ્યો હતો. સુજીત અને તજાકિસ્તાનના કુદિઈવ વચ્ચેનો મુકાબલો ૩-૩થી ડ્રો રહ્યો હતો અને આ પછી કુદિઈવને ક્રાઈટેરિયાના આધારે વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો. કુસ્તીમાં જો મેચ ડ્રો થાય તો જે પહેલવાને એક મુવમાં વધુ પોઈન્ટ મેળવ્યા હોય તેને વિજેતા જાહેર કરવામાં આવે છે. સુજીતે ગત વર્ષ દરમિયાન અંડર-૨૩ વર્લ્ડ ચેમ્પિયનશિપની સાથે એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીત્યો હતો.

આર્ય દેસાઈના ૧૫૧, જયમીત પટેલના ૧૧૯* અને ઉર્વિલ પટેલના ૯૬

રણજી ટ્રોફીમાં ગુજરાત-મહારાષ્ટ્રની મેચ ડ્રો : સૌરાષ્ટ્રે આસામને ઈનિંગથી હરાવ્યું

અમદાવાદ, તા.૨૯

આર્ય દેસાઈના ૧૫૧, જયમીત પટેલના અણનમ ૧૧૯* અને ઉર્વિલ પટેલના ૯૬ રનને સહારે ગુજરાતે લડાયક દેખાવ કરતા બાદ મહારાષ્ટ્ર સામેની મેચ ડ્રો કરી હતી. મહારાષ્ટ્રને ત્રણ અને ગુજરાતને એક પોઈન્ટ મળ્યો હતો. જયમીત પટેલને અનુક્રમે ૫૮* અને ૧૧૯* રનની ઈનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

ગુજરાતનો લડાયક દેખાવ

ગુજરાતના ૨૨૩ ના સ્કોર સામે મહારાષ્ટ્રે પ્રથમ ઈનિંગમાં ૩૩૦ રન કર્યા હતા. ગુજરાતે બીજી ઈનિંગ ચોથા દિવસે ૨૨૭/૩થી આગળ ધપાવી હતી અને વધુ ૨૧૯ રન જોડતાં વધુ બે વિકેટ ગુમાવી ઈનિંગ ડિક્લેર કરી હતી. આર્ય દેસાઈએ ૧૩૨થી આગળ રમતાં કુલ ૧૫ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથે ૧૫૧ રન નોંધાવ્યા હતા. જયમીતે ૧૭૭ બોલમાં ૮ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે અણનમ ૧૧૯ રન કરતાં આર્ય સાથે ૧૧૯ રનની અને ઉર્વિલ સાથે ૧૭૦ રન જોડ્યા હતા. ઉર્વિલે ચાર ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે ૯૬ રન કર્યા હતા. જે પછી સિદ્ધાર્થ દેસાઈએ બે અને અર્ઝાન-વિશાલે ૧-૧ વિકેટ ઝડપતાં ૩૪૦ના ટાર્ગેટ સામે મહારાષ્ટ્ર ૧૦૪/૪ પર ફસડાયું હતુ. જોકે દિગ્વિજયે (૫૧*) અને બાવને (૯*)એ મેચ ડ્રો કરી હતી.

મુંબઈનો સતત ત્રીજો આઉટરાઈટ વિજય

ગુજરાતે ૧૦૭ રનના દેવા સામે બીજી ઈનિંગ ૪૪૬/૫ના સ્કોર સાથે ડિક્લેર કરી હતી. મહારાષ્ટ્રની ટીમે ૩૪૦ના ટાર્ગેટ સામે ચાર વિકેટે ૧૪૧ રન કર્યા હતા અને મેચ ડ્રો થઈ હતી. પ્રથમ ઈનિંગમાં સરસાઈ મેળવનારા

પાર્થ ભુતની ૮ વિકેટ

પ્લેયર ઓફ ધ મેચ પાર્થ ભુતે બીજી ઈનિંગમાં ૧૭ રનમાં આઠ વિકેટ ઝડપતાં સૌરાષ્ટ્રની ટીમે ઈનિંગ અને ૧૨ રનથી આસામને હરાવ્યું હતુ. આસામના ૨૧૮ સામે સૌરાષ્ટ્રે ૩૮૭ રન કર્યા હતા. આસામ ત્રીજા દિવસના અંતે ૬૫/૭ પર ફસડાયા બાદ આજે આખરી દિવસે ૯૪માં ઓલઆઉટ થઈ ગયું હતું.

મુંબઈનો ૧૦ વિકેટથી વિજય

મુંબઈએ જીતની હેટ્રિક સર્જતાં હરિયાણાને ૧૦ વિકેટથી હરાવ્યું હતુ. મુંબઈના ૪૩૦ સામે હરિયાણા ૨૭૦માં ખખડતાં ફોલોઓન થયું હતુ. આ પછી તેમણે ૨૫૬ સ્કોર કર્યો હતો. તનુષ કોટિયને ૮૧ રનમાં આઠ વિકેટ ઝડપી હતી. મુંબઈએ ૯૭ના ટાર્ગેટને વિના વિકેટે પાર પાડતાં જીત હાંસલ કરી હતી.

જમ્મુ-કાશ્મીરે બરોડા સામેની મેચ ડ્રોમાં ખેંચી

અમદાવાદ : જમ્મુ-કાશ્મીરે બીજી ઈનિંગમા સમદની ૧૫૨ બોલમાં ૧૬ ચોગ્ગા અને સાત છગ્ગા સાથેની ૧૪૩ રનની ઈનિંગની મદદથી બરોડા સામેની મેચ ફોલોઓન થયા બાદ ડ્રોમાં ખેંચી હતી. બરોડાના ૬૧૬ સામે જમ્મુ-કાશ્મીર પ્રથમ ઈનિંગમાં ૩૦૩માં સમેટાતા ઓલઆઉટ થયું હતુ. આ પછી ફોલોઓન થયાં બાદ તેમણે ૩૧૬/૬ સ્કોર કરતાં મેચ ડ્રો કરી હતી. સમદનો સાથ આપતાં સાહિલ લોથરાએ ૨૪૦ બોલમાં ૧૨ ચોગ્ગા સાથે ૯૬* રન કર્યા હતા.

ગુજરાતની પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટ ટીમની વિજયી શરૂઆત

અમદાવાદ : ગુજરાતની પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટ ટીમે અમદાવાદમાં શરૂ થયેલી નેશનલ મેન્સ બ્લાઈન્ડ ક્રિકેટ ટુર્નામેન્ટની પ્રથમ મેચમાં કેસર ઝીણાના ૩૯ બોલમાં ૫૬ રનની મદદથી ગુજરાતની ટીમે ઝારખંડને ૯ વિકેટથી હરાવ્યું હતુ. ગુજરાતે ૧૦.૫ ઓવરમાં ૧ વિકેટે ૧૨૪નો ટાર્ગેટ ઝીલ્યો હતો. અન્ય મેચમાં રાજસ્થાને આસામને ૫૨ રનથી હરાવ્યું હતુ.

ઈજાગ્રસ્ત સ્મિથ ડિસેમ્બર સુધી નહીં રમી શકે

કેપટાઉન : ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ બેટ્સમેન સ્મિથ ગરદનની ઈજાના કારણે હવે ડિસેમ્બર સુધી ક્રિકેટ રમી શકશે નહીં. ૩૭ વર્ષના સ્મિથને ગાકેબેરહામાં રમાયેલી સાઉથ આફ્રિકા સામેની શ્રેણીની બીજી ટેસ્ટમાં ચોથા દિવસે ગદરનમાં સખત દુઃખાવો શરૂ થયો હતો. આ પછી તે ત્રીજી ટેસ્ટ અગાઉ ફિટ થાય તેવી શક્યતા હતી, પણ મેચ અગાઉના ફિટનેસ ટેસ્ટમાં તે નિષ્ફળ રહ્યો હતો અને હવે એમઆરઆઈની તપાસ બાદ સ્પષ્ટ થયું છે કે, તેને ગરદનના મણકાના સાંધાની ઈજા થઈ છે.

ઈંગ્લિસના ૧૦૨ અને કેરીના ૮૦ રન

સાઉથ આફ્રિકાના ૩૨૯ સામે ઓસ્ટ્રેલિયાના પ્રથમ ઈનિંગમાં ૪૨૯

સાઉથ આફ્રિકાના બીજી ઈનિંગમાં ૧૪૦/૪

કેપ ટાઉન, તા. ૨૯

ન્યૂલેન્ડ્સ મેદાન પર ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાતી ત્રીજી અને નિર્ણાયક ટેસ્ટના ત્રીજા દિવસે ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગમાં ૪૨૯ રન બનાવ્યા હતા.

યજમાન દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ઈનિંગમાં ૩૨૯ રન કર્યા હોવાથી ઓસ્ટ્રેલિયાને ૧૦૦ રનની મહત્વપૂર્ણ સરસાઈ મળી હતી. રમતના અંતે દક્ષિણ આફ્રિકાએ ચાર વિકેટે ૧૪૦ રન કરીને ૪૦ રનની લીડ મેળવી છે હતી.આવતીકાલની રમત રોમાંચક અને નિર્ણાયક બનશે તેમ લાગે છે. શ્રેણી હાલમાં ૧-૧થી બરાબર છે.

ઈંગ્લિસ કેપટાઉનમાં છેલ્લા ૧૨ વર્ષમાં ટેસ્ટ સદી ફટકારનારો પ્રથમ ઓસ્ટ્રેલિયન બેટ્સમેન બન્યો. છેલ્લે ૨૦૧૪માં વોર્નરે ૧૪૫ રનની ઈનિંગ રમી હતી. ઈંગ્લિસ ઓસ્ટ્રેલિયાનો એવો પ્રથમ બેટ્સમેન બન્યો છે કે, જેણે ત્રણેય ફોર્મેટમાં આંતરરાષ્ટ્રીય સ્તરે બે કે વધુ સદી ફટકારી છે.

ઈંગ્લિસે ૧૩૫ બોલમાં ૧૧ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૦૨ રન કર્યા હતા. જ્યારે કેરીએ ૧૬૮ બોલમાં સાત ચોગ્ગા સાથે ૮૦ રન કર્યા. બંનેએ પાંચમી વિકેટ માટે ૧૮૫ રનની ભાગીદારી નોંધાવી હતી.

સ્પિનર હાર્મરે ૧૦૪ રન આપી ચાર અને મીડીયમ પેસર જાનસેને ૬૦ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. સાઉથ આફ્રિકાએ બીજી ઈનિંગમાં માર્કરામ ૧,એકરમેન ૬૨,બેડિંગહામ ૧૧ અને બવુમા ૩૫ રનની વિકેટ ગુમાવી છે. સ્ટાર્કે બે અને હેઝલવુડ તેમજ લાયને ૧-૧ વિકેટ ઝડપી છે. બ્રિટઝકે ૧૯ અને રિકલટોન ૮ રને રમતમાં છે.

શાદમાનના ૧૦૫, વારિકેનની પાંચ વિકેટ

પ્રથમ ટેસ્ટ : બાંગ્લાદેશના ૨૭૨ સામે વિન્ડિઝના ૪ વિકેટે ૧૩૪

બાંગ્લાદેશે આખરી પાંચ વિકેટ ૧૯ રનમાં ગુમાવી

મિરપુર, તા. ૨૯

અહીં બાંગ્લાદેશ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટના બીજા દિવસે બાંગ્લાદેશની પ્રથમ ઈનિંગ્સમાં ૨૭૨ રનમાં સમેટાઈ ગઈ હતી જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે દિવસની રમત પૂરી થઈ ત્યારે ચાર વિકેટે ૧૩૪ રન બનાવ્યા હતા.

બાંગ્લાદેશના ઓપનર શાદમાને ૨૩૪ બોલમાં ૧૧ ચોગ્ગાની મદદથી ૧૦૫ રન કર્યા. વિકેટકીપર બેટ્સમેન લિટન દાસ ૩૪ રને અણનમ રહ્યો હતો. બાંગ્લાદેશે એક સમયે ત્રણ વિકેટે ૨૧૩ રન કર્યા હતા, પરંતુ ત્યાર પછીની સાત વિકેટ માત્ર ૫૯ રનમાં ગુમાવી દીધી. ખાસ કરીને અંતિમ પાંચ વિકેટ માત્ર ૧૯ રનમાં પડી હતી. વેસ્ટ ઈન્ડિઝના સ્પિનર વારીકેને ૫૩ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી.

વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગમાં કેમ્પબેલ ૫૪, કિંગ ૧૫, હોજ ૭, જાંગુ ૦ રને આઉટ થયા છે. ચંદરપોલ ૪૭ અને ગ્રીવેસ ૧૫ રને રમતમાં છે.તાઈજુલે બે વિકેટ ઝડપી છે.

કોમનવેલ્થ કબડ્ડી

આજે ભારતની મહિલા અને પુરુષ ટીમ સેમિ ફાઈનલ રમશે

અમદાવાદ : ભારતની મહિલા કબડ્ડી ટીમ આવતીકાલે અમદાવાદમાં ચાલી રહેલી કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપની સેમિ ફાઈનલમાં શ્રીલંકા સામે ટકરાશે.વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં આ મેચ સાંજે ૬.૪૫થી શરૂ થશે. તે પહેલા કેન્યા અને યુગાન્ડા વચ્ચે સાંજે ૬થી સેમિ ફાઈનલ રમાશે. પુરુષ વિભાગમાં ભારતે આખરી લીગ મેચમાં ૪૫-૨૪થી શ્રીલંકાને હરાવીને ટોચની ટીમ તરીકે ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. હવે આવતીકાલે ભારતની પુરુષ ટીમ રાત્રે ૮.૦૦ વાગ્યાથી શરૂ થનારી સેમિ ફાઈનલમાં બાંગ્લાદેશનો સામનો કરશે. જ્યારે રાત્રે ૯.૦૦ વાગ્યાથી શ્રીલંકા અને કેન્યા વચ્ચે સેમિફાઈનલ રમાશે.

ત્રિકોણીય જંગ : ફાઈનલમાં પ્રવેશથી વંચિત રહેલા ઈંગ્લેન્ડે શ્રીલંકાને હરાવ્યું

લાહોર, તા. ૨૯

ત્રિકોણીય જંગની ફાઈનલમાં પ્રવેશથી વંચિત રહેલા ઈંગ્લેન્ડે તેની આખરી અને ઔપચારિક બની રહેલી વન ડે માં શ્રીલંકાને ૫૫ રનથી હરાવ્યું હતુ. ડકેટના ૨૪ ચોગ્ગા સાથેના ૧૩૨ બોલમાં ૧૬૭ રનની મદદથી ઈંગ્લેન્ડે પાંચ વિકેટે ૩૮૬ રન ખડક્યા હતા. જવાબમાં શ્રીલંકા ૪૫.૧ ઓવરમાં ૩૩૧ રનમાં ઓલઆઉટ થયું હતુ. શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે ૩૧મીએ ફાઈનલ રમાશે. ડકેટ અને બાન્ટન (૭૪)ની જોડીએ ૨૫ ઓવરમાં ૧૬૩ રન જોડ્યા હતા. બ્રૂકે ૪૪, જેક્સને ૩૦, કોક્ષે ૨૭ બોલમાં ૪૩ અને કરને ૧૨ બોલમાં ૨૧* રન કર્યા હતા. અસિથા ફર્નાન્ડોને ૬૩ રનમાં બે વિકેટ મળી હતી. શ્રીલંકાએ કામિન્દુ (૪) અને આવિષ્કા ફર્નાન્ડો (૪૮)ની વિકેટ ૯૭માં ગુમાવી હતી. કુસલ મેન્ડિસે પાંચ છગ્ગા અને આઠ ચોગ્ગા સાથે ૭૧ બોલમાં ૮૯ રન તેમજ રથ્નાયકેએ ૭૭ બોલમાં ૧૫ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૧૧૮ રન ફટકાર્યા હતા.ડોસને ૪૯ રનમાં ચાર વિકેટ ઝડપી હતી.

માંચેસ્ટર સિટી અને લીવરપૂલના રોમાંચક વિજય

લંડન : સ્ટેન્ડ ઈન ગોલકિપર રુલીએ બ્રાઈટનની આખરી બે પેનલ્ટીને અટકાવતા માંચેસ્ટર સિટીએ ૪-૩થી પેનલ્ટી શૂટઆઉટમાં વિજય મેળવીને લીગ કપની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. અગાઉ બંનેટીમ ૨-૨થી બરોબરી પર રહી હતી. ચેલ્સીનો વેસ્લી ફોફાનાએ નિર્ણાયક પેનલ્ટી કીક પર બોલને ગોલ પોસ્ટની ઉપરથી બહાર મોકલી આપ્યો હતો અને આ સાથે લીવરપૂલ ૬-૫થી પેનલ્ટી શૂટઆઉટમાં વિજેતા બનીને અંતિમ આઠમા પ્રવેશ્યું હતું. અગાઉ બંને ટીમ ૧-૧થી બરોબરી પર રહી હતી.

સર્બિયન ખેલાડી સતત ૨૧માં વર્ષે ૨૦ કે વધુ મેચ જીત્યો

યોકોવિચે હુમ્બેર્ટીને હરાવી ATP ફાઈનલ્સ ટુર્નામેન્ટમાં પ્રવેશની આશા જીવંત રાખી

વાચેરોટે જોડારને અને રુનેએ હુર્કાઝને હરાવ્યો

બાસેલ, તા.૨૯

ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન ટેનિસ સ્ટાર યોકોવિચે બાસેલ ઓપનમાં ત્રણ સેટના સંઘર્ષ બાદ ૪-૬, ૬-૩, ૬-૪થી ફ્રાન્સના હુમ્બેર્ટીને હરાવીને સિઝનની આખરી અને એલિટ ટુર્નામેન્ટ એટીપી ફાઈનલ્સમાં પ્રવેશવાની આશા જીવંત રાખી હતી.



યોકોવિચે આ જીતની સાથે સળંગ ૨૧માં વર્ષે એટીપી ટુરમાં ૨૦ કે વધુ મેચ જીતવાની સિદ્ધિ પણ હાંસલ કરી હતી. યોકોવિચ જો બાસેલમાં ચેમ્પિયન બને તો એટીપી ફાઈનલ્સમાં ક્વોલિફાય થઈ શકે તેમ છે. ટોચના આઠ ખેલાડી વચ્ચે રમાતી એટીપી ફાઈનલ્સમાં ઝ્વેરેવ, અલકારાઝ અને શેલ્ટન ક્વોલિફાય થઈ ચૂક્યા છે. સિનર પણ ક્વોલિફાય થયો છે.જોકે તેણે સિઝનમાં હવે કોઈ ટુર્નામેન્ટ ન રમવાની જાહેરાત કરી દીધી છે.

એટીપી ફાઈનલ્સની રેસમાં આખરી સ્થાન પર રહેલા જોડારને બાસેલમાં પ્રથમ મેચમાં જ વાચેરોટે ૭-૬ (૭-૪), ૨-૬, ૭-૬ (૭-૫)થી મહાત આપી હતી. રુનેએ હુર્કાઝની સામે ૩-૬, ૬-૩, ૭-૬ (૯-૭)થી જીત હાંસલ કરી હતી.

તલવારબાજી : ગુજરાતની સિદ્ધિ ચૌધરીની ભારતીય ટીમમાં પસંદગી

અમદાવાદ : ગુજરાતની સિદ્ધિ ચૌધરીએ બહેરિનમાં યોજાનારી તલવારબાજીની એશિયન અંડર-૨૩ ચેમ્પિયનશિપ માટેની ભારતીય ટીમમાં સ્થાન મેળવી લીધું છે. મૂળ બનાસકાંઠાના જિલ્લાના ડિસાની વતની સિદ્ધિએ તમિલનાડુમાં યોજાયેલી સિલેક્શન ટ્રાયલ્સમાં ત્રીજું સ્થાન હાંસલ કર્યું હતું.

મેટા ૨૦ નવેમ્બરથી નવી શરતો લાગુ પાડશે

ફેસબુક-ઈન્સ્ટાગ્રામમાં ન્યૂઝ પોસ્ટનો ઉપયોગ એઆઈને તાલીમ આપવા થશે

ઓસ્લો, તા. ૨૯

એઆઈ એજન્ટને ટ્રેનિંગ આપવા માટે ડેટાની જરૂર પડે છે. જેટલો ડેટા વધારે તેમ એઆઈ એજન્ટ વધારે સારી રીતે કામ કરે છે. દરેક કંપની પોતાના એઆઈ મોડલને ડેટા આપવા માટે જાત-ભાતના ઉપાયો કરે છે. મેટાએ તેના એઆઈ મોડલને તાલીમ આપવા માટે પોતાની માલિકીના ફેસબુક-ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મનો ઉપયોગ કરવાની તજવીજ શરૂ કર્યાની ફરિયાદ ઉઠી છે.

નોર્વેમાં ૧૦ મીડિયા કંપનીઓ મેટાની નવી શરતોના વિરોધમાં કોર્ટમાં ગઈ : સમાચાર, ફોટો અને વીડિયોના દુરુપયોગની ભીતિ

નોર્વેની ૧૦ મીડિયા કંપનીઓએ કોર્ટમાં મેટા સામે ફરિયાદ કરી છે. મેટા કંપની ૩૦મી ઓક્ટોબરથી નવી શરતો લાગુ પાડવાની હતી. નવી શરતો પ્રમાણે જે કંપનીઓ તેનું પાલન કરે તેના કન્ટેન્ટનો ઉપયોગ મેટા તેના એઆઈ મોડલને તાલીમ આપવા કરી શકે તેમ છે. મીડિયા કંપનીઓની દલીલ છે કે તેમની વેબસાઈટમાંથી જે સમાચાર, ફોટો, વીડિયોની પોસ્ટ ફેસબુક-ઈન્સ્ટાગ્રામમાં મૂકાશે તેના ડેટાનો એક્સેસ મેટાને મળી જશે. નવી શરતોનું પાલન કરાવીને મેટા બધો ડેટા એકઠો કરશે અને તેનો ઉપયોગ એઆઈ મોડલને તાલીમ આપવા કરશે.

નોર્વેની કંપનીઓએ કોર્ટમાં અરજી કરી પછી મેટાએ નવી શરતો લાગુ પાડવાની સમયમર્યાદા વધારીને ૨૦મી નવેમ્બર કરી છે. મેટાએ કહ્યું હતું કે આ સમયગાળામાં પાર્ટનર્સ અને આ સંદર્ભમાં જે પાર્ટી છે એમની સાથે વાટાઘાટો કરવામાં આવશે. યોગ્ય નિકાલ લાવ્યા બાદ જ નવી શરતોનું પાલન કરાવાશે. મેટાએ એવી સ્પષ્ટતા કરી ન હતી કે કંપનીઓએ જે આરોપ લગાવ્યો છે તે યોગ્ય છે કે નથી. મેટાએ સત્તાવાર નિવેદનમાં એકદમથી એ આરોપને નકારી દીધા નથી એટલે મીડિયા કંપનીઓને ચિંતા છે કે તેમની પોસ્ટમાંથી ડેટા ચોરાઈ શકે છે. કંપનીઓની દલીલ છે કે જ્યાં સુધી એ નક્કી ન થાય કે મેટાની નવી શરતો કાયદાની રીતે યોગ્ય છે ત્યાં સુધી તેના પર સ્ટે મૂકવો જોઈએ. મીડિયા કંપનીઓની પરવાનગી વગર જ તેમના ડેટાનો ઉપયોગ એઆઈ મોડલને ટ્રેઈન કરવામાં થાય તો એ અયોગ્ય છે. આ વિવાદ માત્ર નોર્વે પૂરતો સીમિત નથી. કેટલાય સમયથી મીડિયા કંપનીઓ એવી ચિંતા વ્યક્ત કરે છે તે તેમના કન્ટેન્ટનો ઉપયોગ એઆઈ મોડલને ટ્રેઈન કરવા થઈ શકે છે. નોર્વેમાં સત્તાવાર રીતે મામલો કોર્ટમાં પહોંચ્યો છે એ જોતાં આગામી સમયમાં બીજા દેશોમાં પણ કંપનીઓ કોર્ટમાં પહોંચે તો નવાઈ રહેશે નહીં.

ચાલુ વર્ષે કોમોડિટીના ભાવમાં ૨૩ ટકાનો વધારો થશે: વર્લ્ડ બેન્ક

મોંઘા ફ્યૂઅલ અને અલ નીનોના લીધે વિશ્વમાં ખાદ્ય કટોકટી સર્જાશે: વર્લ્ડ બેન્ક

નવી દિલ્હી, તા.૨૯

અમેરિકા-ઈરાન યુદ્ધ અને તેના પછી સાઉદી અને યમનના હુથીઓ વચ્ચે ચાલતા યુદ્ધના લીધે એનર્જી પ્રાઈસ ચાર વર્ષની ટોચ પર પહોંચતા વર્લ્ડ બેન્કે ચેતવણી આપી છે કે આના કારણે આખા વિશ્વ પર ખાદ્યસંકટ તોળાઈ શકે છે. વિશ્વસ્તરે કોમોડિટીના ભાવમાં ૨૩ ટકાનો વધારો થઈ શકે છે. વિશ્વ આખુ જાણે વોર ઝોનમાં હોય તેવી સ્થિતિ છે. રશિયા-યુક્રેન યુદ્ધ જારી છે, નોર્થ કોરીયા-સાઉથ કોરીયા વચ્ચે ગમે ત્યારે જંગ ભડકી શકે તેમ છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સતત સંઘર્ષ જારી છે.

રશિયા-યુક્રેન, અમેરિકા-ઈરાન, સાઉદી-હુથી, પાકિસ્તાન અફઘાનિસ્તાન યુદ્ધના લીધે વિશ્વ વોર ઝોનમાં હોય તેવી સ્થિતિ

આટલું ઓછું હોય તેમ અલનીનોના લીધે વિશ્વ સ્તરે અનાજના ઉત્પાદનને પણ ફટકો પડ્યો છે. આના કારણે વૈશ્વિક ફૂડ સપ્લાય ચેઈન ખોરવાઈ શકે છે અને વિશ્વની ફૂડ સિક્યોરિટીને પણ ફટકો પડી શકે છે.

વિશ્વ સ્તરે ક્રૂડ ઓઈલનો પુરવઠો ચાલુ વર્ષે ૫.૧ ટકા ઘટવાનો અંદાજ, જે છેલ્લા ચાર દાયકાનો સૌથી મોટો ઘટાડો

વર્લ્ડ બેન્કે બુધવારે જારી કરેલા તેના કોમોડિટી માર્કેટ્સ આઉટલૂકમાં આ વાત જણાવી હતી. ક્રૂડ ઓઈલના મોરચે તો યુદ્ધના કારણે ખરાબ સ્થિતિ છે જ, હવે વિશ્વએ પુરવઠાના મોરચે વધુને વધુ આંચકા સહન કરવાની તૈયારી રાખવી પડશે તેવી ચેતવણી વર્લ્ડ બેન્કે આપી હતી. જો કે ૨૦૨૭માં કોમોડિટીના ભાવમાં સાત ટકા ઘટાડાનો અંદાજ મૂકાયો છે.

વર્લ્ડ બેન્કના ડેપ્યુટી ચીફ ઈકોનોમિસ્ટ અને પ્રોસ્પેક્ટસ ગ્રુપના ડિરેક્ટર અયહાન કોસે જણાવ્યું હતું કે કોમોડિટી બજારોને કેટલાય આંચકા એકસાથે લાગી શકે છે. એનર્જી કોસ્ટ અને વ્યાપર અવરોધના લીધે લગભગ બધી જ કોમોડિટીના ભાવમાં વ્યાપક સ્તરે વધારો થઈ શકે છે. તેના લીધે ફુગાવો, ફૂડ સિક્યોરિટી અને આર્થિક વૃદ્ધિના મોરચે સ્થિતિ વધુ વસમી બની શકે છે.

૨૦૨૬માં એનર્જી પ્રાઈસીસમાં ૩૨ ટકા વધારો થાય તેવો અંદાજ છે. આમ તેમા ત્રણ વર્ષથી ચાલતો ઘટાડાનો ટ્રેન્ડ પલ્ટાશે. બ્રેન્ટ ક્રૂડની આ વર્ષની સરેરાશ પ્રતિ બેરલ ૯૧ ડોલર રહે તેમ મનાય છે, જે ગયા વર્ષે પ્રતિ બેરલ ૬૯ ડોલર હતી. જ્યારે ૨૦૨૭માં ઘટીને તે ૭૯ ડોલર થઈ જશે તેવો અંદાજ છે.

વૈશ્વિક ઓઈલ પુરવઠો ૨૦૨૬માં ૫.૧ ટકા ઘટવાનો અંદાજ છે. આમ ૨૦૨૦ની વૈશ્વિક મંદીને બાદ કરીએ તો ચાર દાયકામાં આ સૌથી મોટો ઘટાડો છે. આ ઉપરાંત વપરાશમાં પણ ૨.૫ ટકાનો ઘટાડો થાય તેમ મનાય છે.

ચૂંટણીમાં જીતશે તો દરેકને ૫૦૦૦ ડોલર આપવાનો ટ્રમ્પનો વાયદો!

ટ્રમ્પે ચૂંટણી રેલીમાં મોંઘવારી પર મજાક કરી : શ્રોતાઓએ વધાવી લીધી!

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૯

અમેરિકામાં ૫૦૦૦ ડોલરમાં તમને શું મળી શકે તેવા પ્રશ્ન પૂછી ટ્રમ્પે પોતે વિનોદી સૂરમાં જવાબ આપ્યો હતો. ટ્રમ્પના ફ્લોરિડા સ્થિત સુપર લકઝરી રિસોર્ટમાં 'માર-એ- લાગો'માં એક હેમબર્ગર મળી શકે છે તેવું ટ્રમ્પે કહ્યું હતું. આગામી સપ્તાહમાં અમેરિકામાં ચૂંટણી થવાની છે અને મોંઘવારી એક મહત્વનો મુદ્દો બન્યો છે.

૫૦૦૦ ડોલર અમેરિકામાં જ ખર્ચ કરજો, અન્ય દેશમાં નહીં તેવી ટ્રમ્પની ટિપ્પણી

ટ્રમ્પે રાજકીય રીતે જોખમી મજાક કરી છે. માર-એ- લાગોમાં જવું તમને નહીં પરવડે તો જવું નહી જોઈએ. તેવો સંદેશ ટ્રમ્પે પોતાના ટેકેદારોને આપ્યો છે. જો કે શ્રોતાઓમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. મોંઘવારી અંગેની ટ્રમ્પની જોકથી ટેકેદારોને ખરાબ લાગ્યું નથી તે સ્પષ્ટ થયું હતું. રિપબ્લિક પક્ષના ઉમેદવારો જો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ એમ બંને ગૃહમાં બહુમતી મેળવે તો દરેક અમેરિકનને ૫૦૦૦ ડોલરના ચેક મોકલશે તેવો ટ્રમ્પે વાયદો કર્યો હતો. ટેક્સાસના કોર્પસ ક્રિસ્ટીમાં થયેલી રેલીમાં ટ્રમ્પે સંબોધન કર્યું હતું તમે ૫૦૦૦ ડોલર ફ્લોરિડામાં અથવા અમેરિકામાં કોઈ પણ સ્થળે ખર્ચ કરજો પણ વિદેશમાં નહીં તેવી વિનંતી ટ્રમ્પે ટેકેદારોને કરી હતી.

ટ્રમ્પે પોતાની સ્પીચમાં કહ્યું કે ફ્લોરિડા જઈ શકો, આપણા દેશના કોઈ પણ ભવ્ય સ્થળે જઈ શકો તમે માર-એ-લાગોમાં મારા મહેમાન પણ બની શકો છો. જો કે ત્યાં તેમને ૫૦૦૦ ડોલરમાં એક હેમબર્ગર અને થોડું ડેઝર્ટ (સ્વીટ ડીશ) જ મળી શકશે. જો તમે ભાવ બાબતમાં કાળજી ધરાવતા હોય તો તે સ્થળ યોગ્ય નથી.

શ્રોતાઓને ટ્રમ્પની વાતથી આઘાત લાગવાને સ્થાને લોકો હસી પડયા હતા અને તાળીઓના ગડગડાટથી ટ્રમ્પની મજાકને સાનુકૂળ પ્રતિભાવ આપ્યો હતો. મેઈક અમેરિકા ગ્રેઈટ અગેઈન (અમેરિકાને ફરી મહાન બનાવો) પહેલના ટેકેદારો ટ્રમ્પ પ્રતિ પ્રતિબદ્ધ છે તે શ્રોતાઓના પ્રતિસાદથી સ્પષ્ટ થાય છે.

જો કે ૫૦૦૦ ડોલરના વાયદાનો અમલ કરવા અગાઉ કોંગ્રેસની મંજૂરી લેવી પડે છે અને અંદાજિત ૧.૩ ટ્રિલિયન ડોલરનો ખર્ચ થશે. ડેમોક્રિટિક પક્ષના નેતાઓ કહે છે આ વાયદો મત માટે લાંચ છે. મોંઘવારી વધી છે તે ચૂંટણીનો મુદ્દો બન્યો છે.

દુર્ગાપૂજા મહોત્સવ ગેરરીતિ કેસ : પૂર્વ મંત્રી રિમાન્ડ પર

(પીટીઆઈ) કોલકાતા,તા.૨૯

દુર્ગાપૂજા પ્રીવ્યુ શો અને પાસના વેચાણમાં થયેલી નાણાકીય ગેરરીતિને લગતા કેસમાં પશ્ચિમ બંગાળના પૂર્વ મંત્રી ઈન્દ્રાનિલ સેનની જામીન અરજી ફગાવી દઈને કોર્ટે ગુરૂવારે એમને ૧૦ નવેમ્બર સુધીના પોલીસ રિમાન્ડ પર સોંપ્યા છે.

સેન અને એમના પત્ની મધુચંદા જેમની સાથે સંકળાયેલા છે એ માસઆર્ટ સોસાયટી દ્વારા કરાયેલી નાણાકીય ગેરરીતિઓના સંદર્ભે કોલકાતા પોલીસે ગાયક-રાજકારણીને બુધવારે અટક કર્યા છે.

મુખ્ય મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટે ફરિયાદ-પક્ષ અને એના ધારાશાસ્ત્રીની દલીલો સાંભળ્યા પછી સેનની જામીન - અરજીને ફગાવી દીધી.

સેનની પૂછપરછ માટે એના પોલીસ રિમાન્ડની માગણી કરતા ફરિયાદ-પક્ષે અગાઉની ટીએમસી સરકારના મંત્રી તરીકે નાણાકીય ગેરરીતિઓમાં સેનની સીધી સંડોવણી હોવાનો દાવો કર્યો છે.

ટ્રેનનાં ડ્રાઈવરની વાતચીતનો ઓડિયો જાહેર

સ્પેન ટ્રેન અકસ્માતમાં કન્ટ્રોલ રૂમની મોટી ચૂક સામે આવી

નવી દિલ્હી, તા. ૨૯

સ્પેનમાં ગઈકાલે બે ટ્રેનો વચ્ચે ટક્કરથી ૬૮ લોકોનાં મોત થયા હતાં. આ ઘટનામાં કન્ટ્રોલ સેન્ટરની મોટી ચૂક સામે આવી છે. ઓડિયો રેકોર્ડિંગ પરથી જાણવા મળે છે કે ટ્રેક પર ટ્રેન ઉભી હોવાની જાણ હોવા છતાં બીજી ટ્રેનને આગળ વધવાનાં નિર્દેશ આપવામાં આવ્યા હતાં.

ટ્રેક પર ટ્રેન ઉભી હોવાની જાણ હોવા છતાં બીજી ટ્રેનને આગળ વધવા નિર્દેશ આપવામાં આવ્યા

સ્પેનિશ મીડિયાએ આ દુર્ઘટના સાથે સંકળાયેલ એક ઓડિયો રેકોર્ડિંગ જારી કર્યુ છે. આ રેકોડિંગમાં કન્ટ્રોલ રૂમે ટ્રેક પર એક ટ્રેન ઉભી હોવા છતાં બીજી ટ્રેનને ફુલ સ્પીડથી આગળ વધવાનાં નિર્દેશ આપ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે આ દુર્ઘટના પછી સ્પેનમાં ત્રણ દિવસનાં રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી છે. આ માનવીય અને ટેકનિકલ ભૂલને કારણે પ્રજા અને વિપક્ષી દળોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

એલ પેસ અને આરટીવીઈ દ્વારા સામે લાવવામાં આવેલ મેડ્રિડ કન્ટ્રોલ સેન્ટર અને ડ્રાઈવરોની વચ્ચે સમગ્ર વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

રેકોર્ડિંગમાં સામે આવ્યું છે કે ૧૪૭ યાત્રીઓને લઈ જઈ રહેલ ઈયો ટ્રેન ઉર્ડાનાં એન્ટ્રી સિગ્નલ પર ફસાઈ ગઈ હતી. ત્યારબાદ ટ્રેનનાં ડ્રાઈવરે કન્ટ્રોલ સેન્ટરને સ્પષ્ટપણે જાણ કરી હતી કે સુરક્ષા સિસ્ટમમાં ખામીને કારણે ટ્રેન ટ્રેક પર રોકાઈ ગઈ છે અને આગળ વધી રહી નથી.

ઈયો ટ્રેન ટ્રેક પર ફસાઈ હોવા છતાં કન્ટ્રોલરે પાછળથી આવી રહેલી ૩૯૭ યાત્રીઓવાળી રેનફે ટ્રેનનાં ડ્રાઈવરને લીલી ઝંડી આપી હતી.

આ ખુલાસા પછી સ્પેનનાં લોકોમાં ગુસ્સો જોવા મળી રહ્યો છે. મેડ્રિડમાં પરિવહન મંત્રાલયની બહાર ૧૫૦૦ લોકો એકત્ર થયા હતાં. લોકોએ સ્પેનનાં પરિવહન પ્રધાન અને વડાપ્રધાનનાં રાજીનામાની માંગ કરી છે.

તાલિબાનના પ્રતિબંધ છતાં અફિણની ખેતીમાં ધરખમ વધારો

કાબુલ,તા.૨૯

અફઘાનિસ્તાનમાં ખસખસની ખેતી અને અફીણના ઉત્પાદનમાં ગત્ વર્ષ કરતાં તીવ્ર વધારો થયો છે, એમ ડ્રગ અને ગુના સંબંધી સંયુક્ત રાષ્ટ્રસંઘના કાર્યાલયે ગુરૂવારે કહ્યું. દેશના તાલિબાન શાસકોએ ૨૦૨૨ માં કેફી દ્રવ્યો પર પ્રતિબંધ મૂક્યો એ પછી આ પહેલો મહત્ત્વપૂર્ણ વધારો હોવાનું સંયુક્ત રાષ્ટ્રસંઘ કાર્યાલયે ઉમેર્યું.

સંયુક્ત રાષ્ટ્રસંઘના રિપોર્ટમાં આ વધારા માટે દેશમાંની વ્યાપક ગરીબીને જવાબદાર ગણાવાઈ

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો)ની એજન્સીએ કેફી દ્રવ્યની ખેતીમાં થયેલા વધારા માટે ગરીબીને જવાબદાર ગણાવી. કેટલાક ખેડૂતો ગરીબીના લીધે છાના-માના અફીણની ખેતી કરી રહ્યા હોવાનું એજન્સીએ ઉમેર્યું. એજન્સીએ ખેડૂતોને ગેરકાયદે પાક પર આધાર રાખવો પડે નહિ એ માટે વિશ્વના દેશોને, ખેડૂતોને વધુ ટેકો કરવા માટે અનુરોધ કર્યો છે.

તાલિબાનોએ ઓગસ્ટ,૨૦૨૧માં સત્તા ઝૂંટવી લીધી ત્યારે અફઘાનિસ્તાન, વિશ્વમાં સૌથી વધુ અફીણ-ઉત્પાદક દેશ હતો, તથા યુરોપ અને એશિયામાં હેરોઈનનો મોટો સ્ત્રોત હતો.

તાલિબાનોએ દેશમાંથી ડ્રગના ખેતી ઉદ્યોગને નાબૂદ કરવાના સોગંદ લઈને એપ્રિલ-૨૦૨૨ માં ઔપચારિક પ્રતિબંધ લાદયો, જેના પગલે દેશના લાખો ખેડૂતોને તેમજ દૈનિક શ્રમિકોને ભારે ફટકો પડ્યો. આ લોકો અફીણની ઉપજમાંથી મળતા નાણા વડે ગુજરાન ચલાવતા હતા.

સંયુક્ત રાષ્ટ્રસંઘની એજન્સીએ કહ્યું કે ગયા વર્ષની તુલનામાં ખસખસની ખેતીમાં ૩૩ ટકા વધારો થયો, જ્યારે અફીણનું ઉત્પાદન ૪૦૦ ટકા વધ્યું. ૨૦૨૫માં ૧૦,૦૦૦ હેકટર (૨૪,૭૦૦ એકર) જમીનમાં ખસખસનું વાવેતર થયું હતું, જેની સામે ૨૦૨૬માં ૪૩,૦૦૦ હેકટર (૧૦૬,૦૦ એકર) જમીનમાં ખસખસની વાવણી થઈ. સત્તાવાળાઓને જાણ થાય નહિ એ માટે ખેડૂતો અનાજના ખેતરોની અંદર અથવા દીવાલો ધરાવતી જગ્યાઓમાં ખસખસના નાના પ્લોટને છૂપાવી દેતા રહ્યા છે.

ત્રણ દરિયાઈ ડ્રોનના હુમલાને પગલે લાઈબેરિયાનું જહાજ ડૂબ્યું

સોફિઆ, તા.૨૯

બલ્ગેરિયાના કાળા સમુદ્રના કાંઠાની સામે જેની સાથે ડ્રોન ટકરાયા હતા એ લાઈબેરિયાનું જહાજ ડૂબી ગયું છે, એમ સ્થાનિક દરિયાઈ વહીવટી તંત્રે ગુરૂવારે કહ્યું.

ત્રણ દરિયાઈ ડ્રોન બુધવારે બલ્ગેરિયાના સામા કાંઠે ૨૧ દરિયાઈ માઈલના અંતરે કોન્ટશિપ જેટ નામના કન્ટેનર જહાજ સાથે ટકરાયા હતા, એમ સંરક્ષણ મંત્રી ડિમિટાર સ્ટોયાનોવે કહ્યું. નાટો (નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન) દેશ બલ્ગેરિયાના પોતાના ઈકોનોમિક ઝોનમાં આ મહિને થયેલો આ પાંચમો ડ્રોન હુમલો હતો.

ગ્રીક દ્વારા જેનું વ્યવસ્થાપન સંભળાતું એ કન્ટેનર જહાજ ઈઝરાયલના હૈફા બંદરથી રોમાનિયા સ્થિત કોન્સ્ટાના ભણી જઈ રહ્યું હતું.

બલ્ગેરિયાના નૌકાદળે અને સરહદી પોલીસ જહાજોએ જહાજમાંના તમામ ૧૮ ક્રૂ-સભ્યો, ફિલિપાઈન્સના ૧૪ નાગરિકો તથા યુક્રેનના ચાર નાગરિકોને ઉગારી લઈ એમની તબિયતની ચકાસણી માટે બંદરના શહેર વાર્ના ખાતે લઈ ગયા હતા. જહાજોમાંના કેટલાક કન્ટેનરોમાં લિથિયમ-આયન બેટરીઝ, જવલનશીલ પ્રવાહી, ગેસ અને અન્ય જોખમી પદાર્થો મૂકેલા હતા, એમ સાઈટ મેરિટાઈમ ડોટ બીજીએ જણાવ્યું. બલ્ગેરિયાની પ્રાદેશિક જળરાશિના કેટલાક સ્થળોએથી નમૂના લીધા પછી નૌકાદળની ટુકડીઓને પ્રદૂષણના કોઈ ચિહ્ન જણાયા નહોતા.

બલ્ગેરિયા, રોમાનિયા અને તુર્કીના સંરક્ષણ મંત્રીઓ કાળા સમુદ્ર વિસ્તારમાં સુરક્ષા બાબત વાટાઘાટ માટે બલ્ગેરિયાના પાટનગર સોફિઆમાં ભેગા થયા ત્યારે આ બનાવ બન્યો.

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના દરિયાકિનારે આ અઠવાડિયે ઐતિહાસિક ભરતીના કારણે ભારે પૂર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. સાન ડિયાગોથી લઈને સાન ફ્રાન્સિસ્કો બે એરિયા સુધીના નીચાણવાળા વિસ્તારોમાં દરિયાનું પાણી ઘૂસી આવતાં શેરીઓ, ઘરો અને વ્યવસાયિક સ્થળો પાણીમાં ડૂબી ગયા હતા. મહત્વપૂર્ણ પરિવહન માર્ગો અને ટ્રેન રૂટ પણ અસરગ્રસ્ત થયા હતા. રાજ્યભરમાં તમામ જૂના રેકોર્ડ તૂટ્યા હતા. લોસ એન્જલસ અને સાન ડિયાગો નજીક ભરતી ૮ ફૂટથી વધુ ઊંચી ગઈ હતી. સાન ફ્રાન્સિસ્કોમાં બુધવારે ઓક્ટોબર મહિનાનું સર્વોચ્ચ સ્તર નોંધાયું હતું, જેણે એક દિવસ પહેલાં સ્થપાયેલો રેકોર્ડ તોડ્યો હતો.

ઋણ વસૂલી અધિકરણ-II

[illegible]

વર્લપૂલ એ ફેશનેસ ડિટેક્શન ટેક્નોલોજી સાથે રેફ્રિજરેટર લોન્ચ કર્યું

[illegible] 6th [illegible] AI [illegible]

GSPL Transmission Limited

NOTICE INVITING TENDER

[illegible]

Tender-1: [illegible] Connectivity Pipelines.

[illegible]

જાહેર સમસ્ય નોટિસ

[illegible]

સર્બિયામાં રાજકીય ઈતિહાસ : જેન-ઝીએ ધૂરંધરોને હરાવ્યા





સર્બિયામાં ઈતિહાસ રચાયો. ૨૫ ઓક્ટોબરના રોજ ૧૪ વર્ષથી સત્તામાં બેઠેલા રાષ્ટ્રપતિ એલેકઝાન્ડર વુચિચની પાર્ટીની કારમી હાર થઈ. આ હાર વર્ષો જૂની વિપક્ષી પાર્ટી સામે નહીં પરંતુ, વિદ્યાર્થીઓ સામે થઈ. સ્ટુડન્ટ લિસ્ટે લગભગ ૫૩ ટકા વોટ મેળવ્યા. ૨૫૦ સીટોમાંથી ૧૪૦ બેઠકો જીતી. આ માટે તેમણે અથાગ પરિશ્રમ કર્યો હતો. ગામેગામ સાયકલ પર સવાર થઈને પહોંચ્યા. બંધારણની નકલો સાથે રાખીને જનતા સાથે સીધો સંવાદ કર્યો. **આંદોલનની શરૂઆત :** આંદોલનની શરૂઆત ૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ થઈ. રેલવે સ્ટેશનની છત તૂટી પડી અને તેમાં ૧૬ નાગરિકોના મોત થયા. થોડા સમય પહેલા જ રિનોવેટ કરાયેલા સ્ટેશનમાં થયેલી દુર્ઘટનાએ ભ્રષ્ટાચાર અંગે સવાલો ઊભા કર્યા હતા. **૧૦ દિવસની સાયકલ યાત્રા :** વિદ્યાર્થીઓ ગાર્ડિયન્સ ઓફ ધ કોન્સ્ટિટ્યુશન નામની સાયકલ યાત્રા શરૂ કરી હતી. આ યાત્રા દેશના ખૂણે ખૂણે પહોંચી હતી. વિદ્યાર્થીઓએ નાગરિકોને મતદાન કરવા પ્રોત્સાહિત કર્યા. **ડોક્ટર, ઈકોનોમિસ્ટ, પ્રોફેસર, આર્ટિસ્ટ્સ સંસદ પહોંચ્યા :** આંદોલનને કારણે સંસદમાં યુનિવર્સિટી પ્રોફેસર, હાર્ટ સ્પેશિયાલિસ્ટ, ઈકોનોમિસ્ટ, પૂર્વ બાસ્કેટબોલ સ્ટાર, એક્ટર, એન્જિનિયર્સ સહિતના ભણેલા-ગણેલા સામાન્ય નાગરિકો સંસદ પહોંચ્યા છે. **જોકોવિચે યુવાનોની હિંમતને બિરદાવી :** સર્બિયાના ટેનિસ સ્ટાર નોવાક જોકોવિચે વિદ્યાર્થીઓની જીતને અભૂતપૂર્વ ગણાવી હતી. રાજકીય દબાણ વચ્ચે પણ અસાધારણ ધીરજ દર્શાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. જોકોવિચે કહ્યું કે, આ આંદોલન અન્ય દેશોના વિદ્યાર્થીઓને પ્રેરણા આપશે. **જીત બાદ વિદ્યાર્થીઓ દ્વારા સફાઈ અભિયાન :** આંદોલન સમયે દેશના અનેક જાણીતા સ્થળોએ ગ્રેફિટી દ્વારા વિરોધ કરનારા વિદ્યાર્થીઓએ જીત બાદ સફાઈ અભિયાન શરૂ કર્યું હતું. તેમણે ગ્રેફિટી હટાવીને દિવાલોને વ્હાઈટ કલર કર્યો હતો. મેટ્રો સ્ટેશન, પ્લેગ્રાઉન્ડ સહિતના જાહેર સ્થળોએ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મોંઘા ક્લીનિંગ પ્રોડ્ક્ટસ સાથે સફાઈ કરતા જોવા મળ્યા હતા.

વિદ્યાર્થીઓની પાર્ટી સ્ટુડન્ટ લિસ્ટે સંસદમાં ૨૫૦ સીટોમાંથી ૧૪૦ જીતી : ડોક્ટર, પ્રોફેસર, ઈકોનોમિસ્ટ સંસદ પહોંચ્યા

આંદોલન સમયે દેશભરની દિવાલોને ક્રાંતિના રંગે રંગનારા વિદ્યાર્થીઓએ જીત બાદ સફાઈ અભિયાન શરૂ કર્યું

પ્રિયદર્શનની ૯૯મી ફિલ્મ હશે

પ્રિયદર્શનની નવી ફિલ્મમાં ફરી અક્ષય કુમાર સાથે ભૂમિ પેડણેકર



મુંબઈ, તા. ૨૯

ફિલ્મ દિગ્દર્શક પ્રિયદર્શનની ૯૯મી ફિલ્મમાં અક્ષય કુમાર અને ભૂમિ પેડણેકરની જોડી ફરી એકવાર જોવા મળશે. અક્ષય કુમાર અને ભૂમિ પેડણેકરે અગાઉ 'ટોઈલેટ: એક પ્રેમકથા' અને 'રક્ષા બંધન' ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. આ તેમની ત્રીજી ફિલ્મ છે. 'રક્ષા બંધન' બાદ આ જોડી ચાર વર્ષે ફરી સાથે કામ કરશે.

નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવશે. પ્રિયદર્શનની આ ફિલ્મનું નિર્માણ રમેશ તૌરાણી કરી રહ્યા છે.

૧૯૭૦ના દાયકામાં આકાર લેતી આ ફિલ્મમાં અક્ષયકુમાર વાઘના શિકારીની ભૂમિકામાં જોવા મળશે.

નવેમ્બરમાં શરૂ થનારું ફિલ્મનું શૂટિંગ ત્રણ મહિના ચાલશે. રાજસ્થાન, મુંબઈ અને ભોપાળમાં પણ આ શૂટિંગ કરવામાં આવશે.

રક્ષા બંધન ફિલ્મ પછી ચાર વર્ષે બન્ને કલાકારો સાથે દેખાશે

નવી કાસ્ટ સાથે ફિલ્મના દાવા ફગાવ્યા

તનુ વેડસ મનુ થ્રી કંગના અને માધવન વિના નહીં બને: આનંદ એલ રાય



મુંબઈ, તા. ૨૯

'તનુ વેડ્સ મનુ થ્રી' નવી કાસ્ટ સાથે બની રહી હોવાના દાવાને મૂળ ફિલ્મના દિગ્દર્શક આનંદ એલ. રાયે ફગાવી દીધા છે.

તેમણે કહ્યું હતું કે માધવન અને કંગના વિના આ ફિલ્મ આગળ જ ન વધી શકે. હવે તનુ વેડ્સ મનુ થ્રી,ફોર કે ફાઈવ પણ બનશે તો તેમાં માધવન અને કંગના તો હશે જ.

આનંદ એલ. રાયના આ વિધાનોને પગલે ભવિષ્યમાં આ ફ્રેન્ચાઈઝી માટે પણ અધિકારો બાબતે વિવાદ થશે કે શું તેવી અટકળ જાગી છે. ઉલ્લેખનીય છે કે આનંદ એલ. રાયે 'તેરે ઈશ્ક મેં' ફિલ્મ બનાવી ત્યારે તેમના દ્વારા જ દિગ્દર્શિત 'રાંઝણા' ફિલ્મના મૂળ નિર્માતાઓએ પોતાની પરવાનગી વિના 'રાંઝણા'ની થીમનો આ ફિલ્મમાં ઉપયોગ કરાયો હોવા બાબતે વાંધો ઉઠાવ્યો હતો.

૧૭ કરોડ રૂપિયાના બજેટમાં બની ૨૦૧૧માં રજૂ થયેલી 'તનુ વેડ્સ મનુ'એ બોક્સ ઓફિસ પર ૫૬ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

તેરે ઈશ્ક મેં જેવો જ રાઈટ્સનો ઝઘડો ભવિષ્યમાં તનુ વેડ્સ મનુ માટે પણ થવાનાં એંધાણ

બોર્ડર ટુ પછી નવી ફિલ્મનું કામ શરૂ

અહાન શેટ્ટીએ નવી ફિલ્મ સનકીનું શૂટિંગ શરૂ કર્યું



મુંબઈ, તા. ૨૯

'બોર્ડર ટુ'ની સફળતા બાદ અહાન શેટ્ટી ફરી એકવાર તેની આગામી ફિલ્મ 'સનકી'ના શૂટિંગમાં ગુરૂવારથી વ્યસ્ત થઈ ગયો છે. 'સનકી' ફિલ્મને ૨૦૨૭ના પૂર્વાધમાં રજૂ કરવાની નેમ છે.

'રૂસ્તમ' અને 'મિશન રાણીગંજ' જેવી ફિલ્મો બનાવનાર દિગ્દર્શક ટીનુ સુરેશ દેસાઈ તેમની આ નવી ફિલ્મના શૂટિંગની પૂર્વતૈયારીઓ કરવા માટે રસાલાં સાથે મધ્યપ્રદેશના ભોપાલ શહેરમાં પહોંચી ગયા છે. આ લવ સ્ટોરી ધરાવતી ફિલ્મ જ્ઞાનેન્દ્ર વાસુદેવે લખી છે. ફિલ્મની હિરોઈન તથા અન્ય વિગતો જાહેર કરાઈ નથી.

અહાન શેટ્ટી વિક્રમ ભટ્ટની '૧૯૨૦ કોલ્ડ વિન્ટર' ફિલ્મ તથા અન્ય થોડી ફિલ્મો પણ કરી રહ્યો છે.

ફિલ્મ આવતાં વર્ષે રજૂ થશે, હિરોઈનનું નામ હજુ જાહેર કરાયું નથી

તારીખોના અભાવે ફિલ્મ છોડી દીધી

નામઃ ટુ લીવ ઈઝ વોરમાંથી વરૂણ શર્માની એક્ઝિટ

મુંબઈ, તા. ૨૯

મહેશ ભટ્ટની આગામી ફિલ્મ 'નામઃ ટુ લીવ ઈઝ વોર'માંથી વરૂણ શર્માએ એક્ઝિટ મારી હોવાનું જાણવા મળ્યું છે. ફિલ્મના નિર્માતા ઉત્સવ એન્ટરટેઈનમેન્ટ અને એક્ટર વરૂણ શર્માએ સહિયારું નિવેદન બહાર પાડી પરસ્પર સંમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

જાણીતાં નિર્માતા-નિર્દેશક મહેશ ભટ્ટના નવા પ્રોજેક્ટ 'નામઃ ટુ લીવ ઈઝ વોર'માં ત્રણ એક્ટર્સ પ્રશાંત નારાયણન, વિજયંત કોહલી અને શેફાલી બગ્ગાનો ઉમેરો પખવાડિયા અગાઉ જ કરાયો હતો. આ ફિલ્મના હિરોમાં વીર પહાડિયા અને વરૂણ શર્માનો સમાવેશ થતો હતો પણ હવે વરૂણ શર્માએ ફિલ્મ છોડી દીધી છે. આ ફિલ્મનું નિર્દેશન સિદ્ધાંત સચદેવને સોંપવામાં આવ્યું છે.

કોઈ વિવાદ વિના પરસ્પર સંમતિથી નિર્ણય લીધો હોવાનો વરુણ તથા નિર્માતાનો દાવો

ત્રણેય રાષ્ટ્રોમાં સત્તાનું સંતુલન કઈ તરફ વળે છે તેના આધારે વિદેશ અને વેપાર નીતિ નક્કી થશે

ઈઝરાયેલ, બ્રાઝિલ, USની ચૂંટણી : ભારત માટે થોભો અને રાહ જુઓ

વિશ્વભરના દેશો વેપાર અને વાણિજ્યથી લઈને સંરક્ષણ અને સુરક્ષા સુધીના અનેકવિધ ક્ષેત્રોમાં સદીઓથી એકબીજાને પ્રભાવિત કરતા આવ્યા છે. જોકે, છેલ્લા કેટલાક દાયકાઓમાં વૈશ્વિક અને સ્થાનિક સ્તર વચ્ચે ઘટતી જતી ભૌગોલિક સીમાઓ, ડિજિટલ ક્રાંતિ અને વિવિધ ક્ષેત્રીય સંઘર્ષો તથા યુદ્ધોએ તમામ દેશોના ભવિષ્ય અને અર્થતંત્રને એકબીજા સાથે મજબૂતીથી સાંકળી દીધા છે. વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્યમાં અમેરિકા, બ્રાઝિલ અને ઈઝરાયલ જેવા વ્યૂહાત્મક ભાગીદારોમાં યોજાઈ રહેલી ચૂંટણીઓએ ભારત સાથેના તેમના રાજદ્વારી, આર્થિક અને લશ્કરી સંબંધોને ફરી એકવાર ગંભીર ચર્ચાના કેન્દ્રમાં મૂકી દીધા છે. ભારત આ સમયે વિશ્વના અગ્રણી દેશો સાથે વ્યાપારિક સમજૂતીઓ (ટ્રેડ-ડીલ) કરવા માટે અત્યંત સક્રિય છે. કેટલીક સમજૂતીઓ પર પ્રાથમિક વાટાઘાટો શરૂ થઈ ચૂકી છે, તો કેટલીક ડીલ લગભગ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આવા નિર્ણાયક વળાંક પર આ ત્રણેય રાષ્ટ્રોમાં સત્તાનું સંતુલન કઈ તરફ નમે છે અને મતદારો કોના પક્ષમાં જનાદેશ આપે છે, તેની સીધી અને વ્યાપક અસર ભારતની વેપાર નીતિ તથા વિદેશ નીતિ પર પડવી અનિવાર્ય છે.

અમેરિકા સાથે ભારત લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી છે તેવા દ્વિપક્ષીય વેપાર કરારને આખરી ઓપ આપવાના અત્યંત નિકટ પહોંચી ગયું છે. બીજી તરફ, લેટિન અમેરિકન ક્ષેત્રમાં બ્રાઝિલ ભારત માટે એક વિશાળ, ઉભરતા અને વિશ્વાસપાત્ર વેપારી ભાગીદાર તરીકે પોતાની સ્થિતિ સુદ્રઢ કરી રહ્યું છે. તદુપરાંત, ઈઝરાયલ સાથે ભારત મુક્ત વેપાર કરાર પર ગંભીરતાપૂર્વક આગળ વધી રહ્યું છે : અમેરિકા અને ભારત આગામી ત્રણ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને ૫૦૦ અબજ ડોલરના સીમાચિહ્ન સુધી પહોંચાડવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય ધરાવે છે. જોકે, ચૂંટણી પરિણામો કદાચ કરારને સંપૂર્ણપણે રદ ન કરે, પરંતુ વિભાજિત કોંગ્રેસ ટ્રમ્પ વહીવટીતંત્રની નીતિઓ પર કડક નજર રાખશે, જેના કારણે ભારત માટે ટેરિફ રાહતો અને વીઝા નીતિઓમાં અપેક્ષિત છૂટછાટો મેળવવાનું કામ જટિલ બની શકે છે : ચૂંટણી બાદ બ્રાઝિલમાં કઈ વિચારધારા ધરાવતી સરકાર સત્તા પર આવે છે, તેના પર ભારતની ઊર્જા સુરક્ષા અને ખાદ્ય તેલની સપ્લાય નિર્ભર રહેશે. તેવી જ રીતે ઈઝરાયેલમાં સત્તા બદલાવાથી જો નીતિગત પ્રાથમિકતા બદલાય તો સંરક્ષણ ડીલમાં વિલંબ થઈ શકે છે, જે ભારતીય સૈન્યની તાત્કાલિક તૈયારીઓને અસર કરી શકે છે

વૈશ્વિક રાજકારણની વર્તમાન સ્થિતિ પર નજર કરીએ તો અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીઓ યોજાઈ રહી છે, જ્યારે બ્રાઝિલ અને ઈઝરાયલમાં સત્તા પરિવર્તન અથવા ગઠબંધનની નવી સમીકરણો રચાઈ રહ્યા છે. ભારતીય વિદેશ મંત્રાલય અને વાણિજ્ય જગત માટે આ ત્રણેય દેશોનું મહત્વ અનન્ય છે, પરંતુ ભારતની પ્રાથમિકતાઓ ત્રણેય સ્થળે એકસમાન નથી. અમેરિકા સાથે ભારત લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી છે તેવા દ્વિપક્ષીય વેપાર કરારને આખરી ઓપ આપવાના અત્યંત નિકટ પહોંચી ગયું છે. બીજી તરફ, લેટિન અમેરિકન ક્ષેત્રમાં બ્રાઝિલ ભારત માટે એક વિશાળ, ઉભરતા અને વિશ્વાસપાત્ર વેપારી ભાગીદાર તરીકે પોતાની સ્થિતિ સુદ્રઢ કરી રહ્યું છે. તદુપરાંત, ઈઝરાયલ સાથે ભારત મુક્ત વેપાર કરાર પર ગંભીરતાપૂર્વક આગળ વધી રહ્યું છે. જો આ આગામી સમયમાં આ દેશોની આંતરિક રાજનીતિમાં મોટી ઉથલપાથલ સર્જાય અથવા વિદેશ નીતિ પ્રત્યેનું વલણ બદલાય, તો તેનાથી ભારતના હિતો, સપ્લાય ચેઈન અને અર્થતંત્ર પર બહુવિધ અસરો જોવા મળી શકે છે.

અમેરિકાના સંદર્ભમાં વાત કરીએ તો ૩ નવેમ્બરે યોજાનારી મધ્યસત્ર ચૂંટણીઓ વૈશ્વિક અર્થતંત્ર માટે અત્યંત નાજુક સાબિત થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય અહેવાલો સ્પષ્ટ કરે છે કે આ ચૂંટણીઓમાં યુએસ કોંગ્રેસના બંને ગૃહો, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ ઉપર કયો પક્ષ પોતાનું વર્ચસ્વ સ્થાપશે તે મુખ્ય મુદ્દો છે.

રિપબ્લિકન પાર્ટી બંને ગૃહોમાં પોતાની બહુમતી જાળવી રાખવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે, જ્યારે ડેમોક્રેટિક પક્ષને આશા છે કે જનઆક્રોશ અને નીતિગત અસંતોષને કારણે તેમની બેઠકોમાં નોંધપાત્ર વધારો થશે. તાજેતરના સર્વેક્ષણ અનુસાર, નોંધાયેલા મતદારોમાં ડેમોક્રેટ્સને ૪૭ ટકા અને રિપબ્લિકનને ૩૬ ટકા સમર્થન મળતું જણાય છે. જો રિપબ્લિકન પક્ષ કોઈપણ એક ગૃહમાં પણ પોતાની બહુમતી ગુમાવી બેસે, તો રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે પોતાના કાર્યકાળના બાકીના બે વર્ષોમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવા અને પોતાના કડક વેપારી એજન્ડાને કોંગ્રેસમાંથી મંજૂરી અપાવવી અત્યંત કપરું બની જશે.

બીજી તરફ નવી દિલ્હી અને વૉશિંગ્ટન વચ્ચે પ્રસ્તાવિત વેપાર સમજૂતી હાલ પોતાના આખરી મુકામ પર છે.

બંને દેશોના ટોચના રાજદ્વારીઓ અને વાણિજ્ય અધિકારીઓ લાંબા સમયથી અટકેલા ટેરિફ, બજાર પ્રવેશ અને નિયમનકારી મુદ્દાઓને ઉકેલવા સતત મંત્રણા કરી રહ્યા છે. બંને પક્ષોએ ફેબ્રુઆરી ૨૦૨૬માં જ આ વચગાળાના વેપાર કરારના મૂળભૂત માળખાની સત્તાવાર ઘોષણા કરી હતી. અમેરિકા ભારતીય ઉત્પાદનો માટે વિશ્વનું સૌથી મોટું નિકાસ બજાર છે. વાણિજ્ય મંત્રાલયના અધિકૃત આંકડા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતે અમેરિકામાં ૮૭.૩૧ અબજ ડોલરની ચીજવસ્તુઓની નિકાસ કરી હતી, જ્યારે અમેરિકાથી ભારત ખાતે થયેલી આયાત ૫૩.૪૫ અબજ ડોલર રહી હતી. આ સતત વધી રહેલા વેપારના સંદર્ભમાં ભારતમાં અમેરિકન રાજદૂતે સ્પષ્ટ કર્યું છે કે બંને દેશો આગામી ત્રણ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને ૫૦૦ અબજ ડોલરના સીમાચિહ્ન સુધી પહોંચાડવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય ધરાવે છે. જોકે, ચૂંટણી પરિણામો કદાચ કરારને સંપૂર્ણપણે રદ ન કરે, પરંતુ વિભાજિત કોંગ્રેસ ટ્રમ્પ વહીવટીતંત્રની નીતિઓ પર કડક નજર રાખશે, જેના કારણે ભારત માટે ટેરિફ રાહતો અને વીઝા નીતિઓમાં અપેક્ષિત છૂટછાટો મેળવવાનું કામ જટિલ બની શકે છે. દક્ષિણ અમેરિકાના સૌથી મોટા અર્થતંત્ર બ્રાઝિલ તરફ દ્રષ્ટિ કરીએ તો છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત-બ્રાઝિલ ભાગીદારી અસાધારણ ઝડપે આગળ વધી છે. અગાઉ માત્ર પરંપરાગત ચીજવસ્તુઓ પૂરતો મર્યાદિત રહેલો આ સંબંધ હવે ઊર્જા, ટકાઉ કૃષિ, ફાર્માસ્યુટિકલ્સ, અદ્યતન ટેકનોલોજી અને વૈશ્વિક બહુપક્ષીય મંચો પર વ્યૂહાત્મક સંકલનમાં પરિવર્તિત થયો છે. બ્રાઝિલ પહેલેથી જ સમગ્ર લેટિન અમેરિકા અને કેરેબિયન ક્ષેત્રમાં ભારતનું સૌથી મોટું વ્યાપારી ભાગીદાર છે. વિદેશ મંત્રાલયના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૫માં બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૨૫ ટકાથી વધુના ઉછાળા સાથે ૧૫.૨૧ અબજ ડોલર પર પહોંચી ગયો હતો, જે વર્ષ ૨૦૨૪માં ૧૨.૨ અબજ ડોલર હતો. આ વેગ ૨૦૨૬ના પ્રારંભિક છ મહિનામાં પણ જળવાઈ રહ્યો હતો, જેમાં વેપાર ૩૭ ટકા વધીને ૮.૭૭ અબજ ડોલરે પહોંચ્યો હતો.

આર્થિક માળખાના દ્રષ્ટિકોણથી ભારતે વર્ષ ૨૦૨૫માં બ્રાઝિલને ૮.૩૫ અબજ ડોલરના મૂલ્યની ચીજવસ્તુઓની નિકાસ કરી હતી, જેમાં પેટ્રોલિયમ પેદાશો, ઔદ્યોગિક રસાયણો, જેનેરિક દવાઓ અને ભારે એન્જિનિયરિંગ સાધનો મુખ્ય રહ્યા હતા. બીજી બાજુ, ભારતે બ્રાઝિલ પાસેથી ૬.૮૫ અબજ ડોલરનો સામાન આયાત કર્યો હતો, જેમાં કાચું ખનીજ તેલ, સોયાબીન તેલ, ખાંડ, કપાસ અને લોહ અયસ્ક મુખ્ય હતા. ફેબ્રુઆરી ૨૦૨૬માં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લૂલા દા સિલ્વાની ભારત યાત્રા દરમિયાન તેમણે દ્વિપક્ષીય વેપારને ૩૦ અબજ ડોલર સુધી વિસ્તૃત કરવાનો નવો લક્ષ્યાંક રજૂ કર્યો હતો, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૩૦ સુધી નિર્ધારિત કરાયેલા ૨૦ અબજ ડોલરના લક્ષ્ય કરતાં પણ ઘણો વધારે હતો. આથી, ચૂંટણી બાદ બ્રાઝિલમાં કઈ વિચારધારા ધરાવતી સરકાર સત્તા પર આવે છે, તેના પર ભારતની ઊર્જા સુરક્ષા અને ખાદ્ય તેલની સપ્લાય નિર્ભર રહેશે. જો નવી સરકાર સંરક્ષણવાદી નીતિ અપનાવે, તો ભારતની ફાર્મા અને કેમિકલ નિકાસને નવો અવરોધ વેઠવો પડી શકે છે.

મધ્યપૂર્વમાં ભારતનો સૌથી વિશ્વસનીય ભાગીદાર ગણાતા ઈઝરાયલ સાથેના સંબંધો મૂળભૂત રીતે સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે અત્યંત ગાઢ રહ્યા છે, પરંતુ તાજેતરના સમયમાં આ સંબંધો નાગરિક ટેકનોલોજી અને વ્યાપાર ક્ષેત્રે પણ ઊંડા બન્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તેલ અવીવ યાત્રા દરમિયાન બંને દેશોએ પોતાના રાજદ્વારી સંબંધોને અપગ્રેડ કરીને 'શાંતિ, ઈનોવેશન અને સમૃદ્ધિ માટે વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી'નો ઐતિહાસિક દરજ્જો આપ્યો હતો. ૨૭ ઓક્ટોબરે યોજાયેલી સંસદીય ચૂંટણીઓમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂનું ભવિષ્ય દાવ પર લાગેલું છે. ભારત આંતરિક રાજકીય ગઠબંધનો પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે, કારણ કે નવી દિલ્હી ઈચ્છી રહ્યું છે કે સરકાર ગમે તેની બને, સંરક્ષણ ઉત્પાદન, સંયુક્ત ડ્રોન પ્રોજેક્ટ્સ, [illegible]વેર-સાયબર ટેકનોલોજી અને સૌથી અગત્યની ફ્રી ટ્રેડ ડીલની વાટાઘાટોમાં કોઈ વિલંબ ન થાય.

ભારત અને ઈઝરાયલ વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર માત્ર ટેરિફ ઘટાડવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં સેવા ક્ષેત્ર, સેવા આપનારા નિષ્ણાતોની હેરફેર, ઓરિજિનના નિયમો, બૌદ્ધિક સંપદા અધિકારો અને કાયદેસર ઈમિગ્રેશન જેવી બાબતોનો પણ સમાવેશ થાય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૩.૯૩ અબજ ડોલર રહ્યો હતો. ભારત ત્યાં મુખ્યત્વે એન્જિનિયરિંગ સામાન, કેમિકલ્સ, કાપડ અને હાઈ-ટેક મશીનરીની નિકાસ કરે છે, જ્યારે ઈઝરાયલથી વિશેષ ખાતરો, અદ્યતન મશીનરી, સંવેદનશીલ ઈલેક્ટ્રોનિક્સ અને લશ્કરી સાધનોની આયાત કરવામાં આવે છે. આ વેપાર ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સાયબર સુરક્ષા, સેમિકન્ડક્ટર ડિઝાઈન, કૃષિ ટેકનોલોજી અને જળ વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં બંને દેશોનો સહયોગ ભારતના આધુનિકીકરણ માટે પ્રાણવાયુ સમાન છે.

ભારત સામે ત્રણ અલગ-અલગ પ્રકારના ડિપ્લોમેટિક અને આર્થિક પડકારો

સમગ્ર પરિસ્થિતિનું તારણ કાઢતાં સ્પષ્ટ થાય છે કે આ ત્રણેય રાષ્ટ્રોમાં યોજાઈ રહેલી ચૂંટણીઓ ભારત સામે ત્રણ અલગ-અલગ પ્રકારના કૂટનીતિક અને આર્થિક પડકારો રજૂ કરે છે. વૉશિંગ્ટનમાં ભારતની મુખ્ય ચિંતા સંસદીય બહુમતીના ફેરફારથી ટ્રમ્પના વ્યાપારિક પગલાં ધીમા પડવા અને ભારત-અમેરિકા ટ્રેડ-ડીલ ખેંચાઈ જવાની છે. બ્રાઝિલિયામાં ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે વધેલી આર્થિક ગતિને જાળવી રાખવાનો અને ૩૦ અબજ ડોલરના જંગી વેપાર લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાનો છે. જ્યારે જેરૂસલેમમાં વ્યૂહાત્મક સંરક્ષણ કરારોની અવિરતતા અને પ્રસ્તાવિત એફટીએને સમયસર આખરી ઓપ આપવાનું ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે. ચૂંટણીઓના પરિણામો ગમે તે આવે, ભારતની સફળતા એ બાબત પર નિર્ભર કરશે કે તે પોતાના રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખીને નવા શાસકો સાથે કેટલી ઝડપથી સેતુ સાધી શકે છે. છેલ્લાં કેટલાક વર્ષથી ભારતની વિદેશનીતિ સાવ દિશાહિન રહી છે. ખાસ કરીને મલ્ટિપોલર નીતિ અપનાવવામાં ભારતે જૂના મિત્રોનો વિશ્વાસ ગુમાવ્યો છે જ્યારે નવાના ખોળે બેસવા જવામાં ત્યાં પણ પોતાનું અહિત કર્યું છે. ઈઝરાયેલ, બ્રાઝિલ એવા દેશો છે જે ભારતની હથિયારો અને ક્રૂડની સમસ્યાને ઘણા અંશે શાંત કરી શકે તેમ છે. બીજી તરફ અમેરિકા જોડેના વ્યવહારો પણ ફરીથી સેટલ થાય એમ છે. આ વખતે ભારતે વિચારીને અને નક્કર પગલાં સાથે જ આગળ વધવું જોઈએ.

જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના આંકડા

દેશના રિયલ એસ્ટેટમાં પ્રાઈવેટ ઈક્વિટી રોકાણ ૩૧ ટકા ઘટ્યું

મુંબઈ, તા.૨૯

ભારતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પ્રાઈવેટ ઈક્વિટી રોકાણ જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન વા ષક ધોરણે ૩૧ ટકા ઘટીને ૧૫,૭૮૨ કરોડ થયું છે. જોકે, રોકાણના સોદાની સંખ્યા ગત વર્ષ કરતા વધી છે એટલે કે, સોદાઓનું મૂલ્ય ઘટ્યું છે. વિદેશી રોકાણકારોની ભાગીદારી ઘટતાં સ્થાનિક રોકાણકારોનો હિસ્સો કુલ રોકાણમાં ૨૫ ટકાથી વધીને ૮૫ ટકા થયો છે.

રેસિડેન્શિયલમાં ઈન્વેસ્ટમેન્ટ વાર્ષિક ધોરણે ૩૩ ટકા ઘટ્યું : વિદેશી રોકાણકારોની સંખ્યામાં ધરખમ ઘટાડો

રિપોર્ટ મુજબ, ૨૦૨૫ના પહેલા નવ મહિનામાં રિયલ એસ્ટેટમાં રૂપિયા ૨૨,૯૨૧ કરોડનું પ્રાઈવેટ ઈક્વિટી રોકાણ થયું હતું. તેની સરખામણીમાં ૨૦૨૬ના સમાન સમયગાળામાં રોકાણ ઘટ્યું છે. મોટા સોદાઓની સંખ્યા ઘટતાં એવરેજ જાહેર કરાયેલા સોદાનું મૂલ્ય પણ ૪૭ ટકા ઘટીને રૂ. ૫૦૪ કરોડ થયું હતું. પહેલા નવ મહિનાના આધારે છેલ્લા છ વર્ષમાં આ સૌથી નીચું રોકાણ સ્તર છે.રિયલ એસ્ટેટના વિવિધ સેક્ટરમાં ઓફિસ પ્રોપર્ટી રોકાણકારોની પહેલી પસંદ રહી છે.

જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન ઓફિસ સેક્ટરમાં રૂ. ૧૧,૨૧૬ કરોડનું રોકાણ થયું હતું, જે કુલ પ્રાઈવેટ ઈક્વિટી રોકાણના ૭૧ ટકા જેટલું છે. જોકે, ગત વર્ષની સરખામણીમાં ઓફિસ ક્ષેત્રનું રોકાણ ૧૯ ટકા ઘટ્યું હતું. રેસિડેન્શિયલ સેક્ટરમાં રોકાણ વાર્ષિક ધોરણે ૩૩ ટકા ઘટીને રૂ. ૩,૦૪૩ કરોડ થયું હતું. આ ક્ષેત્રના કુલ રોકાણમાંથી ૯૭ ટકા હિસ્સો ડેટ અને સ્ટ્રક્ચર્ડ ક્રેડિટ મારફતે આવ્યો હતો. રેસિડેન્શિયલ ક્ષેત્રમાં થયેલા રોકાણમાંથી ૮૩ ટકા મૂડી બાંધકામ હેઠળના પ્રોજેક્ટ્સમાં ગઈ હતી.

તમિલનાડુમાં કેશ ફોર જોબ્સ કેસમાં ડીવીએસી દ્વારા ૨૫ સ્થળે દરોડા

તમિલનાડુમાં કરોડો રુપિયાના કથિત કેશ ફોર જોબ્સ કૌભાંડના સબંધમાં ડિરેક્ટોરેટ ઓફ વિજિલન્સ એન્ડ એન્ટી કરપ્શને ગુરૂવારે પૂર્વ મંત્રી અને ડીએમકે નેતા કે.એન.નેહરુ સાથે સંકળાયેલા રાજ્યભરના ૨૫ સ્થળોએ દરોડા પાડ્યાં હતાં. ટીવીકે મંત્રી આર નિર્મલકુમારે જણાવ્યું હતું કે આશરે ૨૩૦૦ ઉમેદવારો પાસેથી વ્યક્તિદીઠ ૩૦ થી ૪૦ લાખ રુપિયા વસુલવાનો આરોપ છે.તેમણે દાવો કર્યો હતો કે આ ભરતી પ્રક્રિયામાં તમિલનાડુ પબ્લિક સર્વિસ કમિશન ને બાજુએ રાખીને નિમણુંકો અન્ના યૂનિવર્સિટી દ્વારા કરવામાં આવી હતી. આ કામગીરીના ડિજિટલ પુરાવાઓ એકત્રીત કરાયા છે. મદ્રાસ હાઈકોર્ટના તાજેતરના નિર્દેશ અનુસાર નેહરુ અને અન્ય લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટ આદેશના અમલના અભાવથી નારાજ

ફટાકડા પર પ્રતિબંધનો આદેશ ફક્ત કાગળ પર રહે છે, તંત્ર અમલ નથીકરતું

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હી-એનસીઆર પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધનો આદેશ સુપ્રીમ કોર્ટે સુરક્ષિત કરી લીધો છે. ન્યાયાધીશ એમ એમ સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી. બરાલેની બેન્ચે જણાવ્યું હતું કે વાયુ પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા દર વર્ષે આદેશ આપવો તે જાણે ફક્ત એક એકેડેમિક પ્રેક્ટિસ બનીને રહી ગયો છે. તેનો અમલ થતો નથી. તેથી ફક્ત આદેશ જારી કરવો પૂરતો નથી. પણ વાયુ પ્રદૂષણની સમસ્યાને ઉકેલવા ટોચના સ્તરેથી જ મજબૂત અને લાંબા ગાળાના ઉપાય કરવા પડશે.

દિલ્હી સરકારે વાયુ પ્રદૂષણને પહોંચી વળવા અગાઉના ચાર વર્ષ કરતાં વધુ તૈયારી કરી હોવાની કોર્ટને હૈયાધારણ આપી

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતુ કે દર વર્ષે દિવાળી આવે ત્યારે ફટાકડા પર પ્રતિબંધ લગાવવાના આદેશ જારી કરવામાં આવે છે, પરંતુ તેનું પાલન ઓછું, પરંતુ ભંગ વધારે થાય છે. કોર્ટે સરકારો અને એજન્સીઓને જણાવ્યું હતુ કે તે પ્રદૂષણ નિયંત્રણ માટે કંઈક નવા અને અલગ પ્રકારના ઉપાયો કરે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે સમાજને સ્પષ્ટ સંદેશ આપવાની જરૂર છે. કોર્ટે સૂચન કર્યુ હતું કે વાયુ પ્રદૂષણ સામે જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવે અને તેમાં વિરાટ કોહલી જેવા લોકપ્રિય ક્રિકેટરને સામેલ કરી શકાય, જેથી યુવાનો સુધી સંદેશો પહોંચે.

કોર્ટે જણાવ્યું હતું કે વર્તમાન પેઢી અને પાછળની પેઢીના દ્રષ્ટિકોણમાં ફરક દેખાઈ દે છે અને ફટાકડાના પ્રભાવને વ્યાપક સંદર્ભમાં જોવાની જરૂર છે. કોર્ટે જણાવ્યું હતું કે તે સંતુલિત આદેશ આપશે, પરંતુ સૌથી મોટો પડકાર તો તેના આદેશનો અમલ કરવાનો છે.

કેન્દ્ર સરકાર, દિલ્હી સરકાર અને સીએક્યુએમ તરફથી હાજર એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કોર્ટને જણાવ્યું હતું કે પ્રદૂષણ નિયંત્રણ માટે ઘણા પગલા ઉઠાવવામાં આવી રહ્યા છે. સરકારે જણાવ્યું હતુ કે દિલ્હીમાં પહેલી નવેમ્બરથી બીએસ-૪ માપદંડ કરતાં નીચેના વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકારી કચેરીઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કન્સ્ટ્રકશન સાઈટ પર એન્ટિ સ્મોગ ગન ગોઠવવામાં આવી રહી છે, આવી ૬૦૮ એન્ટિ સ્મોગ ગન ગોઠવાઈ છે. ટ્રાફિકના કંટ્રોલ માટે નિયમો અમલી બનાવાયા છે. દિલ્હી સરકારે કોર્ટને વિશ્વાસ અપાવ્યો કે ગયા વર્ષોની તુલનાએ આ વર્ષે પ્રદૂષણનો સામનો કરવાની તૈયારી વધારે વ્યાપક છે.

બેધડક -મંજુલ

ભણેલા મતદારો ખરેખર મોટી મુસિબત છે... આ તો નસીબ સારા કે આપણી પાસે અભણ મતદારો પૂરતા પ્રમાણમાં છે... !

અનિલ કપૂરના ઘરે બોલીવૂડની 'કરવા ચૌથ '

દેશભરમાં ગુરુવારે કરવા ચૌથનો તહેવાર ઉત્સાહભેર ઉજવાયો હતો. બોલિવૂડ હસીનાઓએ પણ પતિની લાંબી ઉંમર માટે વ્રત રાખ્યું હતું. આ વખતે પણ અભિનેતા અનિલ કપૂરના ઘરે કરવા ચૌથની ભવ્ય ઉજવણી થઈ હતી, જ્યાં અનેક બોલિવૂડ હસીનાઓ શણગારીને પૂજામાં જોડાવા પહોંચી હતી.શિલ્પા શેટ્ટીનો કરવા ચૌથનો લુક દર વર્ષે ટ્રેન્ડમાં રહે છે. આ વખતે પણ શિલ્પાએ પોતાના ગ્લેમરસ દેશી લુકથી ચાહકોનું દિલ જીતી લીધું હતું. ક્રિકેટર હરભજન સિંહની પત્ની ગીતા બસરા પિંક શરારા સૂટમાં સજધજને અનિલ કપૂરના ઘરે કરવા ચૌથની ઉજવણીમાં પહોંચી હતી. લગ્ન બાદ બોની કપૂરની પુત્રી અંશુલા કપૂર પોતાનો પહેલો કરવા ચૌથ મનાવી રહી છે. શાહિદ કપૂરની પત્ની મીરા કપૂર ક્રીમ કલરની સાડીમાં જોવા મળી હતી. હાથમાં પૂજાની થાળી લઈને મીરાએ પાપારાઝીને પોઝ આપ્યા હતા. મિની માથુર લાલ સાડીમાં સ્ટનિંગ લાગી રહી હતી. શનાયા કપૂરની માતા માહીપ કપૂર લાલ સૂટમાં જોવા મળી હતી. ચંકી પાંડેની પત્ની અને અનન્યા પાંડેની માતા ભાવના પાંડે પણ પરંપરાગત સૂટમાં શણગારીને કરવા ચૌથ માટે તૈયાર થઈ હતી. તેમનો ક્લાસી લુક ચાહકોને ખૂબ પસંદ આવી રહ્યો છે. બીજી તરફ, પ્રિયંકા ચોપરાએ પતિ નિક જોનાસ સાથે કરવા ચૌથના ફોટોઝ ઈન્સ્ટા પર પોસ્ટ કર્યા હતા.

પાકમાં એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સિલિન્ડર ફાટ્યું : ૧૦નાં મોત

નવી દિલ્હી, તા. ૨૯

પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં ગુરૂવારે એમ્બ્યુલન્સની અંદર ઓક્સિજન સિલિન્ડર ફાટ્યું હતું, જેમા મહિલા સહિત ૧૦ લોકોના મૃત્યુ થયા છે. આ મહિલાને પ્રસવ બાદ મુશ્કેલી સર્જાતા દાનો ઢાંઢળના બેઝીક હેલ્થ સેન્ટરથી મીઠી શહેરના જિલ્લા હોસ્પિટલ લઈ જવામાં આવી રહી હતી. આ દુર્ઘટના થારપારકર જિલ્લાના નગરપારકર વિસ્તારમાં થયો હતો. એસએસપી આરિફ અજિજ જાફરીએ કહ્યું હતું કે ૧૦ મોતની પુષ્ટી થઈ છે.

૧૮ મહિનામાં સ્નાયુની ગંભીર બીમારીનો ઉપચાર શોધ્યો

એક વ્યક્તિથી ચાલતી, એઆઈથી બનેલી ફાર્મા કંપની : એન્થ્રોપિકે કરોડોમાં ખરીદી

ન્યૂયોર્ક, તા. ૨૯

એઆઈ કંપની એન્થ્રોપિકના મોડલ ક્લોડનો ઉપયોગ કરીને એક વ્યક્તિએ ફાર્મા કંપની બનાવી. ક્લોડ મોડલ પાસેથી કર્મચારી જેવું કામ લીધું. એક જ વ્યક્તિએ ૧૮ મહિના સુધી કંપની ચલાવી ને હવે એ જ ક્લોડ મોડલના સર્જક એન્થ્રોપિકે એ કંપની ખરીદી લીધી

(અનુસંધાન ૧૩મે પાને)

મિથ્રિલ મેડિસીન નામની રિસર્ચ ફર્મમાં કોડી ટ્રેનબાર્ગર નામના ટેકનો એક્સપર્ટે ક્લોડ પાસેથી કર્મચારી જેવું કામ કરાવ્યું


Hyundai
BAYON.
Intelligence that moves.
Price starts at
₹9 99 900*
Now in showrooms.
Intelligent
Utility
Vehicle
Scan for a
thrilling experience
AI ON
Comfort ON
Safety ON
Performance ON
1.5 l MPi Petrol Engine
4 cylinder
Maximum power
84.4 kW
(115 PS) @ 6 300 r/min
Transmission option
6-Speed manual transmission (6 MT)
Intelligent variable transmission (IVT)
Engine specification
Dash Boost mode & Sporty drive tech (IVT only)
Intelligence by
perplexity
Voice AI powered by
SoundHound AI
Accelerated by
NVIDIA
HYUNDAI
MOBIS
HYUNDAI
Hyundai
Click to Buy
Unlimited
Shield of Trust
Bluelink